## ॥ अथ नवमोऽध्यायः ॥ અધ્યાય નવમો.

शास्त्रार्थतो यथा भक्तिर्हरौ भवति निश्चला ।
तदर्थं नवमे प्राह चरित्रं परमाद्भुतम् ॥का.१॥

કારિકાર્થ:–જે પ્રમાણે શાસ્ત્રાર્થથી[1] હરિમાં નિશ્ચલ ભક્તિ થાય તે માટે[2] પરમ અદ્ભુત ચરિત્ર નવમા અધ્યાયમાં કહે છે. કા. ૧.

स्वरूपं च कृपालुत्वं हरेर्ज्ञातव्यमञ्जसा ।
अतो दयासुसंमिश्रं ज्ञानमत्र निरूप्यते ॥का.२॥

હરિનું સ્વરૂપ[3] અને દયાલુપણું વાસ્તવિક રીતે જાણવું જોઈએ. તેથી દયા સાથે સારી રીતે મિશ્ર થએલા[4] (ભગવાનના સ્વરૂપના) જ્ઞાનનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. કા. ૨.

निरोधो यदि भक्तानां स्वस्मिन् स्वस्य च तेषु च ।
तदोभयसुसम्बन्धाद् दृढो भवति नान्यथा ॥का.३॥

જો ભક્તોનો પોતામાં (ભગવાનમાં) નિરોધ થાય અને પોતાનો તેઓમાં નિરોધ થાય[5]

---

૧. 'શાસ્ત્રાર્થથી' એટલે શાસ્ત્રનો અર્થ ભગવાન છે એમ જાણીને.(प्र) શાસ્ત્રોમાં ભગવાનનું સ્વરૂપ જણાવેલું છે એમ જાણીને. (ले)

૨. 'જેથી ભગવાનમાં ભક્તિ થાય' તે કહેવા રાજાએ પ્રશ્ન ૧૦–૭–૨માં કરેલો તેના ઉત્તર તરીકે આ અધ્યાયનો આરંભ કરે છે. તેથી આ અસંગત નથી.(प्र)

૧૦–૭–૨માં રાજાએ શાસ્ત્રાર્થ સહિત ભક્તિ સાધન થાય તે સંબંધી પ્રશ્ન કરેલ, તેથી તે જ પ્રમાણે આ ઉત્તર છે. 'શું શ્રવણ કરવાથી એવી ભક્તિ થાય?' પ્રશ્ન હતો, તેનો ઉત્તર 'ભગવાન ભક્તને વશ થાય એવો બોધ કરનારાં ભગવાનનાં ચરિત્રનું શ્રવણ કરવાથી એવી ભક્તિ થાય' એવો થયો એવો અર્થ છે. (ले)

૧૦–૭–૨માં શાસ્ત્રાર્થ સહિત ભક્તિનું સાધન રાજાએ પૂછ્યું તેથી તેવો ઉત્તર આપ્યો છે. 'ભગવાન ભક્તને વશ થાય છે, એવો બોધ કરનારૂં ચરિત્ર શ્રવણ કરવાથી' એવો ઉત્તર થયો. એવું ભગવાનને ખાંડણીએ બાંધવાનું ચારત્ર આ અધ્યાયમાં કહે છે એવો અર્થ છે. (का)

૩. ગયા અધ્યાયમાં યશોદાએ ભગવાનમાં જગત્ જોયું. તેથી હવે ભગવાનનું સ્વરૂપ અને ભક્તિ થાય તે માટે દયાલુપણું જાણવાનું રહ્યું. તેથી આ અધ્યાયના શ્લોક ૧૮માં ભગવાનની દયા જણાવેલી છે, અને ૯–૪–૬૮માં દયાસહિત જ્ઞાન જણાવેલ તેનું આ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવશે એવો અર્થ છે. સ્વરૂપનું જ્ઞાન ભગવાનને બાંધવા માંડેલાં દોરડાંઓ બે આંગળ ઓછાં થયાં તેથી થશે, અને ભગવાન બંધાયા તેથી તે કૃપાળુ છે એવું જ્ઞાન થશે. (ले)

૪. રાજાએ ઈશાનુકથા સુધીની સાત લીલાઓનું શ્રવણ કર્યું. આ આઠમી નિરોધલીલા છે. ભગવાનનું રાજાએ માહાત્મ્ય જાણેલ તે તેણે ૧૦-૧-૭માં કહેલ છે, તેથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ રાજાની હતી જ. છતાં તેણે ૧૦–૭–૨માં ભક્તિ સંબંધી પ્રશ્ન પૂછ્યો તેનો ભાવાર્થ એવો છે કે (૧) ભગવાન સર્વ ઉપર પ્રસન્ન થાય છે? અને (૨) ભક્તોનાં દુઃખ તરત હરે છે? કે નહિ તે જાણવું. તેથી શાસ્ત્રાર્થ તરીકે જાણેલા ભગવાન દયાલુ હોવાથી સર્વના ઉપર પ્રસન્ન થાય છે, અને ભક્તનાં દુઃખ તરત હરે છે એમ તેને જણાવવા, ભગવાનના દયા સાથે સારી રીતે મિશ્ર થએલ સ્વરૂપના જ્ઞાનનું અહિં નિરૂપણ કરેલું છે, કારણ કે આ જ્ઞાનનો અધ્યાય છે એવો અર્થ છે. (प्र)

૫. 'ભગવાન સર્વજ્ઞ છે, તેથી તેમને પ્રપંચનું વિસ્મરણ થાય એ સંભવતું નથી; તેથી તેમને પ્રપંચના વિસ્મરણપૂર્વક ભક્તમાં આસક્તિ થઈ શકે જ નહિ' એવી શંકા ન કરવી. ૯-૪-૬૮ પ્રમાણે ભગવાનને પણ ભક્ત સિવાય બીજાનું જ્ઞાન રહેતું નથી, તેમજ ભગવાન વિરૂદ્ધ સર્વ ધર્મોના આશ્રય હોવાથી એવું જ્ઞાન તેમને રહેતું નથી તે કારણથી, તેમના સર્વજ્ઞપણાને વિરોધ પણ આવતો નથી.

**તો ઉભયનો સારો સંબંધ થવાથી (નિરોધ) દૃઢ થાય. એમ ન થાય તો (દૃઢ) ન (થાય).[1] કા.૩.**

**ज्ञानवैराग्यरूपैर्हि स्वाधीनो भगवान् भवेत् ।**
**अतोऽध्यायत्रये लीला जीवाधीना निरूप्यते ॥का.४॥**

**ભગવાન જ્ઞાન[2] વૈરાગ્ય[3] અને રૂપથી[4] ભક્તોને અધીન થાય છે[5] તેથી (અહિંથી ત્રણ અધ્યાયોમાં (ભગવાનની) જીવોની અધીનલીલાનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૪.**

**अतिपौरुषमेतद्धि जीवानामिति निश्चितम् ।**
**द्वादशांगमतिक्रम्य षड्भिर्वश्यो भवेद्गुणैः ॥का.५॥**

**આ[6] જીવોનું અતિપૌરુષ (પુરુષાતનથી સિદ્ધ ન થાય તેવું) છે એવો નિશ્ચય છે. બાર અંગોનું[7] અતિક્રમણ કરીને (ભગવાન) છ[8] ગુણોથી વશ થાય છે. કા. ૫.**

તેથી આ અધ્યાયમાં ભગવાન ભક્તને વશ થાય છે એમ જણાવનાર તેમના બંધનથી, ભગવાનને દયાથી મિશ્ર થએલું માત્ર ભક્તોનું જ જ્ઞાન છે એવું નિરૂપણ કરેલું છે. (**का**)

૧. 'માતા યશોદા વિગેરેનો મુખ્ય નિરોધ થયો છતાં આ દામોદરલીલાની આ નિરોધ પ્રકરણમાં શી આવશ્યકતા છે?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ લીલા પણ નિરોધ ઉત્પન્ન કરનારી હોવાથી ઉપોદ્ઘાતની સંગતિથી તેનું નિરૂપણ કરેલું છે એવો અર્થ છે. આ અધ્યાયના અંતમાં બે શ્લોકોમાં સ્પષ્ટ થશે. (**प्र**)

૨. **જ્ઞાન** એટલે 'માત્ર પુષ્ટિમાર્ગીય ભક્તનું જ્ઞાન'. આવા જ્ઞાનને લીધે ભગવાન (ભક્તને) વશ થાય છે. ભગવાન માત્ર ભક્તને જ જાણે છે, અને તેથી તેમને વશ થાય છે એવો અર્થ છે. (**લે+का**)

આ જ્ઞાન આ અધ્યાયમાં જણાવેલું છે. ૧૮મા શ્લોકમાં યશોદાનું ભગવાનને પોતાની માતા તરીકે જ્ઞાન છે એમ જણાવેલું છે. તેથી પુષ્ટિમાર્ગમાં ભગવાન સર્વત્ર યોગ્ય સંબંધ માને છે અને સંબંધથી જ સર્વને ઇચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરાવે છે. તેથી 'આ મારા સંબંધી છે' એવું પુષ્ટિમાર્ગીય જ્ઞાન ભગવાનને છે, અને તેથી તે ભક્તોને વશ થાય છે. એ પ્રમાણે જ્ઞાનથી ભગવાન વશ થાય છે, એમ આ અધ્યાયમાં દામોદરલીલાથી જણાવેલું છે. (**यो**)

૩. **વૈરાગ્ય** એટલે માત્ર ભક્તોપર સ્નેહ, ભક્ત વિના બીજા બધા તરફ રાગ ન હોવો તે. તેથી ભક્તોપરના સ્નેહને લીધે ભગવાન વશ થાય છે. આ દશમા અધ્યાયમાં જણાવેલ છે. (**લે+का**)

૧૦–૯–૨૧માં ભગવાન માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવા છે એમ શુકે કહેલું છે, તેથી ભક્ત વિના બીજાના સંબંધમાં ભગવાનને વૈરાગ્ય છે. આ વૈરાગ્યનું સ્વરૂપ દશમા અધ્યાયમાં નલકૂબરના ઉદ્ધારના પ્રસંગમાં ભગવાને પ્રતિજ્ઞાથી વર્ણવેલું છે. (૧૦.૧૦.૨૫). ભગવાનને માત્ર ભક્તોપર જ પ્રેમ હોવાથી, પોતે બાંધેલી સ્થિતિમાં જ ભક્તનું વચન સત્ય કરવા યમલાર્જુન પાસે ગયા. તેથી ભક્તો સિવાયના તરફ વૈરાગ્ય ત્યાં જણાવેલ છે. તેથી વૈરાગ્યથી ભગવાન વશ થાય છે એમ સિદ્ધ થાય છે. (**यो**)

૪. ભક્તને અધીન રહે તેવું સ્વરૂપ માત્ર પુરુષોત્તમનું જ છે, તેથી સ્વરૂપથી પણ ભગવાન ભક્તોને વશ થાય છે એવો અર્થ છે. (**લે+का**)

૧૦–૧૧–૭માં ધર્મી બાલકૃષ્ણનું નિરૂપણ કરેલું છે અને તે ગોપીઓને વશ રહેતા એમ કહેલું છે. તેથી ભગવાનનું સ્વરૂપ એવી લીલાવાળું છે, તેથી તે સ્વરૂપથી પણ ભક્તને વશ થાય છે એમ જાણવું. (**यो**)

૫. 'ભક્તો ભગવાનનો નિરોધ કેવી રીતે કરે?' એવી શંકા થાય, તેથી આ તથા આ પછીની અર્ધ કારિકામાં તે જણાવેલ છે. (**प्र**)

૬. **'આ'** એટલે 'ભગવાનને વશ કરવા તે'. (**प्र+का**)

૭. પુરુષને બાર અંગો છે, તેનું અતિક્રમણ કરીને એટલે તેની મર્યાદા તજીને. (**प्र**)
બાર અંગવાળો પુરુષ છે. આ પુરુષોત્તમ હોવાથી તેની મર્યાદાનું અતિક્રમણ કરે છે. (**લે**)

૮. ભગવાન પોતાના છ **ગુણોથી** એટલે પોતાની ઇચ્છાથી વશ થાય છે. (**प्र**)

**पञ्चपर्वामविद्यां हि लोकानामपि नाशयेत् ।**
**अतः पञ्चभिरुक्तो हि विचारो भगवद्गतः ॥का.६॥**

**અને લોકોની પાંચ[1] પર્વવાળી અવિદ્યાનો પણ નાશ કરે છે, તેથી ભગવાન સંબંધીનો વિચાર પાંચ(શ્લોકો)થી કહેલો છે. કા. ૬.**

તેમાં આરંભમાં પુરુષાર્થથી સિદ્ધ ન થઈ શકે તેવું યશોદાનું કાર્ય સિદ્ધ થયું એમ કહેવા, ક્રિયાથી[2] (પ્રયાસથી) (યશોદાને) ભગવાનની પ્રાપ્તિ થઈ, એમ આરંભના દશ(શ્લોકો)થી કહે છે; કારણ કે ભક્તિ દશ પ્રકારની છે (અને) નવ પ્રકારની ભક્તિવાળા સ્નેહથી અથવા ગુણાતીત(ભક્તિ)થી ભગવાનની પ્રાપ્તિ થાય છે. વેદના બે (બંને)[3] કાંડોનો સમાવેશ કરવા માટે પછીના બે (૧૧–૧૨) શ્લોકોથી (યશોદા) ભગવાનને વશ કરવાનો ઉદ્યમ (કરે છે તે કહે છે), પછીના છ (૧૩થી ૧૮) શ્લોકોથી (ભગવાન) વશ થયા તે (કહે છે), અને પાંચ (૧૯થી ૨૩) શ્લોકોથી અવિદ્યાનો નાશ (કરે છે તે કહે છે).

**निवारितापि संसारे मोहिता संगता पुनः ।**
**गुणगाने स कालोऽभूच्छ्रमो द्वाभ्यां ततोऽभवत् ॥का.७॥**

**(સંસારમાંથી) રોકેલાં (યશોદા) પણ, ફરી મોહ કરાવતાં[4] સંસારમાં જોડાયાં.[5] તે સમય**

---

અહિં (આ અધ્યાયમાં) પહેલા દશ શ્લોકોથી ભગવાનની પ્રાપ્તિ (યશોદાએ ભગવાનને પકડ્યા તે) કહેવામાં આવે છે. તેનું તાત્પર્ય આગળ (૭ કારિકાઓ પછી) કહેવાનું છે. (૧) તામસસાત્ત્વિક, (૨) તામસરાજસ, (૩) તામસતામસ, (૪) રાજસસાત્ત્વિક, (૫) રાજસરાજસ, (૬) રાજસતામસ, (૭) સાત્ત્વિકસાત્ત્વિક, (૮) સાત્ત્વિકરાજસ અને (૯) સાત્ત્વિકતામસ, એ પ્રમાણે નવપ્રકારની સગુણભક્તિ અને (૧૦) ગુણાતીતભક્તિ, એમ દશ પ્રકારની ભક્તિથી ભગવાન પ્રાપ્ત થાય છે, તેથી દશ શ્લોકાથી તે પ્રાપ્ત થયા એમ કહેલું છે. પછીના બે શ્લોકો(૧૧–૧૨)થી ભગવાનને વશ કરવા ઉદ્યમ યશોદા કરે છે. ભગવાનને બાંધવાનો તે ઉદ્યમ કરે છે, પણ બંધન થતું નથી. આ બાર શ્લોકોનું તાત્પર્ય એ છે કે પુરુષને બાર અંગ છે. ભગવાન તેનું અતિક્રમણ કરે છે એટલે તેનાથી બંધાતા કે વશ થતા નથી. પછી પોતાના છ ગુણોથી ભગવાન વશ થાય છે એટલે (૧૩થી ૧૮) શ્લોકમાં બંધન કહેલું છે. 'ભગવાન કૃપા કરીને જ બંધાય છે' (શ્લો.૧૮) એમ કહેલું છે, તેથી પુષ્ટિમાર્ગમાં જ ભગવાન વશ થાય છે.(**यो+का**)

૧. છેલ્લા પાંચ (૧૯થી ૨૩) શ્લોકોથી ભગવાન પુષ્ટિભક્તિ સિવાય બીજા સાધનથી પ્રાપ્ત (વશ) થાય તેવા છે, એવી અજ્ઞાનરૂપ લોકોની અવિદ્યાનો ભગવાન નાશ કરે છે એવો અર્થ છે. માત્ર પુષ્ટિભક્તિથી જ ભગવાન વશ થાય છે એવું નિરૂપણ છે. અવિદ્યાનાં પાંચ પર્વો હોવાથી તેના નાશ માટે પાંચ શ્લોકો (૧૯થી ૨૩) છે. (**यो**)

૨. ભગવાનની પ્રાપ્તિ યશોદાને ક્રિયાથી (પાછળ દોડવાથી) થઈ. તે તેનું અતિપૌરુષ કાર્ય સિદ્ધ થયું. (**ले**) (કારણ કે ક્રિયાથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી, પણ દશ પ્રકારની ભક્તિથી જ થાય છે.)

૩. વેદના બે કાંડો, કર્મ અને ઉપાસનાનું પ્રતિપાદન કરનારા. આથી પણ ભગવાન વશ થતા નથી.(**प्र**)

૪. 'માયાનાં કાર્ય (સંસારમાં પડવું તે) કરતાં ભગવાનનું કાર્ય (સંસારમાંથી રોકવું તે) વધારે બલવાળું છે. તેથી ભગવાને (યશોદાને સંસારમાંથી) રોકી, છતાં તે ઘરના કાર્યમાં કેમ પ્રવૃત્ત થઈ?' એવી શંકા થાય, તેથી 'ફરી મોહ કરાવતાં' કહેલું છે. ભગવાને રોકી એટલે પહેલાંનો તેનો મોહ જતો રહેતાં (ઘરનું) જરૂરી કામ (દહીંનું મથન કરવાનું) પણ તજીને ભગવાનમાં સાવધાન થઈ (ધવરાવવા બેઠી) (શ્લો. ૪). છતાં ભગવાનનું સ્મિતવાળું મુખ જોતાં (શ્લો. ૫), ભગવાને સ્મિતથી તેને ફરી મોહ કરાવતાં, પાછી તે સંસારમાં પ્રવૃત્ત થઈ (દૂધ અગ્નિપરથી ઉતારવા ગઈ). (શ્લો.૫) એવો અર્થ છે. (**टि**)

૫. 'ત્યારે પહેલાંનો (ગયા અધ્યાયના અંતે ભગવાને કરેલો) મોહ ભગવાન સિવાય બીજામાં

(ભગવાનના) ગુણગાનમાં જતો હતો. બે શ્લોકોથી (મોહ કહ્યો), પછી શ્રમ થયો.[1] કા. ૭.

अतः कृतो निषेधो हि भक्तिसारं हरिः पपौ।
ततो रिक्ता पूर्वबुद्धया संगतान्यच्चकार ह ॥का.८॥

તેથી નિષેધ કર્યો (અટકાવી).[2] હરિએ ભક્તિના સારનું પાન કર્યું. તેથી (ભક્તિ) વિનાની થએલી યશોદા પહેલાંની બુદ્ધિવાળી થઈ અને બીજું (સંસારાસક્તિનું) કાર્ય કર્યું.[3] કા.૮.

एवं निरुद्धा चेद् भ्रान्ता कोपयुक्तो हरिर्भवेत् ।
धौर्त्यं दृष्ट्वा लोकदृष्टया प्रीता तस्मान्न पश्यति ॥का.९॥

એવી રીતે નિરોધ કરેલી જો ભ્રાંત[4] થાય તો હરિ કોપ પામે.[5] લોકદૃષ્ટિથી (ભગવાનનું) ધૂર્તપણું જોઈ (યશોદા) પ્રસન્ન થઈ[6] તેથી તેણે ભગવાનને જોયા નહિ. કા. ૯.

जिज्ञासायां ततो दृष्ट्वा प्राप्त्यर्थं यत्नमाचरत् ।
विरुद्धांस्तान् हरिर्ज्ञात्वा तपसे निर्गतस्ततः ॥का.१०॥

પછી જીજ્ઞાસા થતાં (ભગવાનને) જોઈને (તેમને) પ્રાપ્ત કરવા (પકડવા) યત્ન કર્યો. તેમને[7]

---

(સંસારમાં) આસક્તિ કરાવનાર હોવાથી (શ્લો.૧) નિરોધનો વિરોધી હોવો જોઈએ' એવી શંકા થાય,
તેથી કહે છે કે એ મોહ પણ ભગવાને કરેલો હોવાથી તે કાલ (સંસારમાં જોડાઈ તે સમય) પણ
(ભગવાનના) ગુણોનું ગાન કરવામાં જ જતો હતો (શ્લો.૨). આ મોહ બે પ્રકારનો છે, (૧) વિષયમાં
આસક્તિ કરાવનાર અને (૨) ભગવાને કરેલો. તેથી (પહેલા) બે શ્લોકોથી મોહ કહેલો છે. (टि)
અહિં મોહ બે પ્રકારનો કહેલો છે.-(૧) ગયા અધ્યાયના ૪૩મા શ્લોકમાં કહેલો, અને (૨) આ
અધ્યાયના પાંચમા શ્લોકમાં માયારૂપ ભગવાનના સ્મિતે કરેલો. (का)

૧. 'ત્યારે એવા (ભગવાનનાં ગુણગાનમાં સમય વ્યતીત કરાવનાર) મોહમાંથી (યશોદાને) અટકાવી
(શ્લો.૪) તે યોગ્ય ન હતું' એવી શંકા થાય, તેથી કહે છે કે પછી (યશોદાને) શ્રમ થયો. બે શ્લોકો
પછીના ત્રીજા શ્લોકમાં યશોદાને શ્રમ થયો એમ જણાવેલ છે. (टि+का)

૨. યશોદાને શ્રમ થયો તેથી ભક્તનો કલેશ ભગવાન સહન કરી શકતા નહિ હોવાથી તેમણે
તેને (દહીંનું મથન કરતાં) અટકાવી. (શ્લો. ૪) (टि)

૩. પછી ભક્તિના સારરૂપ ધાવણ ભગવાને પીધું. પુત્ર વિગેરેના સ્નેહને લીધે માતામાં ધાવણ
આવે છે, તેથી ધાવણ ભક્તિનો સાર છે (શ્લો. ૫). ભક્તિરૂપ ધાવણનું ભગવાને પાન કર્યું એટલે તે
ભક્તિ વિનાની થતાં, પહેલાંની બુદ્ધિવાળી એટલે સંસારમાં આસક્તિવાળી થઈ; એટલે સંસારમાં આસક્તિનું
બીજું કાર્ય ઉભરાતા દૂધને ઉતારી લઈ બચાવવા જવાનું કર્યું. (का)

૪. લોકમાં ધન પુત્રને માટે હોય છે (ધનનો સંચય સર્વ પુત્ર માટે કરે છે), એ ન્યાયપ્રમાણે
'આ દૂધ ભગવાન માટે છે' એમ જાણી યશોદા તેનું રક્ષણ કરવા ગઈ, છતાં 'ભગવાને કોપ કેમ કર્યો ?'
એવી શંકા થાય, તેથી આ કહે છે. ભગવાનને એ ઉકળતા દૂધની દરકાર નહિ હોવાથી યશોદાનું એવું
જ્ઞાન એ ભ્રમ જ હતો, અને તેથી તે ભ્રાંત હતી. (टि)

૫. ભક્તિમાર્ગની મર્યાદા જ એવી છે (કે નિરોધ કરેલ પણ જો ભ્રાંત થાય તો ભગવાન ક્રોધ
પામે) એમ જણાવવા, 'કોપ પામ્યા' એમ નહિ કહેતાં 'કોપ પામે' એમ કહેલ છે. (टि)
આ છઠ્ઠા શ્લોકનો અર્થ કહેલો છે. (का)

૬. જેમ લોકો પોતાના પુત્રનું ધૂર્તપણું જોઈને પ્રસન્ન થાય છે તેમ (યશોદા ભગવાનનું ધૂર્તપણું
જોઈ પ્રસન્ન થઈ) આ પ્રમાણે લોકદૃષ્ટિ તેણે રાખી તેથી ભગવાનને જોયા નહિ. આ સાતમા શ્લોકનો
અર્થ કહેલો છે.(का)

૭. 'તેમને' એટલે 'લાકડી લેવી વિગેરે યત્નોને' એવો અર્થ છે.(टि)

વિરૂદ્ધ જાણીને હરિ (યશોદાને) તપ[૧] કરાવવા ત્યાંથી નીકળી ગયા.[૨] કા. ૧૦.

पूर्णे तपसि तत्प्राप्तिरेवं दशभिरुच्यते ।
परोक्षवादा ऋषयः परोक्षं च हरिप्रियम् ॥का.११॥

એ પ્રમાણે તપ પૂર્ણ થતાં તેમની (ભગવાનની) પ્રાપ્તિ દશ શ્લોકોથી કહી. ઋષિઓ પરોક્ષ[૩] (ગૂઢ અર્થ) કહેનારા હોય છે અને હરિને પરોક્ષ પ્રિય છે. કા. ૧૧.

आसक्तिं चेत् स्वतः कुर्याज् जीवः कृष्णः पलायते ।
तदा दृढो निरोधः स्यान् नान्यथेत्येष निर्णयः ॥का.१२॥

શ્રીકૃષ્ણ જો પલાયન કરે (દૂર જતા રહે) તો જીવ પોતાની મેળે (તેમનામાં) આસક્તિ કરે (અને) ત્યારે નિરોધ દૃઢ થાય. બીજા પ્રકારે (નિરોધ દૃઢ થતો) નથી એવો આ નિર્ણય છે.[૪]

કારિકાર્થ સંપૂર્ણ.

ગયા (આઠમા) અધ્યાયમાં (યશોદાને) આધિદૈવિક મોહ થયો એમ જણાવ્યું, તેથી આ અધ્યાયના આરંભના શ્લોકમાં તે મોહનું કાર્ય કહે છેઃ—

**एकदा गृहदासीषु यशोदा नन्दगेहिनी ॥**
**कर्मान्तरनियुक्तासु निर्ममन्थ स्वयं दधि ॥१॥**

**એકવાર ઘરની દાસીઓ બીજા કામમાં રોકાએલી હતી ત્યારે નંદજીનાં ગેહિની (પત્ની) યશોદા પોતે દહીં મથવા મંડયાં. ૧.**

(એકવાર) જ્યારે ભગવાનની ઇચ્છાથી બધીય ઘરની દાસીઓ ક્ષેત્ર વિગેરેના

---

૧. તપ અંતઃકરણના દોષને હરનારૂં, દુઃખરૂપ અને ભગવાનની પ્રાપ્તિ કરાવનારૂં છે. તેથી (યશોદા) ભગવાનની પાછળ દોડ્યાં (શ્લો. ૯–૧૦) તે તેમના યત્નને તપ કહેલું છે. (ભગવાનમાં) ઘણો દોષ છે, એવી અહિં (યશોદાની) બુદ્ધિ હોવાથી (તેનું ભગવાન પાછલ દોડવાનું કાર્ય) તપ છે. તેથી જ (તપથી કાંઈક અન્તઃકરણ શુદ્ધ થતાં) પાછળથી લાકડી તેમણે તજી. (ભગવાનમાં તેમણે) દોષનો આરોપ કરેલ તે સંપૂર્ણ રીતે (તેમના મનમાંથી) ખસેલ નહિ હોવાથી, ભગવાનને પ્રાપ્ત કરવા વેઠેલું દુઃખ પણ ભક્તિના અંગ તરીકે કહેલું નથી (પણ તપ જ કહેલું છે). અહિં એવો ભાવ છે કે આરંભમાં જ પોતાની પ્રાપ્તિ નહિ કરાવતાં, એટલા (પાછલ દોડવાના) કલેશ પછી જ (ભગવાને યશોદાને) પોતાની પ્રાપ્તિ કરાવી, તેમાં કાંઈક (ભગવાન ભય પામ્યા છે એમ મનાવનાર જ્ઞાનરૂપ) વિશેષ હોવો જોઈએ. પહેલાં તેમણે લાકડી લીધી અને પછી તે મૂકી દીધી, તેથી એ વિશેષ અંતઃકરણ સંબંધી જ હોવો જોઈએ એમ સમજાય છે. આમ હોવાથી 'દુઃખથી આચરી શકાય તેવું તપ મારૂં વીર્ય છે' વાક્ય પ્રમાણે અંતઃકરણમાં રહેલ અલૌકિક વિશેષ હેતુ તપ હોવાથી તેને તપ કહેલ છે. તેને ભક્તિ ન કહેવાનું (ગણવાનું) કારણ પાછલ કહેલું જ છે. (**टि**)

૨. આ કારિકાના પૂર્વાર્ધમાં આઠમા અને ઉત્તરાર્ધમાં નવમા શ્લોકના અર્થ કહેલા છે. (**का**)

૩. ઉપરની (સાકાચાર કારિકાના) અર્થનું અનુસંધાન કરીને આ કહેલું છે. (**टि**)

અહિં ગૂઢ અર્થ પણ કહેલો છે, એવા આશયથી આ ઉત્તરાર્ધ કહેલો છે. (**का**)

૪. આ કારિકામાં પરોક્ષવાદનો વિષય પણ કહેલો છે. (**टि**) આપણને જે પદાર્થ પ્રિય હોય તે દૂર રહે તેથી તેમાં આપણી આસક્તિ દૃઢ થાય છે એવું પ્રસિદ્ધ છે, એવો અર્થ છે. (**का+यो**) આવું અનુભવથી સિદ્ધ છે.(**यो**)

જીવ પોતાની મેળે પોતાના સત્ત્વને વશ કરીને ઘરનાં સાધન વિગેરેમાં આસક્ત થાય, તો ભગવાન પલાયન કરે છે એટલે વિમુખ થાય છે; અને ભગવાન એ પ્રમાણે વિમુખ થાય ત્યારે ભગવાનમાં નિરોધ દૃઢ થાય છે, બીજી રીતે થતો નથી. આ નિર્ણય પહેલા દશ શ્લોકોથી કરેલો છે. (**प्र**)

કારિકાર્થ અને યોજનાનો અર્થ વધારે સારો જણાય છે.

સંસ્કાર કરવા (સુધારવા), અથવા તેના (ક્ષેત્ર સુધારવાના) પ્રસંગને લીધે (તેમાં) લતા વિગેરેનાં ઘર બનાવવા માટે ગઈ હતી,[1] ત્યારે યશોદા પોતે દહીં મથવા મંડ્યાં એવો (વાક્યનો) સંબંધ છે. દાસીઓ ચાર પ્રકારની (હતી). (૧) ગોષ્ઠ(કોઢ) અને ક્ષેત્રનો વિચાર રાખનારી(સ્વચ્છ રાખનારી) પ્રભુને દેવાની (પ્રભુની સેવામાં રહેનારી), (૨) બીજી યશોદાની સખીઓ, (૩) નંદજીની દાસીઓ અને (૪) ઘરનું કામ કરનારીઓ. ત્યારે ઘરની દાસીઓ[2] બીજા કામમાં રોકાએલી હતી. આ બીજું કામ પણ ભગવાનના અભ્યુદય માટે જ (કરવાનું) હતું એમ પ્રકરણથી સમજાય છે. યશોદા પોતે (દહીં મથવાનું) કરતાં હતાં તેનું કારણ 'નંદજીનાં ગેહિની' શબ્દથી કહેલું છે. ગેહિની(ઘરવાળી)એ આ કામ અવશ્ય કરવું જોઈએ.(૧)

એ પ્રમાણે ભગવદીયોનું સંસારમાં પરોવાએલા હોવાનું પણ ભગવાનના ગુણોનું ગાન કરવા માટે જ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**यानि यानीह गीतानि तद्बालचरितानि च ॥**
**दधिनिर्मथने काले स्मरन्ती तान्यगायत ॥२॥**

**જે જે ગીતો અહિં (પ્રસિદ્ધ છે તેને) અને તેમના (ભગવાનના) બાલ-ચરિતોને, દહીંનું સારી રીતે મથન કરવાના સમયે, સ્મરણ કરતાં તે ગાતી હતી.૨.**

(ગીતો) રચવાનું (યશોદા) પોતે જ કરી શકે તેમ હતું, કારણ કે સ્ત્રીઓમાં હાલ પણ તેવું (ગીતો રચવાનું) સામર્થ્ય હોય છે. જે ભગવાનનાં ચરિત્રો પહેલાં અહિં એટલે ગોકુલમાં શાસ્ત્રથી અથવા લોકથી પ્રસિદ્ધ હતાં, અને તેઓની (તેવાં ચરિત્રોની) મધ્યે જે ચરિત્રો અહિં પ્રસિદ્ધ છે, તે બધાંય ચરિત્રો (યશોદા ગાતી હતી, એમ) 'જે' શબ્દ બેવાર (લખ્યો છે તેથી જણાય છે). તેમનાં (ભગવાનનાં) બાલકપણાનાં ચરિત્રો પોતે જોએલાં તે, અને શ્લોકમાં 'च' 'અને' શબ્દ હોવાથી, તેવાં જે ચરિત્રો ગોપીઓ વિગેરેએ (પોતાને) કહેલાં તે (બધાં યશોદા ગાતી હતી), અથવા તે ભગવાનનાં બાલકપણાનાં ચરિત્રો જેમાં છે તેવાં ગીતો અને શ્લોકમાં 'च' 'અને' શબ્દ હોવાથી બીજાં (ગીતો) (યશોદા ગાતી હતી). દહીંનું સારી રીતે મથન જે સમયે થાય છે તે જ સમય ભગવાનના ગુણોનું ગાન કરવાનો છે. જે સમયે ક્રિયાશક્તિના આધિદૈવિકની ઇંદ્રિય[3] પણ મથાય છે, એમ 'દહીંનું સારી રીતે મથન જે સમયમાં થાય છે' શબ્દોથી કહેલું છે.

---

૧. બધી દાસીઓ ચારે પ્રકારની ગઈ હતી, કારણ કે કોઈપણ દાસીઓ હોય તો યશોદા મુખ્ય હતાં તે દહીં મથવાનું કામ કરે નહિ. તેથી બધી ગઈ હતી એમ જણાય છે. (લે)

૨. બીજા કામમાં ઘરનું કામ કરનારી દાસીઓ જ રોકાએલી હતી એવો અર્થ છે. (લે)

૩. ક્રિયાશક્તિ એ હાથોમાં રહેલી છે; અને હાથોનો આધિદૈવિક ઇન્દ્ર છે. 'દહીં ઇંદ્રિય છે' શ્રુતિ પ્રમાણે દહીં ઇંદ્રની ઇંદ્રિયરૂપ છે. તેથી ક્રિયાશક્તિના આધિદૈવિક ઇંદ્રની ઇંદ્રિય દહીંનું પણ મથન થાય છે (આ સાધારણ અર્થ કહ્યો). વાસ્તવિક રીતે તો અહિં પણ ગૂઢ અર્થ જ કહેલો છે. કારણ કે 'क्रियाशक्तेः' શબ્દ હેતુના અર્થમાં પાંચમી વિભક્તિમાં યોજાએલ છે; કેમકે ભગવાનનો વિયોગ હોય ત્યારે સર્વ ઇંદ્રિયોને એવો ઘણો ભારે ક્ષોભ થાય છે, કે જેથી તે તે ઇંદ્રિયોના આધિદૈવિકની ઇંદ્રિયનો પણ ક્ષોભ થાય. તે સમયે ઉત્તમ ભાવથી વ્રજની ઉત્તમ સ્ત્રીઓ પેઠે (ભગવાનના) ગુણોનું ગાન થાય છે. આ જ અર્થ 'તે જ સમય ભગવાનના ગુણોનું ગાન કરવાનો છે' શબ્દોથી કહેલો છે. (ટિ)

'તે જ સમય (ભગવાનના) ગુણોનું ગાન કરવામાં હેતુ (અનુકૂલતાવાળો) હોવાનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'સ્મરણ કરતાં' શબ્દ યોજેલો છે. તે જ સમયે ગીતોનું સ્મરણ થાય છે, તેથી તે ગીતોનું સ્મરણ કરતાં (યશોદાજી ગાતાં હતાં). (૨)

એવી રીતે (ભગવાનના) ગુણગાનમાં તત્પર રહી (દહીંનું) મથન કરવામાં આવે ત્યારે ગાન અમૃતરૂપ હોવાથી દહીંનું મથન (બરાબર) થતું નહિ હોવાથી, ગાનનો ગૌણભાવ[1] કરી (ગાનમાં ઓછું લક્ષ આપી) ભગવાનના ભજનમાં ઉપયોગી દેહને પણ પીડા કરી, ભગવાનને પાન કરવાના રસ(ધાવણ)ને પણ રોકી રાખી, તેના દેવતાનું[2] પણ નિવારણ કરી, તેણે (યશોદાએ) ભૌતિક ક્રિયા એટલે શ્રમ ઉત્પન્ન કરનારી, ભક્તિને[3] પણ પીડા કરનારી (અને) મુક્ત જીવોને પણ ક્ષોભ ઉત્પન્ન કરનારી ક્રિયા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

**क्षौमं वासः पृथुकटितटे बिभ्रती सूत्रनद्धं**
**पुत्रस्नेहस्नुतकुचयुगं जातकम्पं च सुभ्रूः ॥**
**रज्ज्वाकर्षश्रमभुजचलत्कङ्कणौ कुण्डले च**
**स्विन्नं वक्त्रं कबरविगलन्मालती निर्ममन्थ ॥३॥**

**શોભિતી ભ્રમરોવાળી, અને અંબોડામાંથી ખરી પડતી માલતીવાળી (યશોદા) સ્થૂલ નિતંબતટ ઉપર સૂત્રથી બાંધેલું રેશમી વસ્ત્ર ધારણ કરતી, કાંપતાં અને પુત્ર ઉપરના સ્નેહને લીધે સ્રવતાં બે સ્તનો (ધારણ કરતી), નેતરાંને ખેંચવાથી થએલા શ્રમને લીધે ભુજાઓ સુધી ફરતાં કંકણો અને બે કુંડલો (તથા) પરસેવાવાળું મુખ (ધારણ કરતી), (દહીં) મથતી હતી. ૩.**

રેશમી વસ્ત્ર (યશોદાએ પહેરેલ) તે ઘણું સરી જાય તેવું હોય છે, તેથી તે દૃઢ રહે તે માટે તેને સૂત્રથી એટલે કંદોરાથી બાંધવામાં આવે છે. તે ઉભી રહી (દહીંનું) મથન કરે છે. મથનના આવેશને લીધે (તેને) વસ્ત્રનું પણ અનુસંધાન રહેતું નથી એમ કહેવા, 'સ્થૂલ નિતંબતટ ઉપર ધારણ કરતી' એમ કહેલું છે. કેડ પાતળી હોવાથી ત્યાં (કેડ ઉપર) બાંધેલું વસ્ત્ર માત્ર નિતંબોની સ્થૂલતાને લીધે પડી જતું નથી.

---

કારિકામાં શ્રીમદાચાર્યચરણે ગૂઢ અર્થ કહેલો છે, તેથી ભક્તિમાર્ગની મર્યાદા જણાવવા તે ગૂઢ અર્થ પ્રમાણે આ બીજો અર્થ ટિપ્પણીમાં કરેલો છે. (પ્ર)

'ક્રિયામાં (ક્રિયા કરવાની) શકિત એટલે સામર્થ્ય, તે સિદ્ધ થાય તે માટે ઇંદ્રિયોમાં જે જે આધિદૈવિકો રહેલા છે તેઓની ઇંદ્રિય પણ મથાય છે' એવો અર્થ ટિપ્પણીમાં ગૂઢ અર્થ તરીકે કહેલો છે. 'આધિદૈવિક' શબ્દ એકવચનમાં યોજેલ છે તે જાતિના અભિપ્રાયથી (આધિદૈવિક બધાની જાત એક હોવાથી) એકવચનમાં યોજેલ છે એમ જાણવું. (લે)

૧. ગયા શ્લોકમાં 'તે ગાતી હતી' એમ કહી ગાનનું મુખ્યપણું કહેલ. આ શ્લોકમાં 'મથતી હતી' એમ કહી ગાનનું ગૌણપણું (મથનનું મુખ્યપણું કહી) સૂચવેલ છે એવો ભાવ છે. (લે)

૨. ધાવણ ઉત્પન્ન કરનારી, સ્નેહના અભિમાનવાળી દેવતા. આ દેવતા માયાનું બીજું રૂપ છે એમ જણાય છે. (પ્ર)

૩. **ભક્તિને** એટલે સ્નેહરૂપ ભક્તિને. (પ્ર) અહિં ધાવણને સ્નેહ કહેલ છે.

અથવા આ (યશોદા) કરે છે તે અયોગ્ય[1] છે એમ જણાવવા વસ્ત્ર વિગેરેનાં સૌંદર્યનું વર્ણન કરવામાં આવે છે, અને 'તટ' શબ્દથી આ (યશોદા) નદીની પેઠે ગતિરૂપ[2] છે, (આની પણ ગતિ થાય છે) એમ જણાવેલું છે. આથી એમ સૂચવેલું છે કે (યશોદાએ) મથન કરવા માટે શરીરની આવશ્યક દરકાર પણ મૂકી દીધી છે. (માતાના) સહજ ધર્મ પુત્ર ઉપરના સ્નેહને લીધે વધારે આવતું ધાવણ બહાર નીકળી જતું હતું તેનો પણ તેણે વિચાર કર્યો નહિ, એમ 'પુત્ર ઉપરના સ્નેહને લીધે સ્રવતાં બે સ્તનો (ધારણ કરતી)' શબ્દોથી કહે છે. જો કે ધાવણ સ્રવે છે, તોપણ પુત્ર ઉપરનો સ્નેહ જ સ્રવે છે જેમાંથી, તેવાં બે સ્તનો ધારણ કરતી (યશોદા દહીં મથતી હતી). સ્નેહ નકામો જતો હોવાથી તેના અભિમાનવાળી દેવતા[3] ભય પામતી[4] બે સ્તનોને પણ કંપાવે છે, તેવાં સ્તનો પણ ધારણ કરતી (યશોદા દહીં મથતી હતી). આથી એમ કહેલું છે, કે તેણે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકની પણ દરકાર મૂકી દીધી હતી. શ્લોકમાં **जातकम्पं** પછીના 'च' 'અને' શબ્દથી તેણે અંતર્યામીની પ્રેરણાની પણ (દરકાર મૂકી દીધી હતી એમ કહેલું છે).

'એ પ્રમાણે અતિક્રમ (મર્યાદાનું ઉલ્લંઘન) થતાં, ભગવાને રક્ષક તરીકે નીમેલા દંડ આપનારા મૃત્યુ અને યમે તેનો દંડ કેમ ન કર્યો?'[5] એવી શંકા થાય, તેથી 'શોભિતી ભ્રમરોવાળી' શબ્દ યોજેલ છે. શોભિતી ભ્રમરો જેની છે તેવી (યશોદા હતી). 'બે ભ્રમરો યમ (છે)' વાકય પ્રમાણે ભવિષ્યમાં થનાર અર્થનો[6] અંગીકાર કરીને પરિણામ[6]

૧. ઘરની દાસીઓ ઘણી હતી છતાં તેમાંથી કોઈ ને બીજાં કામ કરતી હોય ત્યાંથી બોલાવ્યા વિના યશોદા પોતે દહીંનું મથન કરે એ અયોગ્ય હતું એમ જણાવવા. (**प्र**)

૨. ગતિરૂપ એટલે ચંચલ. (**प्र**) આ કટિ ગતિ જણાવતી હતી એવો અર્થ છે. બે તટો વચ્ચે સૂક્ષ્મ કટિ ચાલે તેમાં લોકની રીતે સૌંદર્ય જણાવાય છે, તેથી શરીરની દરકાર રાખવાની જરૂર હતી એવો ભાવ છે. (**ले**) છતાં યશોદા શરીરની દરકાર રાખ્યા વિના દહીં મથતાં હતાં.

૩. બે સ્તનોના અભિમાનવાળી દેવતા એટલે તેમને નિયમમાં રાખનારી અથવા તેમને ઢાંકનારી દેવતા (ચોળી). (**ले**)

૪. અહિં 'ભય' એટલે જડપણું, ભય પામતી એટલે જડ થએલી અથવા (ધાવણથી) ભીંજાએલી, એવો અર્થ છે. (**ले**)

૫. વ્રજજનોને જે કલેશ કરાવતા હોય તેઓનો નાશ કરવા અને તેઓને દુઃખ દેવા (અનુક્રમે) મૃત્યુ અને યમને ત્યાં (ભગવાને) આજ્ઞા કરી રાખેલ છે. સ્તનો કાંપે તેથી કલેશ થાય તેથી સ્તનો કંપાવતી પહેલાં કહેલી દેવતાનો તેઓએ નાશ કેમ ન કર્યો? અથવા તેને દુઃખ કેમ ન દીધું? એવો અર્થ છે. મૃત્યુ અને યમ સર્વને નિયમમાં રાખનારા હોવાથી 'યમ' કહેવાય છે. અહિં (વ્રજમાં) દિક્પાલ (દિશાઓનું પાલન કરનારા) નિયમન કરનારા નહિ હોવાથી યમ ગણાતા નથી એમ જણાવવા આ કહેલ છે. (**टि**)

'દેવતા(ચોળી)ની ગાંઠ સારી રીતે કેમ ન બાંધી? અને જો તે ફાટી હોય તો તેને ઉતારી બીજી કેમ ન પહેરી?' એવો અર્થ છે. તેને ઉતારવાથી તે રહે નહિ એટલે તેનો નાશ થયો ગણાય અને તેની ગાંઠ સારી રીતે બાંધવાથી તેને દુઃખ આપ્યું ગણાય. એ અનુક્રમે મૃત્યુ અને યમનું કાર્ય હતું. 'દંડ' શબ્દનો આ અર્થ ટિપ્પણીમાં કહેલ છે. કલેશ આપનારાઓ વ્રજજનોની ભ્રમર માત્ર વાંકી થવાથી જ નાશ પામે છે અથવા દુઃખી થાય છે, તેથી ભ્રમરો મૃત્યુ અને યમરૂપ છે. વ્રજજનો ભ્રમર વાંકી કરીને જોઈ ને દેવતાને એવો દંડ કરે. (**ले**)

૬...૬. **ભવિષ્યમાં થનાર અર્થ** એટલે શ્રમ. તેનો અંગીકાર (યશોદા) ન કરે તો તે ઉત્પન્ન કરનાર

લાવતા હોવાથી (યશોદાની) ભ્રમરો શોભિતી રહી હતી.

રજ્જુ એટલે નેતરાંને ખેંચવાથી જે શ્રમ થએલ તે શ્રમવાળી બે ભુજાઓ[1] (હતી), ત્યાંસુધી ફરતાં કંકણો જેમનાં (ઉપર) હતાં તેવા બે હાથો[1] ધારણ કરતી (યશોદા દહીં મથતી હતી). આથી એમ કહેલું છે કે ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ, અને તેમના દેવો અને તેમના નિયમો બધાયને કલેશ થતો હતો. બે કુંડલો એટલે સાંખ્ય અને યોગ. તે બંનેને કલેશ થતો હતો (કાંપતાં હતાં). કલેશવાળાં જ[2] (આભૂષણ) સર્વત્ર ધારણ કરતી હતી એવો સંબંધ છે. શ્લોકમાં (कुण्डल પછી) 'च' 'અને' શબ્દ હોવાથી, માથું[3] પણ કાંપતું હતું એમ 'કાંપતું' શબ્દનો સંબંધ (અહિં પણ) છે. તેથી જ (એ શબ્દ 'जातकम्पम्') જૂદો કહેલો છે. તેમ ન હોત ('કાંપતું' શબ્દનો કુંડલો તથા માથાં સાથે સંબંધ લેવાનો ન હોત) તો 'સ્રવતાં કાંપતાં બે સ્તનો' એમજ કહેત.

મુખ પણ પરસેવાવાળું (ધારણ કરતી દહીં મથતી હતી). ઘણો ક્ષોભ થવાથી પરસેવાવાળું (થએલું), (એટલે) ભક્તિનો પણ સાર નીકળી ગએલો એમ કહેલું છે.

અંબોડામાં એટલે કેશોના સમૂહમાં સિદ્ધોના સ્થાનમાં ઢીલી થએલી માલતી છે

---

કાર્યમાં પ્રવૃત્ત થાય નહિ. એટલે શ્રમનો અંગીકાર કરીને તેણે દહીં મથ્યું એવો સંબંધ છે. કલેશ થાય તો ભ્રમરો સંકોચાવાનો સંભવ રહે. યશોદાની ભ્રમરો શોભિતી રહી હતી એટલે સંકોચાઈ ન હતી. તેથી તેને કલેશ થયો ન હતો એમ જણાય છે, એવા આશયથી 'પરિણામ લાવતા હોવાથી' વિગેરે કહેલ છે. દેવતાને દંડ ન કર્યો એ **પરિણામ. (टि)** અહિં ટિપ્પણીમાં 'શ્રમ' અને 'કલેશ' વચ્ચે ભેદ દર્શાવેલ છે. યશોદાને મથન કરવાથી શ્રમ થયો પણ કલેશ થયો ન હતો એવો ભાવાર્થ જણાય છે. ભવિષ્યમાં થનાર અર્થનો શ્રમનો અંગીકાર કરી યશોદા મથન કરે છે. આ શ્રમ પણ તેમનો સારી રીતે નિરોધ કરવામાં ઉપયોગી છે, એમ આરંભની કારિકામાં જણાવેલ છે. તેથી તેનું પરિણામ સારૂં હોવાથી યશોદાની ભ્રમરો શોભિતી રહે છે, એટલે મૃત્યુ અને યમ એ દેવતાને દંડ કરતા નથી.

૧...૧. નેતરૂં ખેંચવામાં બંને ભુજાઓ રોકાએલી રહે છે એટલે જમણી અને ડાબી ભુજા અનુક્રમે ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ છે. અહિં નીચે પ્રમાણે ભાવ છે. અહિં બે પ્રકારની ક્રિયા છે. (૧) ભગવાનના સંબંધી અને (૨) ગૃહસ્થાશ્રમના સંબંધી. પહેલી મુખ્ય છે, બીજી ગૌણ છે. તેથી (જમણી ભુજા ભક્તિમાર્ગ છે અને ડાબી ભુજા કર્મમાર્ગ છે,) જમણી ભુજાનાં કંકણો ભક્તિમાર્ગના નિયમો છે અને ડાબી ભુજાનાં કંકણો કર્મમાર્ગના દેવતાઓ છે, કારણ કે તેમણે તે તે ભુજાઓનો આશ્રય કરેલો છે.**(टि)**

કોણીથી થોડે નીચે સુધીનો ભાગ 'ભુજા' છે અને હાથ એટલે આખો હાથ (ખભા સુધીનો).**(ले)**

૨. 'શોભિતી ભ્રમરોવાળી' એ યશોદાનું સ્વતંત્ર વિશેષણ કહેલ છે. તે પ્રમાણે બીજાને સ્વતંત્ર વિશેષણ નહિ કહેલાં આભરણોનાં કર્મ તરીકે વર્ણવેલાં છે, તેનું અહિં કારણ કહે છે. તે બધાયમાં કલેશરૂપ સરખો ધર્મ છે, એમ જણાવવા તેમ કહેલ છે. જો આ બધાને વિશેષણ તરીકે કહેલાં હોય તો તે માત્ર પ્રકાર જણાવે, એટલે તેમનું પ્રધાનપણું નહિ રહેવાથી તેમને થતો કલેશ નકામો થાય, અને તેથી કલેશના કારણરૂપ મથનનું અયોગ્યપણું જણાય નહિ, એવો ભાવ છે. **(टि)**

૩. માથું સત્યલોકના આધિદૈવિકરૂપ હોવાથી તેના ઉપર જ્ઞાનીઓ અને જીવન્મુક્તોનું જ (કેશોનું) સ્થાન હોય છે. તેથી જ્ઞાનીઓ અને જીવન્મુક્તો પણ કાંપતા (માથું કાંપતું હોવાથી) કહેલા છે. લીલામાં જેઓ રહેલા છે તે ભગવદ્રૂપ છે એમ વિચારી, શ્રીમદાચાર્યચરણે સર્વત્ર એ પ્રમાણે નિરૂપણ કરેલું છે એમ જાણવું. (યશોદા લીલામાં રહેલ હોવાથી, જે પ્રમાણે ભગવાનના શિરમાં જ્ઞાનીઓ અને જીવન્મુક્તોનો વાસ હોય છે તેવો તેના શિરમાં કહેલો છે). **(टि)**

જેનામાં તેવી (યશોદા હતી), અથવા અંબોડામાંથી એટલે કેશોના સમૂહમાંથી સિદ્ધોના સ્થાનમાંથી પડી ગઈ છે માલતી જેની, તેવી (યશોદા હતી). 'मा' એટલે લક્ષ્મી[1] 'अलम्' એટલે પૂરી પડે તેવી છે જેમાં તેવા (मालम् એટલે) જગતનું अती (अति+इ) અતિક્રમણ કરીને જે રહે છે તે मालती એટલે બ્રહ્મવિદ્યા. તે પણ જતી રહે છે (માલતી અંબોડામાંથી ખરી પડે છે). એવી રીતે પ્રપંચમાં આસક્ત થએલી (યશોદા દહીં) મથવા મંડી. (અહિં) માત્ર (યશોદાની) આકૃતિનું જ[2] વર્ણન કરવાનું હોત તો (આ બધું) વ્યર્થ થાય અને શુકના વાક્યનો વિરોધ થાય. (૩)

પહેલાંની[3] પેઠે બાલકોને માટે ભગવાનને ધાવવાની ઇચ્છા થતાં તેમણે (યશોદાને) શ્રમ કરતાં અટકાવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**तां स्तन्यकाम आसाद्य मथ्नन्तीं जननीं हरिः ॥**

**गृहीत्वा दधिमन्थानं न्यषेधत् प्रीतिमावहन् ॥ ४ ॥**

**ધાવવાની ઇચ્છાવાળા હરિએ મથન કરતી તે જનની પાસે આવી, રવૈયાને પકડી, પ્રીતિ ઉત્પન્ન કરતાં (તેને મથન કરતાં) અટકાવી. ૪.**

૧. જેઓને પ્રભુ ઉપર સ્નેહ હોય છે તેઓને પ્રભુના સંબંધીઓ ઉપર પણ તેવો જ સ્નેહ હોય છે. તેથી માતા યશોદાને એવો શ્રમ થાય તે જોઈને તે સહન નહિ થવાથી, મુક્ત જીવોને પણ ક્ષોભ થતાં, તેઓ પોતાના ધર્મને ભૂલી જાય છે એવા આશયથી, આ 'માલતી'નો અર્થ વિગેરે કહે છે. વળી માતા યશોદા સર્વનાં મૂલ ભગવાનનો આવિર્ભાવ થવાનું સ્થાન હોવાથી તેમને એવો શ્રમ થાય ત્યારે તેમનાં કાર્ય(ભગવાન અને તેમનાં કાર્ય મુક્ત જીવો વિગેરે બધા હોવાથી)ની પરંપરાથી એની મેળે જ એ પ્રમાણે કંપ થાય છે, એવા ભાવથી પણ એ પ્રમાણે કહેલું છે. **(टि)**

૨. અહિં આથી જૂદી રીતે અર્થ કરવામાં દોષ જણાવે છે. યશોદા દહીંનું મથન કરતી હતી એમ કહેવાથી જ મથનને અનુકૂલ આકૃતિ કહેવાઈ જાય છે, છતાં તેવી આકૃતિનું વર્ણન કરવું અને પાછું તે મથન કરતી હતી એમ કહેવું એ વ્યર્થ થાય એવો અર્થ છે. આમ હોવાથી આવું વર્ણન કરવાનો કાંઈ ખાસ હેતુ હોવો જોઈએ એમ અવશ્ય કહેવું જોઈએ. મથન કરવું અયોગ્ય હતું એમ જણાવવું એ જ આ હેતુ છે એમ કહેવું યોગ્ય છે. તેથી લોકની રીતે અને વાસ્તવિક રીતે એમ કહેલ છે. વળી પહેલાં ગયા શ્લોકમાં 'દહીં મથન કરવાના સમયે તે ગાતાં હતાં' એમ ભગવાનના ગુણોના ગાનનું અંગ મથન હતું એમ કહેલું. એવા મથનથી કાંઈપણ ક્લિષ્ટ થએલ નહિ (કોઈને ક્લેશ થએલ નહિ). જો આગળ પણ એ જ રીતે મથન થયું હોત તો પ્રભુ મથન કરતાં યશોદાને અટકાવે પણ નહિ, કારણ કે તેવું મથન નિરોધનું વિરોધી ન હતું. આમ હોવાથી અને આગળ ભગવાને યશોદાને મથન કરતાં અટકાવી (શ્લો.૪) એમ કહેવાનું હોવાથી, એમ અટકાવ કરવાના કારણરૂપ નિરોધનું વિરોધી મથન કહેવું જોઈએ, તેથી આ એક શ્લોકથી તે કહેલ છે. આમ હોવાથી અહિં ટીકા પણ તેવી કહેલી છે તે યોગ્ય જ છે. એમ ન હોય તો (આ મથન નિરોધનું વિરોધી ન હોય તો) ભગવાન તે કરતાં અટકાવે છે એમ (શ્લો.૪માં) કહે છે તે વિરુદ્ધ થાય એમ વિચારી, 'શુકના વાક્યનો વિરોધ થાય' એમ કહે છે. મથન કરતી વખતની આકૃતિ સાધારણ હોવાથી વિશેષ પ્રકારની ભગવાનની લીલાવાલી તે હોવાનું સંભવે નહિ, અને તેથી 'ઉત્તમશ્લોકની લીલામાં જેનું ચિત્ત લાગેલું છે' એ શુકના વાક્યનો વિરોધ થાય. ઉપર જે પ્રમાણે આ શ્લોકનો અર્થ કરેલ છે તે રીતે અર્થ કરવાથી, તેનાથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થતું હોવાથી તે ભક્તિ ઉત્પન્ન કરનાર થાય છે, એ આ અર્થની ઉત્તમતા છે. **(टि)**

૩. 'પહેલાંની' એટલે 'ઘરબહાર નીકળવાના ઉત્સવની' પેઠે. **(टि)** જૂઓ. ૧૦–૭–૬. પાન. ૧૦૧.

(ભગવાન યશોદા) પાસે આવ્યા. ભગવાન પાસે આવ્યા તે ક્રિયાથી અને (તેમનાં) દર્શન થયાં એ જ્ઞાનથી, બંને પ્રકારનો નિરોધ સિદ્ધ થયો.[1] (યશોદા) 'મથન કરતી' હતી એટલે દહીં પણ વિકારવાળું થતું હતું અને તેમને પોતાને[2] પણ પ્રયાસ (શ્રમ) થતો હતો. (તે) 'જનની' હોવાથી તેનો નિરોધ કરવો આવશ્યક હતો, કારણ કે (હું આ બાલકની જનની છું) તેવી (તેની) બુદ્ધિ તેમણે (ભગવાને) જ કરી હતી. (ભગવાન) 'હરિ' (હતા) એટલે સામાન્ય રીતે પણ સર્વ દુઃખનું હરણ કરનાર હતા, અને હમણાં (મથન) કરનાર (તે કામમાં) અત્યંત પરોવાઈ ગએલ હોવાથી, કરણ(રવૈયા)ને જ રોકી રાખ્યું, એમ 'રવૈયાને પકડી' શબ્દોથી કહેલું છે. **'मन्थानं'** એટલે રવૈયાને હાથથી પકડી પ્રીતિ ઉપજાવતાં તેને મથન કરતાં અટકાવી. અટકાવવામાં આવે ત્યારે તે (યશોદા) અપકાર ન કરે (ક્રોધ ન કરે અથવા મારવા તત્પર ન થાય) તે માટે 'પ્રીતિ ઉપજાવતાં' એમ કહેલું છે, એટલે જે પ્રમાણે તે(યશોદા)ની પોતાના (ભગવાનના) ઉપર પ્રીતિ થાય તેમ કરતાં (તેને મથતાં અટકાવી).

**सर्वाङ्गं चालयन् हस्तौ पादौ चैव विचालयन् । मुखाब्जं मधुरारावं बिभ्रत् कृष्णः समागतः॥१३॥**

**સર્વ અંગને હલાવતા અને બે હાથો તથા બે ચરણોને વધારે હલાવતા, મધુર ધીરા અવાજવાળા મુખકમલને ધારણ કરતા શ્રીકૃષ્ણ (યશોદાની) પાસે આવ્યા.[3]** કા. ૧૩. (૪)

ભગવાને (પોતાની ઉપર) પ્રીતિ ઉત્પન્ન કરી, એટલે ભગવાન માટે પ્રપંચમાં આસક્તિ (હતી તે) તજી દઈને (તે ભગવાનને) ધવરાવવા મંડી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**तमंकमारूढमपाययत्स्तनं स्नेहस्नुतं सस्मितमीक्षती मुखम् ॥**
**अतृप्तमुत्सृज्य जवेन सा ययावुत्सिच्यमाने पयसि त्वधिश्रिते ॥ ५ ॥**

**ખોળા ઉપર ચડેલા તેમને દૂધ સ્રવતું સ્તન (તેમનું) સ્મિતવાળું મુખ જોતાં (તેણે) પાયું. અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતાં અતૃપ્તને તજી દઈ તે ઝડપથી ગઈ. ૫.**

પોતાની મેળે ખોળા ઉપર ચડેલા(ભગવાન)ને સ્હેજ ઊંચું થએલ સ્તન પાયું. તે (યશોદા) મૂકી દઈ જતી ન રહે તે માટે, અને દૈત્યોને[4] દબાવવા માટે ભગવાન (તેના) ખોળા ઉપર ચડેલા. સ્તન 'દૂધ સ્રવતું' હતું એટલે આ(યશોદા)ને સ્તનપાનથી કલેશ પણ થતો ન હતો. જો કે મોહ પામેલી(યશોદા)ની પ્રપંચમાં ઘણી આસક્તિ હતી, ઘરમાં

૧. ભગવાન પાસે આવ્યા એ સમીપતા (ક્રિયા), અને 'પ્રીતિ ઉપજાવતાં' શબ્દોથી યશોદાને ભગવાનનું દર્શન થયું એમ સૂચવેલું છે. (આ ક્રિયા અને દર્શનથી બંને પ્રકારનો નિરોધ સિદ્ધ થયો.) ક્રિયાથી ક્રિયારૂપ નિરોધ સિદ્ધ થયો એટલે યશોદા ભગવાનને ધવરાવવા મંડયાં (શ્લો. ૫) અને દર્શનથી જ્ઞાનરૂપ નિરોધ સિદ્ધ થયો, તેથી તે ભગવાનનું મુખારવિંદ જોવા લાગ્યાં (શ્લો. ૫) એવો અર્થ છે. (**ले**)

૨. મથન ચાલતું હોવાથી પોતાને (ભગવાનને) રવૈયાને રોકી રાખવાનો પ્રયાસ થતો હતો.(**ले**)

૩. ભગવાન યશોદાની પોતાના ઉપર પ્રીતિ થાય એમ કરતા હતા એમ કહ્યું તેથી સૂચવાએલો આ અર્થ છે. (**का**)

૪. ઉપર (શ્લોક ૩નાં સુબોધિની તથા ટિપ્પણીમાં) જણાવ્યું તે ન્યાયપ્રમાણે, (યશોદાનો) ખોળો આધિદૈવિક ભૂમિરૂપ છે. તેથી ભૂમિ ઉપર રહેલા **દૈત્યોને દબાવવા** (ભગવાન તેના ઉપર ચડયા) એવો અર્થ છે. માતા તેમને ઉપાડી લેત, છતાં ભગવાન પોતે ખોળા ઉપર ચડયા તેનું આ તાત્પર્ય કહેલું છે.(**टि**)

પણ ઘણું કામ હતું અને દાસીઓ પણ ન હતી, છતાં (ભગવાનનું) મંદ હાસ્યવાળું મુખ જોતાં તે (સ્તન)પાન કરાવતી હતી. આ સમયે (યશોદા ત્યાં) રહે તે માટે (ભગવાન) મોહ કરતા હતા અને પહેલાંનો કરેલો મોહ[1] સંકોચી (પાછો ખેંચી) લીધો હતો.

એ પ્રમાણે આગ્રહથી રોકેલી હોવા છતાં દોષને લીધે[2] (ભગવાનને) તજી (તે) ગઈ એમ ઉત્તરાર્ધમાં કહે છે. (અતૃપ્તને એટલે) જેમની અંદરના બાલકો તૃપ્ત થએલા નથી તેવા રોકી રાખતા(ભગવાન)ને પણ, **उत्सृज्य** એટલે ઉપરથી તજી દઈને (પડતા મૂકીને), **ઝડપથી** એટલે ઘણા વેગથી **તે** એટલે પહેલાં જણાવેલી ઘણા બલવાન પ્રપંચવાળી[3] (યશોદા), ગઈ એટલે પોતે ધારેલા સ્થાન સુધી ગઈ. 'દૂધ ઉભરાતાં' શબ્દોથી (તેને) જવાનું આવશ્યક લૌકિક કાર્ય કહેલું છે. '**अधिश्रिते**' એટલે અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતાં (તે ગઈ). (દૂધ) ઉભરાવાથી (તે) દ્રવ્યનો નાશ થાય છે અને દોષ[4] થાય છે. 'ભગવાનની પ્રસન્નતા માટે જેમ રવૈયાને તજી દઈને મથનમાં વિરોધ ન આવે તે પ્રમાણે ભગવાનને પ્રસન્ન કર્યાં (ધવરાવ્યા), તેમ ભગવાનનો વિચાર (દરકાર) રાખીને દૂધ (અગ્નિપરથી) ઉતાર્યું નહિ, પરંતુ ભગવાનની દરકાર[5] તજી દઈને જ દૂધ ઉતાર્યું', એમ 'तु' શબ્દ (તેણે) જૂદી રીત (ગ્રહણ કરી એમ) જણાવે છે. (૫)

**स जातकोपः स्फुरितारुणाधरं सन्दश्य दद्भिर्दधिमण्डभाजनम् ॥**
**भित्त्वा मृषाश्रुर्दृषदश्मना रहो जघास हैयङ्गवमन्तरङ्गतः ॥ ६ ॥**

**તેમને (ભગવાનને) ક્રોધ થયો. (તેમણે) સ્ફૂરેલા લાલ અધર(નીચલા હોઠ)ને દાંતોથી પીસી છાશનું વાસણ ઓરસીઆના પથ્થરથી ફોડી, ખોટા આંસુઓ લાવી, (ઘરની) અંદર જઈ એકાંતમાં માખણ ખાધું. ૬.**

પછી બાલકોને તૃપ્તિ થએલી નહિ હોવાથી ભગવાનને ક્રોધ થયો, કારણ કે તે બાલકોના રક્ષક હતા. બાલકોની રક્ષામાં વિઘ્ન થતાં ભક્તિમાર્ગના આવેશને* લીધે ભગવાનને વિષમતા (પક્ષપાત) થવાથી અકસ્માત્ જ[6] ક્રોધ થયો. (ભગવાનની અંદર)

૧. **પહેલાંનો કરેલો મોહ** એટલે ગયા આઠમા અધ્યાયમાં કરેલો મોહ. (**લે**)

૨. મોહનું સ્વરૂપ જ દોષરૂપ છે, તેથી એ રોકાઈ નહિ. તેથી જ પાછલ અધ્યાયના આરંભમાં સાતમી કારિકામાં 'આ મોહ ઘરના કામમાં પ્રવૃત્તિ કરાવનારો છે' એમ જણાવેલું છે. (**લે**)

૩. ભગવાને યશોદાને પોતાની અંદર મોહ ઉત્પન્ન કર્યો છતાં તે તેનો મોહ પ્રપંચમાં જ ફળ્યો. તેથી તેને '**બલવાન પ્રપંચવાળી**' કહેલી છે. (**લે**)

૪. વૈદિક અગ્નિહોત્ર વિગેરેમાં જેમ (દૂધ ઉભરાવાથી) અલૌકિક દોષ થાય છે તેમ લૌકિકમાં દૂધ ઉભરાવાથી લૌકિક દોષ થાય છે, એવા આશયથી આ કહેલું છે. (**टि**) [ એવો અર્થ થયો.

૫. अनुरोध એટલે ભગવાનને જે પ્રસન્ન કરે છે તેવું સ્તનદાન.(**લે**) ધવરાવવાનું તજી દઈ ને ગઈ

* 'भक्तिमार्गावेशेन' પાઠપ્રમાણે આ અર્થ કરેલ છે. વૃંદાવનપ્રેસવાળી પ્રતમાં 'भक्तिमार्गेण' પાઠ છે. આ પાઠ પ્રકાશકારે લીધેલ છે. આ પાઠ પ્રમાણે 'ભક્તિમાર્ગ સાથે (ઉપર) પક્ષપાત હોવાથી' એવો અર્થ થાય છે.

૬. **અકસ્માત્** એટલે એકાએક. (**प्र**) **અકસ્માત્** એટલે કરણ (કારણ ?) વિના. અહિં ભગવાનને ક્રોધ થયો એમજ કહ્યું છે, પરંતુ યશોદાના જતા રહેવાથી ક્રોધ થયો એમ કહ્યું નથી. તેથી યશોદા ગયાં એ ક્રોધનું માત્ર નિમિત્ત છે, પણ કરણ નથી એવો ભાવ છે. (**લે**)

રહેલો[1] ક્રોધ જ નિમિત્તને લીધે દેખાયો. પછી (એ) ક્રોધ યશોદાને મારશે એમ (જાણી) (ભગવાને) તેના (યશોદાના સંબંધવાળા) લોભને અને વાસણને તોડી નાખ્યાં, એમ 'અધરને દાંતોથી પીસી છાશનું વાસણ ઓરસીઆના પથ્થરથી ફોડી' શબ્દોથી કહેલું છે. અધરને પીસવાનું કારણ 'સ્ફૂરેલા લાલ' વિશેષણોથી કહેલું છે. તે સ્ફૂરેલો અને લાલ રંગવાળો થયો હતો. (યશોદાએ) લોભને લીધે ભગવાનનો ત્યાગ કર્યો ત્યારે (એ) લોભનો જ અપરાધ થયો. (તેથી) તે સમયે આધિદૈવિક લોભ,[2] યશોદાને મારવા માટે અથવા આધ્યાત્મિક લોભને[3] મારવા માટે (ભગવાનને) વિજ્ઞપ્તિ કરવા પોતે (ભગવાન પાસે) આવ્યો, એટલે (અધરમાં)§ તે સમયે સ્ફુરણ થયું (અધર હાલ્યો). તે ત્રણનું[4] નિવારણ કરવાનું હતું; અને ત્રણ બીજા[5] (જૂદાં) ઉત્પન્ન કરવા[6] રજોગુણનો પ્રાદુર્ભાવ થયો. તે બંનેને[7] રોકવા (ભગવાને પોતાનો) અધર પીસ્યો. (ભગવાનના) દાંતો યશોદા સંબંધી સ્નેહની કલાઓ છે, તેમણે તેઓનું નિવારણ કર્યું. સરખામણી* સ્પષ્ટ જ છે.

દહીંનો મંડ એટલે છાશ. તેનો આધાર થએલું (તે જેમાં હતી તે) વાસણ (ભગવાને તોડ્યું). માખણ તો જૂદું થઈ ગયું હતું. તેથી (ભગવાને તે વાસણને) ઓરસીઆના સંબંધવાળા (ઓરસીઆ ઉપર) વાટવાના પથ્થરથી તેને તોડ્યું. દૈત્યોના આવેશવાળીના જેવી[8]

---

૧. પા.૫૯ ૧૦-૬-૧૦માં જે રોષ કહેલો છે તે રહેલો. (પ્ર) પા.૨૩૪. નો.૧માં જે કહ્યું તેનું જ આ વિવરણ છે. ભગવાનના ધર્મો નિત્ય છે એમ આથી સૂચવેલું છે. (અહિં ક્રોધ 'રહેલો' કહી નિત્ય સૂચવ્યો છે તેથી).(લે)

૨. ભગવાનમાં રહેલો બાલકો માટે ધાવણનો લોભ **આધિદૈવિક લોભ** છે. (લે)

૩. યશોદામાં રહેલો ઉભરાતા દૂધનું રક્ષણ કરવાનો લોભ **આધ્યાત્મિક લોભ** છે એમ જાણવું. (લે)

§ 'અધર' લોભનું સ્વરૂપ છે. આધિદૈવિક લોભ આવતાં ભગવાનના અધરમાં સ્ફુરણ થાય છે.

૪. (૧) યશોદાનો અપરાધ, (૨) તેમનામાં રહેલ આધ્યાત્મિક લોભનો નાશ અને (૩) તેને (આધ્યાત્મિક લોભને) મારવા માટેની આધિદૈવિક લોભની વિજ્ઞપ્તિ. એ **ત્રણનું** નિવારણ કરવાનું હતું. આધિદૈવિક લોભ જો આધ્યાત્મિકને મારે તો તેનો સંપૂર્ણ રીતે નાશ કરે, અને જો તેમ થાય તો આગળ (ભવિષ્યમાં) કરવાની લીલા થઈ શકે નહિ. તેથી આધ્યાત્મિક લોભને મારતાં તેને અટકાવવાનો હતો. ભગવાને (તે લોભનો નાશ કર્યો, પરંતુ) એ રૂપે અપરાધ કરાવનાર લોભનો જ (આધ્યાત્મિક લોભનો અમુક અંશે જેણે તે સમયે યશોદા પાસે અપરાધ કરાવ્યો તેનો જ) નાશ કર્યો. તેથી આગળ 'યશોદાના લોભને અને વાસણને તોડી નાખ્યાં' એમ કહ્યું. તેનો તથા આગળના ગ્રંથનો વિરોધ થતો નથી.(ટિ)

૫. આધિદૈવિક લોભ પાછલ કહ્યું તેમ કરવા તત્પર થએલ. તે પ્રમાણે રજોગુણ ત્રણ નવાં ઉત્પન્ન કરવા તૈયાર થયો. (૧) બીજી (દોષરહિત) યશોદા, (૨) તેનો લોભ માત્ર ભગવાનના જ સંબંધવાળો અને (૩) ભગવાનને ઉપભોગ કરવા યોગ્ય દૂધ વિગેરે ભોગના પદાર્થો. આ **ત્રણ** નવાં **(જૂદાં) ઉત્પન્ન કરવા** રજોગુણ તત્પર થયો એવો અર્થ છે. આથી ભગવાનને ઘણો ક્રોધ થયો એમ જણાવેલું છે. (ટિ)

૬. રજોગુણ ઉત્પત્તિનું કારણ છે, તેથી **ઉત્પન્ન કરવા** તેનો પ્રાદુર્ભાવ થયો. (લે)

૭. આધિદૈવિક લોભ અને રજોગુણ એ **બંનેને**, એવો અર્થ છે. (ટિ)

* દાંતો યશોદા ઉપરના સ્નેહની કલાઓ છે. તેમનાથી એટલે યશોદા ઉપરના સ્નેહને લીધે ભગવાને અધર પીસ્યો. તે અધર આધિદૈવિક લોભથી સ્ફૂરેલો અને રજોગુણથી અરુણ (લાલ) થએલો હતો. તેને પીસ્યો એટલે આધિદૈવિક લોભ તથા રજોગુણ બંનેનું નિવારણ કર્યું એવો અર્થ છે. પીસ્યો એટલે દબાવ્યો, રોક્યો, નિવારણ કર્યું, એ અર્થ સ્પષ્ટ છે.

૮. 'યશોદાને પોતાના પુત્ર અને દૂધ ઉપર સરખી પ્રીતિ હોય તોપણ દૂધ માટે તે પુત્રનો

તે (યશોદા) (ભગવાનને તજી) ગઈ હતી. તે આધિદૈવિક દૈત્યોનું નિવારણ યજ્ઞના આયુધથી જ ઉત્પન્ન થએલા શબ્દથી કરવું જોઈએ. તે પ્રસંગે મોટો શબ્દ કરતાં (છાશની ગોળીને ઓરસીઆ ઉપર વાટવાનો પથ્થર જોરથી મારતાં) વાસણ જ ભાંગ્યું. એ પ્રમાણે (યશોદા ઉપર) ઉપકાર કરી, (ભગવાન) ખોટા આંસુઓવાળા થયા. (નયનમાં ખોટાં આંસુઓ લાવ્યા), કારણ કે છાશનું વાસણ ભાંગે[1] તેમાં પણ દોષનો સંભવ છે (દોષ થાય). જોકે પોતાની મેળે (છાશનું વાસણ) ભાંગીએ તો તેમાં દોષ નથી, તોપણ રુદ્ર[2] આવ્યો છે એમ લોકમાં જણાવવા આંસુઓ લાવ્યા. તેમ ન હોય તો[3] (છાશના) વાસણના દેવતાનો ભંગ થાય નહિ.[4] આંસુઓનું કાર્ય રૂપું વિગેરે[5] અને નૈમિત્તિક[6] છે. તે બેઉ નહિ હોવાથી આંસુઓ ખોટાં હતાં. અથવા યશોદાનો નાશ થવાના ભયથી (આંસુઓ આવ્યાં). (તેમ હોય) તોપણ રક્ષણ કરનાર પોતે (હતા), તેથી આંસુઓ ખોટાં જ હતાં.

---

ત્યાગ કરે એ સંભવતું નથી. તેથી તેણે પુત્રનો ત્યાગ કર્યાનું કહ્યું તે બરાબર લાગતું નથી' એવી શંકા થાય, તેથી તેણે ત્યાગ કેમ કર્યો તેનું યોગ્ય કારણ કહેતાં, પથ્થરથી વાસણ ભગવાને ભાગ્યું તેનું તાત્પર્ય પણ કહે છે. યશોદામાં રહેલી દૂધ ઉપરના સ્નેહની કલાએ યશોદાને પ્રભુનું વિસ્મરણ કરાવ્યું, તેથી તે દૈત્યોના આવેશવાળી જ તેનામાં આવેલી. તેથી તે એ પ્રમાણે ગઈ. તે દૈત્યના આવેશવાળી કલાનો નાશ અલૌકિક રીતે કરવા ભગવાને ઓરસીયા ઉપર વાટવાના પથ્થરથી વાસણ તોડયું, કારણ કે શ્રુતિ કહે છે કે '(૧) સ્ફ્ય, (૨) કપાલો, (૩) અગ્નિહોત્ર હવણી, (૪) શૂર્પ, (૫) કૃષ્ણાજિન (કાળા મૃગનું ચર્મ), (૬) શમ્યા, (૭) ખાંડણીઓ, (૮) મુસલ, (૯) ઓરસીઓ અને (૧૦) ઉપલા, એ દશ યજ્ઞનાં આયુધો છે,' તેથી યજ્ઞના આયુધ ઓરસીઆના પથ્થરથી (વાસણ ફોડી) ભગવાને જે અવાજ કર્યો તે સાંભળતાં યશોદાને પુત્ર ભગવાનનું અનુસંધાન થયું, એટલે તેમાંથી દૈત્ય જતો રહ્યો. યશોદામાં દૈત્યનો આવેશ થાય એમ કહેવું યોગ્ય નથી, તેથી 'इव' '(દૈત્યના આવેશવાળી) જેવી' તે હતી એમ કહેલું છે. ખરી રીતે તો ભગવાને યશોદાને મોહ કરેલો તે જ તેવો હતો, તેથી તેનામાં દૈત્યનો આવેશ થએલો. તેથી જ આ પણ ભગવાનની લીલા હોવા છતાં એ (ભગવાનને તજી જતાં રહેવાનું યશોદાનું કાર્ય) બહુ અયોગ્ય હતું, તેથી શ્રીમદાચાર્યચરણે યશોદાને 'દૈત્યના આવેશવાળી જેવી' કહેલી છે. **टि**)

કૃષ્ણોપનિષદમાં યશોદાને 'મુક્તિગેહિની' કહી કહેલું છે કે 'તે સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની માયા કહેલી છે. સાત્ત્વિકી રુદ્ર ભક્તમાં, બ્રાહ્મણમાં રાજસી અને દૈત્યોમાં તામસી, એમ ત્રણ પ્રકારની માયા કહેલી છે.' તેથી યશોદા મુક્તિરૂપ હોવા છતાં માયા છે, તેથી (૧) રુદ્ર આવે છે, (૨) રજોગુણનો સંબંધ થાય છે અને (૩) દૈત્યનો આવેશ થાય છે. તેથી આ પ્રમાણે વિવરણ કરેલું છે. શ્રુતિમાં સૂક્ષ્મરૂપથી કહેલું છે અને શ્રીમદ્ભાગવત શ્રુતિરૂપ છે અને તેમાં કહેલ અર્થ વિસ્તારથી કહે છે. (**प्र**)

૧. **'ભાંગે'** એટલે પોતાની મેળે 'ભાંગે' એવો અર્થ છે. (**ले**)

૨. 'જે (આવે) તે વિશેષણસહિત આવે' એ ન્યાયે રુદ્ર પોતાના ધર્મ રોદન (રડવું તે) સાથે આવ્યો, અને તેની સાથે રહેલ રુદ્રનો ધર્મ ક્રોધ છે, તેથી ક્રોધથી સર્વનો નાશ કરનાર રુદ્ર આવ્યો, એવો અર્થ છે.(**ले**)

૩. **'તેમ ન હોય તો'** એટલે રુદ્ર ન આવ્યો હોય તો.(**प्र**) ક્રોધ ન થયો હોય તો. (**ले**)

૪. **'ભંગ થાય નહિ'** એટલે 'ભગવાન તેને ભાંગત નહિ.' (**प्र**)

૫. 'જે આંસુ આવ્યાં તે રૂપું અને સુવર્ણ થયાં' શ્રુતિ આંસુનું એક કાર્ય રૂપું વિગેરે કહે છે તે. (**प्र**)

૬. નિમિત્તથી એટલે ક્રોધથી કરવાનો દંડ એ બીજું **નૈમિત્તિક** કાર્ય, એવો અર્થ છે. (**प्र**) 'નિમિત્તનો નાશ' એવો અર્થ છે. (**ले**)

વસ્તુતઃ (તે) વાસણમાં દૈત્યે પ્રવેશ કરેલો, (અને) તે(દૈત્ય)નો વધ કરવા માટે જ ભગવાને તે (વાસણને ફોડવાનું કાર્ય) કરેલ.

પછી તે(યશોદા)નો શ્રમ સાર્થક થાય તેવા હેતુથી (ભગવાને) બાલકોને માટે માખણ એકાંતમાં ખાધું; અથવા બાલકોને માટે માખણ (ભગવાન) એકાંતમાં લઈ ગયા.* (ભગવાન) પોતે પણ[1] ભક્ષણ કરવાના છે, તેથી 'अन्तरं गतः' એટલે (બાલકોથી) ભેદ પામ્યા. ત્યારથી તેઓને (બાલકોને) (પોતાથી) જૂદા કર્યા. (ભગવાન પોતે) ઘરની અંદર[2] પધાર્યા અને ત્યાં પણ એકાંતમાં આધિદૈવિક દૈત્યો[3] જઈ શકે નહિ તેવા સ્થાનમાં બાલકોને માટે જ[4] (તેમણે માખણ) ખાધું. (૬)

પછી શું થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ–

**उत्तार्य गोपी सुश्रृतं पयः पुनः प्रविश्य संदृश्य च दध्यमत्रकम् ॥**
**विलोक्य भग्नं स्वसुतस्य कर्म तज्जहास तं चापि न तत्र पश्यती ॥ ७ ॥**

**ગોપીએ દૂધ ઉતારી, ફરી સારી રીતે ઉકળેલું ઉતારી, અંદર જઈ, દહીંના વાસણને જોઈ, તેને ભાંગેલું જોઈ, પોતાના પુત્રનું તે (કર્મ) જાણી, અને તેને પણ ત્યાં ન જોતાં હસી. ૭.**

દૂધ તો સારી રીતે ઉકળેલું એટલે બરાબર પાકેલું હતું. તેને ઉતારી, ભૂમિ ઉપર રાખી, ફરી સારી રીતે ઉકળેલું (કર્યું), એટલે એકવાર ઉભરો આવતાં ઉતારી, ફરી અગ્નિ ઉપર મૂકી પછી ઉકળતાં ફરી ઉતાર્યું એવો અર્થ છે. પછી મંથન કરવાના સ્થાનમાં ગઈ. આથી એમ જણાય છે કે આંગણામાં દૂધ અગ્નિ ઉપર મૂકેલું, અને ઘરમાં દહીંનું મથન કરતી હતી. તે (મથન જ્યાં કરતી હતી તે) ઘરમાં જઈ, દહીંનું વાસણ જોયું, અને તે વાસણને ભાંગેલું સારી રીતે જોયું. કર્તા કરણ અને કર્મનું સત્યજ્ઞાન (તેને થયું એમ જણાવવા આ પ્રમાણે કહેલું છે). શ્લોકમાં 'च' 'અને' શબ્દ છે તેથી (એમ સૂચવેલું છે કે) માખણનો અભાવ અને છાશનો પ્રવાહ પણ તેણે જોયાં. પછી તે કર્મ પોતાના પુત્રનું છે એમ 'सन्दृश्य' બરાબર જાણીને, લૌકિકમાં પ્રવેશેલાં ચિત્તવાળી (તે યશોદા) (ભગવાને) દૈત્યોનું નિવારણ[5] કરેલું હોવાથી હસી. (તેણે) હાસ્ય કર્યું પરંતુ ક્રોધ કર્યો નહિ. (૭)

*. 'जघास' ને બદલે 'जहार' શ્લોકમાં પાઠ લઈ આ અર્થ કરેલ છે.

૧. 'ભક્તિથી જે ધરે તે ભગવાન ભક્ષણ કરે છે' એમ આગળની લીલામાં ભગવાન **પોતે** ભક્ષણ કરવાના છે, તેથી એમ કહેલ છે. **(प्र)** ભગવાનનાં ગુણગાન કરતાં યશોદાએ ઉત્પન્ન **કરેલું** માખણ ભગવાન **પોતે** પણ આરોગે તે યોગ્ય છે એવો ભાવ છે, અહિં બાલકોને જૂદા કરેલ હોવાથી ભગવાન પણ ભક્ષણ કરે છે એમ જાણવું. **(ले)**

૨. 'अन्तर' શબ્દના બે અર્થ છે, (૧) ભેદ (૨) અંદર, એ બંને અર્થો લઈ બે જૂદા અર્થ કરેલ છે. **(प्र)**

૩. માતા જૂએ તેવા સ્થાને ભગવાન ભક્ષણ કરે તો માતાને ક્રોધ થાય. તેથી જ્યાં ભક્ષણ કરવાથી તેમને ક્રોધ ઉત્પન્ન થાય નહિ તેવા સ્થલે ભક્ષણ કર્યું એવો ભાવ છે. **(टि)**

૪. **'બાલકોને માટે જ'** એટલે બાલકોને આપવા માટે જ પોતે પણ ભક્ષણ કર્યું એવો અર્થ છે. **(ले)**

૫. ભગવાને દહીંનું (છાશનું) વાસણ ભાંગી નાંખ્યું એટલે દૈત્યનો જે પદાર્થમાં આવેશ થએલો તેનો નાશ થયો, તેથી **દૈત્યોનું નિવારણ થતાં** ભગવાન ઉપર (યશોદાને) વાત્સલ્યરસ થયો. તેથી 'મારો પુત્ર આટલું કરવા સમર્થ થયો' એવા વિચારથી આનંદથી **તે હસી**, પરંતુ તેને ક્રોધ થયો **નહિ.**

જો ભગવાન ત્યાં જ રહે તો (યશોદા) કાંઈ ન કરે. અતૃપ્ત(ભગવાન)ને જ તજી દીધેલા હોવાથી પોતાનો જ અપરાધ હોવાથી તે પ્રસંગે તે શાંત જ રહેત. ભગવાન તો તેનું ગાઢ લૌકિકજ્ઞાન[1] દૂર કરવાને, અથવા તે (યશોદાનું લૌકિકજ્ઞાન) દૃઢ છે એમ (તેને) જણાવવા, તેનો તામસભાવ ઉત્પન્ન કરવા ત્યાંથી જતા રહ્યા. તે પ્રસંગે જઈ, પહેલાં પણ દૈત્યના આવેશને લીધે[2] (યશોદાએ) જે માખણ વિગેરે પ્રાપ્ત કરેલ અને તે પણ શીકામાં પડેલું હતું તે પોતાની ઇચ્છા પ્રમાણે માંકડાંઓને આપવા માંડયું. માંકડું પણ દાંતવાળું હોવાથી ક્રૂર પ્રાણી છે. માખણ પણ ઉપયોગ વગરનું[3] હતું. શીકું[4] પણ મૃત્યુનો પાશ (બંધ) છે. (ભગવાન) પોતે ખાંડણીઆની ઉપર રહેલા છે, ખાંડણીઆને ઊંધો મૂકી તેના ઉપર રહેલા (ઉભેલા) છે, એટલે તેઓના[5] દોષ મટાડવા યજ્ઞપુરુષ થઈને 'અગ્નિરાખનાર'ની પેઠે રહેલા છે, કારણ કે ખાંડણીઓ અગ્નિની નાભિરૂપ[6] છે. તેના ઉપર રહીને બાકીનાની શાંતિ માટે વધારાનું (માખણ વિગેરે) બીજાને આપે છે. પછી યશોદાએ અંદર જઈને તેવા પુત્રને જોયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**उलूखलांघ्रेरुपरि व्यवस्थितं मर्काय कामं ददतं शिचिस्थितम् ॥**
**हैयंगवं चौर्यविशङ्कितेक्षणं निरीक्ष्य पश्चात् सुतमागमच्छनैः ॥ ८ ॥**

**ખાંડણીઆની ઉપર રહેલા, માંકડાંને શીકાંમાં રહેલું માખણ ઇચ્છા મુજબ આપતાં, ચોરીને લીધે ભયવાળા ચક્ષુવાળા પુત્રને જોઈને (યશોદા) ધીરે ધીરે (તેમની) પાછલ આવ્યાં. ૮.**

પહેલાં (યશોદાએ) ત્યાં ભગવાનને ન જોયા એટલે માંકડું[7] પણ દેખાયું નહિ, તેથી શંકા[7] પણ થઈ. તેથી[7] (ભગવાનને) શોધવાની પણ જરૂર હતી. શોધતાં ચિત્ત

જો દૈત્યોનું નિવારણ કરેલ ન હોત તો દૈત્યો નિકટ રહેવાથી તેમના ધર્મનો આવેશ રહેવાથી ભગવાન ઉપર તેને ક્રોધ થાત, પણ ભગવાને દૈત્યોનું નિવારણ કરેલું હોવાથી, અસત્સંગ (દુષ્ટનો સંગ) નહિ રહેવાથી તેને ભગવાનના ઉપર ક્રોધ થયો નહિ એવો ભાવ છે. (લે)

૧. 'લૌકિક' એટલે 'ઘરના અધ્યાસરૂપ'. (પ્ર)

૨. યશોદાએ પહેલાં પણ જે (માખણ વિગેરે) પ્રાપ્ત કરેલ તે ભગવાન માંકડાંને આપે છે, એવો વાકયનો સંબંધ છે. 'દૈત્યના આવેશને લીધે' શબ્દથી માખણ માંકડાંને આપવાનું કારણ કહેલું છે. જેના ઉપર પોતાને પ્રેમ છે તેવા પદાર્થનો ભગવાન પોતે અંગીકાર કરતા નથી અને ક્રૂર પ્રાણીઓને આપે છે, તેથી તે દોષવાળું હતું એમ જણાય છે. એમાં લૌકિક દોષ કોઈ દેખાતો નહિ હોવાથી તેમાં કોઈ અલૌકિક દોષ જ હોવો જોઈએ, તે 'દૈત્યના આવેશને લીધે' શબ્દથી જણાવેલો છે. શકટ(ગાડા)ના દૃષ્ટાંતથી બીજે પણ એવું જણાય ત્યાં એમ જાણવું જોઈએ. તેથી એમ માનવામાં કાંઈ અસંભવ (અયોગ્યતા) નથી.(ટિ)

૩. દૈત્યના આવેશવાળું હોવાથી ભગવાનના ઉપયોગનું ન હતું એવો અર્થ છે. (લે)

૪. 'શીકાંને મૂકે છે. (તે) મૃત્યુનો પાશ છે' શ્રુતિ પ્રમાણે શીકું મૃત્યુનો પાશ છે. (પ્ર)

૫. 'તેઓનાં' એટલે 'યશોદા, માખણ અને શીકાનાં' એવો અર્થ છે, (પ્ર) તેઓનો એટલે માંકડાંઓનો ક્રૂરપણાનો દોષ મટાડવા એવો અર્થ છે. (લે) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

૬. 'ખાંડણીઆને મૂકે છે. તે અગ્નિની નાભિ છે' શ્રુતિ પ્રમાણે ખાંડણીઓ અગ્નિની નાભિ છે. (પ્ર)

૭. 'तं चापि न तत्र पश्यती' એ ગયા શ્લોકના છેલ્લા ચરણમાં 'च' શબ્દ છે તેનો આ અર્થ છે.

ફરીથી ભગવાનમાં ચોટ્યું એટલે ભગવાનને તેણે જોયા. દોષો નકામા (કાંઈ કરી શકે નહિ તેવા) હતા એમ જણાવવા, (ભગવાને) ખાંડણીઆને ઊંધો કર્યો ત્યારે અગ્નિ જ ઊંધો કરેલો થયો. તેથી જ્યાં સર્વ દોષોનો નાશ કરનાર અગ્નિ જ વિપરીત થયો ત્યાં દોષોનું શું ગજું[1] ? એમ જણાવેલું છે. '**कामम्**' એટલે ઇચ્છા પ્રમાણે. સંદેહ નહિ હોવાથી તે દેવાનું જ હતું. **ह्यं** એટલે પૂર્વકાલનું **गो** ગાયનું સંબંધિ (**गवम्**) તે '**हैयंगवम्**'[2] એટલે પૂર્વકાલનું ગાયનું સંબંધિ માખણ (જૂનું અથવા ભેગું કરેલું માખણ). **चौर्य** ચોરી થવાથી (કરવાથી) '**विशंकिते**' ભયવાળાં છે **ईक्षणे**[3] બે નયનો જેમનાં [તેવા (**चौर्यविशंकितेक्षण**) ભગવાન હતા]. તેના (યશોદાના) ચોરીના દોષનું નિવારણ કરવા[4] (ભગવાન) સર્વના પતિ હોવા છતાં (ચોર થયા). (ભગવાને) તેવી સ્થિતિ ઉત્પન્ન કરેલી હોવાથી, લોકમાં ચાલતી રીત પ્રમાણે તે માખણ લઈ ગયા તેને ચોરી કહેલી છે. અથવા તેમનામાં[5] (ભગવાનમાં) તેની દોષદૃષ્ટિ છે એ તેનું જ્ઞાન કાલને[6] લીધે છે, અને કાલથી તેનો નાશ થશે, તેથી

---

ભગવાન અથવા માંકડાંને યશોદાએ જોયાં નહિ, પણ ભગવાનનાં અને માંકડાંનાં ચિહ્નો જોયાં એમ જાણવું. તેથી જ તેને 'શંકા પણ થઈ' એમ કહેલું છે. ભગવાને વાસણ ફોડ્યું કે માંકડાએ, એવી શંકા થઈ અથવા માંકડાંનાં ચિહ્નો દેખવાથી 'ભગવાન માંકડાંના ભયથી ભાગી ગયા કે રમવા ગયા ?' એવી શંકા થઈ. ગમે તેવી શંકા લેતાં ભગવાનને માંકડાંની સોબત થાય છે. માંકડાં દુષ્ટ હોવાથી તેમને ભગવાનથી દૂર કાઢવાં જોઈએ જ. તેથી ભગવાનને શોધવાની પણ જરૂર પડી. (**प्र**)

૧. 'ક્રૂર પ્રાણીઓને ભગવાનના દર્શનનો અધિકાર કેમ હોય?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે.(**ले**)

'યશોદા ભગવાનને શોધવા મંડ્યાં એટલે જ તેમનામાં દોષ હોવા છતાં તેમને ભગવાનનાં દર્શન કેમ થયાં ? એવી શંકા થાય, તેથી આ કહેલું છે, જે ભક્તિમાર્ગમાં ભગવાન મર્યાદામાર્ગના ધર્મોને પણ ઊંધા કરે છે, તેમાં (ભક્તના) દોષો દૂર કરે તેમાં શું સંદેહ હોઈ શકે ? એવો ભાવ છે. (**प्र**) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

૨. **ह्यं गोः सम्बन्धि.** '**ह्यं**' કાલવાચક અવ્યય છે. તેના સંબંધવાળી **गौः** ગાય. તેના સંબંધવાળું '**हैयंगवं**' (માખણ). (**ले**)

૩. અહિં ત્રણ રીતે સમાસ છોડ્યો છે. પહેલામાં '**ईक्षणे**' એટલે 'બે નયનો' એમ દ્વિવચન લીધું છે. બીજા અને ત્રીજામાં પરોક્ષ(ગૂઢ અર્થવાળા)વાદ પ્રમાણે અર્થ કહેલો છે. તે વાદ જ્ઞાનપરાયણ હોવાથી તેમાં '**ईक्षणं**' એમ એકવચન લેવું જ યોગ્ય છે. તેથી તે પ્રમાણે એકવચન લીધેલું છે. (**ले**)

૪. પાછલ ત્રીજા શ્લોકના બીજા ચરણમાં 'પુત્રના સ્નેહને લીધે સ્રવતાં' અને કાંપતાં સ્તનોને યશોદા ધારણ કરતી હતી એમ કહેલું છે, એટલે ભગવાન જ જેનો ભોગ કરવા યોગ્ય છે તેવાં ધાવણને તે રોકી રાખે છે, એ યશોદાની ચોરી છે. આ તેનો ચોરીનો દોષ ભગવાન તેની વસ્તુ (માખણનો) ઇચ્છા પ્રમાણે વિનિયોગ કરી (માંકડાંઓને આપી) સંતોષ પામી દૂર કરે છે. (**टि**)

૫. '**તેમનામાં**' એટલે (પોતાના) દોષો દૂર કરનાર ભગવાનમાં. (**ले**)

૬. चौर्यविशंकितेक्षणम्'માં 'वि' શબ્દ છે. તેનો અર્થ 'કાલ' પણ થાય છે, તેથી તેનો અર્થ 'કાલે' લઈ આ અર્થ કરે છે. તે બાલક છે એમ જાણી 'તે ચોર છે' એમ યશોદા વ્યવહાર કરે છે. બાલલીલાના કાલને લીધે તે ચોર છે, એમ યશોદા માને છે ભગવાને બાલભાવનો સ્વીકાર કરેલો છે, તેથી યશોદા તેમનામાં દોષ જૂએ છે એવો ભાવ છે. એટલે આ શબ્દનો એવો અર્થ છે કે ચોરી થઈ એટલે 'કાલને લીધે શંકાવાળું થએલું છે ઈક્ષણ એટલે જ્ઞાન જેમનું'. ઈક્ષણ (એટલે નયન તે) જ્ઞાનેંદ્રિય હોવાથી જ્ઞાનરૂપ છે. જ્ઞાનેંદ્રિય પાંચ છે છતાં બૃહદારણ્યક ૫–૧૪–૪ શ્રુતિ કહે છે કે "ચક્ષુ ખરેખર સત્ય છે તેથી હમણાં બે વાદીઓ આવી 'મેં જોયું' 'મેં સાંભળ્યું' એમ (કહે) તેમાં જે 'મેં જોયું' એમ કહે તેને સાચો માનવો," તેથી ચક્ષુ મુખ્ય જ્ઞાનેંદ્રિય છે, તેથી તેને જ સર્વત્ર જ્ઞાનરૂપ કહેલી છે એમ જાણવું. (**टि+प्र+ले**)

વિશેષ રીતે ભયવાળું ઈક્ષણ (નયન અથવા દૃષ્ટિ) છે જેમનું તેવા (ભગવાન) થાય છે; અથવા ચોરીની શંકાવાળીમાં ઈક્ષણ છે જેમનું (તેવા ભગવાન થયા). બંને રીતે[1] (બેમાંથી ગમે તે અર્થ લેતાં તેના જ્ઞાનનો નાશ થવાની શંકા રહે છે. (ઉપર વર્ણવ્યા) તેવા(ભગવાન)ને પોતે જોઈને, પુત્રને પાછલથી એટલે પાછલા ભાગ તરફથી (અથવા) પીઠથી જોતી પાપ દૃષ્ટિવાળી[2] ધીરે ધીરે આવી એટલે માત્ર થોડું (થોડે થોડે) જ આવી,કારણ કે **પાપદૃષ્ટિવાળું ઝડપથી (ભગવાન પાસે) આવવા યોગ્ય નથી. (આવી શકતું નથી).** (૮)

પછી તે(યશોદા)ને જોઈને, તે (મારો) સ્પર્શ કરવા યોગ્ય નથી એમ (જાણીને) ત્યાંથી ભગવાન જતા રહ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છે:—

**तामात्तयष्टिं प्रसमीक्ष्य सत्वरस्ततोवरुह्यापससार भीतवत् ॥**
**गोप्यन्वधावन् न यमाप योगिनां क्षमं प्रवेष्टुं तपसेरितं मनः ॥९॥**

**લાકડી લીધેલી તેને જોઈને, ત્વરાસહિત ઉતરીને ભય પામેલાની પેઠે (ભગવાન) ત્યાંથી નીકળી ગયા. યોગીઓનું તપથી પ્રેરેલું સમર્થ મન જેમને પહોંચી શકયું નથી તેમની પાછલ ગોપી દોડી. ૯.**

અહિં લાકડી વાછરડાંને હાંકી કાઢવાની (જાણવી.) તેને ભગવાનમાં પણ વાછડાંની બુદ્ધિ થઈ. **आत्ता** લીધેલી છે **यष्टिः** લાકડી જેણે તેવી (**आत्तयष्टि**) તે હતી, (તેને) જોઈને જ ભગવાન ભાગ્યા નહિ, પરંતુ તેના (મનની) અંદરના અને બહારના ભાવને '**प्र**' એટલે ઘણો અથવા સારી રીતે જોઈને, (તે પોતાની) પાસે આવવા પણ યોગ્ય નથી એમ જાણીને, તેનો દોષ[3] દૂર કરવા માટે ત્વરાસહિત ત્યાંથી (ખાંડણીઆ ઉપરથી) ઉતરી દોડયા, એટલે તેનાથી ઉલટી બાજુએ મુખ રાખીને જ ભાગ્યા. તેના (યશોદાના) દોષથી[4] પોતાની અંદર રહેલા બાલકોને પણ દોષ લાગશે એમ જણાવવા, 'ભય પામેલાની પેઠે' એવું દૃષ્ટાંત આપેલું છે. જેમ ભય પામેલો તેનો (જેનાથી તે ભય પામ્યો હોય તેનો) પોતાના વિષે અપકાર (પીડા કરવાની બુદ્ધિ) જાણે છે, તેમ ભગવાને પણ પોતાની અંદર તેનો દોષ વિચાર્યો. આથી જ (ભગવાન) ભય પામ્યા ન હતા એમ જણાવેલું છે. તે (યશોદા) પણ ગોપી (ગામડીઆ અથવા અલ્પબુદ્ધિવાળી) હતી તેથી પાછલ દોડી. (ભગવાનની) પાછલ દોડવા મંડી. 'જે ભગવાનને યોગીઓનું એટલે જેઓને યોગ સિદ્ધ થયો છે તેમનું દોષરહિત મન, અને તે પણ તપથી પ્રેરાએલું એટલે ધર્મના

૧. 'ભગવાને ખરેખર ચોરી કરી છે' એમ માને તો ભગવાનના કાર્યના તાત્પર્યનું તેને જ્ઞાન નહિ હોવાથી તેના જ્ઞાનનો નાશ થાય. 'ભગવાને ચોરી કરી છે' એવી તેને શંકા હોય, તો ભગવાનના સ્વરૂપનું તેને જ્ઞાન નહિ હોવાથી તેના જ્ઞાનનો નાશ થાય. તેથી બંને રીતે તેના જ્ઞાનનો નાશ થવાની શંકા રહે છે. (**લે**)

૨. 'જે અધર્મ છે તેને મારી પાછલ રાખેલ છે' વાક્ય પ્રમાણે (ભગવાનની) પીઠની દિશા પાપનું સ્થાન છે. તેથી ત્યાં (પીઠ તરફ) વ્યાપેલી દૃષ્ટિ પાપવાળી થાય છે જ, એવા ભાવથી 'પાપદૃષ્ટિવાળી' એમ કહેલું છે. (**टि**) [એવો અર્થ છે. (**લે**)

૩. જો ભગવાન ત્યાં જ રહે તો યશોદા વિરુદ્ધક્રિયારૂપ દોષ કરે એટલે મારવાનું વિગેરે કરે

૪. અહિં કર્તામાટે છઠ્ઠી વિભક્તિ યોજેલી છે. 'તેનો દોષ' એટલે તે (મારવાની વિગેરે ક્રિયા કરે તે) ક્રિયારૂપ દોષ. તે દોષથી બાલકોને પીડા થાય, ભગવાનને તો કોઈ પ્રકારનો ભય નથી એવો અર્થ છે. (**લે**)

સંસ્કારવાળું (હોવા છતાં) પણ પહોંચી શકયું નથી' એમ, તેનો (યશોદાનો) **અવિવેક** પ્રકટ કરવા શુક ભગવાનને ઓળખાવે છે. તેથી આ (યશોદા) પણ અર્થ[(પહોંચી ન શકાય તેવી) વસ્તુ]ને લીધે જ (તેમને) પકડી શકી નહિ એવો અર્થ છે. (૯)

એ પ્રમાણે **ભગવાનમાં દોષ જોવાથી ભગવદીય પણ ભગવાનને પ્રાપ્ત કરી શકતો નથી** એમ કહ્યું. **તેવા ઉપર પણ ભગવાન કૃપા કરે છે.** તેથી ભગવાનની કૃપાથી ભગવાનનો તેણે સ્પર્શ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

**अन्वंचमाना जननी बृहच्चलच्छ्रोणीभराक्रान्तगतिः सुमध्यमा ॥**

**जवेन विस्रंसितकेशबन्धनच्युतप्रसूनानुगतिः परामृशत् ॥१०॥**

**પાછલ જતી શોભિતી મધ્ય(કેડ)વાળી જનની મોટા હાલતા નિતંબોના ભારથી અટકાએલી ગતિવાળી થતી હતી, ઝડપને લીધે પડી ગએલાં અને અંબોડામાંથી છૂટી પડેલાં પુષ્પોની પાછલ ગતિવાળી (તેણે ભગવાનને) પકડયા. ૧૦.**

**ભગવાનને માટે કરેલો પ્રતિકૂલ ( ઊંધો ) શ્રમ પણ સાર્થક થાય છે.** (ભગવાનની પાછલ જતી) એ નિતંબોને[1] ખેંચતી, જેમ રથને ખેંચતા બલદની ભારને લીધે ગતિ અટકાય (ધીરી થાય) તેમ ભારથી અટકાએલી ગતિવાળી થઈ. **भर** ભારથી **आक्रान्ता** અટકાએલી છે **गतिः** જેની, તેવી (તે થઈ). દુષ્ટ ગતિ ભારથી જ અટકાઈ (ધીરી થઈ). તેથી[2] બુદ્ધિ પણ દોષ વિગેરેમાંથી નીકળી જઈ, ( ભગવાન પાછલ ) જવામાં જ તત્પર થઈ, એમ 'શોભિતી મધ્યવાળી' શબ્દથી કહેલું છે. ' જનની ' એ શબ્દથી દૂધવાળાં એ સ્તનોનો ભાર પણ સૂચવેલો છે, પણ તે માતા હોવાથી વર્ણવેલો નથી. વાસ્તવિક રીતે તો તે (**अजननी**) જનની નથી;[3] ( કારણ કે ) કોઈપણ જનની એવું (પુત્રને મારવા દોડવાનું) કરતી નથી. **'सुमध्यमा'** શબ્દથી ( એમ કહેલું છે, કે ) (તે) (**मध्ये**) અંદરથી ભક્ત હતી, પરંતુ બહારથી મોહ પામેલી હતી. છતાં દુષ્ટભાવને[4] લીધે ભારથી ગતિ અટકાએલી હતી, એમ કહી (તેને) શોભિતા મધ્યભાવ(કેડ)વાળી કહેતાં, (શુકે) તેના દોષનો અભાવ અને ગુણ કહેલા છે. તેને અભિમાન ન હતું એમ જણાવવા, 'ઝડપને લીધે પડી ગએલાં અને અંબોડામાંથી છૂટી પડેલાં પુષ્પોની પાછલ ગતિવાળી' કહે છે. ઝડપને લીધે સારી રીતે પડી ગએલાં, અંબોડામાંથી છૂટી પડેલાં પુષ્પો, તેઓની **अनु** એટલે પાછલ ગતિ છે જેની તેવી ( યશોદા હતી ). પુષ્પો પણ તેની સાથે જતાં હતાં. **प्रकृष्टा** ઘણી જ **सूना** હત્યા થાય છે જેમની, તે **प्रसून** એટલે પુષ્પ, કારણ કે માત્ર ( વેલ ઉપરથી ) ઉતારવાથી જ તેઓ ના[illegible]મે છે. દેવ વિગેરે

૧. શ્રીસુબોધિનીમાં 'श्रोणी' પદ છે તે બીજી વિભક્તિનું દ્વિવચન છે. (**ले**)

૨. **'તેથી'** એટલે ભારને લીધે અટકાએલી ગતિથી (જવાનું) જે તપ થયું તેથી. (**प्र**)

૩. કારણ કે પુરુષોત્તમ જન્મતા જ નથી. તેથી તે તેમની જનની નથી, એવો અર્થ છે. (**प्र**) આત્મજ (પુત્ર) વાસુદેવ છે, એમ પાંચમા અધ્યાયમાં નિર્ણય કરેલો છે તેથી એવો ભાવ છે. આ ભાવ પુરુષોત્તમ સુધી પહોંચતો હોત તો યશોદાને તેમનામાં નિરૂપધિ સ્નેહ હોત; એ જ આગળ-'કોઈ પણ જનની એવું કરતી નથી' એમ કહેલું છે, તેથી જ ગોપીઓનો ભગવાનમાં નિરૂપધિ સ્નેહ હતો. (**ले**)

૪. 'બહારના દુષ્ટ વ્યાપાર(લાકડી લઈ મારવા જવારૂપ)ને લીધે' એવો અર્થ છે. (**प्र**)

માટે તેઓની હત્યા(કરવામાં આવે છે). તેવાં(પુષ્પો)ને પણ બાંધીને (યશોદાએ અંબોડામાં) રાખેલાં; અને તેઓ પાછાં અંબોડામાંથી ખરી પડે છે. ઉત્પત્તિ અને પ્રલય અને તેમમાં અધિષ્ઠાનવાળી દેવતાઓ[1] ત્યાં જ (અંબોડામાં જ) સારી રીતે બાંધેલાં. તેવાં(ઉત્પત્તિ અને પ્રલયના દેવતાઓ)નું પણ જયાં બંધન હોય છે, ત્યાંથી જે મુક્ત થાય છે (છૂટે છે) તેઓને પુનર્જન્મ થતો નથી. ભગવાન માટેની ક્રિયાથી[2] તેમાંથી[3] મોક્ષ થાય છે. તેથી કેશોનો[4] પણ બંધમાંથી છૂટકારો થાય છે. (ભગવાન માટેની ક્રિયા) પછી જ અંબોડો છૂટી ગયો, (અને) તેમાંથી પુષ્પો છૂટી પડચાં. આ (યશોદાના) (૧) દોષનો અભાવ, (૨) ગુણ અને (૩) મુક્તોની પાછલ ગતિ, એ ત્રણ ધર્મોથી તેણે ભગવાનને ચારે તરફથી પકડ્યા એટલે તેમનું આલિંગન કર્યું એવો અર્થ છે. (૧૦)

તેનો દોષભાવ જોઈ ભગવાન રડતા હતા, અને તેમણે તેના વિવેકના નાશરૂપ (વિવેકનો નાશ કરવાનો) અપરાધ કરેલો. યશોદાની બુદ્ધિ પ્રમાણે તો (તેમણે) વાસણ તોડ્યું એ અપરાધ કરેલો. (યશોદાના) ઘણા જ મૂઢપણારૂપી દોષને મટાડવા (ભગવાન) જ્ઞાનશક્તિ(પોતાનાં ચક્ષુઓ)નું ઘર્ષણ (ચોળવાનું) પણ કરતા હતા. 'જેમ જેમ આત્માને શુદ્ધ કરવામાં આવે છે' વાક્ય પ્રમાણે જ્ઞાનશક્તિ તો ભગવાનના કૃત્યથી જ ઉજ્જ્વલ[5] થાય છે. યશોદાનો નિરોધ સર્વ પ્રકારે વ્યર્થ ન થાય તે માટે પોતાનું કાર્ય[6] અને તેનો અભાવ જોઈને (ભગવાન) ભયથી વિહ્વલ ચક્ષુવાળા થયા. તેનું (યશોદાનું) ઉપાધિવાળું[7] અને ઉપાધિવિનાનું[8] જ્ઞાન પણ જશે, એમ (જાણી ભગવાનને) વિહ્વલતા થઈ. એ પ્રમાણે પરમ કૃપાળુ(ભગવાન)ને પકડીને તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ–

**कृतागसं तं प्ररुदन्तमक्षिणी कषन्तमञ्जन्मषिणी स्वपाणिना ॥**
**उद्वीक्षमाणा भयविह्वलेक्षणं हस्ते गृहीत्वा भिषयन्त्यवागुरत् ॥११॥**

---

૧. **क** એટલે બ્રહ્મા. ઉત્પત્તિના અધિષ્ઠાતા દેવ. **ईश** એટલે શંકર. લયના અધિષ્ઠાતા દેવ. **क+ईश=केश**. અંબોડામાં કેશ તે ઉત્પત્તિ અને લયના અધિષ્ઠાનવાળી દેવતાઓ છે એમ જણાય છે. તે દેવતાઓ ત્યાં હોવાથી જ તેમનાં અધિષ્ઠાન ઉત્પત્તિ અને લય પણ ત્યાં છે. ઉત્પત્તિ અને લયની દેવતાઓ પણ જયાં બંધાએલી હોય, તેમાંથી જે મુક્ત થાય (છૂટે) તેનો ફરી જન્મ ન થાય એ યોગ્ય જ છે. જો ફરી જન્મ થવાનો હોત તો પોતાની અધિષ્ઠાતા દેવતા સહિતના ઉત્પત્તિ અને લયના સ્થાનમાંથી તે છૂટત નહિ એવો ભાવ છે. (**टि**) ૨. ઉત્પત્તિ અને લયની અધિષ્ઠાતા દેવતાઓના બંધમાંથી પણ મોક્ષ ભગવાન માટે (ભગવાન પ્રાપ્ત કરવા) કરેલી **ક્રિયાથી** થાય છે. તે જ કારણથી (ભગવાન પ્રાપ્ત કરવાની ક્રિયાથી) જ અહિં પણ કેશનો બંધ છૂટી ગયો એવો અર્થ છે. (**ले**)

૩. **'તેમાંથી'** એટલે (જેમાં ઉત્પત્તિ અને લય તેમની અધિષ્ઠાતા દેવતાઓ સહિત બંધાએલી છે) તેવા બંધમાંથી. (**टि**) ૪. 'સ્વર્ગમાં હું તપ છું' વાક્ય પ્રમાણે ઉત્પત્તિ અને લયની દેવતાઓ ઘણી છે. તેથી અહિં પણ 'કેશ' શબ્દ બહુવચનમાં યોજેલો છે. (**ले**)

૫. **'ઉજ્જ્વલ'** વિગેરે શબ્દો ગુણ જણાવનારા પણ છે. તેથી **'ઉજ્જ્વલ'** એટલે 'ઉજળા વર્ણવાળી' એવો અર્થ છે. (**ले**) ૬. **'પોતાનું કાર્ય'** એટલે 'નિરોધ.' (**प्र**)

૭. **'ઉપાધિવાળું'** એટલે 'રૂપપ્રકરણમાં જણાવેલા પુત્ર તરીકેનું જ્ઞાન.' (**ले**)

૮. **'ઉપાધિવિનાનું'** એટલે 'જ્ઞાનપ્રકરણમાં કહેલું' એવો અર્થ છે. (**ले**)

**તે અપરાધ કરેલા, રડતા, પ્રકાશતી મેષવાળી આંખોને પોતાના હસ્તથી ચોળતા, ભયથી વિહ્વલ ચક્ષુવાળાને જોતી, હાથથી પકડી, ભય પમાડતી ધમકાવવા માંડી. ૧૧.**

**कृतः** કરેલો છે **आगः** અપરાધ જેણે, તેવા (ભગવાન હતા). 'આ કયો અપરાધ ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી **'तम्'** 'તે' શબ્દ યોજેલો છે. 'તે' એટલે વ્યામોહ કરનાર. યશોદાની બુદ્ધિ પ્રમાણે ('તે' એટલે) વાસણ તોડનાર. જો કે (શ્રીકૃષ્ણ) પોતે ઈશ્વર હતા (અને તેથી) તેમનો કોઈ અપરાધ હોય (થાય) નહિ; છતાં આ વ્યામોહ કરનારી લીલા છે. તે (યશોદાને) ભગવાને ઘણો જ વ્યામોહ કર્યો, જેથી ભવિષ્યમાં પછી કરવાની લીલામાં (તે) અડચણકર્તા થાય નહિ. જો તેમ ભગવાન્ ન કરે તો તેની (યશોદાની) ઘણી આસક્તિ હોવાથી હવે પછી કરવાના કાર્યમાં તે વિઘ્નકર્તા જ થાય.

**तच्चासुराणां मोहाय सतामपि च कुत्रचित् ॥का. १३½॥**

**તે[1] (રુદન વિગેરે) અસુરોને મોહ કરવા અને કોઈવાર સત્પુરુષોને પણ મોહ કરવા (ભગવાન કરે છે.) કા. ૧૩½.**

'(મૃત્યુરૂપ) ભય પણ જેનાથી ભય પામે છે તેવા (ભગવાનની) તે (દશા) મને મોહ પમાડે છે'[2] ૧-૮-૩૦ વાક્ય પ્રમાણે, અને (ભગવાનને તે પ્રમાણે કરવાનું) કારણ નહિ જાણવાથી, (યશોદાને) મોહ થાય છે. લોકદૃષ્ટિ પ્રમાણે (યશોદા) મારશે, એમ જાણી (ભગવાન) ઘણું રુદન કરે છે. આ[3] પણ બીજું મોહ ઉત્પન્ન કરનારૂં છે. પહેલાં (યશોદાને) કરેલો મોહ દૃઢ થાય તે માટે, બાલભાવ દૃઢ કરવા (ભગવાન) 'આંખો ચોળતા (હતા)' (આંખમાં) શોભામાટે અંજન તેણે (યશોદાએ) જ આંજેલું. અંજનના સાધનભૂત મેષવાળી[4] આંખો (ભગવાન ચોળતા હતા). ભગવદીયની ભક્તિરૂપ ક્રિયાથી જ નયન ઉજ્જવલ (ઉજળું)[5] થાય છે, તેથી (ભગવાન) વારાફરતી એક જ હસ્તથી 'આંખો ચોળતા હતા એમ જણાવવા, 'પોતાના હસ્તથી' શબ્દ યોજેલ છે. ત્યાં (આંખમાં) રહેલી (થતી) ચળનો પણ ભગવાને નાશ કર્યો, એમ 'ચોળતા' પદથી જણાવેલું છે. તેથી (ચળનો નાશ કરીને) મારવામાં સાધન થએલ રજોગુણને પણ ભગવાને શમાવી દીધો, તેથી જ[6] (ભગવાન ત્યાં) ઉભા રહેલા હોવા છતાં પણ પોતાની તેવી ચેષ્ટાથી રહેલા હોવાથી (તેમણે) તેને (યશોદાને) જોઈ નહિ; પરંતુ તે જ તેમને **'उद्वीक्ष्यमाणा'** એટલે ઉપરથી જોતી હતી, પણ તેમના ચરણો જોતી ન હતી. **જો તેમ (ચરણો જોતી) હોત તો (તેને) ભક્તિ[7] થાત.**

---

૧. **'તે'** એટલે 'મોહ ઉત્પન્ન કરે તેવી લીલા કરવી તે.' (**प्र**)

૨. આ કુંતીનું વચન છે. **મોહ** એટલે કુંતીનો મોહ. (**प्र**) ભગવાન કોઈવાર સત્પુરુષોને પણ મોહ કરે છે, એમ આ વાક્ય જણાવે છે. (**का**)

૩. **'આ'** એટલે 'રુદન' એવો અર્થ છે. 'तम्' શબ્દ મૂલશ્લોકમાં છે, તેથી સૂચવેલ પહેલાં(શ્લો.પમાં) કહેલ સ્મિત પહેલું મોહ ઉત્પન્ન કરનારૂં છે એવો ભાવ છે. (**ले**)

૪. 'अञ्जन्ती मषी ययोः' એવો સમાસ છે. 'अञ्जन्ती' વર્તમાનકૃદંત યોજેલું છે. કરણ કર્તા છે એમ જણાવવા તેમ કરેલ છે. (**ले**)

૫. 'ઉજળુ' એટલે ભગવાનના સ્વરૂપને ગ્રહણ કરવા (સ્વરૂપનું દર્શન કરવા) સમર્થ. (**प्र**)

૬. **'તેથી જ'** એટલે ચક્ષુઓ મારવાના સાધનભૂત રજોગુણવાળી હોવાથી, (તેમને) જોવાથી તેને (યશોદાને) અન્યથાભાવ થાય તેવા હેતુથી. (**ले**)

૭. 'ધૂલવાળાં થયેલાં અને શ્રમવાળાં ચરણારવિંદોનાં દર્શન થતાં સ્નેહને લીધે ભગવાનને ખોળામાં જ લેત' એવો ભાવ છે. (**ले**)

ભગવાન તો ચારેતરફ ઉભી રહેલી ગોપીઓને જોતા હતા. તેઓ પણ (પોતાના ઉપર) દોષનો આરોપ ન મૂકે તે માટે (ભગવાનને) ભય થતો હતો. અંદર રહેલો (હોવા) છતાં પણ આ ભાવ મોહ કરવા જ પ્રકટ કરેલો હતો. એવી રીતે ત્રણ[1] ધર્મો(ગુણો)થી મોહ પમાડેલી[2] તે (યશોદા) હવે પછીથી (ભવિષ્યની લીલામાં) (મોહમાંથી) ઉઠશે નહિ.[3] તેથી જ આ(યશોદા)ના સ્નેહની કોઈપણ કલાનું[4] નિરૂપણ કરેલું નથી. 'સાંભળીને આંસુ પાડ્યાં' ૧૦-૪૩-૨૮, એ તો ભગવાનના ગુણોનું જ માહાત્મ્ય (કહેલું) છે. 'જનનીએ આણેલું (સ્વાદિષ્ટ અન્ન) જમીને' ૧૦-૧૨-૪૬,'તેમની કથાના શ્રવણ માટે ઉત્સુક' ૧૦-૧૧-૩૪ વિગેરે સ્થલે તો રોહિણી (યશોદાની) સાથે હોવાથી તેનો ભાવ આ(યશોદા)માં પણ આવેલો કહેલો (જણાવેલો) છે, કારણ કે નંદજી જ[5] મુખ્ય (પ્રધાન) છે. આવી (યશોદા) ભગવાનનાં સર્વ અંગોનો સંબંધ તજી દઈ, હાથથી પકડી, ભયપમાડતી ધમકાવવા મંડી; એટલે જેમ પામર લોકો અનિષ્ટ આગૂરણ[6] કરે છે તેમ આગૂરણના સંકલ્પો કરવા મંડી. આથી તે અસત્ય બોલનારી પણ હતી એમ જણાવેલું છે. (૧૧)

'પછી તેણે શું કર્યું' એ જાણવાની ઇચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ–

**त्यक्त्वा यष्टिं सुतं भीतं विज्ञायार्भकवत्सला ॥**
**इयेष किल तं बद्धुं दाम्नाऽतद्वीर्यकोविदा ॥ १२ ॥**

**પુત્રને ભયપામેલા જાણીને પુત્રના (ઉપર) પ્રેમવાળીએ અને તેમના વીર્યને નહિ જાણનારીએ લાકડી તજી તેમને ખરેખર દામણાથી બાંધવાની ઇચ્છા કરી.૧૨.**

૧. (૧) રુદન, (૨) આંખો ચોળવી અને (૩) યશોદાને ન જોવી, એ **ત્રણ ધર્મોથી. (प्र)**

(૧) પહેલાં કહેલ સ્મિત, (૨) આ શ્લોકમાં કહેલ રુદન અને (૩) ભય, એ **ત્રણ ધર્મોથી.(ले)**

(૧) આ શ્લોકમાં 'અપરાધ કરેલ તે' શબ્દોથી જણાવેલ વ્યામોહ, (૨) રુદન અને (૩) આંખો ચોળવી, એ **ત્રણ ધર્મોથી.** આ શ્લોકમાં જ જણાવેલ ત્રણ વિશેષણોથી આ અર્થ લેખ પ્રમાણે જ છે. કારણ કે પહેલાં કરેલ મોહ અહિં 'અપરાધ કરેલ તે' શબ્દોથી સૂચવેલો છે.

૨. **'મોહ પમાડેલી'** એટલે "આ મારો પુત્ર જ છે એવા દૃઢ ભાવવાળી". **(प्र)**

૩. **'ઉઠશે નહિ'** એટલે 'આ ભગવાન છે' એવા ભાવવાળી થશે નહિ. અથવા ઉપર કહેલ ધર્મોથી મોહ પામેલી, ઘરના કામમાં આસક્તિવાળી, પહેલાંની પેઠે અત્યંત પુત્ર ઉપર સ્નેહ કરશે નહિ. **(प्र)**

પહેલાં જ્ઞાનપ્રકરણમાં સર્વાત્મભાવ સુધીનો સ્નેહ (યશોદામાં) ઉત્પન્ન કર્યો. પછી તેને મોહ કર્યો એટલે તેને સર્વાત્મભાવ થશે નહિ, પરંતુ રૂપપ્રકરણમાં સંપાદન કરેલ પોતાપણાના અધ્યાસવિનાના પુત્રપણાની ઉપાધિવાળા સ્નેહમાં જ પરિણમશે એવો અર્થ છે. **(ले)**

૪. ઉપાધિરહિત સ્નેહના કોઈપણ અંશનું હવે પછી નિરૂપણ નથી એવો અર્થ છે. **(ले)**

૫. કારણ કે પ્રમાણપ્રકરણની લીલામાં પુરુષોનો જ નિરોધ કરેલો છે. તેથી જ બ્રહ્મવૈવર્ત-પુરાણમાં નંદજી યશોદાને 'તેં આમ કરી બાલકનો અપરાધ કર્યો છે' એમ કહે છે, (યશોદા ઉપર) ક્રોધ કરે છે, અને ભગવાનને ખોળામાં બેસાડી આલિંગન કરે છે. **(प्र)**

૬. 'આગૂરણ' એટલે 'મારવાનો ઉદ્યોગ.' સાયણે તેવો આ શબ્દનો અર્થ કરેલ છે. **(प्र)** **'મારીશ'** એવા અનિષ્ટ વાક્યોનું આગૂરણ એટલે કથન. **(ले)**

'હાઉ આવ્યો' એમ ખોટી બીક ઉત્પન્ન કરવા બાલકોને લોકમાં કહેવામાં આવે છે તે 'આગૂરણ' જણાય છે, કારણ કે આગૂરણથી જ તે 'અસત્ય પણ બોલનારી હતી' એમ શ્રીસુબોધિનીમાં કહેલું છે.

('લાકડી તજીને' શબ્દથી) આણે (યશોદાએ) પહેલાં લાકડી આણેલી[1] એમ જણાય છે. તેથી તેનું મન દુષ્ટ (ભગવાનને મારવાની ઇચ્છાવાળું) હતું, અને તેણે મનનો (એ) સંકલ્પ તજી દીધો. તેથી મનનો દોષ જવાથી મટાડી શકાય તેવા ત્રણ દોષવાળી થઈ (રહી) એમ જણાવે છે. (૧) લાકડી તજીને, (૨) પુત્રને ભય પામેલા જાણીને એટલે ભગવાનના ધર્મોને[2] પણ જાણીને, (૩) પુત્રના ઉપર પ્રેમવાળી થઈ. છતાં તેના દોષ સંપૂર્ણ રીતે મટ્યા નહિ, એમ '(તેમને ખરેખર દામણાથી બાંધવાની) ઇચ્છા કરી' શબ્દથી કહે છે. (આ પ્રમાણે) નિરૂપણ કરનારને પણ દોષ થાય, તેથી શુક ભય પામીને 'ખરેખર' એમ કહે છે. (તેનો અર્થ એવો છે કે) આવી પ્રસિદ્ધિ છે (આ વાત પ્રસિદ્ધ છે). અમે (શુકે) તે સમયે (આ) જોએલ નથી, તેમજ કોઈવાર (તેવો મનમાં) વિચાર પણ કર્યો નથી. 'દામણાથી બાંધવાની ઇચ્છા કરી' શબ્દોથી અંતઃકરણ શરીર અને વિચારશક્તિના દોષો જણાવેલા છે.

'જે થઈ શકે નહિ તેવું કરવા કેમ પ્રવૃત્ત થઈ? લોકમાં જેઓ અનિષ્ટ કરવા (દુઃખ દેવા) પ્રવૃત્ત થાય છે તેઓ પણ જે થઈ શકે નહિ તેવું કરવા પ્રવૃત્ત થતા નથી' એવી શંકા થાય, તેથી 'તેમના વીર્યને નહિ જાણનારી' શબ્દ યોજેલ છે. તેમના એટલે ભગવાનના વીર્યને તે જાણતી નથી, તેથી (બાંધવા પ્રવૃત્ત થઈ). પૂતના, તૃણાવર્ત વિગેરેને (ભગવાને) મારી નાખ્યા તો પછી આ(યશોદા)ને મારવામાં શું શ્રમ (થવાનો હતો)[3]? એવા (ભગવાનના વીર્યને તે જાણતી ન હતી). (૧૨)

૧. પાછલ નવમા શ્લોકમાં 'યશોદાએ લાકડી લીધેલી' એમ કહ્યું છે. અહિં તે 'તજી દીધી' એમ કહે છે. તેથી લાકડી તે લાવેલી પણ ખરી એમ જણાય છે, એવો અર્થ છે. (લે)

૨. ભય વિગેરે ધર્મોને એવો અર્થ છે. શબ્દ પ્રમાણે જે અર્થ થાય છે તેનું જ આ વિવરણ છે. (લે)

૩. અહિં અપરાધને લીધે યશોદા મારવાયોગ્ય છે એમ કહેલું નથી, પણ ભગવાનના વીર્યનું માત્ર સ્વરૂપ જ જણાવેલું છે. 'પૂતના તૃણાવર્ત વિગેરેને માર્યા તો આને મારવામાં શું શ્રમ?' એ તો વીર્ય જાણનાર શુક વિગેરેનું જ્ઞાન જ જણાવેલું છે. યશોદા તો 'વીર્ય જાણતી ન હતી' એમ કહેલું છે, તેથી તેને આવું જ્ઞાન થયું ન હતું એમ કહેલું છે. જો યશોદા વીર્ય જાણતી હોત તો 'પૂતના વિગેરેને માર્યા તો મને પણ મારશે' એમ માની ભય પામત; અને એમ થાય તો ભગવાનની બાલલીલા જ થાય નહિ, કારણ કે ભયથી એ લીલામાં વિઘ્ન થાય. તેથી જ આવી ઐશ્વર્ય જણાવનારી (પૂતના વિગેરેને મારવાની) લીલા કરવા છતાં, ભગવાન પોતાના માહાત્મ્યનું જ્ઞાન માયા વિસ્તારીને થવા દેતા નથી. અહિં પણ ભગવાને જ તેને વીર્ય નહિ જાણનારી રાખેલી, અને તેને માહાત્મ્યનું જ્ઞાન થવા દીધું નહિ. જો માહાત્મ્યનું તેને જ્ઞાન હોત તો તે ભગવાનને બાંધત જ નહિ. જો તેને માહાત્મ્યનું જ્ઞાન હોત તો ભગવાનના વીર્યના જ્ઞાનને લીધે 'આમણે પૂતના વિગેરેને માર્યા તો મને મારે તેમાં શું શ્રમ?' એવો તેને ભય થાત. તેથી ભગવાને જ બાલલીલા કરવાની ઇચ્છાથી તેને વીર્ય નહિ જાણનારી રાખેલી હોવાથી 'તે વીર્યને જાણતી ન હતી' એ ભૂષણ છે પણ દૂષણ નથી એમ જાણવું.

અહિં શ્રીસુબોધિનીમાં 'જેમ પામરો અનિષ્ટનું આચરણ કરે છે (શ્લો.૧૧)' 'તેનું મન દુષ્ટ હતું' એમ કહેલું છે, અને આગલા (૧૩મા) શ્લોકના આભાસમાં 'શુક પણ તેને દોષ દેતા હોય તેમ' એમ કહેશે. એ બધું પુષ્ટિભક્તોને બોધ આપવા આધ્યાત્મિક પક્ષથી કહેલું છે એમ જાણવું. 'તેમના વીર્યને નહિ જાણનારી' કહી શુકે યશોદાની નિંદા કરી છે, તેથી ત્યાં એમ કહેલું છે. જો યશોદાની પણ ભગવાનમાં અન્યથાદૃષ્ટિ થવાથી આવો નિંદા થાય છે તો બીજાઓની તો તેથી પણ વધારે

શુક પણ તેને દોષ દેતા હોય તેમ (ભગવાનનું) બંધન નહિ થવાની વાસ્તવિક યુક્તિ નીચેના શ્લોકમાં જણાવે છેઃ-

**न चान्तर्न बहिर्यस्य न पूर्वं नापि चापरम् ॥**
**पूर्वापरं बहिश्चान्तर्जगतो यो जगच्च यः ॥ १३ ॥**

**જેમને અંદર (અંદરપણું) અને બહાર (બહારપણું), આગલ (આગલપણું) અને પાછલ (પાછલપણું) પણ નથી, જે જગતની આગલ (અને) પાછલ, બહાર અને અંદર (છે) અને જે જગત્ છે. ૧૩.**

(૧) ભગવાનના સ્વરૂપનો વિચાર કરવાથી અને (૨) બંધન(કરવા)ના સાધનના સ્વરૂપનો વિચાર કરવાથી એમ બંને રીતે, ભગવાનનો બંધ થઈ શકે નહિ એમ (સિદ્ધ) થાય છે. તે પૈકી આરંભમાં (ભગવાનના) સ્વરૂપનો વિચાર કરે છે. બંધનથી બે કાર્યો થાય છે, (૧) બહારથી રોકાણ અને (૨) અંદર દુઃખ. જેને અંદરપણું (કોઈની અંદર સમાવેશ થવાપણું) તથા બહારપણું (કોઈ પદાર્થની બહાર હોવાપણું) હોય તેને જ તે (અનુક્રમે બહારથી રોકાણ અને અંદર દુઃખ) થઈ શકે. ભગવાન તો પૂર્ણ છે અને સર્વ (પદાર્થ) વ્યાપીને રહેલા છે. તેથી ભગવાન કોઈથી (કોઈની) પણ અંદર સમાએલા હોતા નથી. વળી (ભગવાન) અવયવ વિનાના[1] હોવાથી તેમની હદ બાંધનાર[1] કોઈ હોતું નથી. 'च' 'અને' શબ્દથી એમ કહેલું છે કે 'અંદર' શબ્દથી આકાશનો વ્યવહાર થાય છે, તેથી તે શબ્દ

નિંદા થાય જ, એમ જણાવવા આવું વ્યાખ્યાન વિસ્તારથી કરેલું છે. આથી એવો ઉપદેશ આપેલો છે કે ભગવાનમાં અન્યથાદૃષ્ટિ ન કરવી, પણ તેમના માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સ્નેહથી તેમની સેવા જ કરવી.

ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનો વિચાર કરતાં, તે માહાત્મ્ય નહિ જાણનાર યશોદાની નિંદા કરેલી છે. સ્વરૂપનું જ્ઞાન તો મર્યાદામાં (જરૂરી) છે. યશોદાજી તો શુદ્ધપુષ્ટિમાર્ગમાં હોવાથી તેમણે ભગવાનને બાંધ્યા, તેથી તો તેમની ઉત્તમતા થએલી છે. તેથી જ તત્ત્વદીપનિબંધમાં **શ્રીકૃષ્ણને આધીન મર્યાદા છે, પોતાને** (ભક્તને) **આધીન પુષ્ટિ છે'** એમ પુષ્ટિભક્તિનું લક્ષણ કહેલું છે, અને (આ) દામોદરલીલાનું તેમાં દૃષ્ટાંત આપેલું છે. વેણુગીતમાં પણ (૧૦-૧૮-૯નાં) શ્રીસુબોધિનીમાં 'ભગવાન ગોપિકાને આધીન છે એમ સૂચવેલું છે' એમ કહી, આ લીલાથી યશોદાની ઉત્તમતા જ જણાવેલી છે. તેથી જ આગળ આ અધ્યાયના શ્લોક ૨૦માં શુકે પણ યશોદાનો મોટો મહિમા જણાવેલો છે, અને પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રશંસા કરેલી છે. તેથી આધ્યાત્મિક પક્ષ લેતાં યશોદાની નિંદા, પણ આધિદૈવિક પક્ષ લેતાં તેમની સ્તુતિ જ શુકે કરેલી છે; અને તેમનો તથા વ્યાખ્યાન કરનાર શ્રીમહાચાર્યચરણનો પણ એ જ આશય છે, એમ વિદ્વાનોએ જાણવું. આધ્યાત્મિક પક્ષમાં મર્યાદા પ્રમાણે વસ્તુનો વિચાર કરવામાં આવે છે, પરંતુ આધિદૈવિક પક્ષમાં લીલા પ્રધાન છે અને પુષ્ટિમાર્ગ પ્રમાણે વસ્તુનો વિચાર કરવામાં આવે છે. (यो)

૧...૧. 'આકાશ વ્યાપક છે, છતાં ઘટની અંદર રહેલ આકાશ 'ઘટાકાશ' કહેવાય છે. એમ કોઈ પદાર્થની અંદર વ્યાપક પદાર્થ પણ રહે છે' એવી શંકા થાય, તેથી આ કહે છે. બ્રહ્મસૂત્ર ૨-૩-૧થી શરૂ થતા અધિકરણમાં આકાશ પણ અવયવવાળું છે એમ દર્શાવેલ છે. તેથી ઘટ વિગેરેથી તેની હદ બંધાય છે. (ભગવાન તો અવયવ વિનાના છે). વળી જેના મત પ્રમાણે આકાશ અવયવ વિનાનું છે તેના મત પ્રમાણે પણ ઘટ વિગેરે પદાર્થો આકાશથી જૂદા હોવાથી, ઘટ વિગેરે તેની હદ બાંધે છે, (પરંતુ ભગવાનથી કોઈ પદાર્થ જૂદા પણ નથી. (प्र)

પણ ભગવાનમાં પ્રવર્તતો નથી.[૧] અંતર્યામી બ્રાહ્મણમાં[૨] ભગવાન સર્વની અંદર રહેલા છે એમ કહેલું છે, પણ કોઈ ઠેકાણે ભગવાનથી જૂદું (કાંઈ) હોવાનું કહેલું નથી. સર્વની અંદર રહેલા(ભગવાન)નો કોની અંદર સમાવેશ થાય? (બીજો પદાર્થ) આધાર[૩] હોવા છતાં પણ તેમનો તેની અંદર સમાવેશ થાય છે એમ માની શકાય નહિ, કારણ કે રૂપ[૩] વિગેરેમાં તેવું જોવામાં આવે છે. (રૂપ એટલે રંગ. આનો પોતાના આધાર ઘટ વિગેરે પદાર્થમાં સમાવેશ થતો નથી પરંતુ પોતાના આધાર ઘટ વિગેરેની બહાર પણ દેખાય છે), અને ફલની અંદર જેમ બીજ રહેલું છે તેમ ભગવાનનું સ્વરૂપ (કોઈ પદાર્થમાં) રહેલું નથી. તેમ હોય (ફલમાં બીજ રહેલું છે તેવી રીતે ભગવાન કોઈ પદાર્થમાં રહેલા હોય) તો અદૃશ્ય હોય. તેથી કોઈપણ અંશથી ભગવાન કોઈની અંદર રહેલા નથી.

(ભગવાન) બહાર પણ નથી,[૪] (ભગવાનમાં કોઈ પદાર્થની બહાર હોવાપણું પણ નથી) કારણ કે (તે) વ્યાપક (સર્વત્ર રહેલા) છે. બહાર રહેલું આકાશ જ (ભગવાનની) અંદર રહેલું છે અને આકાશની બહાર કાંઈ પણ છેજ નહિ. આથી એમ કહેલું છે કે (ભગવાનને) અંતઃકરણમાં ભેદ અથવા બહાર રોકનાર (કાંઈ) નથી.

વળી બંધન ચારે તરફ ફરીવળનારૂં હોય છે. દિશાઓથી વિભાગ થતા હોય તેને તે થઈ શકે. (૧) અવયવ વિનાના, (૨) જેમનું નિરૂપણ થઈ શકે નહિ તેવા, (૩) પોતાની મેળે પ્રકાશતા અને (૪) જ્ઞાતા (જાણનાર) અને જ્ઞેય(જે જાણવા યોગ્ય છે તે)ના ભાવનું તિરોધાન કરનાર (ઢાંકી દેનાર)[૫] (ભગવાન)નો કોઈપણ અંશથી પૂર્વનો ભાવ અથવા પશ્ચિમનો ભાવ સંભવતો નથી. આથી જ તેમને દક્ષિણના ભાવ અથવા ઉત્તરના ભાવ પણ હોતા નથી એમ જણાવેલું છે. (ભગવાન) સર્વ સ્થલે રહેલા[૬] હોવાથી પૂર્વમાં

૧. 'ત્યારે ભગવાન પોતે જ 'અંદર' શબ્દથી વાચ્ય હો' એવી શંકા થાય, તેથી આ કહેલ છે.(પ્ર)

'અંદરપણું' 'બહારપણું' વિગેરે વ્યવહાર આકાશને આધીન છે, તેથી 'અંદર' શબ્દથી આકાશનો વ્યવહાર થાય છે. તેથી તે 'અંદર' શબ્દ પણ ભગવાનમાં પ્રવર્તતો નથી એવો અર્થ છે. (લે)

૨. અંતર્યામી બ્રાહ્મણમાં કહેલું છે કે 'જે પૃથ્વીપર રહીને, જે પૃથ્વીની અંદર છે' વિગેરે. અહિં ભગવાન પૃથ્વીની અંદર રહેલા છે એમ કહેલું છે, તોપણ તે પૃથ્વીથી જૂદા છે એમ કહેલું નથી. તેથી ભગવાન પૃથ્વીની અંદર રહેલા હોવા છતાં પૃથ્વીને પોતાની અંદર સમાવે છે, અથવા પોતાની અંદર રાખે છે. તેવા ભગવાનનો કોની અંદર સમાવેશ થઈ શકે? કોઈની અંદર નહિ, એવો અર્થ છે. (પ્ર)

૩...૩. પૃથ્વીને અંતર્યામી બ્રાહ્મણમાં ભગવાનનો આધાર કહી, તેથી જેનો તે આધાર છે તેવા ભગવાન તેની અંદર સમાએલા છે એમ ન કહેવાય, કારણ કે રૂપ (રંગ) પોતાના આધાર ઘટમાં સમાએલું હોતું નથી. જેમ ફલની અંદર બીજ સમાએલું હોય છે તેમ રૂપ તેના આધાર ઘટમાં સમાએલ હોય, તો (ઘટના બહારના ભાગમાં રૂપ નહિ હોવાથી) ઘટ વિગેરે દેખાય જ નહિ. ભગવાન સદ્રૂપથી પૃથ્વીની બહાર પણ દેખાય છે. (પ્ર+લે)

૪. ભગવાનમાં કોઈની બહાર હોવાપણાંનો નિષેધ કરે છે. જે ભગવાન સર્વની અંદર રહેલા છે, સર્વનો પોતાની અંદર સમાવેશ કરે છે અને સર્વમાં અનુસ્યુત છે તે એવા કેમ હોય? અથવા 'જે એવી રીતે આ માત્ર અંગુઠા જેવડા હદવિનાના વૈશ્વાનરની ઉપાસના કરે છે' એમ જાબાલઉપનિષદમાં અંગુઠા જેવડા ભગવાનને વ્યાપક (હદવિનાના) કહેલા છે. તેથી ભગવાન વિરૂદ્ધ ધર્મોના આશ્રય છે, એમ તેમાં કહેલ હોવાથી પણ કાંઈ વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર)

૫. અહિં કહેલાં ચારે વિશેષણો પ્રત્યક્ષ ભગવાનનાં જ કહેલાં છે એમ જાણવું. (પ્ર)

૬. જે અમુક દેશમાં રહેલ હોય, તેની આગળ અથવા પાછલ કાંઈક હોય. ભગવાન તો સર્વરૂપ

તથા પશ્ચિમમાં પોતાને જ માને છે. તેથી સ્વરૂપથી થતા અથવા દિશાઓથી થતા 'અંદરપણું' વિગેરે ધર્મો ભગવાનમાં નથી, તેથી તેમનો બંધ થવાની સંભાવના (શક્યતા) નથી.

(બંધન કરવાના) સાધનના સ્વરૂપનો વિચાર કરતાં પણ (ભગવાનનું બંધન) થઈ શકતું નથી, એમ ઉત્તરાર્ધમાં કહે છે. દોરડું વિગેરે(બંધન કરવાનાં સાધનો)ના આગલા ભાગમાં તેમજ પાછલા ભાગમાં આ (ભગવાન) જ રહેલા છે. આ વિષયમાં યશોદા જ પ્રમાણ છે, કારણ કે તેણે ભગવાનમાં સર્વ (પદાર્થ માત્ર) જોએલ છે. ભગવાન વ્યાપક (સર્વ સ્થલે રહેલા) હોવાથી બધાય પદાર્થોની બહાર પણ છે, અને સર્વની અંદર રહેલા હોવાથી, (બધાય પદાર્થોની) અંદર પણ છે. '**च**' 'અને' શબ્દથી (બધાય પદાર્થોનું) સ્વરૂપ પણ (ભગવાન છે એમ જણાવેલું છે). વળી જે (ભગવાન) જગતના આટલા (આગળ, પાછલ, બહાર, અંદર અને સ્વરૂપ) છે; કારણ કે **जायते** જન્મે છે (ઉત્પન્ન થાય છે) અને **गच्छति** ચાલ્યું જાય છે તે [ **जगत् (ज+गत्)** ] જગત્. જો ભગવાન એટલા ન હોત તો જગત્ કેમ (ઉત્પન્ન) થાત? (ભગવાન જગતના) પૂર્વભાવમાં ન હોત (જગતના પહેલાં ન હોત), તો (જગત્) ન (ઉત્પન્ન) થાત.[1] જો (ભગવાન જગતના) પાછલા ભાવમાં ન હોત, (જગત પછી ન હોત) તો (જગત્) જાત (લય પામત) નહિ.[2] જો ભગવાન જગતની બહાર ન હોય, તો જગત જતાં (લય પામતાં) તે જાત. જો (ભગવાન) સર્વની અંદર રહેલા ન હોય, તો (જ ગત્) જગત એવા નામથી પ્રસિદ્ધ ન હોત અને સર્વના અનુભવથી સિદ્ધ ન હોત, કારણ કે (જગતની) અંદર રહેલા ભગવાનના ધર્મોથી જ[3] જગત ઇચ્છેલા (ઉપર જણાવેલા) ધર્મોવાળું છે; વળી જે (ભગવાન) જગત્ છે (તેથી ભગવાન બંધાઈ શકે નહિ), કારણ કે કોઈ પોતાની મેળે પોતાથી બંધાતું નથી; એમ હોય (પોતાની મેળે પોતાથી જ બંધાતું હોય), તો બંધન કરનાર (દામણાં) નકામાં થઈ જાય. વળી આ (ભગવાન ) જગન્મય[4] છે. બધુંય જગત્ વ્યાપીને રહેલા છે, આમની આજ્ઞાથી જ જગત્ કાર્ય કરે છે. તો પછી આ પોતાનું બંધન કરવા જગતને કેમ પ્રેરણા કરે? તેથી કોઈપણ પ્રકારથી ભગવાનનું બંધન થતું નથી. તેથી ભક્તો નિશ્ચિત છે. (૧૩)

હોવાથી ક્યાંય રહેતા નથી (સર્વત્ર રહેલા છે), તેથી તેમની આગળ અથવા પાછળ કાંઈ બીજું છે એમ કહી શકાય નહિ, એવો અર્થ છે. અથવા ભગવાન સ્વરૂપાત્મક (પોતારૂપ) પ્રદેશમાં સર્વત્ર પોતે જ રહેલા છે, તેથી પોતે જ પોતાની આગળ તથા પાછલ છે એમ માને છે. (**प्र**)

૧. જો જગત્ પ્રતિ ભગવાનનો પૂર્વભાવ ન હોત, તો ભગવાન જગતનું કારણ થાય નહિ અને તેથી જગતની ઉત્પત્તિ થાય નહિ, એવો અર્થ છે. (**ले**)

૨. ભગવાન જગતની પછી ન હોય તો જગત જાત નહિ. ક્યાં જાત? એવો અર્થ છે. આમ હોવાથી, 'ઉત્પન્ન થાય અને જાય' તે જગત્ એવી જગતની વ્યુત્પત્તિ હોવાથી, તેનામાં જગતપણું જ ન હોય, એવો ભાવાર્થ છે. (**ले**)

૩. 'અન્નમય વિગેરેમાં છેવટનો પુરુષરૂપ અન્વય છે' એમ શ્રુતિગીતામાં આ પ્રમાણે જણાવેલું છે (જૂઓ. ૧૦–૮૪–૧૭), આ ભગવદ્ધર્મો નિત્યપણું વિગેરે છે. (**प्र**)

૪. આ શ્લોકના છેલ્લા ચરણમાં 'जगच्च यः' સ્થલે જે 'च' કહેલો છે તે 'च' નો આ અર્થ કહેલો છે એમ જાણવું. (**टि**)

તેવા(ભગવાન)ને જે બીજા પ્રકારના (પ્રાકૃત) માને છે તેનો પ્રયાસ ફલરહિત થાય છે એમ, તે(યશોદા)ને દોષ દેતા હોય તેમ (શુકદેવ) તેનું (યશોદાનું) અજ્ઞાન નીચેના શ્લોકમાં કહે છે (જણાવે છે):–

**तं मत्वात्मजमव्यक्तं मर्त्यलिङ्गमधोक्षजम् ॥**
**गोपिकोलूखले दाम्ना बबन्ध प्राकृतं यथा ॥ १४ ॥**

**તે અવ્યક્ત (નહિ જણાતા), મર્ત્યના ચિહ્નવાળા, જ્ઞાનથી પર(જેમનું જ્ઞાન થઈ શકે નહિ તેવા) (ભગવાન)ને આત્મજ માની, પ્રાકૃતને જેમ (બાંધે) તેમ ગોપિકાએ દામણાંથી ખાંડણીઆ સાથે બાંધ્યા. ૧૪.**

તે પુરાણ પુરુષોત્તમને આત્મજ એટલે પોતાના શરીરમાંથી ઉત્પન્ન થએલા માની દામણાંથી બાંધ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. તેનો (યશોદાનો) દેહ તો પ્રાકૃત[1] હતો, તેથી તેમાંથી (તે પ્રાકૃત દેહમાંથી) ઉત્પન્ન થએલ સારી રીતે પ્રાકૃત હોય.

'કોઈવાર મોટાઓ પણ દેવો વિગેરે પણ પુત્ર (તરીકે) જન્મ લે છે. તેથી લોકમાં (કાર્ય એટલે પુત્ર) કારણ (માતા અથવા પિતાથી) જૂદું પણ હોવાનું દેખાય છે. (છતાં) તે (યશોદા) પુત્રને તેમ કેમ કરી (કેમ બાંધી) શકી ?' એવી શંકા થાય, તેથી 'અવ્યક્ત' પદ યોજેલું છે. કોઈપણ અંશથી વ્યક્ત (જણાએલ) નહિ (તે અવ્યક્ત). જે મોટા પુરુષો (પુત્ર) થાય છે તેઓ ભરત વિગેરેની પેઠે પોતાના ધર્મોને પ્રકટ કરે છે; પરંતુ ભગવાન તેમ (પોતાના ધર્મો પ્રકટ) કરતા નથી. તેથી તે ભગવાન પ્રાકૃત છે, એવી તેઓની (લોકોની) દૃઢ બુદ્ધિ હોય છે. મધ્યમ અવસ્થામાં રહેલા હોય તેવા (મોટા પુરુષો) જ તે પ્રમાણે (પોતાના ધર્મો) પ્રકટ કરે છે, પરંતુ ઊંચામાં ઊંચી સ્થિતિએ પહોંચેલા તેમ કરતા નથી.

વળી જો (ભગવાન) ગુપ્ત જ રહીને ચૂપ રહે તોપણ સંદેહ[2] થાય, અથવા બીજાના વચનથી (તેમનું) માહાત્મ્ય (લોકો) જાણે, પરંતુ ભગવાન તો ઊંધા ધર્મો જણાવે છે તેથી (લોકોને) કેમ જણાય? એમ 'મર્ત્યના ચિહ્નવાળા' શબ્દથી કહે છે. **मर्त्य** એટલે ઘણા જ પ્રાકૃતના **लिंग** ચિહ્નો છે જેમનામાં (તે **मर्त्यलिङ्ग**). તેવાં જ (ઘણાં જ પ્રાકૃતના જેવાં જ) સ્વરૂપ, ગુણો અને ચેષ્ટા (ભગવાન) દર્શાવે છે એવો અર્થ છે.

'તોપણ જેમ ઘણા ચકોર (પુરુષો) નટને ઓળખી કાઢે છે તે પ્રમાણે સર્વથી જૂદા પ્રકારના અનંત ગુણો હોવાને લીધે તથા આનંદમય હોવાને લીધે (તેવા ચકોર પુરુષોથી) ભગવાન કેમ ન ઓળખાય ?' એવી શંકા થાય તેથી **'अधोक्षज'** પદ યોજેલું છે. **अधः** હલકું છે **अक्षजं** જ્ઞાન જેમનાથી તેવા (ભગવાન **अधोक्षज** છે); કારણ કે ભગવાન અથવા તેમના ગુણો કોઈને પણ ચક્ષુથી જણાતા નથી. (ભગવાન) વિરૂદ્ધ ગુણો (મર્ત્યના ચિહ્નો) દર્શાવે છે, તેથી (તે પોતે અથવા તેમના ગુણો કોઈને જણાય

---

૧. (क) પ્રકૃત એટલે (જે વિષયની વાત કરવામાં આવે છે તે) ભગવત્સ્વરૂપ, તેનો સંબંધી (પ્રાકૃત) એટલે ભગવત્સ્વરૂપની સમાન એવો અર્થ જાણવો. અથવા (ख) આ અધ્યાયના ત્રીજા શ્લોકમાં જે અર્થ કહેલ છે તે પ્રમાણે માયાનો સંબંધ (યશોદાને) છે એમ કૃષ્ણોપનિષદમાં કહેલું હોવાથી, અને માયાના સંબંધવાળું તેનું કાર્ય પણ દેખાય છે તેથી, 'માયાથી ખરડાએલો' એવો અર્થ દેખાય છે તે લેવો.(प्र) બીજો (ख) અર્થ કહ્યો તે વધારે યોગ્ય જણાય છે.    ૨. 'આ ઈશ્વર હશે કે કેમ ?' એવો સંદેહ થાય. (प्र)

તેવી) તેમની ઇચ્છા[1] નથી, એમ જણાય છે. વળી આ યશોદા ગોપિકા એટલે ઘણી પ્રાકૃતરૂપવાળી[2] છે, તેથી (તે) અજ્ઞાની (ભગવાન અથવા તેમના ગુણોને) કેમ જાણે?

[3]ભગવાન ખાંડણીઆ ઉપર ચરણ ધરીને ખેલે છે, (અને ખાંડણીઓ) અગ્નિની નાભિ છે. તેથી ગોકુલમાં રહેલ ખાંડણીઓ પોતાનો આશ્રય[4] છે એમ જણાવવા, ભગવાને અહિં (ખાંડણીઆ સાથે) (પોતાનું) બંધન કરાવ્યું.[3] ગોપિકાની (યશોદાની) બુદ્ધિ તો (એવી હતી કે), બીજે ક્યાંય જાય નહિ (તે માટે બાંધું). દામણું પશુને (ગાયને) બાંધવાનું હોય છે.

'ખાંડણીઓ, દામણું, (યશોદાના) હાથના અધિષ્ઠાતા દેવ, એ બધા (ભગવાનને બાંધવામાં આવતા હતા ત્યારે) કેમ શાંત રહ્યા?' એવી શંકા થાય, તેથી 'પ્રાકૃતને જેમ (બાંધે)' શબ્દો યોજેલા છે. (તેઓ શાંત રહ્યા) કારણ કે તેમની પણ ભગવાને (આ પ્રાકૃત છે) એવી બુદ્ધિ કરેલી. (૧૪)

[5]આ દેહના આકારથી જે દેખાય છે તે જ સચ્ચિદાનંદરૂપ ભગવાન છે, અને ટૂંકામાં ગુણો કહેવા એ ન્યાય પ્રમાણે 'જેમને અંદર અને બહાર' વિગેરે (પાછલ તેરમા શ્લોકમાં કહેલા) ધર્મો પણ આમના જ છે એમ જણાવવા, (ભગવાનનું) બંધન થવાનો પણ ઉપાય કહેતાં, ભગવાન અડધા બંધાયા એમ નીચેના શ્લોકમાં કહે છે[5]:-

**तद् दाम बध्यमानस्य स्वार्भकस्य कृतागसः ॥**

**द्व्यंगुलोनमभूत् तेन सन्दधेऽन्यच्च गोपिका ॥ १५ ॥**

**પોતાના અપરાધ કરેલ પુત્રને બાંધતાં તે દામણું બે આંગળ ઘટ્યું, અને ગોપિકાએ તે(દામણાં)ની સાથે બીજું સાંધ્યું. ૧૫.**

[6]ભગવાને પોતામાં બે દોષો દર્શાવ્યા. (૧) તેના (યશોદાના) પુત્ર હોવાપણું અને (૨) (તેનો) અપરાધ. તે સમયે દોરડું (પોતાની) અંદર અને બહાર રહેલા ભગવાનને તિરોહિત (થએલા) માની, પોતે બહાર રહી, અંદર રહેલા ભગવાનની આસપાસ વીંટાવા

---

૧. ઇચ્છા એટલે માહાત્મ્ય જણાવવાની ઇચ્છા. (પ્ર)

૨. 'ઘણી પ્રાકૃતરૂપવાળી' એટલે 'વિચાર વિનાની'. (લે)

૩...૩. ખાંડણીઆ સાથે બંધન કરાવવાનું પ્રયોજન અહિં કહેલું છે. આડા પડેલા ખાંડણીઆને ચરણથી ચલાવી ભગવાન ખેલતા હતા. આ ખાંડણીઓ પહેલાં (શ્લો.૮માં) કહેલ ખાંડણીઆથી જૂદો હતો. નોટ ૧માં પરોક્ષવાદ (ગૂઢ અર્થ) ભગવાનની ઇચ્છા જણાવવા કહેલો છે. (પ્ર)

૪. (ભગવાને ખાંડણીઆ ઉપર ચરણ રાખેલ, તેથી) તે ચરણનો આશ્રય હતો. તે (અગ્નિની નાભિ હોવાથી) અગ્નિરૂપ હોવાથી મુખનો પણ આશ્રય હતો. તેથી સર્વ દેહનો આશ્રય હોવાથી, તેની સાથે ભગવાને બંધન કરાવ્યું, એવો અર્થ છે. (લે)

૫...૫. 'આવા જેમના ધર્મો હોય તેમનું બંધન થઈ શકે જ નહિ અને આ ભગવાન તો બંધાયા તેથી આ ધર્મો તેમના નહિ હોય' એવી શંકા થાય, તેથી આ આભાસ કહેલ છે. એટલે બંધનનો ઉપાય જણાવીને, આ બધા ધર્મોવાળા આ ભગવાન જ છે એમ શુક સ્પષ્ટ કરે છે. (પ્ર)

૬. અહિં એમ જણાય છે કે બહાર પ્રકટ હતા તે જ પ્રભુનો (યશોદા) પુત્ર તરીકે વ્યવહાર કરતી હતી, એટલે તેને પોતાની અંદર રહેલા પ્રભુનું જ્ઞાન ન હતું (પોતાની અંદર પણ પ્રભુ છે એવું જ્ઞાન ન હતું). વળી તેમના ઉપર તેણે દોષ મૂકેલ, તેથી બહાર તેમનો અનુભવ થતો હતો તે પણ અનુભવ ન થતો હોય તેવો થયેલ, કારણ કે તેની દૃષ્ટિ દોષ માનવાથી પરાભવ પામેલી હતી. 'અંદર રહેલા અને બહાર રહેલા ભગવાનને તિરોહિત માની' શબ્દોથી આ જ અર્થ કહેલો છે. શ્લોકમાં (દામણાંનાં)

મંડયું. જો[1] તેમ ન હોત તો બહાર પણ દોરડું હોત નહિ અને તે આસપાસ વીંટાતું પણ ન હોત. આમ હોવા છતાં (દોરડું બહાર હતું અને આસપાસ વીંટાતું હતું છતાં) તે (ભગવાનની) ચારે તરફ વીંટાઈ શકયું નહિ, કારણ કે (તેના) આગલના[2] અને પાછલના[2] ભાગમાં ભગવાન જ હતા.[3] તેથી તે (દોરડું) બે આંગળ ઘટયું.[3] લોકના

---

બે વિશેષણો છે, તેમનાં તાત્પર્યરૂપ લીલાના પદાર્થોનાં સચ્ચિદાનંદરૂપપણાના અભિપ્રાયથી દોરડાંને પણ (અંદર રહેલા અને બહાર રહેલા ભગવાન તિરોહિત છે એવું) જ્ઞાન અને કરણ (ભગવાનની આસપાસ વીંટાવાની ક્રિયા) છે, એવું નિરૂપણ કરેલું છે. (**टि+प्र**)

૧. 'જ્ઞાનથી વસ્તુનો અન્યથાભાવ થતો નથી, (ભગવાન તિરોહિત થયા છે એવા જ્ઞાનથી ભગવાન ત્યાં રહેલા ન હોય એમ બને નહિ) અને દામણાંને તેવું જ્ઞાન હોય તોપણ તેથી તે ભગવાનની આસપાસ વીંટાઈ ન જ શકે' એવી શંકા થાય, તો જાણવું કે અહિં ભગવાન ભક્તના પ્રધાનપણાથી લીલા કરે છે. તેથી જેમ મર્યાદામાર્ગમાં ભક્ત ભગવાનનો અપરાધ કરે તો તેને ભગવાનના અધિકારી કાલ વિગેરે દંડે છે, તેમ **પુષ્ટિમાર્ગમાં એવો નિયમ છે કે ભક્તનો અપરાધ થાય ત્યારે જેમ તે (ભક્ત) ઇચ્છે છે તેમજ પ્રભુ સ્વીકારે** છે. અહિં ભજનમાં વિરોધ થાય તેવો ભાવ ઉત્પન્ન કરવો, એ જ (યશોદાનો) અપરાધ છે. આમ હોવાથી તેણે ભગવાનનો પુત્ર તરીકે અંગીકાર કર્યો, એટલે ભગવાને પુત્રધર્મનો પણ અંગીકાર કર્યો. તેથી માતાને વશ રહેવાનું પણ સ્વીકાર્યું; એટલે માતા જેમની માલિક છે તેવાં દામણાંઓને પણ પોતે એવું (પોતાની આસપાસ વીંટાય એવું) સામર્થ્ય આપ્યું. તેથી એ પ્રમાણે વીંટાઈ શકયાં. 'જો તેમ ન હોત તો બહાર પણ દોરડું હોત નહિ અને તે આસપાસ વીંટાતું પણ ન હોત' શબ્દોથી આ જ કહેલ છે.(**टि**)

૨. ૨. એ જ દોષો દર્શાવેલ હોવાથી, અંદરનો ભાવ અને બહારનો ભાવ જ જણાયો, પરંતુ **આગલનો** અને **પાછલનો** ભાવ જણાયો નહિ એવો ભાવ છે. (**ले**)

૩. ૩. 'દોરડાંથી બંધાવું' એ દંડ સહન કરવાનું છે. અહિં તેમ થવામાં બે અડચણો છે. (૧) ભગવાનનું કુદરતી ઈશ્વરપણું અને (૨) દાસનું કુદરતી દાસપણું; કારણ કે પ્રભુનું દાસથી બંધન ન થાય. જોકે માતાની સત્તા સ્વીકારી છે અને તેથી સર્વ રીતે માતા સત્તા ચલાવી શકે તોપણ જેમ ભગવદ્ધર્મથી એ સત્તાનો સ્વીકાર કર્યો તે બલવાન છે, તેમ જ ઐશ્વર્ય પણ બલવાલું છે, અને તેને કોઈએ રોકેલ નહિ હોવાથી તે માતાની સત્તા પૂરેપૂરી ચાલતી નથી. જ્યારે ભગવાને માતાની સત્તા પૂરેપૂરી સ્વીકારી ત્યારે બંધન થયું; કારણ કે **ભક્તોમાં પ્રભુને વશ રાખવાનો ધર્મ પણ નિત્ય છે.** તેથી ભગવાને (માતાની સત્તા ઐશ્વર્યને લીધે પૂરી સ્વીકારી નહિ હોવાથી) દોરડું બે આંગળ ઘટયું. તેથી જ સર્વને ઉપયોગી એવા (આંગળના) માપથી દોરડું કેટલું ઘટયું તે જણાવેલ છે. ભગવાન ઈશ્વર હોવાથી અન્યથા કરવાને પણ સમર્થ હોવાથી તે જ દોરડાંથી બંધાયા, એમ આગળ 'કૃપાથી પોતે બંધાયા' એમ (શ્લોક ૧૮માં) કહેવામાં આવશે. કૃપા ઈશ્વરનો ધર્મ હોવાથી, ભગવાન પોતાના ઐશ્વર્યથી જ બંધાયા એમ જણાય છે. બીજી રીતે આ કાર્ય (ભગવાનનું બંધન) ન થાય, કારણ કે **ઈશ્વર વિના બીજો કોઈ પોતે સ્વતંત્ર નહિ હોવાથી પોતાના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરવા તથા જીવના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરાવવા શક્તિમાન નથી.** જેમ 'જગતના કર્તા હોવાપણું' પણ ઈશ્વરનો ધર્મ છે છતાં તેમાં સ્વરૂપનું અતિક્રમણ થતું નથી, તેમ **ભક્તો પણ ભગવાનને વશ રાખે, એ એમનું મોટા પૌરુષ-(પુરુષાતન)નું કાર્ય** છે એમ જણાવેલું છે.

અથવા બંધન (बध्यमानस्य) અને તેનું બે આંગળ ઘટવું (द्व्यंगुलोनम्) એ બે વચ્ચે બે વિશેષણો (૧. **स्वार्भकस्य**, ૨. **कृतागसः**) કહેલાં છે, તે બંનેમાં (બંધન થવામાં અને ઘટવામાં) કારણરૂપ છે, એવો અભિપ્રાય જણાય છે. બંધન થવામાં કેવી રીતે કારણભૂત છે એ કહ્યું (ઉપર નોટ ૧ જૂઓ). બે આંગળ દામણાં કેમ ઘટયાં તેનું પણ કારણ આ વિશેષણોથી જણાવેલ છે. વિશેષણો જ્ઞાનનો પ્રકાર

પરિમાણ(માપ)માં પ્રથમ પરિમાણ આંગળનું છે. તેમાં પ્રથમ(માપ)નું ઉલ્લંઘન કરવાનું કારણ નહિ હોવાથી, અને થોડો ફેર હોવા છતાં મોટાં(દોરડાં)ને જોડવામાં આવે તેથી

---

જણાવે છે. ભગવાન તો (૧) ઉપાધિ વગરના સ્નેહથી (૨) તેમને માથે દોષ નહિ ચડાવવાથી વશ થાય છે. યશોદાનો પુત્ર તરીકે સ્નેહ હતો તે ઉપાધિવાળો હતો અને તેણે ભગવાન ઉપર દોષ મૂકેલો. તેથી ભગવાનને વશ કરવામાં આ બે (स्वार्भकस्यથી સૂચવાએલ પુત્ર તરીકેનો ઉપાધિવાળો સ્નેહ અને कृतागसः થી સૂચવાએલ દોષનો આરોપ) અડચણ કરનાર હતાં, એમ જણાવવા 'બે આંગળ ઘટયું' એમ કહેલ છે. તેથી જ 'स्वार्भकस्य' '**પોતાના** પુત્રના' એમ 'स्व' 'પોતાના' પદ યોજેલું છે.

અથવા 'स्वार्भकस्य कृतागसः' એ માતા(યશોદા)નું વિશેષણ છે, ('જેણે પોતાના પુત્રનો અપરાધ કર્યો હતો' એવો અર્થ થાય). ધવરાવતાં ભગવાનને તૃપ્તિ થયા પહેલાં તેમને તજી દીધા (શ્લો. ૫), આગૂરણ (શ્લો.૧૧) અને બાંધવાનો ઉદ્યમ (શ્લો.૧૨) કર્યો, એ યશોદાએ ભગવાનના અપરાધો કરેલા. એક તો બાલક અને તેમાં પણ પોતાનું, તેવાના અપરાધ કરવા યોગ્ય નથી એમ જણાવેલ છે. તે આવી અપરાધી હોવાથી તેનું દામણું એ પ્રમાણે ઘટયું એમ જણાવેલ છે. તેણે બહારના(આગૂરણ, બાંધવાનો ઉદ્યમ) અને અંદરના (અતૃપ્તનો ત્યાગ) અપરાધો કરેલા હોવાથી, તેનું (તેનાં સંબંધવાળું) દોરડું બે આંગળ ઘટયું. એવો ભાવ છે. દામણામાં શક્તિ હતી, છતાં ભગવાને પોતાની ઇચ્છાથી બંધનમાં ઘટાડયું. આમ હોવાથી વસ્તુના સામર્થ્યને લીધે (અપરાધી યશોદાનું દામણું હોવાથી તેના સ્વભાવથી) તે ઘટયું એમ જણાવેલ છે.

'આગલના અને પાછલના ભાગમાં ભગવાન જ હતા' એમ કહેવાનો ભાવ નીચે પ્રમાણે છે. 'આ પ્રમાણે (ભક્તને વશ હોવાપણું) દર્શાવ્યું' (શ્લોક ૧૯), એ વાક્યથી એમ જણાય છે કે ભગવાન ભક્તને વશ છે એમ જણાવવા, તેમણે આ લીલા કરેલી છે. ભક્ત ભગવાનને અન્ન, વસ્ત્ર, ભૂષણ વિગેરે ધરે છે, તેનો ભગવાન ભક્તની ઇચ્છાથી જ અંગીકાર કરે છે, તેથી તે પણ ભગવાન ભક્તને વશ હોવાથી થાય છે. તોપણ લોકમાં એ અન્ન વસ્ત્ર વિગેરે ઇચ્છેલાં (પ્રિય) હોવાથી, તેમનો અંગીકાર કરવાથી 'ભગવાન ભક્તને વશ છે' એવો બોધ થતો નથી. બંધન તો દુઃખ ઉત્પન્ન કરનારું હોઈ લોકમાં અનિષ્ટ (અપ્રિય) છે, તેથી તેનો (ભક્તની ઇચ્છાથી) અંગીકાર કરવાથી, ભગવાન ભક્તને વશ છે એમ સારી રીતે જણાય. તેથી આ પ્રકારથી ભગવાને એ દર્શાવ્યું, એમ (શ્લોક ૧૯માં) કહેલ છે. તેથી જ 'અમુક કાર્ય નહિ કરવાથી' ભગવાન ભક્તને વશ છે એમ દેખાડી શકાય નહિ, પરંતુ આવું કાર્ય કરવાથી જ તે દેખાડી શકાય. તેથી જ શ્લોક ૧૯માં 'આ પ્રમાણે દર્શાવ્યું' એમ કહેલ છે. વળી ઈશ્વરને દુઃખ (થતું) નહિ હોવાથી, એ પ્રમાણે ભક્તની ઇચ્છા પૂર્ણ કરવામાં તેમને કાંઈ વિશેષ નથી, છતાં માતા સિવાયના ભક્તોને આ બંધનનું શ્રવણ કરવાથી પણ દુઃખ થાય, તેથી **ભક્તને દુઃખ થાય તેમ કરવું એ ભક્તિમાર્ગથી વિરૂદ્ધ હોવાથી પુરૂષોત્તમે કોઈ પણ સંજોગોમાં તેમ કરવું એ યોગ્ય નથી. છતાં તેવું કાર્ય પણ ભગવાન કરે તેથી તે પોતે ભક્તને વશ છે, એ બહુ સારી રીતે જણાય.** આમ હોવાથી (ભગવાનનું) ઉદર વ્યાપક (સર્વ સ્થલોએ રહેલું) હોવાથી, હરકોઈ સ્થલે દામણું રહે તેમ ભગવાનની પીઠના ભાગમાં અથવા બાજુએ તે રહે તેમાં કાંઈ વિરોધ નથી, પરંતુ ભગવાન દામણાંથી બંધાય એમાં વિરોધ આવે છે. દામણાંનો પહેલો અને બીજો છેડો મળે ત્યારે જ બંધ થાય. જેમ પીઠના ભાગમાં અથવા બાજુએ દામણું રહે તેમ ઉદરપર પણ રહી શકે, અને જેમ પીઠના ભાગે અથવા બાજુએ તેના બે છેડાઓ મળે તેમ ઉદર ઉપર પણ મળી શકે, પરંતુ અહિં ઉદર ઉપર ભગવાનનું સ્વરૂપ પ્રકટ હોવાથી, તે સ્વરૂપના વ્યાપકપણું વિગેરે ધર્મો પણ પ્રકટ હોવાથી અને પોતાના કાર્યમાં તત્પર હોવાથી, ત્યાં દામણાંના બે છેડાઓ મળે તેવું સંભવતું નથી. ભગવાન જેમ પોતે બંધાયા તેમ પોતે જ (વ્યાપકપણું તજી) હદ્દવાળા થાય, પરંતુ એમ કરવાથી પોતે ભક્તને વશ છે એમ દર્શાવાય નહિ, અને તેમનાં સ્વરૂપનું જ્ઞાન નહિ થવાથી તે

આશ્ચર્ય પણ થાય તે માટે, તે બે જ આંગળ ઘટ્યું. દોરડાના આરંભથી તે અંતસુધીમાં જે ભગવાન હતા તેમની જ આસપાસ તે વીંટાયું, પરંતુ (ભગવાન) તેથી કોઈપણ ધર્મથી[1] ભિન્ન થયા ન હતા એમ જણાવવા, એ પ્રમાણે કહેલું છે.

(ભગવાનનાં) દર્શન થાય તે માટે જ (તેમના) વ્યાપકપણાનો તિરોભાવ થએલો હતો.[2] તેથી દોરડું મોટું હોવા છતાં (ભગવાનનું) ઉદર મોટું (દેખાતું) ન હતું, કારણ કે પ્રતિબિંબ[3] વિગેરેમાં તેમજ દેખાય છે. તેથી ભેદનું જ્ઞાન નહિ હોવાથી[4] તે (દામણાં) સાથે બીજું પણ તેટલાં જ પ્રમાણ(લંબાઈ)નું દામણું (યશોદાએ) સાંધ્યું. 'च' 'અને' શબ્દથી (જણાય છે કે તેથી) જૂદા પ્રકારનું પણ (સાંધ્યું) (અને) તેનાથી વધારે મોટું પણ સાંધ્યું.

'બે આંગળ ઘટ્યું હતું છતાં એટલું મોટું કેમ સાંધ્યું?' એવી શંકા થાય, તેથી 'ગોપિકા' શબ્દ યોજેલો છે. (એ એમ દર્શાવે છે કે) તેનું મૂઢપણું હજી ચાલુ છે. (૧૫).

'પછી શું થયું?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ-

**यदासीत् तदपि न्यूनं तेनान्यदपि सन्दधे ॥**
**तदपि द्व्यंगुलं न्यूनं यद्यदादत्त बन्धनम् ॥ १६ ॥**

પોતે લોકના જેવા જ જણાય. તેથી ઉદરને લીધે જ દામણાના બે છેડાઓ મળતા નથી, એટલે દામણું ઘટવું જ જોઈએ. તેથી '(૧) લોકના પારમાણમાં પ્રથમ પરિમાણ આંગળનું છે, તેમાં પ્રથમનું ઉલ્લંઘન કરવાનું કારણ નહિ હોવાથી અને (૨) થોડો ફેર હોવા છતાં મોટાને જોડવામાં આવે તેથી આશ્ચર્ય પણ થાય તે માટે' તે બે આંગળ ઘટ્યું. આગલ 'શ્રીકૃષ્ણ પોતે કૃપાથી બંધાયા' એમ (શ્લોક ૧૯માં) કહેલું છે. તેથી એમ કહેલ છે કે ભગવાન પોતે પોતાના સ્વરૂપની મર્યાદાનું અતિક્રમણ કરી બંધાયા. 'સર્વ બાજુએ પાણિ (હસ્ત) અને ચરણ(પાદ)ના અંતવાળું' બ્રહ્મને જણાવેલ છે, ત્યાં પણ હસ્ત અને ચરણના સ્વાભાવિક ધર્મરૂપ વસ્ત્રો તથા ભૂષણો વાળાં જ હસ્ત અને ચરણ હદ વિનાના છે એમ કહેલું છે, તેથી વસ્ત્રો અને ભૂષણોથી તેમની હદ બંધાય છે (તેમનો અંત જણાય છે), એવી શંકા કરવી નહિ. (**टि+प्र**)

૧. '**કોઈ પણ ધર્મથી**' એટલે વ્યાપકપણાથી ભિન્ન (જૂદા અથવા વિરૂદ્ધ) મનુષ્યના **ધર્મથી.** (**टि**)

૨. (ભગવાનનું) સ્વાભાવિક વ્યાપકપણું જ હદ વિનાનું હોવાથી બનાવટી વ્યાપકપણું કરવાનું કાંઈ પ્રયોજન નથી, અને તેમ કરવું યોગ્ય પણ નથી એવો ભાવ છે. (**टि**)

૩. નાના કદનું દેખાતું હોય તે જ મોટા કદવાળું હોય અને તેની હદ બાંધનાર મોટું હોવા છતાં (ગમે ત્યાંથી જોવામાં આવે તોપણ) તે સરખા કદવાળું જ દેખાય એવું ચંદ્ર અને તેના પ્રતિબિંબમાં જોવામાં આવે છે, તેથી તેનું દૃષ્ટાંત અહિં આપે છે. ચંદ્રનું મંડલ બાર હજાર યોજનનું હોવા છતાં અહિંથી તે જેટલું મોટું દેખાય છે તેટલું જ (તેનું પ્રતિબિંબ) પાણીની ડોલમાં અથવા સરોવરમાં અથવા નદીમાં પણ દેખાય છે. તેમજ અહિં પણ (ભગવાનનું ઉદર સર્વત્ર હોવા છતાં અને દામણાંઓ સાંધવાથી પણ બંધાઈ શકાતું નહિ હોવા છતાં, તે જેટલું બાંધવા માંડ્યા પહેલાં દેખાતું હતું તેટલું જ દોરડાંઓ ટૂંકાં પડ્યાં ત્યારે પણ દેખાતું હતું.) એવો અર્થ છે. (**टि**)

૪. જો ભગવાનનું ઉદર દોરડાંઓ સંધાતાં જતાં મોટું દેખાતું જાય તો પહેલાં હતું તેથી તે જૂદું (મોટું) થતું જાય છે એવું જ્ઞાન થતાં, તેનું બંધન થઈ શકશે નાહ. એમ જાણી, બીજાં દોરડાંઓ સાંધવાનું પડતું મૂકે એમ પણ સંભવે. 'ભેદનું જ્ઞાન નહિ હોવાથી' શબ્દથી આ જ અર્થ કહેલ છે.

અથવા દોરડાંથી ભગવાનને યશોદા બાંધતાં હતાં તે સમયે (ઘરમાં) નજીક રહેલ મણિના સ્તંભ વિગેરેમાં ભગવાનનું પ્રતિબિંબ દેખાતું હતું તેમાં, અને 'आदि' વિગેરે શબ્દ યોજેલ છે તેથી તેમની છાયા પડતી હતી તેમાં, ભગવાનનું (ભગવાનના ઉદરનું) કદ પહેલાંના જેવું જ દેખાતું હતું. તેથી (દોરડાં સાંધવા માંડ્યાં) એવો અર્થ છે. (**टि**)

**(એ પ્રમાણે સાંધવાથી) જે થયું તે પણ ઘટયું. (તેથી) તેની સાથે બીજું (ત્રીજું) પણ સાંધ્યું. તે પણ બે આંગળ ઘટયું. જે જે દામણું લીધું તે બે આંગળ ઘટયું. ૧૬.**

એ(દામણાં)નો સંબંધ થતાં વળી તે એક જ દોરડું થયું (બે સાંધવાથી એક મોટું બમણું લાંબું થયું), એમ 'જે થયું' શબ્દોથી કહેલ છે. બે(દામણાં)નો સંબંધ થતાં (સંધાતાં) જે એક થયું' એવો અર્થ છે. તે પણ પહેલાં કહેલા ન્યાય પ્રમાણે જ બે આંગળ ઘટયું. એટલે તે બેને સાંધીને કરેલ લાંબાં દોરડાં સાથે વળી બીજું એટલે ત્રીજું દોરડું સાંધ્યું. તે (ત્રણ દામણાં સાંધી કરેલ દોરડું) પણ બે જ આંગળ ઘટયું. 'દેવો ત્રિસત્ય છે'[1] તેથી જગતના આરંભમાં અને અંતમાં ભગવાનની સ્થિતિ છે[2] એમ ત્રણવાર દર્શાવ્યું. મનુષ્ય સ્વભાવ પ્રમાણે તેણે ત્યાર પછી પણ ઘણીવાર (એમ) કર્યું (દામણાં સાંધ્યાં), એમ 'જે જે દામણું લીધું' શબ્દોથી કહેલ છે. જે જે દામણું સાંધવા માટે લીધું તે તે દામણું (તે સંધાઈ થએલ દામણું) જ બે આંગળ ઘટયું. આંગણાંની અંદર તે પ્રમાણે કરવાથી બધીય ગોપીઓ જોવા આવી. હજી સુધી (તે વખત સુધી) (તે ગોપીઓનો) એવો નિરોધ થએલ ન હતો, તેથી તે સમયે તેમને સ્મય થયો એટલે તેઓ ગર્વવાળી થઈ અથવા હસતા મુખવાળી થઈ. પોતે પણ ભુજાથી (ભગવાનનું) બંધન વિગેરે કરશે એમ વિચારતી બહુ ગર્વિષ્ટ થઈ. (૧૬)

ઘરમાં રહેલાં સર્વ દામણાંઓ વાપરવા (સાંધવા) છતાં પણ (ભગવાનનું) બંધન થયું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**एवं स्वगेहदामानि यशोदा सन्दधत्यपि ॥**
**गोपीनां सुस्मयन्तीनां स्मयन्ती विस्मिताभवत्॥ १७ ॥**

**એ પ્રમાણે પોતાના ઘરનાં દામણાંઓ યશોદાએ સાંધવા છતાં (તે બે આંગળ ઘટયાં ત્યારે) ઘણું હસતી ગોપીઓની મધ્યે યશોદા હસી અને વિસ્મય પામી. ૧૭.**

પહેલાં કહ્યું તે ન્યાય પ્રમાણે (સાંધેલું દોરડું બે આંગળ ઘટતાં નવું સાંધતાં (યશોદાએ) બધાંય દામણાંઓ સાંધ્યાં, કારણ કે તે યશોદા એટલે **यशः** યશ **ददाति** આપનારી[3] અથવા **यशः** યશનો **द्यति** નાશ કરનારી[4] હતી. સાંધતાં છતાં પણ બે આંગળ ઓછાં થવાથી (તે) વિસ્મય પામી, એવો (વાકયનો) સંબંધ છે. યશોદાના ઘરમાં જ ભગવાને (૧) પુત્રપણું અને (૨) અપરાધ દર્શાવેલા. તેથી તેના ઘરનાં દામણાંઓમાંથી જ અંદરથી અને બહારથી ભગવાનનો તિરોભાવ થવાથી, તેઓ જ (યશોદાના ઘરનાં દામણાંઓ જ) સંધાયાં, પરંતુ બીજા ઘરમાં રહેલ દામણાંઓ સંધાયાં નહિ. બીજી(ગોપી)ઓમાં અંદરથી અથવા બહારથી ભગવાનનો તિરોભાવ થએલ નહિ હોવાથી, તેઓની તો તે માટે (ભગવાનને બાંધવા, અથવા તે માટે દામણાં સાંધવા) પ્રવૃત્તિ જ થઈ ન હતી.

---

૧. આ શ્રુતિ છે એમ જાણવું. (**प्र**) ૨. પુષ્ટિ પ્રવાહ અને મર્યાદાના ભેદથી ત્રણે પ્રકારના જગતમાં ભગવાન પોતાનું પ્રાકટય કરે છે, તોપણ બંધાતા નથી એમ સૂચવેલ છે. (**प्र**)

૩. 'યશ આપનારી' એટલે 'ભગવાનને યશ આપનારી'. (**प्र**)

૪. 'યશનો નાશ કરનારી' એટલે 'પોતાના યશનો નાશ કરનારી.' (**प्र**)

[૧]દોરડાંઓ લાવવાનું કાર્ય પણ યશોદાએ જ કરેલું, કારણ કે તેવી(ભગવાનનું બંધન કરનારી)ને બીજું કોઈ સહાય કરે નહિ. પહેલાં તો બે વાર થઈને ત્રણ દામણાં સાંધ્યાં (બે વાર સાંધ્યાં એટલે ત્રણ દામણાં સંધાયાં), ત્યારે (યશોદાનો ક્રોધ જતાં તે હસી. ત્યાર પછી પણ ઘણી વાર (દામણાં) સાંધ્યાં ત્યારે વિસ્મિત થઈ એટલે આશ્ચર્ય પામી. પછી દોરડાં શોધવા માટે આગ્રહપૂર્વક પ્રયત્ન કરવા મંડી. પછી (બંધન કરવાનું સામર્થ્ય નહિ હોવાથી ગોપીઓની સમક્ષ ઘણી લજ્જા પામી, માનભંગ થએલી અને સંકલ્પ પાર નહિ પડવાથી મરેલા જેવી થઈ.[૧] (૧૭)

તે સમયે તેવા દુષ્ટો[૨] તરફ પણ પરમકૃપાલુ ભગવાને સત્પુરુષોની બુદ્ધિ પ્રમાણે અયોગ્ય[૩] (પોતાનું બંધન) પણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

**स्वमातुः स्विन्नगात्राया विस्रस्तकबरस्रजः ॥**

**दृष्ट्वा परिश्रमं कृष्णः कृपयासीत् स्वबन्धने ॥ १८ ॥**

**પરસેવાવાળાં અંગોવાળી, અંબોડામાંથી ખરી પડેલ માલાવાળી પોતાની માતાનો પરિશ્રમ જોઈને શ્રીકૃષ્ણ કૃપાથી પોતે બંધાયા. ૧૮.**

'પછી ભગવાન કૃપાથી પોતે બંધાયા' એવો (વાકયનો) સંબંધ છે. '(૧) પોતાની માતા (૨) પરસેવાવાળાં અંગોવાળી અને (૩) અંબોડામાંથી ખરી પડેલ માલાવાળી' એમ તેનાં ત્રણ કારણો કહેલાં છે. (૧) 'માતાને દેવતરીકે પૂજનારો થા'[૪] 'તેઓના કરતાં માતા મોટી છે' વિગેરે વાકયો પ્રમાણે માતાને સંતોષ આપવો જોઈએ, વળી તેને બીજું કાંઈ સંતાન પણ નથી, કે જે તેને આવી પડેલ દુઃખનું નિવારણ કરે. આ (યશોદા) પોતાની જ માતા છે તેથી તેનું માતાપણું પ્રસિદ્ધ કરી, તેના દુઃખને સહન નહિ કરનાર (ભગવાને) તે પ્રમાણે કર્યું (પોતે બંધાયા). (૨) વળી ગોકુલવાસીઓના દુઃખનો નાશ કરવા ભગવાન પધારેલ, તે પરસેવાવાળાં અંગોવાળી એટલે જેને સર્વ અંગોમાં પરસેવો થએલો હતો તેવી(યશોદા)નો પરિશ્રમ કેમ ન મટાડે? (૩) વળી (ભગવાન) ગોકુલવાસીઓને સર્વ સૌભાગ્યનું દાન કરવા પધારેલા તે, **विस्रस्ताः** ખરી પડેલી છે **कबरात्** અંબોડામાંથી **स्रजः** માલાઓ જેની તેવી(યશોદા)ને કેમ જૂએ ? આથી બધાંય (યશોદાનાં) આભરણોનો તિરોભાવ સૂચવેલો છે. એ પ્રમાણે આવી યશોદાનો પરિશ્રમ (ભગવાને) જોયો. અહિં તહીં ફરવું, ખેદ, પરસેવો, મુખનું સૂકાવું અને ઘણી ગ્લાનિ વિગેરે (પરિશ્રમ શબ્દમાંના ઉપસર્ગ) 'પરિ' શબ્દનો અર્થ છે. તેમાં પણ ભગવાન શ્રીકૃષ્ણ સદાનંદ[૫] છે

૧...૧. આ ભાગથી 'વિસ્મિત થઈ' પદનો અર્થ જણાવેલ છે. 'વિસ્મિતા એટલે 'ગર્વરહિત' એવો અર્થ છે.(**લે**) ૨. દુષ્ટ એટલે (ભગવાન ઉપર) દોષનો આરોપ મુકનારા.(**લે**)

૩. સત્પુરુષોની બુદ્ધિ પ્રમાણે અયોગ્ય એટલે ઉપાધિવાળા સ્નેહને વશ થવું તે, એવો અર્થ છે. (**લે**)

૪. આ શિક્ષોપનિષદની શ્રુતિ છે એમ જાણવું. (**प्र**)

૫. શ્રીકૃષ્ણમાં (સદ્+આનંદ=સદાનંદ) ધર્મરૂપ આનંદ હોવાથી, તે આનંદના અભાવરૂપ દુઃખનો અનુભવ હોતો નથી. શ્રીકૃષ્ણ આનંદરૂપ હોવાથી દુઃખીઓની સમક્ષ તે રહેતા નથી. 'બીજાનું દુઃખ પણ જોતા નથી' એ આનું જ વિવરણ કરેલું છે. ભગવાન પોતે આનંદરૂપ હોવાથી તેમનો સાક્ષાત્કાર (તેમનાં દર્શન) થતાં દુઃખ જ જતું રહે છે એટલે જેમ સૂર્ય અંધકારને જોતા નથી તેમ શ્રીકૃષ્ણ દુઃખને જોતા નથી એવો અર્થ છે. (**લે**)

(એટલે) તેમણે દુઃખનો અનુભવ કરેલો નથી, અને દુઃખીઓની સમક્ષ તે રહેતા નથી એટલે બીજાનું દુઃખ પણ જોતા નથી. તેમણે તે પહેલાં કોઈવાર નહિ પડેલું એવું યશોદાનું દુઃખ જોઈને, કૃપાથી ભરપૂર થઈને માતાને માટે પરસેવાવાળા અંગોવાળીને માટે અને માલાવિનાનીને માટે પોતે પોતાનો જ બંધ કરનાર ત્રણ આંગળના દોરડાંરૂપ થયા; (એટલે) બે આંગળોથી (દોરડું ઘટેલ તે) પૂરૂં થયું અને એક આંગળથી બંધન થયું (ગાંઠ બંધાઈ), તે સમયે (ભગવાન) પોતે જ પોતાના બંધનમાં કારણરૂપ થયા. પ્રકરણથી ભગવાન બંધાયા (એવો અર્થ થાય છે), આ[1] કહેવાય તેવો નહિ હોવાથી કહેલો નથી.(૧૮)

'ભગવાન એટલું કરીને બંધન(દોરડાં)રૂપ કેમ થયા ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:-

**एवं प्रदर्शिता ह्यंग हरिणा भक्तवश्यता ॥**
**स्ववशेनापि कृष्णेन यस्येदं सेश्वरं वशे ॥ १९ ॥**

**હે રાજન્ ! જેમને ઈશ્વરસહિત આ (જગત્) વશ છે તેવા હરિ શ્રીકૃષ્ણ પોતાને જ વશ હોવા છતાં એ પ્રમાણે ભક્તને વશ હોવાપણું જણાવ્યું. ૧૯.**

એ પ્રમાણે (ભગવાન તરફ) અપકાર કરનાર ઉપર પણ, લોકમાં 'આ (ભગવાન) મારા છે' એવું માત્ર અભિમાન હોવાને લીધે ભગવાન એટલી પહેલાં કોઈના ઉપર કરેલી ન હોય તેવી કૃપા કરે છે એમ(જણાવી), (ભગવાને) પોતાનું ભક્તને વશ હોવાપણું દર્શાવેલ છે. 'હરિ' શબ્દથી એ દર્શાવવાનું પ્રયોજન પણ કહેલું છે, કારણ કે તે (હરિ સર્વનાં દુઃખ હરનાર છે. તે (હરિપણું) પ્રસિદ્ધ કરવા કાંઈપણ સંબંધ વિના (ભગવાન સર્વનાં) દુઃખ હરે, તો અતિ-પ્રસંગ(એ નિયમ સર્વત્ર લાગુ પડવાથી)ને લીધે સંસારનો લય થાય, તેથી સંબંધના હેતુથી (સંબંધ હોય ત્યાં) કૃપાલુપણું દર્શાવે છે. (ભગવાનની) **કૃપા સર્વ ધર્મો અને ધર્મીઓથી વધારે બલવાળી છે,** એમ કહેવા 'ભક્તને વશ હોવાપણું' શબ્દથી તે કહેલી છે.

'ભક્તિથી[2] સર્વ ધર્મો અને ધર્મીને દબાવી દેવામાં આવતા હોય તો તે પ્રસંગે (ભગવાનના) સ્વરૂપની હાનિ[3] થવાથી ફલ પ્રાપ્ત થાય નહિ અને તેથી (ભક્તને વશ હોવા-પણું) દર્શાવવું પણ વ્યર્થ થાય.' એવી શંકા થાય, તેથી 'પોતાને જ વશ હોવા છતાં' શબ્દો યોજેલ છે. ભગવાન પોતાને જ વશ છે અને કોઈથી પણ દબાવી શકાય તેવા નથી. આથી[4] તે ફલ પ્રાપ્ત કરાવે છે એમ કહેલું છે. 'શ્રીકૃષ્ણ' શબ્દથી તે ફલરૂપ છે એમ કહેલું છે.

---

૧. અહિ શ્રીસુબોધિનીમાં 'इति' શબ્દ 'આ'ના અર્થમાં યોજાએલ છે, એ પ્રમાણે (શ્લોક ૧૩ થી ૧૮થી) છ ગુણોના છ શ્લોક કહ્યા. (प्र)

૨. 'ભક્તવશ્યતા'નો અક્ષરાર્થ નીચે પ્રમાણે છે. ભક્તપણું હોય તો વશ રહેનાર (ભક્તવશ્ય). ભક્તપણું એટલે ભક્તિ જ થઈ. તેથી **ભગવાન ભક્તિથી વશ રહેનાર** છે એમ કહ્યું. ભક્તિથી વશ રહેનાર, એટલે જે ભક્તિ કરતું હોય તેની પાસે પોતાના ધર્મોની અથવા પોતાની દરકાર નહિ રાખતાં તેને વશ રહેનાર. આ પ્રમાણે ભક્તિથી ભગવાનના ધર્મો અને ભગવાન(ધર્મી)નો ઉપમર્દ કહેલ છે એવો ભાવ છે. (લે)

૩. ભગવાન ભક્તને વશ થાય એટલે પોતાનાં નિરંકુશ રહેવાપણાનાં સ્વરૂપ-નો ત્યાગ થાય. તેથી સ્વરૂપની હાનિ થતાં, ભક્તિનું ફલ પણ ન મળે (કારણ કે નિરંકુશ હોય તે ઉત્તમ ફલ સાધન ન હોવા છતાં આપી શકે). જો ભક્તને ફલ પણ મળી શકે નહિ, તો 'ભક્તને વશ હોવાપણું' દર્શાવવાનું પ્રયોજન પણ ન રહે (કારણ કે ફલ આપવા તે દર્શાવવાનું હોય), આવી શંકા છે. (प्र)

૪. **'આથી'** એટલે 'ભગવાનના ધર્મો અને ભગવાન કોઈથી દબાવી શકાય તેવા નથી' એમ કહ્યું તેથી. (प्र)

'એમ (ભગવાન) કરે તો બ્રહ્મા વિગેરે બીજા મોટા (પુરુષો) તેમની ગણના ન રાખે, અને તેથી તેમનું (ભગવાનનું) માહાત્મ્ય ઘટવાથી તે એવી રીતે ફલરૂપ થઈ શકે નહિ' એવી શંકા થાય, તેથી 'જેમને ઈશ્વર સહિત આ વશ છે' એમ કહેલું છે. જૂદા જૂદા (પદાર્થોના) અધિષ્ઠાતા દેવતાઓ સહિત સર્વ જગત્ જેમને (ભગવાનને) વશ છે. તેથી કોઈપણ (ભગવાનનો) બીજી રીતે વિચાર કરી શકે (ભગવાનને ઓછા માહાત્મ્યવાળા અથવા હલકા માની શકે) તેમ નથી. (૧૯)

'આવો (ભગવાન વશ થયા હોય તેવો) ભાવ પહેલાં પણ (કોઈને) પ્રાપ્ત થયો હશે. તો પછી તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ હોવાથી તે દેખાડવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:-

**नेमं विरञ्चो न भवो न श्रीरप्यंगसंश्रया ॥**

**प्रसादं लेभिरे गोपी यत् तत् प्राप विमुक्तिदात् ॥ २० ॥**

**મોક્ષ આપનાર (ભગવાન) પાસેથી આ જે પ્રસાદ ગોપીએ પ્રાપ્ત કર્યો, તે (ભગવાનના) અંગનો આશ્રય કરી રહેલ બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મીએ પણ પ્રાપ્ત કર્યો નથી.** ૨૦.

આ પ્રસાદ પહેલાં કોઈએ પ્રાપ્ત કરેલ નથી; કારણ કે **મોટા ભક્તો જ (તે) પ્રાપ્ત કરે છે.** તે ભક્તોમાં ભક્તિથી અને સ્વરૂપથી ત્રણ મોટા છે. (૧) ભક્ત બ્રહ્મા (જે) (ભગવાનના) પુત્ર છે, પ્રવૃત્તિમાર્ગના સર્વ ધર્મોની પ્રવૃત્તિ કરાવનાર છે અને સર્વના કારણભૂત (સર્વને ઉત્પન્ન કરનાર) છે. (૨) તેવા જ મહાદેવ પણ છે. તે (ભગવાનના) પૌત્ર છે, સર્વ નિવૃત્તિધર્મોના પ્રવર્તક છે, પ્રલય કરનાર અને ગુણાવતાર છે, અને ભગવાનને માટે જ (ભગવાનને પ્રાપ્ત કરવા માટે જ) સર્વનો ત્યાગ કરીને તપ કરે છે.[1] (૩) તેથી પણ (મોટાં) લક્ષ્મી છે, તે ભગવાનની પત્ની છે-બ્રહ્માનંદરૂપ છે, (ભગવાનના) વક્ષ:સ્થલ ઉપર (રહેવાનું) સ્થાન (તેણે) પ્રાપ્ત કરેલ છે, તે જગતની માતા છે, અને સદા (ભગવાનના) ચરણનું સેવન કરવા તત્પર રહે છે. આવી રીતે આ ત્રણેએ પણ જો આ પ્રસાદ પ્રાપ્ત કરેલ ન હોય, તો પછી બીજો કોણ તે પ્રાપ્ત કરવા યોગ્ય હોઈ શકે ? એમ 'આ પ્રસાદ બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મીએ (પ્રાપ્ત કર્યો નથી)' શબ્દોથી કહેલ છે. તે(ત્રણ)માંના હરકોઈ એકે, અથવા બીજા અથવા બીજાઓ સાથે ભેગા મળીને પણ (આ) પ્રસાદ પ્રાપ્ત કર્યો નથી. 'તેઓનો (કાંઈ) દોષ હશે (અને તેથી આ પ્રસાદ તેમણે પ્રાપ્ત કર્યો નહિ હોય)' એવી પણ શંકા કરવી નહિ, કારણ કે તે ત્રણે પણ (ભગવાનના) શ્રીઅંગનો સારી રીતે આશ્રય કરે છે. એક (લક્ષ્મી) વક્ષ:સ્થલનો, બીજા (બ્રહ્મા) નાભિનો, અને ત્રીજા (શંકર) ચરણોનો (આશ્રય કરે છે). તે ત્રણ ગુણાવતારોને[2] પણ જે દુર્લભ છે તે બીજાઓને તો દુર્લભ હોય જ.

૧. શ્રીમદ્ભાગવતના આઠમા સ્કંધમાં, બ્રહ્મવૈવર્તપુરાણમાં તથા ગર્ગસંહિતામાં આ પ્રસિદ્ધ છે. (प्र)

૨. માયારૂપ લક્ષ્મી ગુણાવતાર છે. પંચરાત્રમાં કહેલું છે કે ભગવાનની આજ્ઞાથી જ લક્ષ્મીજી મોટાં હોવા છતાં તેમણે બીજું રૂપ લીધું જે રૂપને માયા કહે છે. શ્રીમદ્ભાગવત ૧૦-૨૬-૩૭માં લક્ષ્મીજીને ભગવાનની સાત્ત્વિક શક્તિ જણાવેલાં છે. (प्र)

'એ કયો પ્રસાદ ?' એવી શંકા થાય, તેથી 'ગોપીએ જે મોક્ષ આપનાર પાસેથી પ્રાપ્ત કર્યો તે' શબ્દોથી તે ફરી કહે છે. ગોપી (યશોદા) જાતિથી (ગોપ જાતિની હોવાથી), અને સ્વરૂપથી (સ્ત્રી હોવાથી) હલકી છે. (આ) પ્રસાદ તેનામાં જ (તેણે પ્રાપ્ત કર્યો એમ) પ્રસિદ્ધ છે, પરંતુ કોઈએ તેનું નિરૂપણ કરેલું નથી;[1] [2]કારણ કે સર્વને મુક્ત કરનાર (મુક્તિ આપનાર) કોઈ પણ, પોતાને જ બાંધે એવું ન બને. (યશોદાનો) ખેદ તો જ્ઞાન આપીને અથવા મોક્ષ આપીને[3] પણ મટાડી શકાય;[2] (તેથી) પોતે બંધાવાનું શું પ્રયોજન? તેથી (તે) પ્રસિદ્ધ પ્રસાદ આ જ છે, બીજો નહિ, એવો અર્થ છે. (૨૦)

'તે (બ્રહ્મા, શંકર અને લક્ષ્મી) મોટાં છે અને આ (યશોદા) મૂઢ છે. તેથી મૂઢની સંભાળ રાખવા (ભગવાને) જે કાર્ય કર્યું તે પ્રસાદ કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:–

**नायं सुखापो भगवान् देहिनां गोपिकासुतः ॥**
**ज्ञानिनां चात्मभूतानां यथा भक्तिमतामिह ॥ २१ ॥**

**આ ગોપિકાના સુત ભગવાન જેવા અહિં ભક્તિવાળાઓને સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા છે તેવા દેહીઓને અને આત્મારૂપી નાવવાળા જ્ઞાનીઓને (સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા) નથી. ૨૧.**

કારણ કે અહિં (ભગવાનનાં) બંધનનું નિરૂપણ કરેલું નથી, પરંતુ (ભક્તોને) વશ હોવાપણાનું નિરૂપણ કરેલું છે. તે (ભગવાન વશ હોવાપણું) કોઈને પણ પ્રાપ્ત થતું નથી. જેટલા કર્મ (ધર્મ) કરનારાઓ દેહના અભિમાનવાળા છે તેમનાથી, તથા જે અભિમાન વિનાના અને મુક્ત જ્ઞાનીઓ છે તેમનાથી પણ (એટલે) એ બંનેથી પણ આ ભગવાન સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા નથી. તેનું કારણ 'દેહીઓ' શબ્દથી (કહેલું છે). એકમાં (કર્મ કરનારાઓમાં) દેહનું અભિમાન (એ) દોષ છે, બીજામાં (જ્ઞાનીમાં) નિરપેક્ષતા (દરકાર ન રાખવી તે) દોષ છે, એમ 'આત્મારૂપી નાવવાળા જ્ઞાનીઓ' શબ્દથી કહેલ છે. આત્મા સ્વરૂપ પોતઃ સંસારરૂપી સમુદ્રને તરવાનો ઉપાય છે જેઓનો તેવા (જ્ઞાનીઓ છે), કારણ કે માત્ર સમુદ્રને તરી જવાથી તેની બીજે પાર (બીજા છેડે) રહેલ મહારાજાની પ્રાપ્તિ થતી નથી. **ભક્તિવાળાઓને તો તે અહિં જ સ્હેલાઈથી પ્રાપ્ત થાય છે,** તેનું કારણ 'ગોપિકાના સુત' શબ્દથી કહેલું છે; કારણ કે (ભગવાન) ગોપિકાના (યશોદાના) સુત થયા. તેથી 'સર્વે ભક્તો થાઓ' એવા હેતુથી ભગવાને આ પ્રમાણે કરેલું છે (યશોદાને વશ થયા છે), એવો ભાવ છે. 'અહિં' એટલે આ (શ્રીકૃષ્ણ) અવતારમાં.

૧. અહિં 'પહેલાં' અધ્યાહાર છે. (કોઈએ આ પહેલાં તેનું નિરૂપણ કરેલું નથી). (લે)

૨...૨. મોક્ષ આપનાર પદનું વિવેચન આ ભાગથી કરેલું છે. (પ્ર)

૩. ખેદ અંતઃકરણનો ધર્મ છે, વળી યશોદાને અંગોમાં ખેદ થયો હતો એમ પણ જણાવેલું છે. તેથી દેહની અંદર અને બહાર તેને ખેદ થએલો. જ્ઞાન આપવાથી અંદરનો ખેદ મટત અને મોક્ષ આપવાથી (જન્મ મરણ મટતાં) દેહ નહિ રહેવાથી બહારનો ખેદ પણ મટત. એવા હેતુથી જ્ઞાન અને મોક્ષ બંને કહેલાં છે. (લે)

'ભક્તિવાળાઓને' શબ્દથી ભક્તિને વિશેષણ[1] કહેલ છે, પરંતુ ભક્તોને[2] (પ્રાપ્ત થાય છે એમ) કહેલ નથી. (૨૧)

એ પ્રમાણે પોતાનો મનોરથ સિદ્ધ થતાં[3] બહિર્મુખ ગોપીઓ પોતપોતાને ઘેર ગઈ. ભગવાન તો તેવી રીતે ગયા નહિ, પરંતુ તે જ અવસ્થામાં (તેમણે) મોટું કાર્ય કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છે:-

**कृष्णस्तु गृहकृत्येषु व्यग्रायां मातरि प्रभुः ॥**
**अद्राक्षीदर्जुनौ पूर्वं गुह्यकौ धनदात्मजौ ॥ २२ ॥**

**માતા ઘરનાં કામોમાં ગૂંથાતાં, પ્રભુ શ્રીકૃષ્ણે તો બે અર્જુનવૃક્ષો જોયાં, તે પહેલાં ગુહ્યકો (અને) કુબેરના પુત્રો હતા. ૨૨.**

'तु' 'તો' શબ્દ પૂર્વના સંબંધને[4] તોડે છે. આ (શ્રીકૃષ્ણ) બંધથી દુઃખી નથી, કારણ કે શ્રીકૃષ્ણ (સદ્+આનંદ) છે. જો તે (યશોદા) ભગવાનને વશ કરીને એમને એમ (ત્યાં) રહ્યાં હોત તો નિરોધ સિદ્ધ થએલ હોવાથી, ભગવાન કાંઈપણ કરત નહિ; (પણ) તે (યશોદા) ફરીથી ઘરનાં કામોમાં ગૂંથાઈ ગયાં. એમ થતાં, (ભગવાને) બે યમલાર્જુન વૃક્ષોને પાડીને તેને (યશોદાને) પ્રપંચનું વિસ્મરણ કરાવીશ, એવા (વિચારથી) તે બે વૃક્ષોને જોયાં.

'(યશોદાને પ્રપંચનું વિસ્મરણ કરાવવાનો) આ આટલો બધો આગ્રહ કેમ?' એવી શંકા થાય, તેથી 'માતા' શબ્દ યોજેલ છે. 'પ્રભુ' શબ્દથી તેવી (ખાંડણીઆ સાથે બંધાએલા હોવાની) અવસ્થામાં પણ, (તે વૃક્ષોને) પાડવાનું (ભગવાનમાં) સામર્થ્ય છે એમ જણાવેલું છે. અર્જુન એટલે અમુક જાતનાં વૃક્ષ, જેમને 'સખિ'[5] શબ્દથી ઓળખવામાં આવે છે.

---

૧. (ભગવાન ભક્તિવાળાને) સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા છે તેનું કારણ ભક્તિ છે, એટલે 'ભક્તિવાળા હોવું' એ તે માટે આવશ્યક છે. તેથી ભક્તિ જરૂરી છે એમ કહેલ છે. (**प्र**)

૨. કોઈવાર ભક્તિવિના પણ, માત્ર સેવા કરવાથી ભક્ત થાય છે. તેવાને ભગવાન સ્હેલાઈથી પ્રાપ્ત થતા નથી એવો અર્થ છે. (**ले**)

૩. હવે અહિંથી માતા (યશોદા) ગયાં એમ કહેલ છે. આગળ ૧૦-૧૧-૪ માં બાલકો જે કહે છે તેથી તેઓ જ ત્યાં હતાં, અને બીજું કોઈ ન હતું એમ જણાવેલું છે. આમ હોવાથી ગોપીઓ પણ ગઈ એવો ભાવાર્થ નીકળે છે. તેથી 'ગોપીઓ ગઈ' એમ કહેલ છે. આ ગોપીઓ તો બંધાએલ ભગવાનને જોઈ પણ શકતી ન હતી, તેથી જે ઘરમાં તે બંધાએલ તે ઘર તરફ તેઓ મુખ પણ રાખતી ન હતી, એટલે તે ઘરની બહાર જ પ્રસન્ન મુખવાળી થઈ તેમ જણાવવા તેમને માટે 'બહિર્મુખ' વિશેષણ યોજેલ છે. 'એ પ્રમાણે પોતાનો મનોરથ સિદ્ધ થતાં' શબ્દોથી માતા (ઘરના કામમાં) ગૂંથાવાનું કારણ કહેલ છે.

**અથવા** ગોપીઓ તે સમયે પણ પ્રિયને ભેટેલી ન હતી અને પ્રિયને ભેટવા ઇચ્છતી હતી. દામણાંથી ભગવાન બંધાયા નહિ એ જોઈને, પોતે તેમને ભેટી શકશે કે નહિ એ વિષયમાં તેમને સંદેહ થયો. છેવટ ભગવાન બંધાયા એટલે 'અમારો મનોરથ પણ સિદ્ધ થશે (ભગવાન જેમ દામણાંથી બંધાયા તેમ અમારી ભુજાના બંધથી પણ બંધાશે)' એવા નિશ્ચયથી, આ ગોપીઓનો જ મનોરથ સિદ્ધ થયો, તેથી (પોતાનો એટલે ગોપીઓનો મનોરથ સિદ્ધ થતાં તે ઘેર ગઈ) એમ કહેલ છે. (**टि**)

૪. **પૂર્વસંબંધ** એટલે **પૂર્વાસાં** પહેલાંની ગોપીઓનો સંબંધઃ સંબંધ. ભગવાન પહેલાં કેટલીક ગોપીઓને ઘેર જતા તે સંબંધ, (બંધન થવાથી તૂટ્યો) એવો અર્થ છે. (**ले**)

૫. અર્જુન સખિ (ભગવાનનો મિત્ર) હતો. તેથી તે નામથી ઓળખાતાં વૃક્ષો અર્જુન નામથી

'તે વૃક્ષોનો અપરાધ નહિ હોવાથી, ગોપિકા(યશોદા)ને માટે જ તેમને કેમ (ભગવાને) પાડ્યાં?' એવી શંકા થાય, તેથી 'પહેલાં ગુહ્યકો (હતા)' એમ કહેલ છે. દેવયોનિમાં અવતરેલ તે વૃક્ષો થએલા, તેથી તેઓને વૃક્ષપણું ઇષ્ટ ન હતું.

'(વૃક્ષપણું તેમને ઇષ્ટ ન હોય) તોપણ પ્રયોજન વિના અને સંબંધ વિના (તેમને વૃક્ષયોનિમાંથી) શામાટે મુક્ત કરવા જોઈએ?' એવી શંકા થાય, તેથી 'કુબેરના પુત્રો' શબ્દ યોજેલ છે. धनदः એટલે કુબેર ભક્ત હતો, અને તેના આ બે પુત્રો હતા. (૨૨)

'એ બે તો મોટા હતા છતાં એવા (વૃક્ષો) કેમ થયા?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ–

**पुरा नारदशापेन वृक्षतां प्रापितौ मदात् ॥**
**नलकूबरमणिग्रीवाविति ख्यातौ श्रियान्वितौ ॥ २३ ॥**

**નલકૂબર અને મણિગ્રીવ એવા નામથી પ્રસિદ્ધ અને લક્ષ્મીવાળા તેઓ પહેલાં મદને લીધે નારદના શાપથી વૃક્ષપણું પામ્યા હતા. ૨૩.**

પહેલાં નારદના શાપથી તેઓ વૃક્ષપણું પામ્યા હતા (વૃક્ષ થયા હતા).

'નારદે એવો શાપ કેમ આપ્યો?' એવી શંકા થાય, તેથી 'મદને લીધે' શબ્દ યોજેલ છે. લક્ષ્મીના મદથી તેઓ મત્ત (ગાંડા) થયા હતા, તેથી મદના કારણથી (તેમને) નારદનો શાપ થયો, અને શાપથી વૃક્ષપણું થયું.

'એવા (વૃક્ષપણાના) ભાવને તેઓ યોગ્ય જ હતા તો પછી (તેમને ભગવાન તેમાંથી) કેમ મુક્ત કરે છે?' એવી શંકા થાય, તેથી 'નલકૂબર અને મણિગ્રીવ એવા નામથી પ્રસિદ્ધ (હતા)' એમ કહેલું છે. નલ કૂબર છે જેની (પાસે) તે (નલકૂબર). નલ ઘણો સુંદર હતો તે પણ કૂબર એટલે કોંધલા જેવો[1] (જેની પાસે ગણાય તે નલકૂબર). મણિવાળી ડોક છે જેની તે (મણિગ્રીવ), એવા નામથી તે પ્રસિદ્ધ હતા. તેઓના નામની કીર્તિ શાંત થઈ ન હતી તેથી તેઓનો ઉદ્ધાર (કરવો) યોગ્ય હતો. વળી તેઓ લક્ષ્મીવાળા પણ હતા. હજી સુધી લક્ષ્મી તેઓને તજીને ગઈ ન હતી. તેથી (તેમની) કીર્તિ અને લક્ષ્મી હોવાથી (તેઓ) ઉદ્ધાર કરવાને યોગ્ય હતા. (૨૩)

ઇતિ શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટા પ્રકરણ–પ્રમાણપ્રકરણમાં **જ્ઞાનનું** નિરૂપણ કરનારા પાંચમા અધ્યાય, અને સ્કંધના આરંભથી નવમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.

———o———

ઓળખાતાં, એવો અર્થ છે. એટલે (તેમને જોઈને) પોતાના ભક્ત અને સખા અર્જુનના નામનું સ્મરણ થવાથી ભગવાનની તેમના ઉપર મોટી કૃપા થઈ એવો ભાવ છે. (यो)

અર્જુન એટલે આસોંદરો. યમલ એટલે જોડકું, બે ઝાડ ભેગાં ઉગેલ તેથી 'યમલ' કહેલ છે.

૧. જે પરમ સુંદર નલકૂબર પાસે, સુંદર તરીકે પ્રસિદ્ધ નલ પણ કોંધલા જેવો હતો, એવો અર્થ છે. (यो)

**અધ્યાય નવમો સંપૂર્ણ.**

## ॥ अथ दशमोऽध्यायः ॥ અધ્યાય દશમો.

एवं तु नवमाध्याये भक्तिरुक्ताऽतिदुर्लभा ।
कृष्णसेवकसख्यस्य हेतुर्दशम उच्यते ॥ का. १ ॥

એ પ્રમાણે નવમા અધ્યાયમાં અતિદુર્લભ ભક્તિ કહી.[1] દશમા(અધ્યાય)માં શ્રીકૃષ્ણના સેવકની મૈત્રીનું કારણ[2] કહેવામાં આવે છે. કા.૧.

वैराग्यं भगवद्धर्मः षड्गुणोऽत्र निरूप्यते ।
गुणानां भगवत्त्वाय स एव हि यतोऽभवत् ॥ का. २ ॥

(ભગવાનના) ગુણો ભગવાન છે એમ જણાવવા ભગવાનના છ ગુણવાળા[3] ધર્મ-વૈરાગ્યનું અહિં નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે તે[4](ભગવાન) જ (ગુણરૂપ) થએલ છે. કા. ૨.

वैराग्यमनिवर्त्यं तु भगवद्वाक्यतो भवेत्।
विशेषतस्तु यद्वाक्यं न निवर्तेत केनचित् ॥ का. ३ ॥
तादृशं शापरूपं स्याद् भक्तानामेव तादृशम् ॥ का. ३½ ॥

જે મટે નહિ તેવું (અવિનાશી) વૈરાગ્ય[5] તો ભગવાનના વાક્યથી થાય. જે વાક્ય વિશેષ રીતે

---

૧. દશમા અધ્યાયનું તાત્પર્ય કહેતાં, પ્રથમ પહેલાંના (નવમા) અધ્યાયની સંગતિ કહે છે. ૧૦-૭-૨માં રાજાએ (જે શ્રવણ કરવાથી ભગવાનની ભક્તિ થાય તે) પૂછેલું હોવાથી જ્ઞાનપૂર્વક ભગવાનમાં અતિ દુર્લભ **ભક્તિ** થાય તે નવમા અધ્યાયમાં કહી. (प्र+लै+का)

૨. જે શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી થાય, એવો પણ રાજાનો પ્રશ્ન હોવાથી, **શ્રીકૃષ્ણના સેવકની મૈત્રીનું કારણ** 'વૈરાગ્ય' આ અધ્યાયમાં કહે છે. (प्र)

જે શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી પ્રાપ્ત થાય તેવું યમલાર્જુનના ભંગનું ચરિત્ર છે એવો અર્થ છે. નલકૂબર અને મણિગ્રીવને શ્રીકૃષ્ણનું દર્શન થવાનું કારણ શ્રીકૃષ્ણના સેવક નારદની કૃપા હતી, એવું શ્રવણ કરવાથી **શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી થાય** એવો ભાવ છે. (का)

શ્રીકૃષ્ણના સેવક નારદ વિગેરે માત્ર દર્શનથી જ મુક્ત કરનારા છે, તેથી તેમના વચનથી મુક્તિ થતાં તેઓ ઉપર ભગવાનની કૃપા છે, એવા બોધથી તેમની મૈત્રી થાય છે એવો અર્થ છે. (लै)

૩. એ પ્રમાણે પ્રથમના અર્થ સાથે સંગતિ જણાવી, આ કારિકામાં સ્કંધના અર્થ સાથે સંગતિ જણાવે છે. જેમ ગયા અધ્યાયમાં અવિદ્યાને મટાડી ભગવાનને વશ કરનાર જ્ઞાનરૂપ ભગવાનના ધર્મનું નિરૂપણ કર્યું તેમ આ અધ્યાયમાં છ ગુણવાળા ભગવાનના **ધર્મ-વૈરાગ્યનું નિરૂપણ કરે છે**. ભગવાનનાં સર્વ ગુણો ભગવદ્રૂપ છે, એમ જણાવવા એ પ્રમાણે નિરૂપણ કરે છે. (प्र)

ભગવાનના ઐશ્વર્ય વિગેરે છ ગુણવાળા વૈરાગ્યનું અહિં (આ અધ્યાયમાં) નિરૂપણ કરવામાં આવે છે.(यो)

આગળ પાંચમી કારિકામાં આ અધ્યાયમાં કહેલા છ અર્થો જણાવવામાં આવે છે, તેથી છ ગુણવાળા વૈરાગ્યનું અહિં નિરૂપણ કરવામાં આવે છે તેમ કહેલું છે.(का)

૪. **'તે'** એટલે 'નિરોધ', કારણ કે એ ગુણોથી નિરોધ થયો. એ પ્રમાણે સ્કંધના અર્થ સાથે સંગતિ થાય છે. (प्र) **'તે'** એટલે 'ભગવાન'. સર્પ અને તેનું ગુંચળું (ગુંચળું વળેલ સર્પ) એક જ છે બ્રહ્મસૂત્ર ૩-૨-૨૭ વિગેરે, ત્રણે ન્યાય પ્રમાણે ભગવાન જ ગુણરૂપ થએલ છે, એવો અર્થ છે. (लै)

ભગવાન જ ગુણરૂપે પણ આવિર્ભાવ પામેલ છે. તેથી ગુણો પણ ભગવાન જ છે એમ જણાવવા, આ અધ્યાયમાં છ ગુણવાળા વૈરાગ્યનું છ પ્રકરણથી નિરૂપણ કરેલ છે. (का)

૫. દુઃખને લીધે પુરુષોને પણ વૈરાગ્ય થાય છે. સાંખ્યમત પ્રમાણે નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકથી આ લોક તથા પરલોકના ફલ માટે વૈરાગ્ય થાય છે, પણ તે વૈરાગ્ય ભગવદ્ધર્મ નથી,

કોઈથી અન્યથા કરી શકાય નહિ[1] તેવું શાપરૂપ હોય, તેવું વાક્ય ભક્તોનું જ હોય. કા.૩ᵏ.

अतो वैराग्यकथने शापो मोक्षावधिर्मतः ॥ का. ४॥

તેથી વૈરાગ્ય કહેવામાં આવે છે, તેમાં મોક્ષસુધી શાપ રહે છે.[2] કા. ૪.

शापोद्यमस्तथा हेतुः शापश्चापि प्रसादभाक् । वाक्यस्यापि फलं शीघ्रं स्तुतिश्चानुग्रहस्तथा ॥५॥ षड्भिर्द्वादशभिश्चैव त्रिभिः षड्भिस्तथैव च । दशभिः पञ्चभिश्चेति षडर्थाः क्रमतो मताः ॥६॥

(૧) શાપ દેવામાટે ઉદ્યમ (તૈયારી) (૨) (શાપનું) કારણ, (૩) કૃપારૂપ શાપ (૪) વાક્યનું પણ તરત જ (મળતું) ફલ, (૫) સ્તુતિ અને (૬) કૃપા, એ છ અર્થો[3] અનુક્રમે (૧) છ,* (૨) બાર, તથા (૩) ત્રણ અને (૪) છ, (૫) દશ તથા (૬) પાંચ શ્લોકોથી કહેલા છે. કા. ૫–૬.

अपूर्वत्वाच्छ्रोतुमिच्छा तेन प्रश्नः परीक्षितः । स्वस्यापि तादृशत्वेन तद्वन्मोक्षाशया पुनः ॥का. ७॥

(આ) અપૂર્વ[4] હોવાથી સાંભળવાની ઇચ્છા (થઈ). તેથી પરીક્ષિતનો પ્રશ્ન[5] છે; વળી પોતે પણ તેવો[6] હોવાથી તેમની પેઠે મોક્ષની આશાથી (પ્રશ્ન કરેલ છે). કા. ૭.

---

ગયા (નવમા) અધ્યાયના અંતે (કુબેરના બે પુત્રો) શાપને લીધે યમલાર્જુન થયા એમ સાંભળી, 'ભગવાને તેઓનો ઉદ્ધાર કેવી રીતે કર્યો ?' એમ રાજા (પરીક્ષિત્) નીચેના શ્લોકમાં પૂછે છેઃ–

राजोवाच । રાજા પૂછે છેઃ–

**कथ्यतां भगवन्नेतत् तयोः शापस्य कारणम् ॥**

**यत् तद् विगर्हितं कर्म येन वा देवर्षेस्तमः ॥ १ ॥**

**હે ભગવન્! તેઓના શાપનું આ કારણ કહો. જે નિંદિત કર્મ (તેઓએ કર્યું) અને જેનાથી દેવર્ષિને ક્રોધ થયો તે (કહો). ૧.**

---

કારણ કે તે વૈરાગ્ય મટી જાય તેવું છે. દુઃખીઓને થએલ વૈરાગ્ય સુખ મળતાં જતું રહે છે. સાંખ્યમતમાં વૈરાગ્ય છે, તે પણ ભા. ૧૦–૨–૩૨ પ્રમાણે નાશવંત છે. તેથી જેનો નાશ ન થાય તેવું ભગવાનના વાક્યથી થએલ વૈરાગ્ય જ ભગવાનના ધર્મરૂપ છે. (प्र)

નલકૂબર અને મણિગ્રીવને અવિનાશી વૈરાગ્ય નારદના શાપથી થયું એવો અર્થ છે. નારદે વૈરાગ્યનું દાન કર્યું તેથી તેને વૈરાગ્ય હતું જ, અને જો 'સેવક તેવા હોય તો', (સેવક પાસે જે હોય તે પ્રભુ પાસે તો હોય જ) એ ન્યાય પ્રમાણે, ભગવાનને પણ વૈરાગ્ય હતું એમ સિદ્ધ થાય છે.(ले)

૧. જે વાક્ય કોઈથી પણ અન્યથા કરી શકાય નહિ તેવા વાક્યથી વૈરાગ્ય થાય. તેવું નારદનું શાપરૂપ વાક્ય હતું. (यो) તેવું શાપરૂપ વાક્ય ભક્તોનું જ હોય છે. તે વાક્ય ભક્તદ્વારા ભગવાનનું જ છે. (का) એ પરંપરાથી ભગવાનનું વાક્ય થાય છે.(प्र) [એવો અર્થ છે.(का)

૨. નારદનું વાક્ય એ ભક્તદ્વારા ભગવાનનું વાક્ય છે. તેથી મોક્ષ થાય છે ત્યાંસુધી શાપ રહે છે,

૩. એ પ્રમાણે અધ્યાયનું તાત્પર્ય કહી વૈરાગ્યના વિશેષણરૂપ આ અધ્યાયમાં કહેલા છ અર્થો કહે છે. (प्र)

* આ અધ્યાયના બીજા શ્લોકથી આ આરંભી ૪૨ શ્લોકોથી અર્થો કહેવાનો પ્રારંભ કરેલો છે, તેથી બીજાથી સાતમા સુધીના શ્લોકોથી પહેલો અર્થ કહેલ છે, અને તે પછીના પાંચ અર્થો અનુક્રમે આ કારિકામાં જણાવેલ શ્લોકોથી કહેલા છે. પહેલા શ્લોકમાં પ્રશ્ન કહેલ છે. (का)

૪. દેવોએ (ગુહ્યકો નલકૂબર અને મણિગ્રીવે) પાપ કર્યું અને નારદે ક્રોધ કર્યો એ અપૂર્વ છે. તેથી તે સાંભળવાની ઇચ્છા થઈ. (प्र) નલકૂબર અને મણિગ્રીવને શાપથી મોક્ષ થયો એ અપૂર્વ છે, (શાપથી મોક્ષ થવો એ અપૂર્વ છે).(ले+का) આ અર્થ વધારે સારો જણાય છે. ૫. પહેલા શ્લોકમાં કહેલ પ્રશ્ન.

૬. 'તેવો' એટલે 'મહાપુરુષે શાપ આપેલો'. (प्र) બ્રાહ્મણે શાપ આપેલો. (का)

(આ નલકૂબર અને મણિગ્રીવના શાપનું કારણ વિગેરે) કહીને પોતાનું (પરીક્ષિતનું) દુઃખ દૂર કરવાનું (શુકદેવમાં) સામર્થ્ય છે એમ જણાવવા, 'હે ભગવન્' એવું સંબોધન કરેલું છે. (રાજા પરીક્ષિતના) હૃદયમાં (આ શાપનું કારણ) પીડા કરતું રહેલું છે એમ જણાવવા, 'આ' શબ્દ યોજેલ છે. નલકૂબર અને મણિગ્રીવ(બંને)ને એક જ શાપનું કારણ (કહો). તેથી જ (આ પ્રશ્નથી જ) (૧) શાપનો વિસ્તાર, (૨) મોક્ષ, (૩) સ્તુતિ અને (૪) ભગવાનની કૃપા, એ ચાર અર્થ કહેવાના થયા.[1] તેથી 'જે નિંદિત કર્મ (તેઓએ કર્યું) તે'(વિગેરે)થી વધારાના બે અર્થ પૂછે છે. 'જે' એટલે તેવા શાપનું પ્રસિદ્ધ કારણ થયું તે અવશ્ય નિંદિત જ હોવું જોઈએ. દેવો પાપ (આવું નિંદિત કર્મ) કરે એ સંભવતું નથી, તેથી પ્રશ્ન કરેલો છે. વળી જે (કર્મ) કરવાથી દેવર્ષિ એટલે દેવતાઓના પણ મંત્રદ્રષ્ટા(નારદ)ને ક્રોધ થયો. આમ કહેવાથી (તે કર્મ) શાપ આપવાનું સ્પષ્ટ કારણ હતું (એમ જણાય છે). (કર્મ) 'નિંદિત' હોવાથી શાપ આપવા (નારદે) ઉદ્યમ કરેલો. (કોઈ) નિંદિત કર્મ કરે તો સર્વ (તેને) શાપ આપવા ઉદ્યમ કરે છે (તત્પર થાય છે). દેવર્ષિ તો સાધારણ (કારણ) હોય તો (શાપ આપવા તત્પર) થતા નથી, તેથી (તે શાપ આપવા તત્પર થયા તેનું) કારણ લંબાણથી કહેવું જોઈએ. (૧)

તે (છ અર્થો) પૈકી નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી પ્રથમ નિંદિત કર્મને લીધે શાપ આપવાનો ઉદ્યમ કહે છેઃ-

**श्रीशुक उवाच । શ્રીશુક કહે છેઃ-**

**रुद्रस्यानुचरौ भूत्वा सुदृप्तौ धनदात्मजौ ॥**

**कैलासोपवने रम्ये मंदाकिन्यां मदोत्कटौ ॥ २ ॥**

**રુદ્રના અનુચરો અને કુબેરના પુત્રો હોઈ બહુ અહંકારી તથા ઘણા મદવાળા મંદાકિનીમાં કૈલાસના રમણીય ઉપવનમાં.....૨.**

**उन्मादश्च प्रमादश्च निन्दिताचरणं तथा । महत्स्वपि तथा धार्ष्ट्यसिद्ध्यर्थं महतां दृशिः ॥का.८॥**
**धार्ष्ट्यं तयोर्न संघस्य ततश्चोद्यम ईर्यते ॥का. ८½॥**

મોટા (પુરુષો) તરફ પણ તેવી ધૃષ્ટતા થઈ શકે તે માટે ઉન્માદ (શ્લો. ૨જામાં) અને પ્રમાદ (શ્લો. ૩જામાં) તથા નિંદિત(કર્મ)નું આચરણ (શ્લો. ૪થામાં) (કહેલાં છે). મોટાની દૃષ્ટિ (શ્લો. ૫મામાં), સંઘની નહિ, (પરંતુ) તેઓની ધૃષ્ટતા (શ્લો. ૬ઠ્ઠામાં) અને પછી (શાપ આપવા માટે) ઉદ્યમ (શ્લો. ૭મામાં) કહેલાં છે.[2] કા. ૮½.

આરંભમાં મોટાએ એવા હોવું યોગ્ય નથી એમ કહે છે. રુદ્ર રોગોને **द्रावयति** હાંકી કાઢે છે તે રુદ્ર એટલે મહાદેવ. તેવા મહાદેવના સેવકોને રોગનો સંબંધ હોય,

---

૧. વાતનો આરંભ (શુકદેવે ગયા અધ્યાયના અંતે) કર્યો તેથી, અને આ જે કથા ચાલે છે તેમાં ઉપયોગી હોવાથી કહેવાના થયા. (प्र)

૨. આ દોઢ કારિકામાં બીજાથી સાતમા સુધીના છ શ્લોકોના અર્થ કહેલ છે બીજા, ત્રીજા અને ચોથા શ્લોકમાં નલકૂબર અને મણિગ્રીવના ઉન્માદ, પ્રમાદ અને નિંદિત આચરણ અનુક્રમે કહેલાં છે. પાંચમા શ્લોકમાં નારદે તેમને જોયા એમ કહેલ છે. છઠ્ઠા શ્લોકમાં તેઓએ નારદપ્રતિ ધૃષ્ટતા કરી, પરંતુ સ્ત્રીઓએ ન કરી એ કહેલ છે. સાતમા શ્લોકમાં શાપ આપવાનો આરંભ કહેલ છે એવો અર્થ છે. (का)

તે યોગ્ય નથી. 'અનુચર' પદથી (એમ જણાવેલું છે કે) તેઓએ મહાદેવની પાછલ (પાછલ) જ ચાલવું (પગલે પગલે જવું) યોગ્ય હોવાથી,[૧] (તેમને) જરા પણ વિરૂદ્ધ ચાલવાથી દોષ થાય. તેવા (રુદ્રના અનુચરો) હોવા છતાં તેઓ બહુ અહંકારી એટલે ધનને લીધે બહુ મદવાળા થયા. તેનું કારણ 'કુબેરના પુત્રો' શબ્દથી જણાવેલ છે. **धनं** ધન સર્વને **ददाति** આપે તે **धनदः** એટલે કુબેર. તેના પુત્રો ધનવાળા હોય એ સિદ્ધ જ છે. બંને સાથે ક્રીડા કરે એ નિંદિત છે અને બંને દુષ્ટ થએલા. તેમાં પણ મહાદેવના ઘરરૂપ જે કૈલાસ પર્વત (છે) તેના ઉપવનમાં, એટલે ફલ અને પુષ્પ જેમાં પ્રધાન હોય તેવા રોપાઓ ચડાવેલ વનમાં, અને તે પણ રમ્ય એટલે સર્વ દોષોથી રહિત વનમાં (તેઓએ સાથે ક્રીડા કરી). મહાદેવ સ્વભાવથી જ વૈરાગ્યવાળા છે. તેમના સ્થાનમાં વૈરાગ્યવાળાઓ જ રહે છે, તેમાં પણ ઉપવનમાં એટલે યોગીઓને ભગવાનનું ચિંતન કરવા યોગ્ય સ્થાનમાં, અને તેમાં પણ રમ્ય એટલે ભગવાનના પ્રસાદરૂપ સ્થાનમાં (તેઓએ સાથે ક્રીડા કરી). 'મંદાકિનીમાં' શબ્દથી તેનાથી પણ (તેઓનો) અધિક દોષ કહેલો છે. મંદાકિની એટલે ભાગીરથી પ્રસિદ્ધ છે, કારણ કે તેમાં કોઈ (પણ) દોષ નથી.[૨] ત્યાં પણ મદ ઘણો છે જેઓનો, (તેવા થઈ ક્રીડા કરી). આ મદ ધન વિગેરેથી જ થએલો (જાણવો). દારૂથી થએલ મદ તો આગળ કહેશે. (૨)

(એ પ્રમાણે) મોટા(પુરુષ)ના સ્વરૂપ દોષો કહ્યા. આગંતુક (બીજા પદાર્થના સેવનથી થતા) દોષોથી (તેઓએ) ઘણી[૩] દુષ્ટ ક્રિયા (કર્મ) કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ—

**वारुणीं मदिरां पीत्वा मदाघूर्णितलोचनौ ॥**
**स्त्रीजनैरनुगायद्भिश्चेरतुः पुष्पिते वने ॥ ३ ॥**

**વારુણી મદિરાનું પાન કરીને મદથી ઘેરાતાં લોચનવાળાઓએ પાછલ ગાતી સ્ત્રીઓ સહિત પુષ્પવાળા વનમાં ફરવા માંડ્યું. ૩.**

બે(પદાર્થો)થી થતો દોષ રોકી ન શકાય તેવો હોય છે, તેથી બેનો[૪] સંબંધ છે. **વારુણી** એટલે વરુણમાંથી (સમુદ્રમાંથી) ઉત્પન્ન થએલી, અમૃત સાથે ઉત્પન્ન થએલી, દૈત્યભાવ જાગ્રત કરનારી, તે પણ મદિરા એટલે ગાંડાતુર બનાવનારી, અસુરોના દોષો કરતાં પણ અધિક દોષ ઉત્પન્ન કરનારી. તે વારુણી મદિરાનું પાન કરીને, મદથી

૧. 'अनु પાછલ चरति ચાલે તે અનુચર' એ વ્યુત્પત્તિ પ્રમાણે તેઓએ રુદ્રને પગલે ચાલવું યોગ્ય છે. 'વેદ શિવ છે, શિવ વેદ છે' શ્રુતિ પ્રમાણે, શિવ વેદરૂપ હોવાથી તેમના અનુચરોએ વેદ પ્રમાણે જ વ્યવહાર કરવો જોઈએ; તેમ તેઓએ ન કર્યું, એ અનુચિત થયું એમ દર્શાવેલ છે. **(यो)**

૨. ત્યાં (શિવના ઉપવનમાં) ગંગામાં મનુષ્યે કરેલ પાપ ધોવાતાં નહિ હોવાથી (મનુષ્યો સ્નાન કરતા નહિ હોવાથી) **દોષ નથી. (प्र)**

૩. (વૃંદાવનપ્રેસવાળી પ્રત પ્રમાણે 'सुदुष्टक्रियाम्' પાઠ લઈ આ અર્થ કરેલ છે. બીજો પાઠ 'सदुष्टक्रियाम्' છે) દુષ્ટ એટલે દોષ. સદુષ્ટ ક્રિયા એટલે દોષવાળી ક્રિયા, એવો અર્થ લેવો. **(ले)**

૪. **'બે'** એટલે (૧) આસુરભાવ અને (૨) માદકપણું. **(प्र)** બીજા શ્લોકમાં ધનનો મદ કહ્યો. આ ત્રીજા શ્લોકમાં મદિરાનો મદ કહ્યો. એ **બેથી** થતો દોષ રોકી ન શકાય તેવો હોવાથી તે બેનો સંબંધ છે, એટલે આ બે શ્લોકોનો સંબંધ છે. બે શ્લોકોથી એક જ વાક્ય થાય છે એવો અર્થ જણાય છે.

ઘેરાતાં છે બે લોચનો જેઓનાં તેવા, એટલે વિરૂદ્ધ જ્ઞાનવાળા (થયા). તેમાં પણ પાછલ ગાન કરતી સ્ત્રીઓ સહિત (તેઓ હતા). (આથી) સંગનો દોષ, મોહનું કારણ અને (સ્ત્રીઓનો) સંબંધ (જણાવેલાં છે). પુષ્પવાળાં એટલે રજોગુણવાળા વનમાં (તેઓએ) ફરવા માંડયું. એટલે ભ્રમણ કરવા માંડયું. 'મંદાકિનીમાં' એ સામીપ્યના[1] અર્થમાં સાતમી વિભક્તિ યોજેલી છે (તેથી 'મંદાકિની સમીપ' એવો અર્થ થયો) અથવા કૈલાસનું ઉપવન હતું. મંદાકિની પણ હતી (છતાં) તેઓ ઘણા મદવાળા હતા. તેથી 'પુષ્પવાળા(એટલે રજોગુણવાળા) વનમાં' એમ જે (વનસંબંધી) દોષનું વચન કહેલ છે[2] તેનો વિરોધ થતો નથી. (૩)

નીચેના શ્લોકમાં (વળી તેઓનો) બીજો દોષ કહે છેઃ–

**अन्तः प्रविश्य गंगायामम्भोजवनराजिनि ॥**
**चिक्रीडतुर्युवतिभिर्गजाविव करेणुभिः ॥ ४ ॥**

**કમળોના વનની હારોવાળા ગંગાના મધ્યમાં પ્રવેશ કરીને જેમ હાથીઓ હાથણીઓ સાથે ક્રીડા કરે તેમ ક્રીડા કરવા લાગ્યા. ૪.**

'પવિત્ર જલવાળી ગંગામાં જઈને તેર (કાર્યો) કરવાં નહિ' એ વાકયમાં ક્રીડા નહિ કરવાનું વિધાન હોવાથી **ગંગાના જલમાં ક્રીડા કરવાનો નિષેધ (મનાઈ) છે.** તેમાં પણ તેઓ (ગંગાનું જલ) બહાર લઈ જઈને (તેમાં ક્રીડા કરતા ન હતા), પરંતુ તેની અંદર પ્રવેશ કરીને (તેમાં ક્રીડા કરતા હતા). તેની અંદર કમળોના વનોની હારો હતી. આથી એમ જણાય છે કે ગંગા પૂજા કરે તે માટે ભગવાનની પણ ત્યાં હાજરી હતી. 'જેમ હાથીઓ હાથણીઓ સાથે (ક્રીડા કરે)' દૃષ્ટાંતથી ક્રીડાને લીધે (બીજા પ્રતિ) અનાદર (બેદરકારી) કહેલ છે. (૪)

(તેઓના) વિષયનું નિરૂપણ કરી, (તેમને) શાપ થાય તે માટે (નારદનું) સમાગમન નીચેના શ્લોકમાં કહે છેઃ–

**यदृच्छया च देवर्षिर्भगवांस्तत्र कौरव ॥**
**अपश्यन् नारदो देवौ क्षीबाणौ समबुध्यत ॥ ५ ॥**

---

૧. સમીપનો પણ આધાર ગણીને ચાર પ્રકારના આધાર કહેલ છે. 'નદીમાં છે' એ (સમીપના આધારનું) દૃષ્ટાંત કહેલું છે. 'गंगायां घोषः' 'ગંગામાં ઝુંપડું છે' એટલે ગંગાના પ્રવાહમાં નહિ પણ તેની સમીપ ઝુંપડું છે. સમીપને આધાર ગણીએ તો આ દૃષ્ટાંત(ગંગામાં ઝુંપડું છે)માં પણ લક્ષણા નથી. (લે) (નહિ તો આ લક્ષણાનું દૃષ્ટાંત છે. 'મુખ્ય અર્થનો બાધ થતો હોય, તેના સંબંધવાળો અર્થ થતો હોય, અને તેવો અર્થ કરવાની રૂઢિ હોય અથવા પ્રયોજન હોય, ત્યારે મુખ્ય અર્થ નહિ લેતાં તેના સંબંધવાળો અર્થ લેવાય તે લક્ષણા કહેવાય છે.' ગંગામાં એટલે 'ગંગાના પ્રવાહમાં ઝુંપડું છે' એ મુખ્ય અર્થ છે. તેનો બાધ થાય છે, કારણ કે નદીના પ્રવાહમાં ઝુંપડું હોઈ શકે નહિ. તેથી તેના સંબંધવાળો 'ગંગાના પ્રવાહ પાસે' એવો અર્થ થાય છે. તેવો અર્થ લેવાનો હોવા છતાં 'ગંગામાં ઝુંપડું છે' એમ કહેવાથી 'એ ઝુંપડામાં શીતલતા અને પવિત્રપણું રહેલાં છે' એમ જણાવવાનું પ્રયોજન રહેલ છે. તેથી તે લક્ષણા છે, અને લક્ષણાના દૃષ્ટાંત તરીકે પ્રસિદ્ધ છે).

૨. નલકૂબર અને મણિગ્રીવને મદ ઘણો જ હતો તેથી વનધર્મ પણ એ મદને જ તેજ કરતો હતો; પણ તેને શાંત કરતો ન હતો. તેથી 'પુષ્પવાળા એટલે રજોગુણવાળા' એવો જે તેનો ઉપર દોષ કહ્યો તેનો વિરોધ થતો નથી. (પ્ર)

**હે કૌરવ ! ત્યાં દેવર્ષિ ભગવાન નારદે (તે) બે દેવોને અકસ્માત્ જોયા અને મત્ત (થએલા) જાણ્યા. ૫.**

'દેવર્ષિ' શબ્દથી ભવિષ્યમાં જે થવાનું છે તેનું (નારદને) જ્ઞાન છે,* અને તે દેવયોનિવાળાઓ ઉપર ઉપકાર કરનારા છે એમ જણાવેલું છે. 'ભગવાન' શબ્દથી તેમનામાં સર્વ સામર્થ્ય છે એમ જણાવેલ છે. કાર્યભગવત્પણું[1] ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય તેવાં છે. 'ત્યાં' એટલે તે ગંગાની અંદર. મોટાના વંશમાં ઉત્પન્ન થએલાથી પણ પ્રમાદ થાય છે, એમ (રાજા પરીક્ષિત્) પોતાના દૃષ્ટાંતથી જાણે, તે માટે 'હે કૌરવ !' એવું સંબોધન કરેલું છે. (નારદે) પ્રથમ દેવોને જોયા (અને) પછી (તેઓને) મત્ત થએલા જાણ્યા. 'ક્ષીબ' શબ્દ અંતે અંવાળો અથવા ન્‌વાળો (ક્ષીબ, અથવા ક્ષીબન્) પણ છે. (એટલે બીજી વિભક્તિનું દ્વિવચન 'क्षीबौ' અથવા 'क्षीबाणौ' થાય). ક્ષીબા (ક્ષીબન્ નું પ્રથમાનું એકવચન) એટલે મત્ત. દેવો પોતામા ઋષિ(દેવર્ષિ)નું સન્માન ન[2] કરે એવું ન બને, (છતાં તેમણે સન્માન ન કર્યું; તેથી તેમને મત્ત થએલા જાણ્યા.) (૫)

પછી જે [illegible]યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ–

**तं दृष्ट्वा व्रीडिता देव्यो विवस्त्राः शापशंकिताः ॥**
**वासांसि पर्यधुः शीघ्रं विवस्त्रौ नैव गुह्यकौ ॥ ६ ॥**

**તેમને જોઈને લજ્જા પામેલી વસ્ત્રરહિત દેવીઓએ શાપથી ભય પામી તરત જ વસ્ત્રો પહેરી લીધાં, પરંતુ વસ્ત્રરહિત ગુહ્યકોએ ન જ પહેર્યાં. ૬.**

નારદને જોઈને દેવીઓ એટલે અપ્સરાઓ વસ્ત્રરહિત હતી (તેમણે) પોતામાં તથા નારદમાં એક એક ધર્મ જાણ્યો. લજ્જા થઈ તે પોતાની અંદર(નો ધર્મ જાણ્યો). કામ જાગ્રત થવાથી (નારદને) અનિષ્ટ[3] થાય તેથી તે શાપ આપે (શાપ આપવો એ ધર્મ, નારદમાં જાણ્યો), તેવો ભય થયો. વસ્ત્ર પહેરી લેવાથી તે બંને (લજ્જા, અને શાપ) થાય નહિ તેવા હેતુથી, તરત જ એટલે જ્યાંસુધીમાં ઋષિને ક્ષોભ ન થાય તે પહેલાં જ

* આ કુબેરના પુત્રો મારા શાપથી યમલાર્જુન થવાના છે અને શ્રીકૃષ્ણ તેમને મુક્ત કરશે એવું નારદને જ્ઞાન છે.

૧. ઐશ્વર્ય વિગેરે ભગવાનના મૂર્તિમાન ગુણો ભગવાનમાં જ રહેલા છે. બીજા ભગવાનના પાર્ષદ વિગેરેમાં આ ગુણો અધ્રુવ છે. તેથી આ અસાધારણ ગુણો ભગવાનમાં જ છે, બીજાઓને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય છે પણ તેમનામાં તે નિત્ય નથી, એમ ૨–૯–૧૬ તથા તે પરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલ છે. તેથી ભગવાન સિવાય બીજાઓમાં ભગવત્પણું ભગવાને આપેલ હોવાથી આવે છે. તેથી તે નિત્ય નહિ પણ કાર્ય છે. ભગવાન છ ગુણો પૈકી કોઈને એક, બે અથવા વધારે ગુણો આપે, તેથી અહિં તે બહુવચનમાં યોજેલ છે. (પ્ર)

૨. દેવો પોતાના ઋષિ નારદનું નમસ્કાર વિગેરેથી સંમાન ન કરે તેવું સંભવતું નથી. તેથી (તેમણે એમ નહિ કરેલ હોવાથી) તેઓ મત્ત છે, એમ નારદે જાણ્યું એવો અર્થ છે. (લે)

શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'स्वर्षिसम्मानाभावयोगात्' પાઠ છે. વૃંદાવનપ્રેસવાળી પ્રતમાં 'स्वर्षिसम्मानाभावयोगात्' પાઠ છે. આ વૃંદાવનપ્રેસવાળો પાઠ વધારે યોગ્ય જણાય છે.

૩. અનિષ્ટ કેવી રીતે થાય તે પ્રકાર કહેલ છે. 'ધાન્યથી ધન થાય' તેની પેઠે અભેદ દર્શાવવા ત્રીજી વિભક્તિ (कामोद्बोधेन) યોજેલી છે, તેથી કામ જાગ્રત થાય તે જ અનિષ્ટ થાય એવો અર્થ છે. (લે)

(તેઓએ) વસ્ત્રો પહેરી લીધાં. ગુહ્યકો પણ વસ્ત્રરહિત (નગ્ન) હતા. **નગ્નનું દર્શન પણ અમંગલ અને નિષિદ્ધ** (જે કાર્ય નહિ કરવાનું કહેલ છે તેવું) **છે, અને સ્ત્રીઓના સંગને લીધે (સંગમાં) ક્ષોભ ઉત્પન્ન કરનારૂં છે.** તેમાં પણ આ ગુહ્યકો હતા. **ગુહ્યં** છૂપાવવા યોગ્ય છે **कं** શરીર[1] જેઓનું તે ગુહ્યકો. (૬)

આમ હોવાથી તેઓને શાપ (આપવાનો નારદે) આરંભ (ઉદ્યમ) કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**तौ दृष्ट्वा मदिरामत्तौ श्रीमदान्धौ सुरात्मजौ ॥**
**तयोरनुग्रहार्थाय शापं दास्यन्निदं जगौ ॥ ७ ॥**

**તે દેવના પુત્રોને મદિરાથી મત્ત થએલા અને લક્ષ્મીથી આંધળા થએલા જોઈને તેઓના ઉપર કૃપા કરવા શાપ આપવા આ પ્રમાણે નારદે કહ્યું. ૭.**

તે દેવોના પુત્રો થઈને (હોવા છતાં) મદિરાથી મત્ત થએલા (હતા), એટલે તેઓએ આસુરનું (અસુરો કરે તેવું) કાર્ય કરેલું. વળી લક્ષ્મીના મદથી તેઓ આંધળા થએલા (હતા), એટલે મનુષ્યોમાં હોય છે તે દોષ તેઓને પ્રાપ્ત થએલ. તેથી બંને(દોષો)નું[2] ફલ મહાપુરુષની સન્નિધિ(હાજરી)માં[3] થાય છે. તેથી 'અત્યંત નિંદિત દોષોથી જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય છે' વાકય પ્રમાણે આ બંને સ્થાવરપણાંને જ યોગ્ય છે એમ વિચારી, કર્મથી જ (સ્થાવરપણું) (તેઓને પ્રાપ્ત) થશે એવો નિશ્ચય કરી, કૃપાથી પરિપૂર્ણ થઈ, તેઓના ઉપર કૃપા કરવા (તેઓને) શાપ આપવા, 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે શાપનું કારણ તેમણે કહ્યું. બાલક બીજાનો અપરાધ કરે ત્યારે પિતા શિક્ષા કરે, તે કર્મથી પ્રાપ્ત થતું અનિષ્ટ ફલ હોવા છતાં બહુ દુઃખ આપનારૂં હોતું નથી, તેથી કર્મનો અધિકારી[4] ફલ આપવાનો વિચાર કરે તે પહેલાં જ (નારદે) પોતે શાપ આપ્યો. મહાપુરુષની દૃષ્ટિથી[5] (કર્મ) જાગ્રત (ફલ આપનારૂં) થયું. [6]તેથી તેઓ વનમાં વૃક્ષો થયા નહિ. 'નર્મદાના કીનારે ઉગેલાં સરલ (તાડ ?) અને આસુંદરાનાં વૃક્ષો નર્મદાના જલના સંસ્પર્શથી પરમગતિને પામે છે' વાકય પ્રમાણે વૃક્ષોમાં આસુંદરા જાતના વૃક્ષોની

---

૧. 'कं' એટલે 'વિષયનું સુખ'. (प्र) વસ્ત્રોથી તેમનું વિષયનું સુખ ઢંકાતું નથી, પરંતુ શરીર જ ઢંકાય છે. તેથી 'कं' નો અર્થ શરીર કરેલો છે. ૨. આસુરભાવ અને મનુષ્યનો દોષ, એ બંને દોષો. (प्र) મદિરાપાન (આસુરભાવ) અને લક્ષ્મીનો મદ (માનુષ દોષ) એ બંને દોષો.

૩. મહાપુરુષમાં ભગવાન હોવાથી તેમની સન્નિધિ સર્વ ફલનું દાન કરે છે. (प्र)

૪. કર્મનો અધિકાર આપે છે તેવો કર્માધિકારી. તે ફલની ભાવના કરે એટલે ફલ ઉત્પન્ન કરી પ્રાપ્ત કરાવે તે પહેલાં. (प्र) કર્મનું ફલ આપનાર અધિકારીને 'કર્માધિકારી' કહેલ હોય તેમ જણાય છે. કર્મનું ફલ આપનાર અધિકારી તેનું ફલ આપવાનો વિચાર કરે, તે પહેલાં જ (નારદ શાપ આપે છે.)

નિંદિત કર્મોથી અધિકારી થયા હોય તેવા જીવોને સ્થાવરપણું ફલ તરીકે પ્રાપ્ત થાય છે. તેની ભાવના થાય એટલે તે ફલ ઉત્પન્ન થાય; એટલે કર્મથી તેનાં ફલની ઉત્પત્તિ થાય તે પહેલાં જ (નારદ શાપ આપે છે). (ले)

૫. 'વિધિનો સંબંધ થયા પહેલાં કર્મનું ફલ મળે નહિ' એવી શંકા થાય તેથી કહે છે કે મહાપુરુષની દૃષ્ટિથી જ કર્મનું ફલ જાગ્રત (પ્રાપ્ત) થાય છે. તેથી વિધિની જરૂર નથી એવો ભાવ છે. (ले)

૬...(પા. ૨૬૮)* આ ભાગથી કર્મના ફલથી શાપનું ફલ ઉત્તમ છે, એમ સ્પષ્ટ કરેલું છે. (प्र)

મુક્તિ પ્રસિદ્ધ છે. તેમાં પણ (તેઓ) ગાયને છાયા (છાંયડો) કરનારાં અને મહાપુરુષ નંદજીને પણ સમાચાર આપનારાં થશે. તેમને પણ ઉત્તમ ફલ થશે જ.* તેથી કર્મનું ફલ (તેઓને મળે તે) કરતાં શાપ વધારે સારો છે. (૭)

'જો (નલકૂબર અને મણિગ્રીવને) શાપ આપવામાં ન આવે તો તેઓ કોઈવાર ઉત્તમ કર્મ પણ કરે અને તેનાથી પાપનો ક્ષય થતાં કોઈ સમયે (તેઓની) મુક્તિ જ થાય, અથવા (તેઓ) સત્સંગ કરે અને તેથી તેઓને ભક્તિ પ્રાપ્ત થાય. તોપછી (નારદે) એ પ્રમાણે તેમને શાપ કેમ આપ્યો ?' એવી શંકા થાય, તેથી તેઓને સત્કર્મ અથવા સત્સંગ દુર્લભ છે, એમ દર્શાવવા તેઓમાં જે દોષ[1] હતો તેથી એ બંને (સત્કર્મ તથા સત્સંગ) થાય તેવું નથી, એવું નિરૂપણ નીચેના શ્લોકથી આરંભી બાર શ્લોકોથી કરે છે:–

**न ह्यन्यो जुषतो जोष्यान् बुद्धिभ्रंशो रजोगुणः ॥**
**श्रीमदादाभिजात्यादिर्यत्र स्त्रीद्यूतमासवः ॥ ८ ॥**

**જેમાં સ્ત્રી, દ્યૂત અને આસવ (મદ્યપાન) રહેલાં છે, તેવા લક્ષ્મીના મદ સિવાય બીજો કોઈ ઉત્તમકુલમાં જન્મનો મદ વિગેરે વિષયો ભોગવનારનો રજોગુણ બુદ્ધિનો નાશ કરનાર થતો નથી. ૮.**

**સન્માર્ગ અથવા સત્સંગ સદ્બુદ્ધિથી (પ્રાપ્ત) થાય છે. લક્ષ્મીના મદથી તો કોઈસમયે સદ્બુદ્ધિ[2] થતી નથી.** 'બીજો (કોઈ મદ) વિષયો ભોગવનાર પ્રાણીની બુદ્ધિના નાશનું કારણ[3] થતો (હોતો) નથી' શબ્દોથી તે[4] કહેલ છે. 'સત્ત્વમાંથી જ્ઞાન થાય છે'[5] વાક્ય પ્રમાણે અહિં (કહેલી) બુદ્ધિ સાત્ત્વિકી છે. તે(જ્ઞાન)નો[6] બાધ કરનાર[7] ત્રણ પ્રકાર હોય છે. (૧) વિરૂદ્ધ ગુણો.[8] (૨) આશ્રયનો નાશ કરનાર.[9] (૩) આશ્રયથી

---

૧. 'દોષ' એટલે 'લક્ષ્મીનો મદ' એવો અર્થ છે. આ દોષથી સત્સંગ અથવા સત્કર્મ થતાં નથી, એવો અર્થ અહિંથી આરંભી બાર શ્લોકોનો છે. તેમાં ધનનો મદ બુદ્ધિનો નાશ કરી સદ્બુદ્ધિ ઉત્પન્ન થવા દેતો નથી, એવો આ શ્લોકોનો અર્થ છે. આ પછીના શ્લોકોમાં તે બીજા દોષોને ઉત્પન્ન કરી તેમને લીધે સદ્બુદ્ધિ થવા દેતો નથી, એમ જણાવવામાં આવશે. (લે) [અર્થ છે. (લે)

૨. 'બુદ્ધિ' શબ્દથી 'અંતઃકરણ' જણાવેલ છે. 'સદ્બુદ્ધિ' એટલે 'જ્ઞાન ઉત્પન્ન કરનારી બુદ્ધિ' એવો

૩. મૂલશ્લોકમાં '**बुद्धिभ्रंशः**' શબ્દ છે '**बुद्धिं भ्रंशयति**' **इति बुद्धिभ्रंशः** બુદ્ધિનો નાશ કરે તે બુદ્ધિભ્રંશ એવો તેનો અર્થ છે. (લે)

૪. '**भ्रंश**' શબ્દથી 'સદ્બુદ્ધિ ઉત્પન્ન કરતો નથી' એમ કહે છે. ચિત્તમાં રહેલું જ્ઞાન ઉત્પન્ન કરે તે સદ્બુદ્ધિ. તેથી 'ચિત્ત' થયા પછી સદ્બુદ્ધિ થાય. બુદ્ધિ અસતી (અસદ્બુદ્ધિ) હોય તો એ મનરૂપ છે (ચિત્તરૂપ નથી), એટલે તેનો ભ્રંશ અથવા અધઃપાત થાય છે એવો ભાવ છે. (લે)

૫. સદ્બુદ્ધિથી જ્ઞાન થાય છે તેનું આ પ્રમાણ કહેલ છે, એટલે સત્ત્વનું કાર્ય જ્ઞાન નહિ હોવાથી કારણ સત્ત્વ પણ નથી એવું અનુમાન થાય છે એવો ભાવ છે. (લે)

૬. '**તેનો**' એટલે 'ચિત્તનો આશ્રય કરી રહેલ જ્ઞાનનો.'(લે) [નાશ કરનાર એવો અર્થ છે.(લે)

૭. '**બાધ કરનાર**' એટલે ઉત્પન્ન થવામાં પ્રતિબંધ (અડચણ) કરનાર, અને તેથી બુદ્ધિનો

૮. ગુણો એટલે જ્ઞાનના ગુણો અથવા વિષયો. **વિરૂદ્ધ** એટલે નિષિદ્ધ વિષયો ચિત્તમાં રહેતા જ્ઞાનનો પ્રતિબંધ કરનારા છે એવો અર્થ છે. વિષયભોગમાં સ્ત્રી મુખ્ય છે. તેથી શ્લોકમાં વિષયોને બદલે '**સ્ત્રી**' કહેલ છે. (લે)

૯. આશ્રયનો–(જ્ઞાનના આશ્રય) ચિત્તનો નાશ કરનાર દ્યૂત છે,

વિરૂદ્ધ બીજું (જ્ઞાન) ઉત્પન્ન કરનાર.[૧] તે ત્રણે અહિં લક્ષ્મીના મદથી થાય છે. જો કે 'જેમ ઘરામાંથી રાડું (પોલી નળી) જલને હરે છે તેમ વિષયોએ આકર્ષણ કરેલી ઇંદ્રિયોથી વિક્ષિપ્ત થએલું ધ્યાન ધરનારાઓનું મન (તેઓની) બુદ્ધિની ચેતનાને હરે છે' વાકય પ્રમાણે, **હરકોઈ વિષયનું સેવન જ બુદ્ધિનો નાશ થવાનું કારણ છે, તોપણ બહારના અને અંદરના દોષના સમૂહરૂપ લક્ષ્મીના મદથી જેવો (બુદ્ધિનો નાશ) થાય છે (તેવો બીજા કોઈથી થતો નથી).** બીજા એટલે (ધનના મદ વિના) બીજી રીતે ઉત્પન્ન થએલ વિષયના અનુભવમાં, સાધનમાં દ્વન્દ્વપણું (બે દોષો હોવાપણું) નહિ હોવાથી, તે (વિષયનો અનુભવ) તજી શકાય છે, પણ આ (લક્ષ્મીના મદથી થતો વિષયોનો અનુભવ) તો તજી શકાતો નથી, કારણ કે તેનાથી અંદરના[૨] અને બહારના[૩] દોષો ઉત્પન્ન થાય છે, એમ 'आभिजात्यादिः' શબ્દથી કહે છે.

**विद्यामदो धनमदस्तथैवाभिजनो मदः । एते मदा मदान्धानां त एव हि सतां दमाः ॥का. ९½॥**

**વિદ્યાનો મદ, ધનનો મદ, તેમજ ઉત્તમકુલમાં જન્મનો મદ. મદથી અંધ થએલાઓના આ મદો છે. સત્પુરુષોને તે જ સંયમમાં રાખનાર છે. કા.૯½.**

**આ ત્રણ મદોમાં ધનનો મદ મધ્યમ (વચમાં રહેલો) છે, અને જેમ મધ્યમાં રહેલું ઘર બળે ત્યારે તેની બંને બાજુએ રહેલાં ઘરોને પણ બાળે છે તેમ (બીજા) બંને મદોને ઉત્પન્ન કરનારો છે.** आभिजात्यस्य ઉત્તમ કુલમાં જન્મના મદનું आदिः મૂલ લક્ષ્મીનો મદ છે, અને તેના (ઉત્તમ કુલમાં જન્મના મદ) કરતાં પણ વધારે અનર્થ પ્રાપ્ત કરાવનારો છે. 'જેમાં સ્ત્રી, દ્યૂત અને આસવ રહેલાં છે' શબ્દોથી બીજા મદો કરતાં તે (વધારે) દુષ્ટ વિષયોને ઉત્પન્ન કરનારો હોવાનું કારણ કહે છે. તેનાં બીજાં પણ દૂષણો કહેશે. તેમાં જે તજી શકાય તેવા નથી એવા ત્રણ દોષો પ્રથમ કહે છે. **પ્રાણીઓને સર્વ પ્રાપ્ત કરાવનાર કાયા, વાણી અને મન છે. તેમાં સ્ત્રી કાયાનો નાશ કરનારી છે. દ્યૂત એટલે જૂઠાણું વાણીનો નાશ કરનારૂં છે. આસવ (મદ્યપાન) બુદ્ધિનો નાશ કરનાર છે.** આસવ એટલે મદિરા. **'દ્યૂત, પાન અને સ્ત્રીઓ'** (ભા. ૧.૧૭.૩૭) એમ **આ અધર્મના પાદ પણ (કહેલ) છે.** તેઓમાં પણ 'પુરુષને સ્ત્રીના સંગથી અથવા તેમના (સ્ત્રીઓના) સંગવાળાના સંગથી જેવા મોહ અને બંધ થાય છે તેવા બીજા (કોઈ) પ્રસંગથી થતા નથી' વાકય પ્રમાણે સ્ત્રીમાં અધિક (દોષ) રહેલા છે એમ જણાવવા, સ્ત્રીને (આ શ્લોકમાં)

---

દ્યૂતથી અંતઃકરણ અશુદ્ધ થતાં તેના ચિત્તપણાનો નાશ થાય છે એવો અર્થ છે. (ले)

૧. (જ્ઞાનના) આશ્રય–ચિત્તમાં યથાર્થ જ્ઞાનથી વિરૂદ્ધ બીજું જ્ઞાન ઉત્પન્ન કરનાર આસવ છે. દારૂથી મદ થતાં, (સત્ય જ્ઞાન થતું નથી પણ) બીજું જ ભાસે છે એવો અર્થ છે. આ પ્રમાણે લક્ષ્મીના મદથી ત્રણ પ્રકારનાં બાધક ઉત્પન્ન થતાં, જ્ઞાન ઉત્પન્ન કરે તેવી સદ્‌બુદ્ધિ થતી નથી પણ તેનો અધોપાત થાય છે. તેથી સદ્‌બુદ્ધિ નહિ થવાથી સન્માર્ગ (સત્કર્મ) અને સત્સંગ થતાં નથી એવો ભાવ છે. મન બુદ્ધિ અને ચિત્ત એવો ક્રમ છે એ ત્રણેમાં અહંકાર રહેલ છે. એ પ્રમાણે ચાર (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) અંતઃકરણ થાય છે એમ જાણવું. (ले) ૨. **અંદરનો દોષ** એટલે વિદ્યાનો મદ. (ले)

૩. **બહારનો દોષ** એટલે ઊંચા કુલમાં જન્મનો મદ. (ले)

પ્રથમ કહેલી છે. લક્ષ્મીનો મદ હોય ત્યાં આ દોષો હોય છે જ (થાય છે જ). ધનના મદથી કરેલી સ્ત્રીઓ અસત્ય જ હોય છે.[1] (૮)

(લક્ષ્મીના મદના) બીજા દોષો[2] નીચેના શ્લોકમાં કહે છેઃ-

**हन्यन्ते पशवो यत्र निर्दयैरजितात्मभिः ॥**

**मन्यमानैरिदं देहमजरामृत्यु नश्वरम् ॥ ९ ॥**

**જે(લક્ષ્મીના મદ)માં આ નાશવંત દેહને જરારહિત અને મૃત્યુરહિત માનનારા નિર્દય અને અજિતેંદ્રિય(પુરુષો)થી પશુઓ હણાય છે. ૯.**

જેમાં એટલે જે લક્ષ્મીના મદથી દરરોજ ભક્ષણ માટે પશુઓ હણાય છે. 'નિર્દય' પદથી એમ સૂચવેલું છે કે બાલપશુઓને અને અપકવ (બાંધાના) પશુઓને પણ તેઓનું માંસ કોમલ હોવાથી હણવામાં આવે છે. વળી 'ઘણા મદવાળો જે ઈંદ્રિયોની પ્રીતિ ઉત્પન્ન કરી આનંદ આપે છે તેવું દુષ્ટ કર્મ કરે છે' વાકયમાં નિરૂપણ કરેલું છે તેમ, અજિતેંદ્રિય પુરુષો બધાંય પાપો કરે છે.

'પોતાના ઇચ્છેલા પદાર્થના સાધનનું જેઓને જ્ઞાન છે તેવા[3] તેઓ પોતાના અનિષ્ટ(અનિષ્ટ ફલ આપે તેવાં કર્મ)માં કેમ પ્રવૃત્ત થાય છે?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. પહેલાં કહ્યું તેવા પ્રકારથી વિષયોનો ભોગ સ્વભાવથી સુખ આપનાર હોય છે, અને અંતે પરલોકમાં દુઃખનું કારણ થાય છે. એ પરલોક તો આ દેહનો નાશ થયા પછી (પ્રાપ્ત થાય છે).તેઓ ધનના મદને લીધે વસ્તુના તત્ત્વને જાણતા નથી. તેથી આ[4] શરીર નાશવંત (હોવા) છતાં તેને 'અજરામૃત્યુ'[4] એટલે જરા (ઘડપણ) રહિત તથા મૃત્યુરહિત માને છે.(૯)

'દેવો જરારહિત અને મૃત્યુરહિત છે એ સત્ય જ છે' એવી શંકા થાય, તેથી શ્લો.૧૦ કહે છેઃ-

**देवसंज्ञितमप्यन्ते कृमिविड्भस्मसंज्ञितम् ॥**

**भूतध्रुक् तत्कृते स्वार्थं किं वेद निरयो यतः ॥ १० ॥**

**'દેવ' કહેવાતો (દેહ) પણ અંતે કીડા, વિષ્ટા અથવા ભસ્મ કહેવાય છે. તેને માટે પ્રાણીઓનો દ્રોહ કરનાર શું સ્વાર્થને જાણે છે? જે(પ્રાણીઓના દ્રોહ)થી નરક (પ્રાપ્ત થાય છે). ૧૦.**

જેમ 'અજા' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ 'બકરી' થતો નથી, પરંતુ કોઈ સમયે બ્રહ્મ તે (બકરીના) રૂપથી સોમ લેવા ગએલ તેથી[5] (તેનો અર્થ બકરી થાય છે),

---

૧. 'સ્ત્રી જો દુષ્ટ જ હોય તો વિવાહ વિગેરે કેમ કરવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ધર્મનું આચરણ કરવા સ્ત્રી સાથે વિવાહ વિગેરે કરવામાં આવે છે, પણ ધનના મદથી કરેલી સ્ત્રીઓ તો સદા દુષ્ટ જ હોય છે (તેમનાથી ધર્મનું આચરણ થઈ શકે નહિ). (प्र)

૨. 'અજિતેંદ્રિય પુરુષો સર્વ પાપો કરે છે' એવું વ્યાખ્યાન થવાનું હોવાથી, અહિં 'દોષો' એમ બહુવચન યોજેલ છે. (ले)

૩. 'આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે' એવો વિવેક તેઓને હોય છે તેઓ ગાંડા હોતા નથી. છતાં (તેઓ કેમ એમ કરે છે?) એવો ભાવ છે. (ले)

૪...૪ 'इदं' 'अजरामृत्यु' શબ્દો નપુંસક છે તે 'देह'નાં વિશેષણો છે. 'देह' શબ્દ નપુંસકલિંગનો પણ છે. (प्र)

૫. જેમ 'અજા' શબ્દનો સારૂપ્યતા સંબંધથી 'બકરી' અર્થ થાય છે તેમ 'દેવ' વિગેરે શબ્દનો

તેવી રીતે (દેવો) અમર અને નિર્જર પણ કહેવાય છે. (કારણ કે) મનુષ્યોને જેટલા સમયે ઘડપણ અથવા મૃત્યુ આવે છે તેટલા સમયે તેઓને તે આવતાં નથી. જેમ 'સૂતો નથી' (એટલે) પાછળથી સૂનાર અને વહેલો ઉઠનાર હોય તેને '(આ) સૂતો નથી' એમ કહે છે, (તેમ દેવોને નિર્જર અને અમર કહે છે). અથવા અધિકારીઓ તેવા હોવાથી[1] (દેવોને નિર્જર અને અમર કહે છે). વાસ્તવિક રીતે તો 'દેવ' કહેવાતો હોય તે પણ 'દેહ' હોવાથી અંતવાળો જ છે, તેથી અંતે તે 'કીડા, વિષ્ટા અથવા ભસ્મ' જ કહેવાય છે. દેહનો ત્રણ પ્રકારે ઉપયોગ (પરિણામ) થાય છે. (૧) બાળવામાં આવે છે, (૨) ખાવામાં આવે છે અથવા (૩) સડે છે. સડે ત્યારે તેના કીડાઓ થાય છે, ખાવામાં આવે ત્યારે તેમાંથી (તેની) વિષ્ટા થાય છે, અને બાળવામાં આવે ત્યારે (તેની) ભસ્મ થાય છે. પહેલાં જે 'દેવ' કહેવાતો હતો તે પણ અંતે કીડા, વિષ્ટા અથવા ભસ્મ કહેવાય છે. આમ હોવાથી જે તેવા દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરે છે તે શું સ્વાર્થ જાણે છે? નથી જ જાણતો, કારણ કે **પ્રાણીઓનો દ્રોહ કરવાથી નરકમાં પડાય છે.**

વિશેષ રીતે હિંસા કહેલી છે એટલે **લક્ષ્મીનો મદ હોય ત્યાં હિંસા સદા હોય છે જ.** તેથી જેની વાત ચાલે છે તે (નલકૂબર અને મણિગ્રીવના) વિષયમાં પણ તે (હિંસા) હોવાથી હિંસાની નિંદા કરેલી છે.[2] આ દૃષ્ટાંતથી[3] એમ કહેલું છે કે **સ્ત્રીઓનું સેવન કરનારાઓ પણ સ્વાર્થ જાણતા નથી.** તેથી સ્વાર્થનું જ્ઞાન નહિ હોવાથી (અને) ધર્મ તથા સત્સંગ પણ નહિ હોવાથી શાપ (આપવો) યોગ્ય જ છે એવો ભાવ છે. આથી એવો ભાવાર્થ કહેલો છે કે **દેહમાટે (દેહના સુખમાટે) પ્રયત્ન કરવો નહિ.** (૧૦)

બીજું શાસ્ત્ર (અર્થશાસ્ત્ર) તેનો (દેહમાટે પ્રયત્ન ન કરવો એ સિદ્ધાન્તનો) વિરોધ કરે છે. 'સ્ત્રીઓથી તથા ધનથી પણ દેહની સદા રક્ષા કરવી' 'તેથી હે રાજા! આ(દેહ)નો વધ એ સર્વ અર્થોનો વધ કહેવાય છે' વિગેરે વાક્યોથી (દેહની) રક્ષા અવશ્ય કરવી જોઈએ એમ તે કહે છે. આ સંબંધમાં નીચેનો શ્લોક કહે છે:–

---

સારૂપ્યના અથવા પ્રશંસાના સંબંધથી પ્રયોગ થાય છે. તેનાં બે કારણો નીચે 'મનુષ્ય' તથા 'નહિ સુનાર'ના દૃષ્ટાંતથી આપેલાં છે. (પ્ર) 'અજ' એટલે જન્મરહિત. બ્રહ્મ અજ છે. બકરાં 'અજ' નથી. છતાં બ્રહ્મ બકરાંના રૂપથી સોમ લેવા ગયું એટલે બકરાં સારૂપ્ય(એક સરખું રૂપ)ના સંબંધથી 'અજ' કહેવાવા લાગ્યાં. તેમ દેવો પણ જરારહિત અથવા મૃત્યુરહિત નથી, છતાં નીચે આપેલ 'મનુષ્ય' 'નહિ સુનાર'ના દૃષ્ટાંત પ્રમાણે નિર્જર અને અમર કહેવાય છે.

૧. અધિકારવાળા દેવો તેવા (નિર્જર તથા અમર છે), તેથી આ (નલકૂબર અને મણિગ્રીવ) પણ દેવો હોવાથી તેમનામાં ગણાય, તેથી 'છત્રીવાળાઓ જાય છે' તેની પેઠે તેમને પણ તેવા કહેલ છે એવો ભાવ છે. (પ્ર)

૨. 'લક્ષ્મીના મદની નિંદા કરવાની છે, છતાં હિંસાની નિંદા કરવાનું શું પ્રયોજન? એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૩. **આ દૃષ્ટાંતથી** એટલે 'દેહનું સેવન કરવાના દૃષ્ટાંતથી' એવો અર્થ છે. (પ્ર)

જેમ દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનારને સ્વાર્થનું જ્ઞાન નથી, તેમ સ્ત્રીઓનું સેવન કરનારાઓ પણ દેહને માટે સ્ત્રીઓનું સેવન કરતા હોવાથી, તેઓ પણ સ્વાર્થ જાણતા નથી. 'પેઠે' વિગેરે શબ્દો નથી, છતાં બિંબ જેવું પ્રતિબિંબ હોય એ ન્યાયથી, ઉપર પ્રમાણે અર્થ જણાવેલ છે એવો અર્થ છે. (લે)

**देहः किमन्नदातुः स्वं निषेक्तुर्मातुरेव वा ॥**
**मातुःपितुर्वा बलिनः क्रेतुरग्नेः शुनोऽपि वा ॥ ११ ॥**

**દેહ શું અન્ન આપનારની મિલ્કત છે કે નિષેક કરનારની અથવા માતાની? અથવા માતાના પિતાની, કે બલવાનની, કે ખરીદ કરનારની? અથવા અગ્નિની કે કૂતરાંની? ૧૧.**

દેહના સંબંધમાં (તેની) રક્ષા માટે પ્રયત્ન (કરવાનાં) જે વચનો (કહેલાં છે) તે અવિચારથી (વિચાર કરેલ નહિ હોવાથી) (કહેલાં છે).[1] વિચાર (કરવામાં આવે) તો તેની રક્ષા કરવી જોઈએ નહિ એમ (જણાવવા), (અર્થશાસ્ત્રનાં વચનોમાં) સંદેહ ઉત્પન્ન કરનારા પક્ષો (દલીલ) કહે છે.

દેહ કયા સંબંધથી (પોતાનો) સંબંધી થાય છે, એનો વિચાર કરવો જોઈએ. તે આત્મા નથી, કારણ કે થોડા જ વિવેકથી તે આત્માથી જૂદો છે, એમ જાણવામાં આવશે. તે આત્માનો (પોતાનો) તો છે. તે (તેનું) પોતાપણું (પોતાનો હોવાપણું) કયા કારણને લીધે છે? (કારણ કે) એક જ શરીરમાં ઘણાની પોતાપણાની બુદ્ધિ હોય છે.

શરીરની ઉત્પત્તિ બે પ્રકારની છે. (૧) આરંભની અને (૨) દરરોજ થતી.[2] જો દરરોજ (ઉત્પત્તિ થતી હોય તો) 'દેહ અન્ન આપનારનો થાય છે (ગણાય), કારણ કે દેહ અન્નમય[3] છે. જો આરંભની હોય (આરંભની ઉત્પત્તિ ગણીએ) તો, (દેહ) નિષેક કરનાર પિતાનો ગણાય. લોકમાં જણાય છે તેવી ઉત્પત્તિને ઉત્પત્તિ ગણીએ તો, (દેહ) માતાનો ગણાય. (દેહને) પરલોકનું સાધન ગણીએ તો (તે) માતાના પિતાનો ગણાય; કારણ કે પુત્રિકાપુત્ર[4] કરવામાં આવે છે, તેમાં શાસ્ત્રાર્થ પ્રમાણે એમજ હોય છે. આ (દેહના) સ્વરૂપની સ્થિતિ (કહી).

'ખરીદ કરનારની કે બલવાનની' શબ્દોથી (દેહની) વૈષયિક[5] (સંસારના સુખના સંબંધવાળી) સ્થિતિ કહે છે. જે (દેહને) ખરીદ કરે છે (તેનો); અથવા જે બાંધીને લઈ જાય છે તેનો (દેહ) છે? જો છેવટનો (દેહના અંતનો) વિચાર કરીએ તો (દેહ) અગ્નિનો છે, અથવા કૂતરાંનો છે? જો તેમાં કીડાઓ પડે[6] તો તેમાં કોઈની માલિકી હોતી નથી. (૧૧)

---

૧. દેહની રક્ષા કરવાનાં જે વાક્યો કહ્યાં તે અવિચારથી કહેલાં છે. ધર્મ અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં દેહ ઉપયોગી હોવાથી જ, વધારે વિચાર કર્યા વિના એ વાક્યો કહેલાં છે, તેથી તેમના વિરોધથી દોષ થતો નથી એવો અર્થ છે. (प्र)

૨. નિત્ય પ્રલય થાય છે એ પક્ષ પ્રમાણે ઉત્પત્તિ દરરોજ થાય છે, તેથી એમ કહેલ છે. (લે)

૩. 'તે આ પુરુષ અન્નના રસમય છે' શ્રુતિ પ્રમાણે દેહ અન્નમય છે. (प्र)

૪. (જેને પુત્ર ન હોય અને પુત્રી જ હોય તે પોતાની પુત્રીના કન્યાદાન સમયે એવો સંકલ્પ કરે છે કે આ પુત્રીમાં જે પ્રથમ પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર થશે. પછી તે પુત્રીનો પ્રથમ પુત્ર જે પિંડદાન કરે તે તેની માતાના પિતાને પ્રાપ્ત થાય છે. આ પુત્રને 'પુત્રિકાપુત્ર' કહે છે.) આ પુત્રિકાપુત્ર પોતાની માતાના પિતાનો (પિંડદાનથી) ઉદ્ધાર કરે છે. (प्र)

૫. ખરીદ કરનાર અથવા બાંધીને લઈ જનાર તે દેહને પોતાનો માનીને તેના વિષયો એટલે તેને ટકાવી રાખનાર પદાર્થો અન્ન વસ્ત્ર વિગેરે તેને આપે છે, એવો અર્થ છે. (લે)

૬. આ પણ છેવટનો જ વિચાર છે એમ જાણવું. (प्र)

'(દેહ એ બધામાંથી ગમે તેનો હોય) તેથી શું?' એવી શંકા થાય, તેથી શ્લો.૧૨ કહે છેઃ-

**एवं साधारणं देहमव्यक्तप्रभवाप्ययम् ॥**
**को विद्वानात्मसात्कृत्वा हन्ति जन्तूनृतेऽसतः ॥ १२ ॥**

**દુષ્ટ (પુરુષ) સિવાય કયો વિદ્વાન એ પ્રમાણે સાધારણ અને જેનું ઉત્પત્તિનું સ્થાન તથા લયનું સ્થાન અવ્યક્ત છે તેવા દેહને પોતાનો કરી પ્રાણીઓને હણે?**

એવી રીતે સર્વના સાધારણ (સર્વ જેને પોતાનો માને છે તેવા) દેહને પોતાનો કરી કોણ પ્રાણીઓને હણે? એવો (વાકયનો) સંબંધ છે. તેમાં પણ (કયો) વિદ્વાન (એમ કરે)?, કારણ કે આ દેહ સાધારણ (સર્વ જેને પોતાનો માને છે તેવો) છે. ખરી રીતે તો આ દેહ પહેલાં જે (તેના માલિક તરીકે) કહ્યા તે પૈકી કોઈનો પણ હોવાનું યોગ્ય (સંભવતું) નથી; કારણ કે અવ્યક્ત (પ્રકૃતિ) જ તેનો પ્રભવ એટલે ઉત્પત્તિનું સ્થાન છે અને અપ્યય એટલે લયનું સ્થાન છે.

'એવા[1] (પ્રાણીઓનો) ઘાત કરનારાઓ પણ ઘણા દેખાય છે (મળી આવે છે)' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ સિવાય' શબ્દ યોજેલ છે. જે 'સત્' શબ્દથી ઓળખાય છે તેવા દેવો અને સત્પુરુષો પણ (હોય છે). તેઓ એવા પ્રકારના[2] હોતા નથી એવો અર્થ છે. (૧૨)

'ત્યારે શું કરવું જોઈએ?' એવી આકાંક્ષા (જાણવાની ઇચ્છા) થાય, તેથી શ્લો.૧૩ કહે છેઃ-

**असतः श्रीमदान्धस्य दारिद्र्यं परमाञ्जनम् ॥**
**आत्मौपम्येन भूतानि दरिद्रः परमीक्षते ॥ १३ ॥**

**દુષ્ટ, લક્ષ્મીના મદથી અંધ બનેલાનું મોટું અંજન દારિદ્ર્ય છે, માત્ર દરિદ્ર જ પોતાની સાથે સરખામણીથી પ્રાણીઓને જૂએ છે. ૧૩.**

'લક્ષ્મીના મદથી અંધ બનેલ' એ દુષ્ટનું લક્ષણ છે. તે (દુષ્ટ) લક્ષ્મીના મદથી અંધ બનેલ હોય છે. જેમ ભગવાન **'જેના ઉપર કૃપા (કરવા) ઇચ્છું છું તેનું ધન ધીરે ધીરે હરી લઉં છું'** (૧૦-૮૫-૮) એમ કહે છે, તેવું જ નારદ પણ (અહિં) કહે છે. જેમ કાચ (આંખનો 'તિમિર' નામનો રોગ), કામલ વિગેરેથી આંધળા થએલને અંજન (આંજણ) આપવાથી તેની દૃષ્ટિ આવે છે, પરંતુ સ્વભાવથી જ આંધળો હોય તેને (અંજન આપવાથી દૃષ્ટિ) આવતી નથી; (તેમ) આ લક્ષ્મીના મદથી અંધ થએલ છે. જેનાથી (તેની) લક્ષ્મી જતી રહે તે જ (તેનું) અંજન થાય છે. તેવું દારિદ્ર્ય (ગરીબાઈ) જ છે. દારિદ્ર્ય એટલે ખરાબ અદૃષ્ટ સાથે લક્ષ્મીનો અભાવ. બીજાં વ્યાધિઓ વિગેરે અંજનો પણ છે, પરંતુ દારિદ્ર્ય એ મોટું (સર્વથી ઊંચું) અંજન છે. **દારિદ્ર્ય માત્ર દોષ મટાડનારૂં જ નથી, પરંતુ ગુણ પણ** ઉત્પન્ન કરનારૂં છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. आत्मा આત્માની (પોતાની) સાથે उपमानं સરખામણી यत्र જેમાં કરવામાં આવે છે તેવું જ્ઞાન आत्मौपम्य[3] છે.

૧. **'એવા'** એટલે 'વિદ્વાનો.' (प्र) ૨. **'એવા પ્રકારના'** એટલે 'યજ્ઞ વિના પણ (પશુઓને) હણનારા'. (प्र)

૩. અહિં 'आत्मौपम्य' શબ્દનો અર્થ કહેલ છે, પણ સમાસ છોડેલો નથી. 'आत्मनः औपम्यं यत्र' 'પોતાની સાથે સરખામણી છે જેમાં તે' એમ સમાસ છોડાય છે. તેવા (એટલે પોતાની સાથે સરખામણી જેમાં કરવામાં આવે છે તેવા) જ્ઞાનથી દરિદ્ર જૂએ છે, એમ 'आत्मौपम्येन' શબ્દ જ્ઞાનનો

જેવો પોતાને સુખ અને દુઃખનો અનુભવ થાય છે તેવો સર્વને થાય એવું અનુસંધાન (ધ્યાનમાં રાખવું. તે आत्मौपम्यं, અથવા પોતાની સાથે સરખામણી). જેમ પોતાના સુખ માટે પ્રયત્ન કરે છે, અને પોતાનું દુઃખ મટાડવા પ્રયત્ન કરે છે, પરંતુ દુઃખ થાય તે માટે પ્રયત્ન કરતા નથી, તેમ (દરિદ્ર) સર્વના સુખ માટે અને દુઃખ મટાડવા માટે પ્રયત્ન કરે છે એવો અર્થ છે. (૧૩)

**દરિદ્ર જ પોતાની સાથે સરખામણીથી પ્રાણીઓને જૂએ છે બીજો તેવી રીતે જોતો નથી,** એ અર્થનું દૃષ્ટાંત નીચેના શ્લોકમાં આપે છેઃ-

**यथा कण्टकविद्धाङ्गो जन्तोर्नेच्छति तां व्यथाम् ॥**
**जीवसाम्यं गतो लिङ्गैर्न तथाऽविद्धकण्टकः ॥ १४ ॥**

**જેમ કાંટાથી વીંધાએલ અંગવાળો પ્રાણીને તે પીડા (થાય એમ) ઇચ્છતો નથી (અને) ચિહ્નોથી જીવોની સમાનતાને જાણે છે, તેમ કાંટાથી નહિ વીંધાએલ (જીવોની સમાનતાને) જાણતો નથી. ૧૪.**

દારિદ્ર્ય સર્વ દુઃખોનું કારણ છે. ગરીબ થએલ હોય તે બધાંય દુઃખો અનુભવે છે, પરંતુ ગરીબ ન હોય તે અનુભવતો નથી, કારણ કે (તે દુઃખના) ઘણા ઉપાયો (કરી શકે છે). કાંટાથી વીંધાએલ અંગવાળો પોતાના અનુભવથી જ બીજાને કાંટાની પીડા (થાય એમ) ઇચ્છતો નથી, અને થઈ હોય તે પણ મટાડે છે; (કારણ કે) ચિહ્નોથી એટલે બીજાનું દુઃખ જણાવનાર પોતાના અનુભવોથી, તે જીવોની સમાનતાને એટલે સર્વ જીવો સમાન છે એમ જાણે છે. તે પ્રમાણે કાંટાથી નહિ વીંધાએલ (સર્વ જીવોના) સમાનપણાને જાણતો નથી. (૧૪)

'તોપણ દારિદ્ર્ય દુઃખરૂપ છે, (અને) તેનું ફલ ઉત્તમ હોય તોપણ તે સ્વરૂપથી અનિષ્ટ છે. તેથી તેની સ્તુતિ કેમ કરવામાં આવે છે?' એવી શંકા થાય, તેથી શ્લો.૧૫ કહે છેઃ-

**दरिद्रो निरहंस्तम्भो मुक्तः सर्वमदैरिह ॥**
**कृच्छ्रं यदृच्छयाप्नोति तद्धि तस्य परं तपः ॥ १५ ॥**

**દરિદ્ર અહંકારરૂપી સ્તંભ વિનાનો અને અહિં સર્વ મદોથી મુક્ત હોય છે. અકસ્માત જ તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તે તેનું મોટું તપ છે. ૧૫.**

**દારિદ્ર્ય મોક્ષ પ્રાપ્ત કરાવનારૂં છે, તેથી સ્વરૂપથી** દુઃખરૂપ **હોવા છતાં તપની પેઠે ઇચ્છવાયોગ્ય જ છે.** તે કેવી રીતે મોક્ષ પ્રાપ્ત કરાવે છે તે કહે છે. પહેલાં તો **દરિદ્ર અહંકારરૂપી સ્તંભ વિનાનો છે.** અહં(અહંકાર)રૂપ સ્તંભ નીકળી ગયો છે જેમાંથી તેવો (દરિદ્ર છે). **અહંકાર ન હોવો એ મોક્ષ(પ્રાપ્ત થવા)નું કારણ* છે. 'अहं'** શબ્દ આત્માને માટે યોજાએલ નથી (પરંતુ અહંભાવ અથવા અહંકાર માટે યોજાએલો છે) એમ જણાવવા **'स्तम्भ'** પદ યોજેલ છે. **અહંકારરૂપ સ્તંભથી જ અજ્ઞાનરૂપી ઘર સારી રીતે સ્થિર રહે છે.** વળી (દરિદ્ર) સર્વ મદોથી પણ

પ્રકાર દર્શાવવા ત્રીજી વિભક્તિમાં યોજેલ છે. (લે)

* શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં **'करणम्'** પાઠ છે. વૃંદાવનપ્રેસવાળા ગ્રંથમાં **'कारणम्'** પાઠ છે તે લીધો છે.

મુક્ત હોય છે, અને અકસ્માતથી જ દુઃખ અથવા ઘણી પીડા પામે છે.

'(તે ઘણી પીડા પામતો હોય) તેથી શું?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તે તેનું મોટું તપ છે.' જે તપ દુઃખથી[1] કરવું જોઈએ તે તેને સ્વભાવથી જ (પોતાની મેળે) પ્રાપ્ત થાય છે. (તપનું) વિહિતપણું[2] તો જરૂરી નથી. (૧૫)

જેમ સાંખ્યમત પ્રમાણે[3] અહંકારનો અભાવ મોક્ષના સાધન તરીકે પ્રસિદ્ધ છે તેમ યોગશાસ્ત્ર પ્રમાણે ઇંદ્રિયોનો જય મોક્ષના સાધન તરીકે પ્રસિદ્ધ છે, (અને) **દારિદ્ર્યમાં ઇંદ્રિયોનો જય સ્વભાવથી જ (પ્રાપ્ત) થાય છે,** એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**नित्यं क्षुत्क्षामदेहस्य दरिद्रस्यान्नकांक्षिणः ॥**
**इन्द्रियाण्याशु शुष्यन्ति हिंसापि विनिवर्तते ॥ १६ ॥**

**સદા ભૂખથી ક્ષીણ થએલ દેહવાળા અને અન્નની ઇચ્છાવાળા દરિદ્રની ઇંદ્રિયો તરત જ શોષાઈ જાય છે, અને હિંસા પણ અટકે છે. ૧૬.**

સદા ભૂખથી ક્ષીણ થએલ દેહવાળા અને અન્નની ઇચ્છા રાખનારની ઇંદ્રિયો, 'આહાર નહિ કરનાર પુરુષના વિષયો ઘટે છે' (ભગવદ્ગીતા ૨. ૫૯) વાક્ય પ્રમાણે તરત જ શોષાઈ જાય છે, તેનું કારણ 'દરિદ્ર' શબ્દથી કહેલું છે. ઇંદ્રિયોમાં (હિંસા કરવાની) શક્તિ નહિ હોવાથી જ હિંસા અટકે છે. જ્ઞાનેંદ્રિયમાં શક્તિ નહિ હોવાથી, તે (જ્ઞાનેંદ્રિય) જેનું મૂળ છે, તેવી તૃષ્ણા[4] (લોભ) પણ અટકે છે; અને વિષયોના અભાવને લીધે (પ્રાપ્ત થતા નહિ હોવાથી) પણ (તૃષ્ણા અટકે છે). (૧૬)

(વિષયોના અભાવને લીધે તૃષ્ણા અટકે છતાં વિષયો પ્રાપ્ત કરવાના) મનોરથરૂપ તૃષ્ણા તો બાકી રહે. તે પણ મટી જાય છે, એમ નીચેના શ્લોકથી કહે છેઃ–

**दरिद्रस्यैव युज्यन्ते साधवः समदर्शिनः ॥**
**सद्भिः क्षिणोति सन्तर्षं तत आराद्विशुध्यति ॥ १७ ॥**

**દરિદ્રને જ (સર્વને) સમાન જોનાર સાધુઓનો સમાગમ થાય છે. (તે) સાધુઓથી સારી તૃષ્ણાનો (પણ) ક્ષય કરે છે (અને) પછી તરત જ વિશુદ્ધ થાય છે. ૧૭.**

૧. ભગવાને ભગવદ્ગીતા ૧૭-૧૪માં કહેલું તપ અથવા ભગવાનનું ચિંતન ઇંદ્રિયોનો નિગ્રહ કરી ઘણા કષ્ટથી કરવું જોઈએ, તે દરિદ્રને સ્વભાવથી જ એટલે પ્રયત્નવિના જ પ્રાપ્ત થાય છે એવો અર્થ છે. (प्र)

૨. 'તપ વિહિત (વેદમાં તપ કરવાની આજ્ઞા હોવાથી) કરવું જોઈએ, તેથી એ પ્રમાણે નહિ કરતાં એની મેળે થએલ તપથી શો લાભ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વેદની આજ્ઞાથી દરિદ્રે તપ કરેલ નહિ હોવા છતાં તેને તેણે કરેલ તપથી અહંકારનો અભાવ વિગેરે સારૂં ફલ પ્રાપ્ત થાય છે જ. તેથી 'હરકોઈ ઉપાયથી **શ્રીકૃષ્ણમાં મન પરોવવું**' એ ન્યાય પ્રમાણે ફલ પ્રાપ્ત કરવાનું કામ છે, પણ 'એ કામ કરવાની વેદમાં આજ્ઞા છે તેથી કરેલ છે કે તે વિના' એની જરૂર નથી, એવો ભાવ છે. (प्र)

૩. સાંખ્યમત પ્રમાણે અહંકારનો અભાવ મોક્ષનું કારણ હોવાથી, ગયા શ્લોક(૧૫)માં દરિદ્રને અહંકારનો અભાવ પ્રાપ્ત થાય છે એમ કહેલ છે. (આ શ્લોકમાં યોગ પ્રમાણે મોક્ષનું કારણ ઇંદ્રિયોનો જય છે તે તેને પ્રાપ્ત થાય છે એમ કહે છે.) (ले)

૪. 'तद्धेतुभूता तृष्णा' એટલે 'ભોગના કારણરૂપ ભૂખ' એવો અર્થ છે. (ले) દરિદ્રને અન્નની આકાંક્ષા રહે છે, એમ શ્લોકમાં કહેલ હોવાથી આ અર્થ યોગ્ય લાગતો નથી. વળી 'तद्धेतुभूता' શબ્દમાં तद् છે તેનો અર્થ જ્ઞાનેંદ્રિય અથવા જ્ઞાનેંદ્રિયની શક્તિ લેવાય. તેનો અર્થ 'ભોગ' કેવી રીતે લેવો તે પણ સમજાતું નહિ હોવાથી જૂદી રીતે અર્થ કરેલ છે.

**સાધુઓના સંગથી તૃષ્ણા મટી જાય છે**, કારણ કે તેઓ ભગવાનથી પ્રેરાઈ લોકોના ઉદ્ધાર માટે ચારે તરફ ફરે છે. દરિદ્રનું ઘર ખુલ્લું* હોવાથી તેઓ ત્યાં જ જાય છે. 'સાધુઓ અને (સર્વને) સમાન જોનાર' પદોથી તેઓ (વેદના) બંને (પૂર્વ અને ઉત્તર) કાંડમાં પ્રવીણ છે એમ કહેલું છે. તેમાં પણ[1] વિશ્વાસ આવે તે માટે સદાચાર જ મુખ્ય છે,[1] એમ 'સાધુઓથી સારી તૃષ્ણાનો (પણ) ક્ષય કરે છે' એ શબ્દોથી કહે છે. '**सन्तर्षः**' એટલે સારી પણ તૃષ્ણા. એટલે ધર્મ કરવા માટે અથવા યાત્રા કરવા માટે પણ ધનની આકાંક્ષા (ઇચ્છા). પછી (તૃષ્ણાનો ક્ષય કર્યા પછી) તરત જ (મોક્ષ) સિદ્ધ× થાય છે. (૧૭)

'જયાં ખાવાનું વિગેરે ન હોય તેવા દરિદ્રને ઘેર સંતો (સાધુઓ) પણ શામાટે જાય?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલ છેઃ-

**साधूनां समचित्तानां मुकुन्दचरणैषिणाम् ॥**
**उपेक्ष्यैः किं धनस्तम्भैरसद्भिरसदाश्रयैः ॥ १८ ॥**

**સમચિત્તવાળા અને મુકુંદના ચરણોની ઇચ્છાવાળા સાધુઓને દરકાર નહિ કરવા યોગ્ય, દુષ્ટ ને દુષ્ટોના આશ્રયવાળા ધનના થાંભલાવાળાઓનું શું કામ? ૧૮.**

**સંતો અને ધનવાનોના ધર્મો પરસ્પર વિરૂદ્ધ છે, કારણ કે તે સાધુઓ સદાચારવાળા છે અને તે (ધનવાનો) અસંતો એટલે દુષ્ટ આચારવાળા છે. સાધુઓ સમચિત્તવાળા છે, પણ તેઓ (ધનવાનો) વિષમ ચિત્તવાળા હોઈ દરકાર કરવા યોગ્ય નથી, કારણ કે વિષમ ચિત્તવાળાઓ[2] સમચિત્તવાળાઓથી દરકાર કરવા યોગ્ય નથી જ. સાધુઓ મુકુંદના ચરણની ઇચ્છાવાળા હોઈ, મોક્ષ આપનારના ચરણની શોધમાં તત્પર હોય છે, (અને) બીજાઓ(ધનવાનો)નો આશ્રય દુષ્ટ હોય છે, કારણ કે ધન દુષ્ટો પાસે જ રહે છે, અને તેઓ (ધનવાનો) તેને (ધનને) માટે તેઓના ચરણને શોધનારા હોઈ, તેનો (દુષ્ટ ધનવાળાનો) જ**

---

* શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'तेनावृतत्वाद्' પાઠ છે. વૃન્દાવનપ્રેસવાળી પ્રતમાં 'ते हि अनावृतत्वाद्' પાઠ છે, અને આ પાઠ પ્રમાણે અર્થ કરેલ છે.

૧. '**તેમાં પણ**' એટલે ગરીબોમાં પણ સાધુઓને વિશ્વાસ આવે તે માટે સદાચાર જ મુખ્ય છે, એટલે સદાચાર (ગરીબોનો) જોઈને જ સાધુઓ તેમને ઘેર જાય છે એવો અર્થ છે. (प्र) 'तत्र' શબ્દ સાધુના પાછલ બે ગુણો કહ્યા તેની સાથે સંબંધ ધરાવે છે. (૧) સાધુ એટલે સદાચારવાળા, સત્કર્મ કરનારા, વેદના પૂર્વકાંડમાં પ્રવીણ. (૨) સર્વને સમાન જોનાર એટલે જ્ઞાનવાળા. વેદના ઉત્તરકાંડમાં પ્રવીણ. આ બે ગુણોમાં પણ દરિદ્રોને તેમના ઉપદેશમાં વિશ્વાસ આવે તે માટે તેમનો સદાચાર મુખ્ય છે એવો અર્થ જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

×. 'विशुध्यति' પાઠ શ્લોકમાં છે. 'आराद्धि सिद्ध्यति' એવો પાઠ વૃંદાવનપ્રેસવાળા ગ્રંથ પ્રમાણે વિજયધ્વજતીર્થે લીધેલ છે. શ્રીસુબોધિનીમાં પણ અંતે 'शीघ्रमेव सिध्यति' હોવાથી શ્રીમદાચાર્યચરણને પણ વિજયધ્વજતીર્થવાળો પાઠ જ ઇષ્ટ હશે એમ જણાય છે.

૨. શ્લોકમાં ધનવાનો વિષમ ચિત્તવાળા છે એમ કહેલ નથી, છતાં તેઓ 'દરકાર નહિ કરવા યોગ્ય' છે એમ કહેલ છે. તેથી એ શબ્દથી એવો અર્થ નીકળે છે કે તેઓ વિષમ ચિત્તવાળા છે. સાધુઓને સમચિત્તવાળા કહ્યા અને ધનવાનો તેઓએ 'દરકાર નહિ કરવા યોગ્ય' છે એમ કહ્યું, તેથી તેઓ (ધનવાનો) વિષમ ચિત્તવાળા છે એવો અર્થ થયો. (લે)

**આશ્રય કરી રહે છે.** તેથી[1] ધનના થાંભલાઓ એટલે જેઓ ધનથી ઘરનો ભાર ઉપાડનાર થાંભલા જેવા થએલા છે, તેઓનું (સાધુઓને શું કામ ?) કાંઈપણ કામ હોતું નથી એવો અર્થ છે. [2]એ બે(સાધુ અને ધનવાન)માં એક પણ અંશ સમાન નથી. (૧૮)

તેથી (નલકૂબર અને મણિગ્રીવનો) લક્ષ્મીનો મદ ઉતારવો જોઈએ, અને (તેઓને) ગરીબાઈ પ્રાપ્ત કરાવવી જોઈએ, અને (તેમનાં) નિંદિત કર્મને લીધે (તેમને) સ્થાવરપણું પ્રાપ્ત થવું જોઈએ. સત્પુરુષો (મદવાળાનો) મદ ઉતારે એ તો આવશ્યક છે, કારણ કે તેઓની દૃષ્ટિ બ્રહ્મજ્ઞાનની પેઠે સર્વ દોષોને મટાડનારી હોય છે. એમ કરવામાં ન આવે (એ બે નો મદ ઉતારવામાં ન આવે) તો તેઓ ત્રિદોષવાળા (ત્રણ દોષવાળા) હોવાથી નાશ જ પામશે, એમ (જણાવવા) તેઓના દોષોને નીચેના શ્લોકમાં ગણાવે છેઃ-

**तदहं मत्तयोर्माध्व्या वारुण्या श्रीमदान्धयोः ॥**
**तमो मदं हरिष्यामि स्त्रैणयोरजितात्मनोः ॥ १९ ॥**

**તેથી હું મધુમાંથી બનાવેલ વારુણીથી મત્ત થએલા, લક્ષ્મીના મદથી અંધ બનેલા, અજીતેંદ્રિય અને સ્ત્રીલંપટોનાં અજ્ઞાન અને મદને દૂર કરીશ. ૧૯.**

(તે બે) મધુમાંથી બનાવેલ (વારુણીથી) મત્ત થએલા (હતા). 'મધુમાંથી બનાવેલ' પદથી તે રસવાળી હતી (એમ જણાવેલ છે અને) તેથી તેઓ તેને તજી શકતા નહિ. (તે પીવાનું) ફલ તો નાશ કરનારૂં જ છે. વારુણી દૈત્યપણું પ્રાપ્ત કરાવનારી છે. (વળી તેઓ) લક્ષ્મીના મદથી અંધ બનેલા અને સ્ત્રીલંપટ હતા; તેથી (તેઓના) (૧) તમઃ અજ્ઞાન, (૨) મદ અને (૩) અજીતેંદ્રિયપણું, એ ત્રણ દોષોને[3] હું દૂર કરીશ. (૧૯)

એ પ્રમાણે (શાપ આપવાનું) કારણ જણાવી, હવે પછીના ત્રણ શ્લોકોથી પ્રસાદપર્યંત શાપ કહે છેઃ-

**यदिमौ लोकपालस्य पुत्रौ भूत्वा तमःप्लुतौ ॥**
**न विवाससमात्मानं विजानीतः सुदुर्मदौ ॥ २० ॥**

**જેથી આ બે લોકપાલના પુત્રો થઈ અજ્ઞાનમાં ડૂબેલા છે અને ઘણા દુષ્ટ મદવાળા હોઈ પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી....૨૦.**

**दोषानुवादः शापश्च प्रसादश्चेत्यनुक्रमात् ॥का. १०॥**

દોષનો અનુવાદ (ફરી કહેવું તે) (શ્લો. ૨૦), શાપ (શ્લો. ૨૧), અને પ્રસાદ

---

૧. ધનવાનોનાં ઉપર ત્રણ વિશેષણો કહ્યાં. [(૧)(સાધુઓથી) દરકાર નહિ કરવા યોગ્ય, (૨) દુષ્ટ અને (૩) દુષ્ટોના આશ્રયવાળા]. તે ત્રણના પરિણામે તેઓ ધનના થાંભલા જેવા છે એમ કહેલ છે. (લે)

૨. અહિંથી ઓગણીસમા શ્લોકનો આભાસ શરૂ થાય છે. (પ્ર) આ છેલ્લું વાક્ય ત્રણ મુખ્ય ભેદો સાધુ અને ધનવાનના જણાવ્યા તેમાં એ બેમાં કાંઈ સમાન નથી એમ કહે છે. તેથી આ શ્લોકના અંતે લીધું છે. વળી આ વાક્ય પૂરૂં થયા પછી 'अतःश्रीमद...' વિગેરે આવે છે ત્યાંથી ઓગણીસમા શ્લોકનો અર્થ શરૂ થાય છે એમ લેખમાં જણાવેલ છે.

૩. સ્ત્રીલંપટ હોવું એ અજીતેંદ્રિય થવાનું કારણ છે (તેથી તેનો એ દોષમાં સમાવેશ થાય છે), વારુણીથી મત્ત થવું એ અજ્ઞાનનું કારણ છે, અને લક્ષ્મીના મદવાળા હોવું એ મદનું કારણ છે (તેથી તેમનો એ બેમાં સમાવેશ થાય છે). એ પ્રમાણે ત્રણ જ દોષો રહે છે એવો ભાવ છે. (લે)

(નારદની કૃપા) (શ્લો. ૨૨) એવો અનુક્રમ હોવાથી.[1] કા. ૧૦.

દોષનો અનુવાદ (આ શ્લોકમાં) કહે છે. જેથી એટલે જે કારણથી આ બે, લોકપાલ કુબેર જેને રક્ષા કરવા માટે નીમવામાં આવેલ છે તેના પુત્રો હોઈ, તેની જગ્યા ઉપર અભિષેક થવા (નીમાવા) યોગ્ય હોઈ, અજ્ઞાનમાં ડૂબેલા છે, (અને) વળી પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી, (અને) વળી ઘણા દુષ્ટ મદવાળા થએલા છે. (૨૦)

**अतोऽर्हतः स्थावरतां स्यातां नैव यथा पुनः ॥**

**स्मृतिः स्यान् मत्प्रसादेन तत्रापि मदनुग्रहात् ॥ २१ ॥**

**તેથી સ્થાવરપણાને યોગ્ય છે. જેથી ફરીથી (એવા) ન જ થાય. તેમાં પણ મારા પ્રસાદથી સ્મરણ રહેશે મારા અનુગ્રહથી...૨૧.**

તેથી ત્રણ દોષોને લીધે સ્થાવરપણાને એટલે શુદ્ધ તામસપણાને (તેઓ બે) યોગ્ય છે, કારણ કે કર્મનું તેવું ફલ હોય છે.

'તેથી (સ્થાવરપણું પ્રાપ્ત કરે તેથી) શું ?' એવી શંકા થાય, તેથી 'જેથી ફરીથી (એવા) ન જ થાય' શબ્દો યોજેલા છે.

**ज्ञाननाशः क्रियानाशो भोगनाशस्तथैव च । दुःखं शीघ्रं चानिवृत्तिर्वृक्षत्वे हि भवन्ति वै ॥११॥**

**વૃક્ષપણું થતાં (૧) જ્ઞાનનો નાશ, (૨) ક્રિયાનો નાશ અને તે જ પ્રમાણે (૩) ભોગનો નાશ, (૪) દુઃખ અને (૫) તેનું (દુઃખનું) એકદમ દૂર ન થવું (પ્રાપ્ત) થાય છે.[2] કા. ૧૧.**

'આ (તો) કર્મથી જ થશે.[3] (એમાં) તમારો (નારદનો) પ્રસાદ કયો ?' એવી શંકા થાય, તેથી 'મારા પ્રસાદથી સ્મરણ રહેશે' શબ્દો યોજેલા છે. વૃક્ષમાં સત્ત્વનો અંશ નથી, તેથી જોકે વૃક્ષયોનિમાં પહેલાંના (વૃક્ષ થયા પહેલાંના) જન્મના વૃત્તાંતનું

૧. અહિંથી ત્રણ શ્લોકો સુધીના દરેક શ્લોકના અર્થ આ અર્ધકારિકામાં કહેલા છે. (**का**)

૨. પાછલ ઓગણીશમા શ્લોકમાં (૧) તમઃ (૨) મદ અને (૩) અજીતેંદ્રિયપણું એ ત્રણ દોષો ગુહ્યકોના કહ્યા. (૧) તેમાં તમઃ એટલે અજ્ઞાનનું કાર્ય જ્ઞાનનો નાશ છે, (૨) મદનું કાર્ય ક્રિયાનો નાશ છે અને (૩) અજીતેંદ્રિયપણાનું ફલ ભોગનો નાશ છે. આ ત્રણ તેઓના કર્મનાં ફલ છે. (૪) દુઃખ અને (૫) તેનું એકદમ દૂર ન થવું, એ બે શાપનાં ફલ છે. વાયુ, વરસાદ, તાપ, ટાઢ, વિગેરે વૃક્ષો સહન કરે એ તેમને દુઃખ થાય; અને તેઓ મોટાં વૃક્ષો થવાથી ઘણા કાલ સુધી રહે તેથી તેમનું દુઃખ ઘણા કાલ સુધી દૂર ન થાય. આ પાંચ દોષો વૃક્ષપણામાં રહેલા છે એવો અર્થ છે. (**का**) (૧) દુઃખ અને (૨) તે એકદમ દૂર ન થાય તે એમ બે શાપ કહ્યા. તેનું કારણ એવું છે કે દુઃખ ન રહે (પૂરૂં થઈ જાય) અને કર્મનો અંશ બાકી રહી જાય તો એ જન્મ પૂરો થતાં, કર્મનો સ્વભાવ વધવાનો જ હોવાથી બીજો જન્મ થાય, પણ મોક્ષ થાય નહિ. તેથી એ જન્મ પૂરો થતાં મોક્ષ થાય તે માટે બે શાપ કહેલા છે એવો ભાવ છે. કર્મથી માત્ર સ્થાવરપણું થાય એટલે તેનાથી તો વનમાં માલતી વિગેરે વૃક્ષ જ થાય. તેથી શાપથી તેમને વ્રજનાં વૃક્ષ કર્યાં, તેઓ ગાયને છાંયડો કરી પોતે તાપનું દુઃખ સહન કરે તેમ કર્યું, અને નંદજીને સમાચાર આપતાં લાંબો સમય રહે એમ કર્યું. તેથી કર્મનો ભોગ કરતાં જેટલો અંશ બાકી રહે, તે (નારદે) પોતે ગ્રહણ કર્યો એ તેમના ઉપર અનુગ્રહ કર્યો, અને તે અનુગ્રહથી તેઓને વાસુદેવની સંનિધિ પ્રાપ્ત થઈ. વૃક્ષ એટલે મોટાં વૃક્ષ થવામાં કારિકામાં જણાવેલ પાંચે દોષ રહેલા છે એવો અર્થ છે. (**ले**)

૩. મોટું વૃક્ષ પણ સ્થાવર છે. તેથી તેઓનાં કર્મથી જ તેઓ મોટાં વૃક્ષો થશે તેથી (નારદના) પ્રસાદનું શું કામ ? કર્મથી જે થઈ શકે નહિ તેવું કાંઈ પ્રસાદથી થાય તો તે પ્રસાદ કર્યો ગણાય એવો અર્થ છે. (**ले**)

સ્મરણ અને શાપથી વૃક્ષપણું થયું છે એવું સ્મરણ હોતું નથી, છતાં પણ ભગવાનની કૃપાથી મને સર્વભાવ પ્રાપ્ત થયો છે, તેથી વૃક્ષમાં જેમ અગ્નિ (ગુપ્ત) રહેલ છે તે પ્રમાણે મારો અંશ પણ તેમાં ગુપ્ત જ રહેલ છે. અહિં હું જો પ્રસન્ન એટલે ઘણા સત્ત્વગુણવાળો થાઉં, તો મારો અંશ ત્યાં (વૃક્ષમાં) પણ પ્રકટ થશે એટલે (તેનામાં સત્ત્વગુણ આવવાથી તેને) સ્મરણ[1] થશે. 'તેમાં પણ' એટલે તે (વૃક્ષના) જન્મમાં અને અત્યારે[2] પણ (નલકૂબર મણિગ્રીવને પણ) (સ્મરણ થશે). વળી વધારે અનુગ્રહ પણ હું કરૂં છું. પ્રસાદ (પ્રસન્નતા) તો પોતાના ધર્મનો[3] આવિર્ભાવ છે, અને પારકા દોષોનો સ્વીકાર[4] કરવો તે અનુગ્રહ છે. તેથી તેમનો દોષ હું (નારદ) ગ્રહણ[5] કરૂં છું એટલે તેઓના કર્મના ફલનો પણ ભોગ થઈ જવાથી....(૨૧)

**वासुदेवस्य सान्निध्यं लब्ध्वा दिव्यशरच्छते ॥**

**वृत्ते स्वलोकतां लब्ध्वा लब्धभक्ती भविष्यथः ॥२२॥**

**દિવ્ય સો વર્ષ પૂરાં થતાં વાસુદેવની સંનિધિ પ્રાપ્ત કરીને સ્વલોકને પ્રાપ્ત કરી, ભક્તિ પ્રાપ્ત કરેલા (ભક્તિવાળા) થશો. ૨૨.**

વાસુદેવની સંનિધિને પ્રાપ્ત કરશો. પુરુષનો અપરાધ કરેલો હોવાથી પુરુષના આયુષ્ય (સો વર્ષ) સુધી (વૃક્ષપણાનો) ભોગ (કરવાનો છે). (તે બે) દેવો હોવાથી દિવ્ય (સો વર્ષ સુધી વૃક્ષપણાંનો ભોગ કરવાનો છે). દિવ્ય સો વર્ષ પૂરાં થતાં, વાસુદેવની સંનિધિને પ્રાપ્ત કરીને, પછી સ્વલોકપણું (દેવતાપણું) પ્રાપ્ત કરીને, નલકૂબરપણું પ્રાપ્ત કરીને, પહેલાંની અવસ્થા કરતાં ઉત્તમ ભક્તિવાળા થશો. ત્યારે[6] ભક્તિ પ્રાપ્ત કરવાની છે. આથી[7] (એમ કહેલું છે કે) જેને ભક્તિ પ્રાપ્ત થઈ નથી તેને જ પોતાના સાધનરૂપ ભક્તિ થાય છે અને જતી રહે છે.[8] આ બેને તો કુદરતી (ભગવાનમાં) રતિ થશે એવો ભાવ છે.

૧. **'સ્મરણ'** એટલે ઉપર કહ્યું તેવું (પૂર્વજન્મના વૃત્તાંતનું તથા શાપથી વૃક્ષપણું થયું છે તેનું) સ્મરણ, અથવા ભગવાનનું સ્મરણ. (**प्र**) પાછલનો અર્થ કરવાનું પ્રયોજન જણાતું નથી.

૨. **'અત્યારે પણ'** એટલે 'શાપ અપાય છે તે સમયે પણ'. (**प्र**)

૩. **પોતાનો** એટલે ઘણા વધેલા સત્ત્વવાળા નારદના અંશનો, **ધર્મ** એટલે સ્મૃતિ. તેનો આવિર્ભાવ, એવો અર્થ છે. (**લે**) પોતાના ધર્મનો બીજામાં આવિર્ભાવ કરવો તે પ્રસાદ. પોતાના સત્ત્વગુણનો તેઓમાં નારદ આવિર્ભાવ કરે તે તેનો પ્રસાદ, તેથી તેઓમાં સત્ત્વગુણ આવવાથી તેમને પૂર્વજન્મના વૃત્તાંત વિગેરેનું સ્મરણ રહે.

૪. **'સ્વીકાર કરવો'** એટલે 'અવગણના કરવી' એવો અર્થ છે, તેઓના દોષોને ધ્યાનમાં લઈ, તેમની અવગણના કરી એ તેમને ગ્રહણ કર્યા એવો અર્થ થાય છે. (**લે**)

૫. કર્મનો વધવાનો સ્વભાવ હોવાથી, ભોગ થતાં પણ જેટલો અંશ બાકી રહ્યો હોય તેટલો હું નારદ ગ્રહણ કરૂં છું એટલે તેની અવગણના કરૂં છું, એવો અર્થ છે. (**લે**)

૬. **'ત્યારે'** એટલે તે રૂપ (નલકૂબરનું રૂપ) થાય ત્યારે તે રૂપમાં. (**प्र**)

૭. **'આથી'** એટલે 'આ ઉપાખ્યાનથી'. (**प्र**)

૮. જે પુરુષને ભક્તિ પ્રાપ્ત થઈ નથી તેને જ પોતાના સાધનરૂપ એટલે જીવના સંસ્કારરૂપ નશ્વર (જતી રહે તેવી) ભક્તિ થાય છે. આ બેને તો તેથી જૂદા પ્રકારની ભક્તિ પ્રાપ્ત થશે એવો ભાવ સૂચવેલો છે એવો અર્થ છે. (**प्र**)

એ પ્રમાણે કહીને, બ્રાહ્મણનું વાક્ય ખોટું થશે (થાય) નહિ તેથી તેવું વાક્ય ઉચ્ચારીને (નારદ) ત્યાંથી ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

श्रीशुक उवाच । શ્રીશુક કહે છેઃ-

**स एवमुक्तो देवर्षिर्गतो नारायणाश्रमम् ॥**

**नलकूबरमणिग्रीवावासतुर्यमलार्जुनौ ॥२३॥**

**તે દેવર્ષિ એ પ્રમાણે કહીને નારાયણના આશ્રમે ગયા. નલકૂબર અને મણિગ્રીવ બે યમલાર્જુન થયા. ૨૩.**

તે એટલે દેવોનું ગુહ્ય (છૂપું) કાર્ય કરનાર નારદ. એ પ્રમાણે **उक्तः** કહીને (ગયા). 'उक्तः'માં કર્તા માટે 'क्तः' પ્રત્યય યોજાએલ છે (એટલે નારદને એમ કહેલું એમ નહિ પણ નારદે એમ કહેલું, એવો અર્થ થાય). પછી તે દોષ મટાડવા[1] નારાયણના આશ્રમે[2] ગયા. (નારાયણના આશ્રમે જવાથી તે દોષ મટશે) તેવું જ્ઞાન તેમને હતું, એમ જણાવવા 'દેવર્ષિ' પદ યોજેલું છે. જે ભેગા થએલા તેમાંથી નારદ ગયા એમ કહીને, ઉત્તરાર્ધમાં નલકૂબર(અને મણિગ્રીવ)નું (ગમન) કહે છે. 'યમલ' એટલે એક સ્થલે ઉત્પન્ન થએલાં અને મૂળમાં મળેલાં (એક) એવાં બે વૃક્ષો. અર્જુન (આસુંદરો) એ વૃક્ષની અમુક જાત છે.(૨૩)

એ પ્રમાણે શાપ (દેનારે) પ્રાયશ્ચિત્ત કર્યું[3] અને શાપ ગ્રહણ કરનારને શાપના ફલની પ્રાપ્તિ થઈ એવું નિરૂપણ કરી, સ્મરણ પણ તેનાથી[4] જ થશે તેથી તે ન કહેતાં, તેઓને (નારદના) અનુગ્રહનું ફલ ભગવાનની સંનિધિ થઈ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

**ऋषेर्भगवतस्तस्य सत्यं कर्तुं वचो हरिः ॥**

**जगाम शनकैस्तत्र यत्रास्तां यमलार्जुनौ ॥२४॥**

**તે ભગવાન ઋષિનું વચન સત્ય કરવા, જ્યાં યમલાર્જુનો હતા ત્યાં હરિ ધીરે ધીરે ગયા. ૨૪.**

તે (નારદ) ભવિષ્યમાં થનાર અર્થ (વૃત્તાંત) જાણે છે જ. તે જાણીને જ તેણે એમ કહેલું. વળી ભગવાને પણ પોતાની કૃપાથી તેને ભગવત્પણું પ્રાપ્ત કરાવેલ એમ 'ભગવાન' શબ્દથી કહેલું છે. તે(નારદ)નું ઋષિપણું, ભગવત્પણું અને સત્યવક્તાપણું (સિદ્ધ) કરવા, અને (ભગવાન) પોતે પણ સર્વનું દુઃખ હરનારા (હરિ) હોવાથી, આરંભમાં જ જ્યાં યમલાર્જુન હતા ત્યાં ધીરે ધીરે ગયા. અવાજ થાય તો સ્ત્રીઓ પાછલ પાછલ આવે તેથી ભગવાન એવી રીતે (ધીરે ધીરે) ત્યાં ગયા.

'જ્યારે સ્ત્રીઓ મને પણ આમ કરે છે (ખાંડણીઆ સાથે બાંધે છે) ત્યારે તમને બેને એમ કેમ ન કરે (તમારૂં બંધન કેમ ન કરે ?) તેથી સ્ત્રીઓનો સંગ કરવો નહિ' એમ તે બેને જણાવવા, (ભગવાન ત્યાં ગયા). તે સમયે પણ સ્ત્રીઓને (ભગવાનનું) દર્શન ન થાય તે માટે (ભગવાન) ધીરે ધીરે ગયા. તેઓ (યમલાર્જુનનો) (સ્થાવર વૃક્ષ

---

૧. નલકૂબર અને મણિગ્રીવના હિત માટે શાપ આપ્યો, છતાં શાપ આપવાથી મનમાં ક્રોધ થયો. તેથી તે દોષ મટાડવા, એવો અર્થ છે. (**ले**) [ આશ્રમે ગયા) એવો ભાવ છે. (**ले**)

૨. નારાયણે ક્રોધ ઉપર વિજય મેળવેલો છે, એમ ૨.૭.૭માં બ્રહ્માએ કહેલું છે. તેથી (તેમના

૩. શાપ આપનાર નારદે **પ્રાયશ્ચિત કર્યું** એટલે નારાયણના આશ્રમે ગયા, એવો અર્થ છે. (**यो**)

૪. **'તેનાથી'** એટલે 'ઋષિ(નારદ)ના પ્રસાદથી.' (**प्र**)

હોવાથી) આવે તેવું સંભવતું નહિ હોવાથી, જ્યાં તેઓ હતા ત્યાં જ ભગવાન પોતે
પધાર્યા. *ભગવાનના સેવકો ઉપર ભગવાનની આવી કૃપા હોય છે.[1] (૨૪)

'તેથી ભગવાનના સેવકની ઇચ્છા પ્રમાણે કરવું જોઈએ. તે માટે (જ્યાં યમલાર્જુન
વૃક્ષો હતાં ત્યાં) જઈ ભગવાન યમલાર્જુનનો ભંગ કરશે. (ભગવાને) એમ કેમ (કર્યું)?
ભગવાનની સંનિધિ તો (નારદના) વરદાન(અનુગ્રહ)થી (તેઓને) પ્રાપ્ત થઈ હતી, અને
ભક્તિ પણ તેવી જ રીતે[2] પ્રાપ્ત થશે. (ભગવાનની) સંનિધિથી જ આ (વૃક્ષના) શરીરને
તજી નલકૂબરપણું (દેવતાનું સુંદર રૂપ) જ તેઓ પ્રાપ્ત કરશે. તેથી તેમનો ભંગ કરવો
યોગ્ય ન હતો' એવી શંકા થાય, તેથી ભગવાનનો અભિપ્રાય નીચેના શ્લોકમાં જણાવે છેઃ–

**देवर्षिर्मे प्रियतमो यदिमौ धनदात्मजौ ॥**
**तत् तथा साधयिष्यामि यद् गीतं तन्महात्मना ॥ २५ ॥**

**દેવર્ષિ મને ઘણા પ્રિય છે. જેથી આ બે કુબેરના પુત્રો છે તેથી તે મહાત્માએ જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે હું સિદ્ધ કરીશ. ૨૫.**

એક વિષય અહિં સંદેહવાળો રહે છે કે તેઓને સ્મરણ[3] થયું (રહ્યું) કે નહિ?
એ (તેઓને સ્મરણ થયું તે) પણ પ્રકટ કરવું જોઈએ; અને સત્ત્વગુણ ઘણો વધે ત્યારે
પણ જે [4]દુર્લભ છે તે અતિતામસ(વૃક્ષ)ને થાય, એમ દેવર્ષિએ મર્યાદારહિત (સ્મરણ) કહેલું છે.

'(દેવર્ષિએ) વિચાર વિના તે વચન કહેલું હોવાથી, તે ભલે મિથ્યા (ખોટું) જ
થાય' એવી શંકા થાય, તેથી કહે છે કે 'દેવર્ષિ મને ઘણા પ્રિય છે.' (જો તેમનું વચન
મિથ્યા થાય તો) ઋષિના જ્ઞાનની મર્યાદા(સદા તે સત્ય જ હોવું જોઈએ તેવી મર્યાદા)નો
ભંગ થાય. વળી નારદ મારો (ભક્ત) છે, એટલે **જે મારા સેવકોએ કર્યું તે મેં જ
કરેલું છે (ગણાય)**. તેમાં પણ (નારદ તો) અત્યંત પ્રિય છે, એટલે મારી પ્રીતિ તેનામાં
(ઘણી જ) છે. તેથી સ્નેહને લીધે (તેણે કહ્યું તે) સર્વ કરવું જોઈએ. તેમ ન કરું તો
સ્નેહની મર્યાદા પણ રહે નહિ. **यद्** જેથી આ બે કુબેરના પુત્રો છે. કુબેર મોટો ભક્ત
છે, તેથી (આ બેનો) મૂલભાવ શુદ્ધ છે. તેથી (તેમના) તેટલા અંશનો[5] ત્યાગ કરાવી,

---

* અહિં જ આ શ્લોકનાં સુબોધિનીજી પૂરાં થાય છે, પરંતુ પ્રકાશકાર નીચેનો બીજો ભાગ
પણ આ શ્લોકના જ વિવરણમાં લે છે એમ જણાય છે, અને તે વધારે યોગ્ય લાગતું હોવાથી વધારે
એક વાક્ય આ શ્લોકના વિવરણ તરીકે લીધું છે.

૧. ભગવાનની આ લીલા શ્રવણ કરવાનું ફલ ભગવાનના ભક્તોનું સખ્ય (મિત્રપણું) પ્રાપ્ત થાય છે
એમ સ્પષ્ટ કરે છે. આથી જ વૈરાગ્યથી ભગવાન વશ થાય છે એમ સ્પષ્ટ થાય છે અને આ પછીના ૨૫મા
શ્લોકમાં તે સ્પષ્ટ થશે. (प्र)

૨. **'તેવી જ રીતે'** એટલે 'નારદે કહેલા પ્રકાર પ્રમાણે.' (प्र)

૩. **'સ્મરણ'** એટલે 'ભગવાનનું સ્મરણ.' (प्र) નલકૂબર અને મણિગ્રીવનો ભંગ થયા પછી તેઓ
ભગવાનની સ્તુતિ કરશે, તેથી તેઓને સ્મરણ હતું એમ જણાશે. જો તેમનો ભગવાન ભંગ ન કરે તો
એક જન્મ પછી બીજો જન્મ થાય એ પ્રમાણે, તેઓ નલકૂબર (સુંદર દેવ) થાય, પણ તેઓ ભગવાનની
સ્તુતિ કરે નહિ, અને તેથી તેમને સ્મરણ રહેલ કે નહિ એ જણાત નહિ એવો ભાવ છે. (ले)

૪. 'ભગવાનનું સ્મરણ' શબ્દ અહિં અધ્યાહાર છે. (प्र)

૫. **'તેટલા અંશનો'** એટલે 'ભગવદ્ભાવના અભાવનો.' (प्र) **'તેટલા અંશનો'** એટલે 'દોષના

ધનદ(કુબેર)ના અંશમાં ભક્તિમાં ઉપયોગી અંશને[1] જોડીને, તેમાં (તે બે વૃક્ષોમાં) જ પ્રવેશ કરી તેમને સૂકવી નાખી,[2] તેમના આધિદૈવિક ભાવથી[3] તેને[4] તોડી પાડી, તેમાંથી[5] (તે બે દેવોનો) ઉદ્ધાર કરી તેમને દૃઢ ભક્તિવાળા કરવા જોઈએ. (એમ થાય) ત્યારે નારદનું વાક્ય સત્ય થાય. તેણે (નારદે) જે કહેલ છે તે એમ જ (સત્ય જ) છે એમ જ હું સિદ્ધ કરીશ.

'બીજાને (નારદને) માટે (ભગવાન) આટલો બધો ઉદ્યમ શા માટે કરે?' એવી શંકા થાય, તેથી 'મહાત્માએ' પદ યોજેલું છે. તેનો આત્મા મહાન (મોટો) જ છે. આ (તેના આત્માનું) મોટાપણું ભગવાનના (તેની અંદર) પ્રવેશને લીધે છે. (૨૫)

એ પ્રમાણે વિચાર કરીને[6] ભગવાને તે બંનેની અંદર પ્રવેશ કર્યો, એમ શ્લો.૨૬માં કહે છે:-

**इत्यन्तरेणार्जुनयोः कृष्णस्तु यमयोर्ययौ ॥**
**आत्मनिर्वेशमात्रेण तिर्यग् गतमुलूखलम्॥ २६ ॥**

**એ પ્રમાણે (વિચારીને) શ્રીકૃષ્ણ તો જોડકાં અર્જુનોમાં ગયા. આત્માના પ્રવેશમાત્રથી ખાંડણીઓ આડો ગયો (થયો). ૨૬.**

શ્રીકૃષ્ણે જોડકાં અર્જુનોની અંદર પ્રવેશ કર્યો. (ભગવાન) તે બેની માત્ર[7] બહાર જ ગએલા (રહેલા), એવી માન્યતા ખોટી છે એમ જણાવવા, 'तु' 'તો' પદ યોજેલ છે. (શ્રીકૃષ્ણ) સદાનંદ[8] હોવાથી (તેમણે અર્જુનોમાં પ્રવેશ કર્યો), ત્યારે જ તેઓના દોષ અને દુઃખ જતાં રહ્યાં. ભગવાનની સાથે સંબંધવાળો ખાંડણીઓ તો કાષ્ઠનો જ હતો, તેથી ભગવાને માત્ર વૃક્ષોની અંદર પ્રવેશ કર્યો, એટલે પોતાની જાતના(વૃક્ષો)નો ઉદ્ધાર કરવા માટે તે ખાંડણીઓ આડો થયો. જો તે સીધો રહ્યો હોત તો તે પણ (બે વૃક્ષોની) મધ્યમાંથી નીકળી જાત; અને એમ થાત તો, જો ભગવાન સાથે સંબંધ રાખનાર (ખાંડણીઓ) પણ પોતાની જાતના(વૃક્ષો)ને મુક્ત કરાવત નહિ તો તેણે પ્રાપ્ત કરેલું આધિદૈવિકપણું વ્યર્થ થાત.[9] (૨૬)

---

અંશનો.' ધનદના અંશમાં ધનવાનપણું હોવાથી ધનનો મદ પણ સંભવે છે તે અંશનો. (લે) આ અર્થ વધારે સારો જણાય છે. 'અભાવનો ત્યાગ કરાવવો એ વિચિત્ર જણાય છે.

૧. **'ભક્તિમાં ઉપયોગી અંશને'** એટલે 'ભક્તિના અંશને.' (લે)

૨. ભગવાન પોતે તેમની અંદર પ્રવેશ કરે તેથી દોષો જતા રહે, અને તેમના તપથી જ તેઓ સૂકાં થાય. તે પ્રમાણે તેમને સૂકવીને, એવો અર્થ છે. (લે)

૩. તેમના એટલે કાષ્ઠના, આધિદૈવિક ખાંડણીઆના ભાવથી એટલે આડાં ભરાવાથી, એવો અર્થ છે. (લે) જે ખાંડણીઆ સાથે ભગવાનને બાંધેલ તે ખાંડણીઓ વૃક્ષોમાં આડો ભરાવાથી.

૪. **'તેને'** એટલે યમલાર્જુનના મૂળને. (લે) બેનું મૂળ એક જ હતું તેથી જ તે યમલ હતા. એવી 'યમલ'ની વ્યાખ્યા પાછલ આવી ગઈ છે.

૫. **'તેમાંથી'** એટલે મૂળમાંથી. (લે)

૬. **'વિચાર કરીને'** એટલે 'મારાં કાર્ય વિના નારદનું વચન ખોટું થશે' એવો વિચાર કરીને. (પ્ર)

૭. શ્રીકૃષ્ણ આનંદમય હોવાથી અને વિજ્ઞાનમય પણ હોવાથી તે વૃક્ષોની અંદર પણ પધાર્યા એવો અર્થ છે. (લે)

૮. શ્રીકૃષ્ણ સદ્દરૂપ હોવાથી, તેમના અંદર પધારવાથી વૃક્ષોનો દોષ ગયો, અને આનંદરૂપ હોવાથી તેમના અંદર પધારવાથી વૃક્ષોનું દુઃખ ગયું એવો અર્થ છે. (લે)

૯. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ભગવાનને દામણાથી બાંધ્યા અને તેમણે યમલાર્જુનનો ભંગ કર્યો તેનો દિવસ પણ આપેલ છે. ભગવાનના 'અઠ્ઠાવીશમા માસમાં માગશર શુદ ૧ના રોજ માતાએ તેમને ખાંડણીઆ સાથે બાંધેલા અને તેમણે યમલાર્જુનનો ભંગ કર્યો, એમ તેમાં કહેલ છે. (પ્ર)

એ પ્રમાણે ખાંડણીઓ આડો થયો (આવ્યો) ત્યારે ભગવાને જે કર્યું તે શ્લો.૨૭માં કહે છેઃ–

**बालेन निष्कर्षयतान्वगुलूखलं तद् दामोदरेण तरसोत्कलितांघ्रिबन्धौ ॥**
**निष्पेततुः परमविक्रमितातिवेपस्कंधप्रवालविटपौ कृतचण्डशब्दौ ॥२७॥**

**તે ખાંડણીઆને દામોદર બાલકે અનુકૂલપણે ખેંચતાં જેમના મૂળના બંધો તરત જ ઢીલા થઈ ગએલા છે તેવાં, (અને) ઘણા જ વિક્રમવાળાનો ભારે કંપ થાય તેવો કંપ જેમનાં થડ, પાન અને શાખાઓનો થયો હતો તેવાં, (બે વૃક્ષો) ભયંકર અવાજ કરીને નીચે પડ્યાં. ૨૭.**

ખાંડણીઆને બાલકે ખેંચતાં, જેમના મૂળના બંધો તરત જ ઢીલા થઈ ગએલા છે તેવાં (વૃક્ષો) નીચે પડ્યાં. ભગવાનના સંબંધથી ભૂમિનો સાત્ત્વિકભાવ થવાથી, તેનામાં ભીનાશ (નરમાશ) થઈ. તેથી (તે વૃક્ષોના) સર્વ ભાગો શિથિલ થતાં, ખેંચાવાથી તેમના મૂળના બંધો ઢીલા થઈ ગયા. **अन्वक्** એટલે અનુકૂલ રીતે જેમ ખેંચાય તેમ ખાંડણીઆને સારી રીતે ખેંચતાં, (બાલકે) ખાંડણીઆને ખેંચીને તેઓને પણ ખેંચી કાઢ્યાં. અથવા '**अन्वक्**' એટલે થોડું. (ખાંડણીઆને થોડું ખેંચતાં તે વૃક્ષોને ખેંચી કાઢ્યાં). 'દામોદર'* એ અર્થ પ્રમાણે નામ છે. બાલકના ઉદરથી ખેંચાણ થોડુંક જ થાય. તેમાં પણ મોટા ખાંડણીઆનું (ખેંચાણ થોડું જ થાય). દોરડું પણ ઝીણું હતું, અને બહુ ખેંચવામાં આવે તો તૂટી જાય. આથી પણ (દામોદર બાલક) સાક્ષાત્ ભગવાન હતા એમ કહેલું છે, કારણ કે દોરડું પણ તૂટયું નહિ, ખાંડણીઓ પણ ભાંગ્યો નહિ, છતાં અર્જુન(વૃક્ષો) ભાંગી પડ્યાં. દોરડું ભગવદ્રૂપ હતું એમ પ્રથમ કહેલું છે, અને ખાંડણીઆએ (ભગવાનના સંબંધથી) આધિદૈવિકસ્વરૂપ પ્રાપ્ત કર્યું હતું, તેથી તેઓ ન તૂટે એ યોગ્ય જ છે; તેથી (વૃક્ષો) મૂલમાંથી પડી જાય તે પણ યોગ્ય જ છે. 'ઘણા જ વિક્રમવાળાનો ભારે કંપ થાય તેવો કંપ જેમનાં થડ પાન અને શાખાઓનો થયો હતો તેવાં' એ શબ્દથી, થોડી પણ (ભગવાનની) ક્રિયાશક્તિ જાગ્રત થતાં તેણે જે મોટું કાર્ય કર્યું તે કહેલું છે. [1]ઘણું જ વિક્રમ જે બેને પ્રાપ્ત કરાવેલું છે તે '**परमविक्रमितौ**' એટલે જે ભીમ અથવા હનુમાનથી પણ ઘણા બલથી જ હાલે તેવાં. પરમવિક્રમિતના જેવો આ જે ભારે કંપ જેમનાં થડ પાન અને શાખાઓનો હતો[1] તેવાં (તે થયાં). થડનું હાલવું ઘણું કઠણ છે. તેમાં પણ નાનાં પાન જૂદાં હાલે તે બહુ આશ્ચર્યકારક છે. તેવાં થડ અને પાનવાળી શાખાઓ પણ હાલતી હતી. વળી જેમણે ભયંકર અવાજ કર્યો તેવાં તે (બે વૃક્ષો) હતાં. વૃક્ષો પડતાં ભારે અવાજ થયો. અથવા (તે વૃક્ષોના) આસુરભાવના નાશની દશામાં તેના (આસુરભાવના) અભિમાનવાળા (દેવતાનો) એ અવાજ હતો. એ પ્રમાણે અસુરોનો નાશ કરનારી ભગવાનની ક્રિયાશક્તિનું માહાત્મ્ય કહેલું છે.(૨૭)

---

* **दाम्ना** દોરડાંથી बद्धं બાંધેલું છે उदरं ઉદર यस्य જેમનું, તે दामोदरः દામોદર. એ સમયે ભગવાનનું ઉદર દોરડાંથી બાંધેલ હોવાથી એ નામ એ શબ્દના અર્થ પ્રમાણે જ છે.

૧...૧. 'परमविक्रमितातिवेपस्कंधप्रवालविटपौ' શબ્દનો અહિં અર્થ જ કહેલ છે. સમાસ છૂટો કરેલ નથી. 'परमविक्रमितयोरिव પરમ વિક્રમવાળાના જેવો अतिवेपः ઘણો જ કંપ येषां જેઓનો હતો તેવાં **स्कंधप्रवालविटपाः** થડ, પાન અને ડાળાંઓ ययोः જે બેનાં હતાં' એમ સમાસ છૂટો કરવાનો છે. (લે)

એ પ્રમાણે તેઓના દોષ જતા રહ્યા એમ કહી, તેઓના ગુણ શ્લો.૨૮માં કહે છેઃ-

**तत्र श्रिया परमया ककुभः स्फुरन्तौ सिद्धावुपेत्य कुजयोरिव जातवेदाः ॥
कृष्णं प्रणम्य शिरसाखिललोकनाथं बद्धांजली विरजसाविदमूचतुः स्म ॥२८॥**

**તે સ્થલે જેમ બે વૃક્ષમાંથી અગ્નિ નીકળે તેમ (તે બે) વૃક્ષોમાંથી (નીકળતા) દિશાની પરમ કાંતિથી શોભતા બે સિદ્ધો સર્વ લોકના નાથ શ્રીકૃષ્ણ પાસે આવી, (તેમને) મસ્તકથી પ્રણામ કરી બે હાથ જોડી, દોષરહિત થઈ નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૮.**

પરમ (ઘણી) કાંતિથી દશ દિશાઓ પ્રકાશમાન થઈ, અને તેઓ પણ પ્રકાશમાન થઈ શ્રીકૃષ્ણ પાસે આવી (નીચે પ્રમાણે કહેવા લાગ્યા) એવો (વાક્યનો) સંબંધ છે. આ જ '**स्फुरत्**' (**स्फुरन्तौ** જેવું રૂપ છે તે) શબ્દનો વિભક્તિ અને જાતિનો ફેરફાર કરીને '**दिक् ककुभः**'[1] 'દિશા' શબ્દ સાથે પણ સંબંધ લેવાનો છે, અથવા પ્રકાશતી અથવા તેના (તેજના) સંબંધવાળી દિશાને[2] લીધે કાંતિથી શોભતા, તે સ્થલે અથવા તે બે વૃક્ષમાંથી નીકળતા (સિદ્ધો શ્રીકૃષ્ણ પાસે આવ્યા). કાંતિથી શોભતા (તેઓ) વૃક્ષોમાંથી નીકળ્યા. દિશાના સંબંધવાળું તેજ[3] વિજળીમાં દેખાય છે, અને તેથી જ તેને પરમ શોભાવાળું કહેલું છે. જેમ દામોદર સુક્ત કરે છે, તેમજ નગ્ન (ગુહ્યકો) પણ પીતાંબર સમાન તેજ પ્રાપ્ત કરે છે, એમ (ભગવાનનું) અદ્‌ભુત ચરિત કહેલું છે.

(વૃક્ષમાંથી) નીકળતા પહેલાં જ જેવું ઇચ્છેલું હતું તેવું રૂપ (તે બેને) પ્રાપ્ત થયું, તેથી તેમને 'સિદ્ધ' કહેલા છે. **कुजयोः** એટલે બે વૃક્ષોમાંથી તેઓએ ભગવાન પાસે આવીને (નીચે પ્રમાણે કહ્યું). (તેઓનો) પહેલાંનો વૃત્તાંત જેઓ જાણતા હતા તેઓને પણ જાણે કે ભ્રમ[4] ઉત્પન્ન કરતા હોય નહિ, તેવા તે બે થયા, એમ 'અગ્નિની પેઠે' એ દૃષ્ટાંતથી કહે છે. દૃષ્ટાંતમાં પણ એવડા હોવાપણું બહુ દુર્લભ છે (ભાગ્યે જ હોય છે). બે અરણિસ્વરૂપ બે વૃક્ષોમાંથી જેમ શ્રૌત અગ્નિ નીકળે (તેમ તેઓ વૃક્ષમાંથી નીકળ્યા). **जातः** થયો છે **वेदः**[5] વેદ જેમાંથી તે **जातवेदाः** (અગ્નિ); એટલે 'ક્રિયાકાંડના કારણરૂપ જેનો જન્મ છે તેવો અગ્નિ' એવો અર્થ છે. પછી ભગવાનને પ્રણામ કર્યા. પહેલાંનું જ્ઞાન તેમને દૃઢ

---

૧. '**ककुभः**' શબ્દ પહેલી વિભક્તિના બહુવચનમાં યોજેલો ગણી આ અર્થ કહેલ છે. (**प्र**)

૨. '**ककुभः**' શબ્દ છઠ્ઠી વિભક્તિના એકવચનમાં યોજેલો ગણી આ અર્થ કરેલ છે. (**प्र+ले**) 'તેવી દિશાના સંબંધવાળી કાંતિથી તે બે શોભતા હતા' એવો અર્થ છે. (**ले**)

૩. '**ककुभः**' છઠ્ઠી વિભક્તિના એકવચનનું રૂપ ગણી જે અર્થ કર્યો તેનું અહિં તાત્પર્ય કહે છે. ભગવાનનું સ્વરૂપ જ્યાં રહેલું તે દિશાના સંબંધવાળી શોભા (કાંતિ) એ તેજ. આવો અર્થ કરવાનું કારણ 'તેથી જ' વિગેરેથી કહેલ છે. તેથી 'તે વિજળી જેવી પરમ કાંતિથી શોભતા' એવો અર્થ થાય છે.(**प्र**)

૪. પહેલાં તેઓ નલકૂબર હતા ત્યારે પણ આવું અગ્નિ (વિજળી) જેવું તેજ તેમનામાં ન હતું. (તેથી પહેલાં જે તેમને જાણતા તેમને પણ **ભ્રમ** થાય, કે આ નલકૂબર અને મણિગ્રીવ હશે કે બીજા કોઈ ?) એવો અર્થ છે. (**ले**)

૫. '**वेदः**' એટલે 'જ્ઞાન.' (**प्र**) 'ક્રિયાકાંડના કારણરૂપ જેનો જન્મ છે તેવો અગ્નિ' એવો અર્થ સુબોધિનીમાં હોવાથી, અહિં 'વેદ' એટલે વેદના પૂર્વાંગરૂપ 'કર્મ' એવો અર્થ વધારે યોગ્ય જણાય છે.

હતું એમ જણાવવા 'મસ્તકથી' (પ્રણામ કર્યા) એમ કહેલ છે. દેવો બીજાને નમસ્કાર કરે નહિ તથા તેમને ભૂમિનો સંબંધ હોય નહિ એવી શંકા(મનના વ્હેમ)ને ફગવી દઈ, બે હાથ જોડી, ભગવાનને નીચે કહેવામાં આવશે તે પ્રમાણે કહેવા લાગ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. શાપમાંથી છૂટકારો થયો તોપણ ભગવાનની રજા લીધા વિના, અથવા તેમની સ્તુતિ કર્યા વિના (તેઓએ) જવું ન જોઈએ, કારણ કે ભગવાન સર્વ લોકના નાથ એટલે બધા લોકોના અધિપતિ છે, અને (તેઓ પોતે) એક લોકના અધિપતિના પુત્રો છે. જો ભગવાનની આજ્ઞા વિના જાય તો તે (પોતાના પિતાના) લોકમાં તેઓ રહી જ ન શકે. ભક્તિની વાત તો દૂર જ રહી (ભક્તિ તો ન જ થાય). હાથ જોડવાનું કાર્ય (ભગવાનને) વિજ્ઞપ્તિ કરવા માટે (કરેલું).

'તેવાઓને ભગવાનની સ્તુતિ કરવાનો અધિકાર કેમ હોય ?' એવી શંકા થાય, તેથી 'દોષરહિત' શબ્દ યોજેલો છે. આ વિષયમાં કાંઈ અસંભવિત નથી, એમ જણાવવા 'स्म' શબ્દથી આ(વિષય)ની પ્રસિદ્ધિ કહેલી છે. (૨૮).

**दशभिः प्राणभृच्छ्लोकैश्चक्रतुः स्तोत्रमुत्तमम् । ज्ञानवैराग्ययोरत्र निर्णयः समुदीरितः ॥का.१२॥**

પ્રાણ ધારણ કરનાર[૧] દશ શ્લોકોથી ઉત્તમ સ્તુતિ કરેલી છે. જ્ઞાન અને વૈરાગ્યનો નિર્ણય[૨] અહિં સારી રીતે કહેલો છે. કા. ૧૨.

**मूलरूपो भवान् पूर्वं जगद्रूपस्तथैव च । मध्यरूप इति त्रेधा ज्ञानरूपो निरूपितः ॥का.१३॥**

પ્રથમ આપ (ભગવાન) મૂલરૂપ[૩] છો. તેમજ જગદ્રૂપ[૪] છો અને મધ્યરૂપ[૫] છો. એ પ્રમાણે ત્રણ પ્રકારે જ્ઞાનરૂપ[૬](ભગવાન)નું નિરૂપણ કરેલું છે. કા.૧૩.

**माहात्म्यज्ञापनार्थाय दुर्ज्ञेयत्वं च वर्णितम् । सर्वरूपोपि सर्वस्मिन् गृह्यमाणैर्न गृह्यते ॥का.१४॥**

(ભગવાનનું) માહાત્મ્ય જણાવવા માટે તેમને 'દુર્જ્ઞેય' (જેમનું જ્ઞાન થવું કઠિન છે તેવા) વર્ણવેલા છે.[૭] (ભગવાન) સર્વરૂપ હોવા છતાં સર્વ પદાર્થોનું ગ્રહણ થતાં તેમનું ગ્રહણ થતું નથી.[૮]

---

૧. અહિંથી દશ શ્લોકો(૨૯ થી ૩૮)નો અર્થ બારમી કારિકાથી કહે છે. અહિં પ્રાણ શબ્દનો અર્થ ઇંદ્રિય છે. કેટલાકનો મત એવો છે કે વૃક્ષોને ઇંદ્રિયો હોતી નથી. એ મત પ્રમાણે નલકૂબર અને મણિગ્રીવને શાપ થયો અને તેઓ વૃક્ષો થયા એટલે તેઓના પ્રાણનો નાશ થયો. તે પ્રાણ તેમને પુનઃ પ્રાપ્ત કરાવવા દશ શ્લોકોથી તેઓ સ્તુતિ કરે છે. એ પ્રમાણે સ્તુતિ દશ શ્લોકોથી કરવાનું તાત્પર્ય કહ્યું. प्राणान् પ્રાણોને बिभ्रति ધારણ કરે છે તેથી પ્રાણધારણ કરનાર છે. તેવા આ સ્તુતિના દશ શ્લોકો છે એવો અર્થ છે. હવે પ્રાણ પ્રાપ્ત થશે તેમનું ભગવાનની ભક્તિથી પોષણ થાય તે માટે દશ શ્લોકોથી સ્તુતિ કરે છે. (**प्र+ले+का**)

૨. પહેલા તથા આ અધ્યાયની સંગતિમાટે અહિં જ્ઞાન અને વૈરાગ્યનો **નિર્ણય** કહેલો છે. (**प्र**) જ્ઞાનના નિર્ણયથી જ વૈરાગ્યનો **નિર્ણય** થાય છે એમ આગળની સત્તરમી કારિકામાં કહેશે. (**का**)

૩ **મૂલરૂપ** ભગવાનનું સ્તુતિના પહેલા એટલે ૨૯મા શ્લોકમાં નિરૂપણ કરેલું છે. (**का**)

૪. **જગદ્રૂપ** એટલે દેહ ઇંદ્રિય વિગેરેરૂપ. આનું નિરૂપણ ૩૦મા શ્લોકમાં કરેલું છે. (**का**)

૫. **મધ્યરૂપ** એટલે મહત્તત્ત્વ અને પ્રકૃતિ વિગેરેરૂપ. આનું નિરૂપણ ૩૧મા શ્લોકમાં કરેલું છે. (**का**)

૬. મૂલરૂપ, જગદ્રૂપ અને મધ્યરૂપ તરીકે નિરૂપણ કરવાથી ત્રણ પ્રકારે સદ્રૂપનું જ નિરૂપણ થાય છે, છતાં સદ્રૂપનું નિરૂપણ કરવાથી જ ચિદ્રૂપનું પણ નિરૂપણ થાય છે એવો અર્થ છે. (**प्र**)

૭. આ કારિકામાં ૩૨મા શ્લોકનો અર્થ કહેલો છે. તેમાં પહેલી અડધી કારિકાથી એ શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કહેલો છે. (**प्र**)

૮. યોગીઓથી પણ ભગવાન ગ્રહણ થતા નથી એમ જણાવવા અહિં ૩૨મા શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કહેલ છે. (**प्र**)

**आध्यात्मिकस्ततो नायं भौतिकोऽपि ततो न हि । दैविकत्वेन सर्वः स्यात् द्वयं तस्माच्च जायते॥**

**તેથી[1] આ (ભગવાન) આધ્યાત્મિક નથી, તેમ આધિભૌતિક પણ નથી. આધિદૈવિકરૂપથી સર્વ થાય અને તેમાંથી[2] બે[3] થાય છે. કા. ૧૫.**

**अतः सर्वत्वकर्तृत्वे ज्ञानभक्ती फलिष्यतः । अतो ज्ञानं निरूप्यादौ भक्तिमाहतुरुत्तमाम् ॥१६॥**

**તેથી (પુરુષોત્તમ) સર્વ હોવાથી[4] અને (સર્વના) કર્તા[5] હોવાથી જ્ઞાન[6] અને ભક્તિ[7] ફલ (પ્રાપ્ત) થાય છે. તેથી પહેલાં જ્ઞાનનું નિરૂપણ કરી, (પછી) ઉત્તમ ભક્તિ તેઓએ કહેલી છે.[8]**

**अनेनैव च वैराग्यं ज्ञानाजनकता यदि । तदा सर्वं परित्याज्यमन्यथा स्याद्विनाशनम् ॥१७॥**

**આથી જ[9] વૈરાગ્યનું (નિરૂપણ કરેલું છે.) જો જ્ઞાન ઉત્પન્ન ન થાય[10] તો સર્વનો**

---

૧. **'તેથી'** એટલે 'સર્વ ગ્રહણ થતાં પણ પુરુષોત્તમ ગ્રહણ થતા નથી તેથી', આ પુરુષોત્તમ આધ્યાત્મિક તેમજ આધિભૌતિક નથી; પરંતુ આધિદૈવિકરૂપથી સર્વ થાય. **(का)**

૨. **'તેમાંથી'** એટલે 'પુરુષોત્તમમાંથી'. **(का)**

૩. **'બે'** એટલે આધ્યાત્મિક અને આધિભૌતિક. (પુરુષોત્તમ) આધિદૈવિકરૂપથી સર્વરૂપ છે (થાય છે), એમ ૩૦મા શ્લોકમાં કહેલું છે. ૩૧મા શ્લોકમાં તે આધ્યાત્મિકના કર્તા છે એમ કહેલ છે, અને ૩૨મા શ્લોકમાં તે આધિભૌતિકના કર્તા છે એમ કહેલ છે. **(का)**

૩૦મા શ્લોકમાં કહેલ અર્થથી તેમને બ્રહ્મ તરીકે જાણવાથી સર્વનું જ્ઞાન થાય છે, અને ૩૧ અને ૩૨મા શ્લોકમાં કહેલ અર્થથી મુક્તિ થાય છે. **(ले)** 'મુક્તિ'ને બદલે 'ભક્તિ' હશે એમ જણાય છે. કારિકાર્થ પણ 'ભક્તિ' થાય છે એમ કહે છે. 'બે' એટલે 'જ્ઞાન અને ભક્તિ'. **(प्र)**

૪. (પુરુષોત્તમ) સર્વ છે એ જ્ઞાન તેમના સર્વરૂપથી થાય છે. **(का)**

૫. (પુરુષોત્તમ) સર્વના (આધ્યાત્મિક તથા આધિભૌતિકના) કર્તા છે, એ તેમના કર્તૃપણાના રૂપથી ભકિત થાય છે. **(का+ले)**

૬. તેત્રીસમા શ્લોકમાં જ્ઞાન કહેલું છે. **(का+ले)**

૭. ચોત્રીસમા શ્લોકમાં ભક્તિ કહેલી છે. **(का+ले)** ભગવાન સર્વના કર્તા છે એવા તેમના માહાત્મ્યના જ્ઞાનથી ભક્તિ થાય છે. **(यो)**

૮. અહિં એવો અર્થ છે કે સાતમા અધ્યાયમાં બગાસું ખાવાની લીલા કરી અને આઠમામાં માટી ખાવાની લીલા કરી, તેમાં ભગવાને પોતે સર્વરૂપ છે એમ દર્શાવ્યું અને પછી તેવા જ્ઞાનનો તરત જ તિરોભાવ કર્યો. પછી નવમા અધ્યાયના તેરમા શ્લોકમાં જે ભગવાનનું સ્વરૂપ જણાવ્યું તેનું જ્ઞાન પણ કોઈને થએલ નહિ, પરન્તુ દામણાં ઘટયાં એ તો સર્વેએ જાણ્યું; તેથી સર્વને આશ્ચર્ય થતાં વ્રજભક્તોનો નિરોધ જેમ તેમ થયો, પરંતુ 'સ્વરૂપ આવું જ છે' એવા જ્ઞાનથી જ્ઞાનના સ્વરૂપનો નિર્ણય થએલો નહિ. તેથી અહિં તેનો નિર્ણય કરવામાં આવે છે. તે એવો છે કે ભગવાન સર્વરૂપ હોવા છતાં આધ્યાત્મિક અને આધિભૌતિકથી લેપાતાં પ્રકાશતા નથી. આધ્યાત્મિક અને આધિભૌતિક રૂપો સદ્રૂપ છે, છતાં જ્ઞાનને ઢાંકી દેનારાં છે. ભગવાન કાલરૂપથી, ઈશ્વરરૂપથી અથવા પ્રકૃતિરૂપથી કર્તા છે, અને અક્ષરરૂપથી સર્વરૂપ છે. તેથી તેમાંથી (કર્તૃપણાના રૂપમાંથી) ભક્તિ અને સર્વરૂપમાંથી જ્ઞાન થાય છે. **(प्र)**

૯. **'આથી જ'** એટલે 'જ્ઞાનનાં નિરૂપણથી જ' વૈરાગ્યનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. **(का)**

• **'આથી જ'** એટલે ઉત્તમ ભક્તિનાં નિરૂપણથી જ 'ભગવાનનો મહિમા ગુણોથી ઢંકાએલો છે' એમ કહેલું છે. ગુણો ઢાંકી દેનારા છે, અને ભગવાનથી ગુણો પ્રકાશે છે અને પોતે તો જડ છે, અને તેથી તેઓનું કાર્ય (તેઓથી બનેલ સર્વ પદાર્થો) જડ છે. તેથી આવા પ્રકાર(ના વિચાર)થી ગુણ પર્યંત બધા પદાર્થોમાં વૈરાગ્યનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. **(प्र)**

૧૦. ભગવાન સર્વ છે. એ સર્વરૂપથી જો જ્ઞાન ઉત્પન્ન ન થાય તો વૈરાગ્ય કરવો. જ્ઞાન ન -

પરિત્યાગ કરવો. તેમ કરવામાં (સર્વનો પરિત્યાગ કરવામાં) ન આવે[1] તો વિનાશ થાય છે.

**भक्तिसिद्ध्यै तु यज् ज्ञानं श्लोके षष्ठे निरूप्यते । अन्यथाभावशंकाया व्यावृत्त्यर्थं भवान् परः ॥**

ભક્તિ પ્રાપ્ત કરવા માટે[2] જે જ્ઞાન (જરૂરી છે) તેનું છઠ્ઠા શ્લોકમાં નિરૂપણ કરેલું છે. અન્યથાભાવની[3] (શ્રીકૃષ્ણ ભગવાન નથી પણ મનુષ્ય છે એવી) શંકા દૂર કરવા માટે, ભગવાનને પર કહેલા છે.[4] કા.૧૮.

**भगवन्तं नमस्कृत्य गमनप्रार्थना कृता । तदयुक्तं भक्तिमतामिति भक्तिस्तु षड्गुणा ॥१९॥**

ભગવાનને નમસ્કાર કરીને[5] (તે એઓએ) જવાની પ્રાર્થના કરી.[6] ભક્તિવાળાએ તે (એ પ્રમાણે કરવું તે) અયોગ્ય છે, એમ (જો[7] શંકા થાય તો) ભક્તિ છ[8] ગુણવાળી છે.[9] કા.૧૯.

**भक्तैः सहैव सा कार्या परोक्षेणैव सिध्यति । गुप्तो रसस्तदोद्बुद्धो रसतां याति नान्यथा ॥२०॥**

તે [છ અંગ (ગુણ) વાળી ભક્તિ] ભક્તો સાથે જ કરવી જોઈએ અને પરોક્ષ[10] (ભગવાનની સંનિધિ ન હોય તે સ્થલ)માં જ સિદ્ધ થાય છે. ત્યારે[11] ગુપ્ત રસ જાગ્રત થઈ

---

થાય તો સર્વનો ત્યાગ કરવો એવો અર્થ છે. (**ले**) બ્રહ્મપણાંથી (ભગવાન બ્રહ્મ છે એવા નિર્ણયથી) જો જ્ઞાન ન થાય, તો સર્વનો ત્યાગ કરવો. (**का**) જો વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન ન થાય, તો સર્વનો ત્યાગ કરવો. (**प्र**) લેખ અને કારિકાર્થનો અર્થ વધારે સારો જણાય છે.

૧. '**अन्यथा**' એટલે તેમ કરવામાં ન આવે એટલે સર્વનો ત્યાગ કરવામાં ન આવે તો. (**का**)

'**अन्यथा**' એટલે જો વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન ન થાય એવું ન બને, (વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન થાય) તો સર્વનો ત્યાગ કરવાથી વિનાશ થાય એટલે ભક્તિમાર્ગમાંથી પડાય. આ બે નલકૂબર અને મણિગ્રીવને ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થયું તેથી તેઓએ ઘરનો ત્યાગ ન કર્યો, તેમાં કાંઈ દોષ નથી એવો અર્થ છે.(**प्र**)

૨. "છઠ્ઠા (સ્તુતિના છઠ્ઠા એટલે આ અધ્યાયના ચોત્રીસમા) શ્લોકમાં તો જ્ઞાનનું જ નિરૂપણ કરેલું છે, છતાં 'તેઓએ ઉત્તમ ભક્તિ કહી છે' એમ ૧૬મી કારિકામાં કેમ કહ્યું?" એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભક્તિ માટે જરૂરી જ્ઞાન ત્યાં કહેલું હોવાથી તેથી ભક્તિનું જ નિરૂપણ થયું. (**ले+का**)

૩. 'છઠ્ઠા શ્લોકમાં ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ભક્તિના સાધન તરીકે ભગવાનમાં વીર્ય ઘણું છે એમ જણાવેલ છે. જેનામાં વીર્ય હોય તે બંધાય નહિ, અને શ્રીકૃષ્ણ તો ખાંડણીએ બંધાએલા હતા, તેથી તેમનામાં વીર્ય ન હોવું જોઈએ અને તે મનુષ્ય જ હતા' એવી શંકા થાય, તે **અન્યથાભાવની શંકા**.(**प्र**)

૪. સ્તુતિના સાતમા (અધ્યાયના ૩૫મા શ્લોકમાં). (**प्र**)

૫. આ આઠમા (અધ્યાયના ૩૬મા) શ્લોકનો અર્થ કહેલો છે. (**का+ले+प्र**)

૬. આ નવમા (અધ્યાયના ૩૭મા) શ્લોકનો અર્થ કહેલ છે. (**का+ले+प्र**)

૭. 'भक्तिमतामिति' પછી 'चेत्' અધ્યાહાર છે. (**ले+का**)
આ કારિકાના ઉત્તરાર્ધથી દશમા (૩૮મા) શ્લોકનો અર્થ કહેવાનો પ્રારંભ કરેલો છે. (**ले**)

૮. આ ભક્તિનાં છ અંગો દશમા (આડત્રીસમા) શ્લોકમાં કહેલ કીર્તન, શ્રવણ વિગેરે છે. (**का+ले**)

૯. ઉપર કહ્યું તે પ્રમાણે ભગવાન સર્વરૂપ અને સર્વના કર્તા છે એવું જ્ઞાન થાય, તોપણ સીડીના પગથીઆંરૂપ અવતારોદ્વારા તેમની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી ફલની આશા નથી. તેથી તેમના અવતારોના જ્ઞાનનો ઉપાય છઠ્ઠા શ્લોકમાં કહ્યો. સાતમામાં ભગવાન અવતાર નથી, પણ અવતારોથી પર છે એમ કહ્યું. તેથી અવતારરૂપ પગથીઆં ચડીને તેમને પ્રાપ્ત કરવાના છે એમ જણાવ્યું. આઠમામાં નમન અને નવમામાં તેમના દર્શનનું સાધન કહ્યું. આ ચાર (છઠ્ઠાથી નવમાસુધીના) શ્લોકો જ્ઞાનના નિર્ણયના અંગરૂપ છે એવો અર્થ છે. (**प्र**)

૧૦. મુખ્ય ભજનનો અધિકાર નહિ હોવાથી જ તેઓએ એવી (જવાની) પ્રાર્થના કરેલી છે. (**प्र**)

૧૧. ભક્તો સાથે જ ભક્તિ કરવાથી (ગુપ્ત રસ જાગ્રત થઈ રસપણાને પામે છે). તેથી જવા માટે તેઓએ પ્રાર્થના કરી.(**प्र**)

રસપણાને પામે છે, બીજી રીતે તેમ થતું નથી. કા. ૨૦.

गुणप्रधानभावत्वमेकत्र हि विरुध्यते । अतो ॥२०½॥

એક જ સ્થલે ગુણભાવપણાનો[1] અને પ્રધાનભાવપણાનો વિરોધ થાય તેથી (જવાની પ્રાર્થના કરી).

अत्र भगवाँल्लीलां स्वयं कर्तुं समुद्यतः ॥२१॥

स्वस्यैव रसभोगार्थं परार्थं वेत्यनिर्णयः । ताभ्यां विमोचनं नैव शक्यं पक्षद्वयेऽपि हि ॥का.२२॥

અહિં પોતાના જ રસભોગ માટે અથવા બીજાના માટે[2] લીલા કરવા માટે ભગવાને પોતે ઉદ્યમ કરેલો છે, તેનો (તેઓને) નિર્ણય થએલ ન હતો. બંને પક્ષ લેતાં પણ તેઓ (ભગવાનને ખાંડણીઆથી) છોડી શકે તે શક્ય ન હતું.[3] કા. ૨૧.૨૨.

नलकूबरमणिग्रीवावूचतुः । નલકૂબર અને મણિગ્રીવ કહે છેઃ-

**कृष्ण कृष्ण महायोगिंस्त्वमाद्यः पुरुषः परः ॥**
**व्यक्ताव्यक्तमिदं विश्वं रूपं ते ब्राह्मणो विदुः ॥२९॥**

**હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાયોગી ! આપ આદ્ય (છો), પર પુરુષ છો, વ્યક્ત અને અવ્યક્ત આ વિશ્વને આપ-બ્રહ્મનું રૂપ જાણે છે. ૨૯.**

(પાછલ પચીસમા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં) કહ્યું છે કે (નલકૂબર અને મણિગ્રીવને) પહેલાંનું સ્મરણ [થયું (રહ્યું) હતું કે નહિ] તેનો સંદેહ રહેતો હોવાથી તેનો

---

૧. ભગવાન ગોકુલમાં ભક્તના પ્રાધાન્યથી અને પોતાના ગૌણભાવથી લીલા કરતા હતા. આ બે એવી લીલાના અધિકારી ન હતા. તેથી વ્રજના ભક્તો સાથે રહી તે ભક્તિ કરી શકે તેમ ન હતું. ભગવાન વ્રજના ભક્તો સાથે ગૌણભાવથી અને તેમની સાથે પ્રધાનભાવથી એમ જૂદા પ્રકારે લીલા કરે તો એક જ સ્થલે એ પ્રમાણે જૂદી જૂદી રીતે લીલા કરવામાં વિરોધ થાય. તેથી તેઓએ જવાની પ્રાર્થના કરી એમ પાછલી કારિકા સાથે સંબંધ છે. (**का+प्र**) આ પ્રસંગને લીધે ૩૯મા શ્લોકનો અર્થ કહેલ છે.(**ले**)

૨. બીજાને (એટલે વ્રજભક્તોને) અધિક રસ પ્રાપ્ત થાય તે માટે ભગવાન તેમને અધીન થયા હતા, કે પોતાના જ રસભોગ માટે એ પ્રમાણે લીલા કરતા હતા, તેનો નલકૂબર અને મણિગ્રીવને નિર્ણય થયો ન હતો. ભગવાન પોતાના રસભોગ માટે લીલા કરતા હોય કે ભક્તોને અધિક રસ પ્રાપ્ત કરાવવા કરતા હોય, તોપણ કોઈ સંજોગમાં તે લીલામાં પડવાનો પોતાને અધિકાર નથી એમ જાણી ભગવાનને ખાંડણીઆથી છૂટા કર્યા વિના તેઓ ભક્તો સાથે પરોક્ષ ભજન કરવા ગયા. (**का**)

૩. શ્લોક ૩૮માં નલકૂબર તથા મણિગ્રીવે ભક્તિની જ પ્રાર્થના કરી છે, છતાં 'વાણી વિગેરે ભગવાનને જ પરાયણ રહો' એવી પ્રાર્થનાથી (ભગવાન સિવાય) બીજાઓથી વૈરાગ્ય દર્શાવેલ છે, અને તે વૈરાગ્યથી ભક્તિ થાય છે એવો અહિં નિર્ણય કરેલ છે. તેથી આ વૈરાગ્યના અધ્યાય સાથે આ સ્તુતિની સંગતિ છે.

આથી નીચે પ્રમાણે સિદ્ધ થાય છે. **ભગવાન જેનો ઉદ્ધાર કરવાનો વિચાર કરે છે તેને જ ભગવદીયનો સંગ થાય છે, ભગવદીયો ભગવાને વિચારેલું હોય તે જ કરે છે. તેમાં પોતાના શાપથી કાંઈ આડુંઅવળું જણાય તોપણ પરિણામે તેનાથી ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે. આવું ફલ પ્રાપ્ત કરાવવામાં ભગવદીયોનો અનુગ્રહ જ કારણ છે. ભગવદીયના અનુગ્રહથી જ ભગવાનની સંનિધિ પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય છે. પછી ભગવદીયોના દાસ્યદ્વારા ભગવાનના ભજનની પ્રાપ્તિ થાય છે. પછી ભગવદ્ભજનના અધિકારવાળાને ભગવાને નક્કી કરેલ ભક્તિનું ફલ પ્રાપ્ત થાય છે: પુષ્ટિમર્યાદામાં આવી જ વ્યવસ્થા** છે. બ્રહ્મસૂત્ર ૩.૩.૧૮થી કાર્યાખ્યાન અધિકરણનો આરંભ થાય છે. તેમાં ૩.૩.૨૦ સૂત્રમાં આ સિદ્ધ કરેલ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિનો આવેશ થાય છે તેમ ભક્તના જીવમાં ભગવાનનો આવેશ થાય છે, ત્યારે તે ભગવાન કહેવાય છે અને ફલદાન કરવા માટે ભગવાનનો એ પ્રમાણે ભક્તના જીવમાં આવેશ થાય છે. (**प्र**)

નિર્ણય થાય તે માટે ભગવાન (તેઓ હતા ત્યાં) પધાર્યા. તે સ્મરણ સર્વ લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે, 'તેથી જ્ઞાની મને સર્વથી પ્રિય છે' વાક્ય પ્રમાણે, તેઓ (પોતે) જાણેલાં ભગવાનનાં સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેમ ન હોય તો[1] બધીય સ્તુતિનો વિરોધ થાય. તેમાં આરંભમાં 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ !' શબ્દોથી આપ પુરુષોત્તમ છો એમ કહે છે. આદર દર્શાવવા બે વાર સંબોધન કરેલું છે. (આપ) કૃષ્ણ એટલે સદાનંદ છો અને તે (સદાનંદ) જ 'કૃષ્ણ' નામવાળા છો. અથવા બંને પ્રકારનું અજ્ઞાન[2] દૂર કરવા માટે એ પ્રમાણે (બે વાર સંબોધન) કહેલું છે. (આપની) આકૃતિ અથવા ચેષ્ટાથી અમને ભ્રમ (તમે સદાનંદ શ્રીકૃષ્ણ છો એ વિષયમાં શંકા) થતો નથી, એમ 'હે મહાયોગી!' શબ્દથી જણાવે છે. જૂદા જૂદા યોગના આચરણમાં પ્રવૃત્ત થએલ લૌકિક પુરુષોનો પણ હીનભાવ થતો નથી, તો પછી દોષરહિત અને પૂર્ણગુણવાળો જેમનો દેહ છે તેવા આપનો તો (હીનભાવ થાય જ કેમ ?) તેથી જે અર્થ(આપનાં સ્વરૂપ)નું (અમારે) વર્ણન કરવાનું છે તેમાં (આપનાં) નામ[3] અને રૂપ[3] બાધ કરતાં નથી.

(આપ) આદ્ય (છો). (સર્વના) મૂલ હોવાપણું એ જ મોટાઈ છે. બધાએ પોતાના વિચારથી (બીજાનું) મોટાપણું (પોતાનું મૂલ જે હોય તે પોતાથી મોટું છે એમ) જાણવું જોઈએ. આદ્ય તો તેવા (સર્વથી મોટા, સર્વનું મૂલ) છે. બીજાના મતમાં ચેતન (જીવ) પણ આદ્ય હોવાનું સંભવે છે. તેથી (આપ) જીવ નથી એમ જણાવવા, 'પુરુષ' શબ્દ યોજે છે. (પુરુષ' શબ્દ યોજેલ હોવાથી) સાંખ્યમતના 'પુરુષ' તુલ્ય (ભગવાન હશે) એવી શંકા થાય, તેથી 'પર' શબ્દ યોજે છે. ('પર પુરુષ' એટલે) પુરુષોત્તમ એવો અર્થ છે. (અથવા) (ભગવાન) નિરાકાર છે એવો મત ખોટો છે એમ દર્શાવવા, 'પુરુષ' પદ યોજેલ છે. તે મત (ભગવાન નિરાકાર છે એવા મત) પ્રમાણે આ (શ્રીકૃષ્ણ દેહવાળા હોવાથી) વિકારવાળા થાય જ. (તેથી) [4]'પર' એટલે કાલ વિગેરેનું પણ નિયમન કરનાર કહેલા છે.

એ પ્રમાણે ભગવાનના મૂલરૂપપણાનું નિરૂપણ કરી, જો કાર્યરૂપો ન હોય તો મૂલરૂપ સંભવે જ નહિ તેથી, અને કાર્ય બીજા પ્રકારનું[5] હોય તો તે (મૂલરૂપ) સગુણ, વિકારરહિત તથા સંગરહિત હોવામાં વિરોધ થાય તેથી, 'વ્યક્ત અને અવ્યક્ત આ(વિશ્વ)ને' શબ્દથી કાર્યરૂપ પણ આપ (શ્રીકૃષ્ણ) જ છો એમ કહે છે. આ બધુંય જગત્ બે રૂપવાળું જ હોય છે. (૧) જેને કાલે ઘેરેલું નથી તે **અવ્યક્ત** અને (૨) જેને કાલે ઘેરેલું છે તે **વ્યક્ત.** આકાશ અને પરમાણુઓ* પણ 'વ્યક્ત' છે, એમ કેટલાક કહે છે. એમ હોય* ત્યારે કાલથી આરંભી ખડનાં તરખલાં સુધીનું બધુંય જગત્ વ્યક્ત

---

૧. **'તેમ ન હોય તો'** એટલે 'જ્ઞાન ન હોય તો' આ બધી સ્તુતિ અપરાધકારક થાય, કારણ કે શ્રુતિ કહે છે કે 'જે એક પ્રકારના આત્માને બીજા પ્રકારથી જણાવે છે તે આત્માનું હરણ કરનાર ચોરે કયું પાપ કર્યું નથી ?'(પ્ર) **તેમ ન હોય તો'** એટલે (ભગવાનના) સ્વરૂપનું જ્ઞાન ન હોય તો.(લે)

૨. **'બંને પ્રકારનું અજ્ઞાન'** એટલે ભગવાનનું (૧)નામ તથા (૨)રૂપ સદાનંદ છે એવા જ્ઞાનનો અભાવ.(પ્ર)

૩. મનુષ્ય જેવું ભગવાને દેખાડેલું પોતાનું (શ્રીકૃષ્ણનું) રૂપ, અને એ રૂપને લક્ષમાં રાખી જે નામથી તેનો વ્યવહાર કરવામાં આવે છે તે **નામ.** (લે)

૪. માત્ર 'પુરુષ' હોય તે 'વિકારવાળો' હોય, તેથી 'પર' પણ છે એમ કહેલ છે. (લે)

૫. **'બીજા પ્રકારનું'** એટલે 'મિથ્યા, વિકારવાળું અને જૂદું'.(પ્ર) **બીજા પ્રકારનું** એટલે જેનું નિમિત્ત (કારણ) બીજું છે તેવું. (લે) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

** આકાશ અને પરમાણુઓ (નિત્ય હોવાથી) કાલે ઘેરેલાં નથી. છતાં તેઓ અવ્યક્ત નહિ, પણ

અને અવ્યક્ત થાય છે. અથવા (વ્યક્ત અને અવ્યક્તને) એકત્ર કર્યાવિના[1] (એટલે જૂદાં જૂદાં જ) અહિં જણાવેલ છે. બંને રીતે[2] પણ આ જગત્ આપનું જ રૂપ છે. **'ब्रह्मणो विदुः'** શબ્દોથી આ વિષયમાં પ્રમાણ કહે છે. **'ब्रह्मणः'** એટલે વેદમાંથી (બધા એમ જાણે છે). અથવા બ્રાહ્મણો (એમ જાણે છે). અથવા (આ જગત્) આપ–બ્રહ્મનું જ (રૂપ છે). તેમ હોવાથી બધી શ્રુતિઓ પ્રમાણ છે, એમ કહેવાયું. 'રૂપ' એટલે સ્વરૂપ અથવા નિરૂપણ કરનારૂં.[3] (૨૯)

એવી રીતે ભગવાન સર્વરૂપ છે એમ નિરૂપણ કરી, આધિદૈવિક પ્રકારથી પણ તે (શ્રીકૃષ્ણ) સર્વરૂપ છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**त्वमेकः सर्वभूतानां देहास्वात्मेन्द्रियेश्वरः ॥**

**त्वमेव कालो भगवान् विष्णुरव्यय ईश्वरः ॥ ३० ॥**

**આપ એકલા સર્વ પ્રાણીઓના દેહ, પ્રાણો, અંતઃકરણ, ઇંદ્રિયો તથા જીવ છો. આપ જ ભગવાન કાલ, વિષ્ણુ, અવ્યય અને ઈશ્વર છો. (૩૦)**

'જૂદા જૂદા (પદાર્થોના) આધિદૈવિકોમાં ભેદ હશે (આધિદૈવિકો જૂદા જૂદા હશે)' એવી શંકા થાય, તેથી 'એકલા' પદ યોજેલ છે.

'દેવો વિગેરે ઉત્તમ હોવાથી તેઓના આધિદૈવિક ભગવાન ભલે હોય, પરંતુ કીડાઓ અને જંતુઓના આધિદૈવિક તે નહિ હોય' એવી શંકા થાય, તેથી 'સર્વ પ્રાણીઓના' શબ્દ યોજેલ છે. ('સર્વ પ્રાણીઓના' એટલે) બ્રહ્માથી આરંભી ખડના તરખલા સુધીના જૂદી જૂદી જાતનાં પ્રાણીઓના દેહ, પ્રાણો, आत्मा અંતઃકરણ, ઇંદ્રિયો અને **ईश्वरः** એટલે જીવ (આપ છો). (અથવા એ સર્વ પ્રાણીઓના દેહ) **स्वात्मा**[4] એટલે જીવ, 'ઇંદ્રિયો' એટલે પ્રાણો અને અંતઃકરણ અને **ईश्वरः** એટલે અંતર્યામી, આધિભૌતિક વિગેરેના ઈશ્વર, અથવા એ પ્રકારના [5]દેહસહિત જીવના ઈશ્વર (આપ છો). (ઈશ્વર) નિયમમાં રાખનાર હોય એ મત પ્રમાણે કાલ વિગેરે (આપનાથી) જૂદા હોય તો તે પણ ઈશ્વર ગણાય, તેથી 'આપ જ કાલ (છો)' શબ્દથી કાલ વિગેરેરૂપ પણ આપ જ છો

વ્યક્ત છે એમ કેટલાક માને છે. એ પણ વ્યક્ત હોય તો કાલથી આરંભી ખડના તરખલાં સુધીનું બધું જગત્ ક્યારેક (સૃષ્ટિ સમયે) વ્યક્ત હોય છે અને ક્યારેક (પ્રલય સમયે) અવ્યક્ત હોય છે.

૧. ઉપર જણાવ્યું તેમ સર્વ જગત્ કોઈ પણ સમયે વ્યક્ત અને કોઈ સમયે અવ્યક્ત હોય છે એ એક મત. જગતના કેટલાક પદાર્થો વ્યક્ત છે અને કેટલાક (આકાશ પરમાણુ વિગેરે) અવ્યક્ત છે, એ બીજો મત. આ બીજા મત પ્રમાણે વ્યક્ત અને અવ્યક્ત ભેગા કર્યા વિના, એ સર્વ વ્યક્ત અને અવ્યક્ત (જૂદા જૂદા પદાર્થો) આપનું જ રૂપ છે એમ કહેલું છે એવો અર્થ છે. (લે)

૨. **'બંને રીતે'** એટલે (ઉપર જણાવેલ) બંને મત પ્રમાણે. (પ્ર)

૩. **'નિરૂપણ કરનારૂં'** એટલે 'જણાવનારૂં'. (પ્ર)

૪. **'देहस्वात्मेन्द्रियेश्वरः'** પાઠ લઈ, અહિંથી બીજા પ્રકારે અર્થ છે. (પ્ર) અહિં, **'देहा-स्वात्मेन्द्रियेश्वरः'** હોવાથી આ બીજી રીતે અર્થ કરતાં **'देहाः'** શબ્દ પહેલી વિભક્તિના બહુવચનનો છે એમ જાણવું. (લે)

૫. **'देह'** એટલે સ્થૂલ શરીર અને **'इन्द्रिय'** એટલે સૂક્ષ્મ શરીર, તેઓના તથા **स्वात्मा** જીવનો ઈશ્વર, એવો અર્થ થાય છે. (લે)

એમ કહે છે. કેટલાક કહે છે કે કાલ ભગવાનની ચેષ્ટા છે, વાસ્તવિક રીતે[1] તો આપ જ કાલ છો. 'ભગવાન' શબ્દથી તેનું કારણ કહેલું છે, બધાયનું ઐશ્વર્ય કાલે જ કરેલું હોય છે તેથી કાલ જ ઈશ્વર છે. તેવી જ રીતે (બધાયનું) બલ પણ (કાલે જ કરેલું હોય છે), કારણ કે જુવાનીમાં જ બલ હોય છે. તપ રોગ વિગેરે પણ કાલથી પુષ્ટ થએલ હોય ત્યારે જ બલ પ્રાપ્ત કરાવે છે. યશ પણ (અમુક) કાલમાં જ હોય છે, કારણ કે કોઈનો યશ સદા ટકતો નથી. એ પ્રમાણે બીજા ગુણો (શ્રી, જ્ઞાન, વૈરાગ્ય) પણ (કાલમાં રહેલા છે). કાલ સાથે તેઓનો અન્વયવ્યતિરેક હોવાથી(કાલ હોય ત્યારે જ તેઓ હોય એ અન્વય; કાલવિના તેઓ ન હોય એ વ્યતિરેક) છ ગુણોનું કારણ કાલ જ છે એમ સમજાય છે.

'કાલ તો વિષ્ણુરૂપ છે, કારણ કે જે વ્યાપક (સર્વત્ર રહેલો) હોય તે કલે છે (ગણે છે, જાણે છે, ગ્રાસ કરે છે, અથવા જ્ઞાન કે ક્રિયાથી વ્યાપે છે. જૂઓ ૩. ૨૯. ૩૮ પરનાં સુબોધિની), અને આ (શ્રીકૃષ્ણ) જે સર્વને વ્યાપી રહેવાની શક્તિવાળા નથી તે કલતા નથી. તેથી વિષ્ણુ જ કાલ છે, બીજો (કોઈ) (કાલ) નથી' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુ' પદ યોજેલ છે. આપ જ વિષ્ણુ એટલે (૧) યજ્ઞરૂપ (૨) પાલન કરનાર અથવા (૩) સત્ત્વ(ગુણ)વાળા આધિદૈવિક વિષ્ણુ છો. જો તે[2] (વિષ્ણુ) જૂદા હોય તો ભગવાન (શ્રીકૃષ્ણ) તેમને અધીન થાય. વળી અવ્યય એટલે અક્ષર પણ આપ જ છો. જો (શ્રીકૃષ્ણ) ભગવાન અક્ષર ન હોય, તો તે (સર્વનું) સમવાયિ (કારણ) ન હોય. પ્રકૃતિ અને પુરુષ (જેમાંથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે તે) અક્ષરમાંથી જ ઉત્પન્ન થએલ હોવાથી, તે જ (જગતનું) સમવાયિકારણ* છે. 'સર્વને વ્યાપી રહેલા છો તેથી સર્વ છો' (ગી, ૧૧-૪૦) વાક્યપ્રમાણે સર્વપણું (સર્વરૂપ થવાપણું) બીજી રીતે[3] પણ થાય છે. વસ્તુ પરિચ્છેદ કરનારી (હદ બાંધનારી) છે એમ સર્વવાદી[4] માનતા નથી. તેથી ભગવાન જ અક્ષર છે.

---

૧. ચેષ્ટા હોવા છતાં તે ભગવાનથી જૂદા નથી, એમ જણાવવા (આમ કહેલ છે). (પ્ર)

૨. 'તે' એટલે પહેલાં કહેલાં ત્રણ રૂપો. [(૧)યજ્ઞરૂપ, (૨)પાલનકરનાર અને (૩)સત્ત્વવાળા વિષ્ણુ]. (પ્ર)

*પદાર્થનું સમવાયિકારણ એટલે જે દ્રવ્યનો પદાર્થ બનેલો હોય તે, જેમકે ઘડાનું સમવાયિકારણ માટી.

૩. **'બીજી રીતે'** એટલે 'બધામાં વ્યાપી રહેલ હોવાથી પણ'. (પ્ર)

અહિં 'अव्ययः' પદનું વ્યાખ્યાન કરતાં આપ (ભગવાન) અક્ષર હોવાથી સર્વના સમવાયિકારણ છો એમ સિદ્ધ કરેલું છે. ભગવાન સર્વરૂપ હોવાથી પણ સર્વના કારણ છે, છતાં તે બધામાં વ્યાપી રહેલ હોવાથી પણ સર્વરૂપ તો છે. તેથી સર્વ રૂપમાં સર્વના સમવાયિકારણ હોવાનો સમાવેશ થતો નથી; તેથી તે સર્વના સમવાયિકારણ છે તેનું કારણ તો તે અક્ષર છે એ જ છે. (લે)

૪. 'ઘડો વિગેરે પદાર્થ જે માટી વિગેરેમાં સમવાય સંબંધથી રહેલ છે તે હદવાળાં હોવાથી, તેમનું સમવાયિકારણ ભગવાન પણ હદવાળા થઈ જશે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'સર્વ બ્રહ્મ છે' એવો જેમનો વાદ(મત) હોય તે **સર્વવાદી.** તેઓના મત પ્રમાણે ભગવાન પોતાના જ સર્વ થવાના સામર્થ્યને લીધે હરકોઈ વસ્તુના રૂપથી પણ આવિર્ભાવ પામે છે; તેથી એ વસ્તુના હદવાળા હોવાપણાથી ભગવાન પણ હદવાળા થઈ જાય એવી શંકા યોગ્ય નથી એવો અર્થ છે. અથવા જે પદાર્થ બીજામાં સમવાય સંબંધથી રહેલ હોય તે હદવાળો હોય તો તે બીજો પણ હદવાળો હોવો જોઈએ એવું બધા વાદીઓ માનતા નથી, કારણ કે શબ્દ આકાશમાં સમવાય સંબંધથી રહેલો છે અને તે

(ભગવાનનાં) અંતર્યામી રૂપથી તથા બીજાં રૂપથી ઈશ્વરરૂપનું[1] પણ અધિકારી તરીકે નિરૂપણ કરવામાં આવેલ છે,[2] અને તે (ઈશ્વરરૂપનો) અસાધારણ ધર્મ ઐશ્વર્ય(સત્તા) છે.(૩૦)

એ પ્રમાણે આધિદૈવિક કાલ વિગેરેરૂપ (ભગવાન) છે એમ જણાવી, આધ્યાત્મિક અને આધિભૌતિક (પદાર્થો) પણ તે (ભગવાન) જ છે એમ જણાવવા, નીચેના શ્લોકમાં તેમનો મધ્યભાવ જણાવે છેઃ-

**त्वं महान् प्रकृतिः सूक्ष्मा रजःसत्त्वतमोमयी ॥**
**त्वमेव पुरुषोऽध्यक्षः सर्वक्षेत्रविकारवित् ॥३१॥**

**આપ જ મહાન્, પ્રકૃતિ, સૂક્ષ્મ (પ્રકૃતિ) અને રજઃ સત્ત્વ અને તમઃ (ગુણો) વાળી (પ્રકૃતિ)(છો). આપજ પુરુષ અધ્યક્ષ અને સર્વક્ષેત્રોના વિકારને જાણનાર છો.**

(૧) મહાન્ (મહત્તત્ત્વ) આખાય જગતનો અંકુર થએલ છે. (૨) એના પણ ક્ષેત્રરૂપ પ્રકૃતિ છે. (૩) તે(પ્રકૃતિ)નું પણ જેમાંથી કાર્યોની ઉત્પત્તિ થાય છે તેવું સાધારણ રૂપ જે યોનિ જેવી પ્રકૃતિ, તે સૂક્ષ્મ (પ્રકૃતિ). (૪) તેના પણ મૂલરૂપ ગુણો (સત્ત્વ) રજઃ અને તમઃ). (૫) તે ગુણોવાળી આધિદૈવિક પ્રકૃતિ અને ગુણો પણ આપ જ છો. એ પ્રમાણે ભગવાન (ઉપર જણાવેલ) પાંચરૂપ થાય છે એમ કહ્યું.

એ પ્રમાણે (ભગવાન) યોનિરૂપ છે એમ કહી, હવે (તે) બીજરૂપ છે એમ 'આપ જ પુરુષ છો' શબ્દોથી કહે છે. તે પ્રકૃતિના પુરુષ એટલે તેને એટલી બધી (મોટી) બનાવનાર (પણ આપ જ છો). અધ્યક્ષ એટલે સાક્ષી (પણ આપ જ છો). સાક્ષિરૂપ જૂદું[3] છે એવો સિદ્ધાંત છે. અને ક્ષેત્રજ્ઞ (પણ આપ જ છો). તેવો જ ક્ષેત્ર(દેહ)નું અભિમાન રાખનારો જીવ (છે) તે પણ ક્ષેત્રજ્ઞ છે, (પરંતુ 'क्षेत्रं ક્ષેત્રને जानाति જાણે છે તે ક્ષેત્રજ્ઞ' એ વ્યુત્પત્તિ પ્રમાણે, જે ક્ષેત્રજ્ઞ છે તે મુખ્ય[4] આપ (જ) છો. આટલાથી[5] એમ કહેલું

---

હદવાળો છે, તોપણ આકાશ તેવું (હદવાળું) નથી એવો અર્થ છે. (टि)

ઘડાનું સમવાયિકારણ માટી છે. ઘડો હદવાળો છે અને માટી પણ હદવાળી છે, છતાં દરેક હદવાળા પદાર્થનું સમવાયિકારણ હદવાળું હોવું જોઈએ એવો નિયમ નથી (એમ શબ્દ અને આકાશના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે). ભગવાન પોતાના જ સામર્થ્યથી સર્વરૂપ થાય છે, બીજા કોઈ નિમિત્તની તેમને જરૂર નથી; તેથી એવા સામર્થ્યવાળા ભગવાનમાં, તે સમવાયિકારણ હોય તો હદવાળા થઈ જાય એવી શંકા રહેતી નથી એવો અર્થ છે. (ले)

૧. " 'ભગવાન અક્ષર છે' એમ કહેવાથી 'ભગવાન સર્વરૂપ છે' એવો અર્થ થઈ જાય છે, તો પછી પાછા 'તે ઈશ્વર છે' એમ કહેવાની શી જરૂર ?" એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનનું આવું ઈશ્વરરૂપ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૮.૬૧માં જણાવેલ છે. (प्र)

૨. '**નિરૂપણ કરવામાં આવેલ છે**' એટલે 'આધિભૌતિક વિગેરેના ઈશ્વર તરીકે પહેલાં કહેલ છે.(ले)

૩. દરેક શરીરમાં રહેલ અંતર્યામીના રૂપથી જૂદું સાક્ષીનું રૂપ છે એવો અર્થ છે. (प्र)

૪. તે સાક્ષીનું રૂપ કયું તે જણાવવા વ્યુત્પત્તિ કરેલી છે. આ મુખ્યરૂપ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૩-૨માં જણાવેલ છે. શ્લોકમાં રહેલ આગળનાં વિશેષણ (विकारवित्)નો અર્થ આથી જ કહેવાઈ જાય છે, તેથી તેનો ફરી ઉલ્લેખ (સુબોધિનીમાં) કરેલ નથી. છતાં અહિં 'विकारवित्' પદથી વિકારો આધ્યાત્મિક છે એમ જણાવેલ છે, કારણ કે વૃત્તિરૂપ પદાર્થો આધ્યાત્મિક છે. (प्र)

૫. '**આટલાથી**' એટલે ભગવાન જ જૂદા જૂદા પદાર્થરૂપ છે એવું નિરૂપણ કર્યું તેથી. (प्र)

છે કે હરકોઈ પ્રકારથી જ્યાં પણ પ્રમાણની પ્રવૃત્તિ થાય છે તે આપ જ છો. (૩૧)

(ભગવાન જ મહાન્ (મહત્તત્ત્વ), પ્રકૃતિ, પુરુષ વિગેરે સર્વ થાય છે) એ વિષયમાં શ્રુતિ જ પ્રમાણ છે, પરંતુ પ્રત્યક્ષ પ્રમાણ નથી. તેથી (ભગવાન) અલૌકિક છે, એમ સિદ્ધ કરવા પ્રત્યક્ષ(પ્રમાણ)થી તેમનું જ્ઞાન થતું નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ–

**गृह्यमाणैस्त्वमग्राह्यो विकारैः प्राकृतैर्गुणैः॥**
**कोन्विहार्हति विज्ञातुं प्राक् सिद्धं गुणसंवृतः ॥३२॥**

**ગ્રહણ કરાતા પદાર્થોથી વિકારોને લીધે, પ્રાકૃત(પદાર્થો)ને લીધે (અને) ગુણોને લીધે, આપ ગ્રહણ થતા નથી. ગુણોથી વીંટાએલ કોણ પહેલાં (પણ) સિદ્ધ (એવા આપને) અહિં જાણવા યોગ્ય છે (જાણી શકે)? ૩૨.**

ઘડો, વસ્ત્ર વિગેરે પદાર્થોનું ગ્રહણ (જ્ઞાન) થાય છે, તેથી આપનું ગ્રહણ (જ્ઞાન) થતું નથી. આપ તે પદાર્થરૂપ[1] હોવા છતાં, તેઓનું ગ્રહણ થવાથી આપનું ગ્રહણ થતું નથી. તેમજ તેઓની સાથે પણ આપનું ગ્રહણ થતું નથી, કારણ કે તે ધર્મો જેમના આપ આશ્રય છો તેઓનું ધર્મી અને આશ્રય સાથે ભાન થાય એવો નિયમ[2] છે. તેનું[3] કારણ 'વિકારોને લીધે' શબ્દથી કહે છે. સંનિપાતમાં[4] જેમ થાય છે તેમ વિકાર થતાં પ્રકૃતિની[5] પ્રતીતિ થતી નથી. તે સમયે (વિકાર થાય ત્યારે), પ્રાકૃતનો[6] તિરોભાવ થાય છે. 'જેમ વિષયો સાથે જ્ઞાન ભાસે છે (જ્ઞાનનું ભાન થાય છે) તેમ પોતાના વિષયોનો પ્રકાશ જેનાથી થાય છે તેવું[7] (જ્ઞાન) જ જડ પદાર્થો સાથે ભાસે છે. તેવી જ રીતે વિષયોનો

---

૧. '**तद्रूपः**' એટલે તે ઘડો વિગેરે પદાર્થો જેમનું રૂપ છે તેવા, એટલે ઘડો વિગેરે ધર્મવાળા. (**ले**)

૨. ભગવાનનું જ્ઞાન થાય તેવું કારણ હોવા છતાં પણ તેમનું જ્ઞાન થતું નથી, તેનું કારણ અહિં કહે છે. તે ઘડો વિગેરે પદાર્થો આપ(ભગવાન)નો આશ્રય કરી રહેલા છે અને આશ્રયનું ભાન (તેઓની) સાથે જ થાય એવો **નિયમ** હોવાથી, આપનું જ્ઞાન ન થાય તે યોગ્ય છે.

આ પહેલાં ઘડો વિગેરેને ધર્મો કહેલા છે. એમને ધર્મો ગણવામાં આવે તો ઘડો વિગેરે ધર્મોનું ભાન ધર્મી સાથે જ થાય એવો **નિયમ** હોવાથી, તેઓનું જ્ઞાન થવાથી આપનું જ્ઞાન થતું નથી એવો અર્થ છે. જો કે 'ધર્મી'પદ અર્થરહિત જણાય છે તોપણ ધર્મી અને આશ્રય એ બંને જૂદા જૂદા કહેવા માટે તે યોજેલ છે એમ જાણવું. આમ હોવા છતાં ભગવાનનું જ્ઞાન થતું નથી, તેનું કારણ 'તેનું કારણ' વિગેરેથી કહે છે. (**टि**) ઘડો વિગેરે ધર્મો હોવાથી, તેઓનું ભાન ધર્મી સાથે જ થાય, આપ (ભગવાન) તેઓનો આશ્રય હોવાથી, આપ–આશ્રયની સાથે જ તે ઘડા વિગેરેનું ભાન થાય એવો અર્થ છે. (**ले**)

૩. '**તેનું**' એટલે 'ભગવાનનું જ્ઞાન થતું નથી તેનું.' (**प्र**)

૪. '**સંનિપાત**' એટલે 'સંનિપાત (સનેપાત) નામનો રોગ.' (**प्र**)

૫. '**પ્રકૃતિ**' એટલે 'સ્વરૂપ' એવો અર્થ છે. જેમ નિર્મલ જલ હોય ત્યારે તે નીચેની ભૂમિ સારી રીતે દેખાય છે, પણ મેલું જલ હોય ત્યારે તે દેખાતી નથી; તેમ (વિકારોને લીધે ભગવાનનું જ્ઞાન થતું નથી. (**ले**)

૬. '**પ્રાકૃત**' એટલે 'સ્વભાવ'. (**प्र**) 'પ્રકૃતિથી સિદ્ધ થએલ પદાર્થ'. (**ले**)

૭. આશ્રય સાથે ભાન થાય એવો નિયમ હોય ત્યારે ભગવાનનું જ્ઞાન કેમ થતું નથી, તેનું કારણ ઉપર ('વિકારોને લીધે' શબ્દથી) કહ્યું. ધર્મી સાથે ભાન થાય એવો નિયમ હોય ત્યારે પણ, તેમની સાથે ભગવાનનું જ્ઞાન થતું નથી, એમ 'પ્રાકૃતોને લીધે' શબ્દથી કહેલ છે એમ જણાવવા, તે પદનો આભાસ અહિં કહે છે. જ્ઞાનના ધર્મો વિષયો છે. જેમ જડ વિષયો સાથે, પોતાના વિષયોનો

પ્રકાશ કરતાં ભગવાન પણ વિષયો સાથે કેમ ભાસતા નથી?' એવી શંકા થાય, તેથી 'પ્રાકૃત(પદાર્થો)ને લીધે' શબ્દ યોજેલ છે. કારણ કે જડ પ્રકૃતિ પુરુષને ઢાંકી દેનારી છે, અને પ્રકૃતિમાં (પોતામાં) પ્રવેશ કરેલ પુરુષનો પ્રકાશ કરતી નથી. તેવી જ રીતે પ્રાકૃત પદાર્થોમાં રહેલ ભગવાનને પણ તે પદાર્થો ઢાંકી દે છે[૧] તેથી ભગવાન ગ્રહણ થતા નથી. જ્ઞાન તો બીજામાં રહેલું છે[૨] (તેથી તે ગ્રહણ થાય છે).

'પુરુષ ભગવાન સ્ત્રી પ્રકૃતિને દબાવી દઈ કેમ પ્રકાશતા નથી?' એવી શંકા થાય, તેથી 'ગુણોને લીધે' શબ્દ યોજેલ છે; કારણ કે ગુણો બંધન કરનારા અને રંગનારા છે. તેથી પ્રકૃતિમાં પ્રવેશ કરેલ તેના ગુણોથી રંગાવાથી તે ગુણોથી વશ થાય છે. તેથી તેઓની સાથે પ્રકાશતા નથી.

'ગુણો તો હમણાં જ ઉત્પન્ન થએલા છે, અને ભગવાન તો સર્વનું મૂલ થએલ છે (સર્વથી આદ્ય છે), તેથી ગુણોનો ક્ષોભ થયા પહેલાં જ (જીવ) (ભગવાનને) જાણીને તેમની સ્મૃતિ કેમ રાખતો નથી?' એવી શંકા કરી, તે શંકાનો નિરાસ કરતાં,[૩] ભગવાન એમજ[૪] કરે છે તેનું કારણ[૫] કહેતાં, તેવા[૬] (ભગવાન) ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર[૭] છે, એમ શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે. 'અહિં' એટલે આ સંસારમાં. 'નુ' શબ્દ વિતર્ક (દર્શાવવા યોજેલ છે). પાછલથી ઉદ્ભૂત (જન્મેલ, પ્રકટ થએલ) કોણ પહેલાં એટલે ગુણોનો ક્ષોભ થયા પહેલાં, સિદ્ધ એટલે રહેલા(ભગવાન)ને, જાણવા એટલે 'આ આવા છે' એમ જોવા યોગ્ય છે? અર્થાત્ કોઈ પણ (એમ જોવા યોગ્ય) નથી.

'આ (જીવ) પણ આત્મા હોવાથી હમણાં જ ઉત્પન્ન થએલ નથી, (કારણ કે આત્મા નિત્ય છે), તેથી તે એમ જાણવા યોગ્ય કેમ ન હોય?' એવી શંકા થાય, તેથી 'ગુણોથી વીંટાએલ' શબ્દ યોજેલ છે. તે ગુણોથી વીંટાએલ છે. ગુણોએ તેની પહેલાંની (ગુણોનો ક્ષોભ થયો તે પહેલાંની) બુદ્ધિને હટાવી દઈ, તેનાં સ્વરૂપને પણ ઢાંકી

---

પ્રકાશ જેનાથી થાય છે તેવું જ્ઞાન ભાસે છે, એટલે '(અમુક) વિષય(પદાર્થ)ના જ્ઞાનવાળો હું છું, એવું ભાન થાય છે, એવો અર્થ છે. 'જેમ સૂર્ય વિગેરે ઘડા વિગેરે પદાર્થોને પ્રકાશે છે છતાં તેમની સાથે સૂર્યનું ભાન થતું નથી, તેમ ભગવાનનું પણ જ્ઞાન ન થાય' એવી શંકા થાય, તેથી દૃષ્ટાંતમાં '**स्वप्रकाशमेव**' કહેલ છે. સૂર્ય વિગેરે તો પદાર્થમાત્રને પ્રકાશે છે પરંતુ એક જ વિષયને પ્રકાશતા નથી એવો અર્થ છે. **(લે)**

૧. જેમ પ્રકૃતિ પુરુષને ઢાંકી દે છે, તેમ પ્રાકૃત પદાર્થો ભગવાનને **ઢાંકી દે** છે એવો અર્થ છે. **(લે)**

૨. 'બીજામાં રહેલું છે' તેથી, (તે પદાર્થો સાથે તેને) સંયોગ અથવા સમવાય સંબંધ નહિ હોવાથી, તે ઢંકાઈ જતું નથી. **(પ્ર)** **'બીજામાં'** એટલે 'પુરુષમાં' રહેલું છે. તેથી એ ધર્મો-(પદાર્થો)થી જૂદું રહેલ હોવાથી, તેઓ તેને ઢાંકી દેતા નથી એવો અર્થ છે. **(લે)**

૩. ગુણોનો ક્ષોભ થયો તે પહેલાં પણ જીવને ભગવાનનું જ્ઞાન નહિ હોવાથી તે પોતાની મેળે તેમની સ્મૃતિ કરી શકે એ વિષયનો **નિરાસ કરીને. (પ્ર)**

૪. **'એમજ કરે છે'** એટલે 'પ્રકૃતિને ઢાંકી દેનારી કરે છે.' **(પ્ર)**

૫. 'ભક્તિનું પ્રવર્તન' એ તેનું **કારણ** છે એમ જાણવું. **(લે)** ૬. **'તેવા'** એટલે સ્વતંત્ર.' **(પ્ર)**

૭. ભગવાને પોતાના સ્વરૂપનું કોઈને જ્ઞાન થાય નહિ તેવું કરીને **ભક્તિમાર્ગની જ પ્રવૃત્તિ દર્શાવેલ છે**, એવો ભાવ છે. **(લે)**

દીધેલું છે. તેથી જ્ઞાતા (જીવ, આત્મા) અને જ્ઞેય (ભગવાન) (બંને) ઢંકાએલ હોવાથી જ્ઞાન થવાનો સંભવ નથી. (૩૨)

'(ભગવાનનું જ્ઞાન થઈ શકે તેમ નથી) તો સંસારમાંથી મુક્તિ કેમ થશે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ–

**तस्मै तुभ्यं भगवते वासुदेवाय वेधसे ।**
**आत्मद्योतैर्गुणैश्छन्नमहिम्ने ब्रह्मणे नमः ॥३३॥**

**પોતે પ્રકાશેલ ગુણોથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા તે આપ ભગવાન વાસુદેવ વેધસ બ્રહ્મને નમસ્કાર** (કરીએ છીએ). **૩૩.**

'તે'[૧] સર્વથી દુર્જ્ઞેય (કોઈથી જાણી ન શકાય તેવા), 'આપ'[૨] જાત જાતના વિનોદ કરનાર માત્ર નમસ્કાર (કરવા યોગ્ય છો).

"'તેને જ જાણીને મૃત્યુને તરે છે' શ્રુતિ પ્રમાણે ભગવાનનું જ્ઞાન ન થાય ત્યાંસુધી સંસારમાંથી મુક્તિ કેમ થશે?" એવી શંકા થાય, તેથી 'ભગવાન' શબ્દ યોજેલ છે. ભગવાનના જ્ઞાનના ગુણથી ભગવાનનું જ્ઞાન થાય છે.* **ભગવાનનું જ્ઞાન થયું ન હોય, તોપણ (ભગવાન પોતાના) પ્રમેયબલથી સંસારમાંથી મુક્ત કરે છે, અને ભક્તિ જ તેમ કરાવનારી છે.** 'જેણે વિચારેલ નથી તેણે વિચારેલ છે, જેણે વિચારેલ છે તે જાણતો નથી, જાણનારાઓથી જણાએલ નથી, નહિ જાણનારાઓએ જાણેલું છે' શ્રુતિ પ્રમાણે નહિ જણાએલ જ (ભગવાન) જણાય છે. તેથી ભગવાન ઈશ્વરને કોણ જાણી શકે? વળી (તે ભગવાન) પ્રમાણબલથી નહિ જણાએલ હોવા છતાં પોતાની મેળે જાણી શકાય છે; કારણ કે આ 'વાસુદેવ' છે એટલે શુદ્ધ સત્ત્વ વસુદેવમાં (તેમનો) આવિર્ભાવ થએલ છે. આવિર્ભાવ પામેલ(ભગવાન)ને તો બધાયે જાણી શકે છે.

'સાધનથી પર હોવાપણું (જેમનું જ્ઞાન પ્રમાણથી થઈ શકે નહિ તેવા હોવાપણું), સાધનની ઉત્પત્તિ[૩] અને શુદ્ધ સત્ત્વમાંથી આવિર્ભાવ એ બધું આ જ કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તેથી 'વેધસ' (ગોઠવણ કરનાર) પદ યોજેલ છે; કારણ કે તે સર્વ પાર ઉતારે છે. જો તે એમ ન કરે તો તેમણે કરેલ તેમનો માર્ગ વ્યર્થ થાય.

અથવા 'नमः' (નમન કરીએ છીએ) એટલે 'ધ્યાન ધરીએ છીએ'.[૪] હૃદયમાં ભગવાન પ્રત્યક્ષ છે.તેમના ચરણોમાં શિર મૂકી મનથી તેમને નમસ્કાર કરવા,તે આભરણવાળા (ભગવાનનું) ધ્યાન ધરવું, એ પ્રમાણે કરીએ છીએ એવો અર્થ છે. તેથી અંતઃકરણમાં જ ભગવાન પ્રત્યક્ષ છે, પણ બહાર પ્રત્યક્ષના વિષય થતા નથી (પ્રત્યક્ષ દર્શન દેતા નથી).

'ત્યારે બહાર ભગવાન નથી, એમ જ માનવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'પોતે પ્રકાશેલ ગુણોથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા' શબ્દ યોજેલ છે. **आत्मना**

૧. 'તે' શબ્દ જે હાજર ન હોય તેને માટે વપરાતો હોવાથી, તેનો અર્થ 'દુર્જ્ઞેય' કરેલો છે.(લે)

૨. 'આપ' શબ્દ જે દેખાતા હોય તેને માટે વપરાતો હોવાથી તેનો અર્થ 'જાત જાતના વિનોદ કરનાર' કરેલો છે. વિનોદ કરવા માટે જ આપ આપની ઇચ્છાથી વ્યવહાર કરવા યોગ્ય થયા છો એવો અર્થ છે. (લે) * ભગવાનનું જ્ઞાન પ્રમાણોથી થતું નથી, પરંતુ ભગવાનના ગુણો જ એવા છે કે તેમનાથી જ ભગવાનનું જ્ઞાન થાય છે. ૩.ઉત્પત્તિ એટલે નિષ્પત્તિ; (ફલ આપનાર થવું તે). (प्र)

૪. 'नमो धीमहि' એવો બીજો પાઠ લે છે. (प्र) આવો પાઠ ક્યાંય જણાતો નથી.

પોતાથી જ પ્રકાશ જેઓનો છે તેવા (ગુણો છે). જેમ સૂર્ય વાદળાંઓને પ્રકાશે છે તેમ ગુણોને પણ ભગવાન જ પ્રકાશે છે, અને તેઓ જ તેમને ઢાંકી દેનારા થાય છે; કારણ કે રાત્રે ગાઢ અંધકાર[1] હોય ત્યારે વાદળાંઓ દેખાતાં નથી. 'એવી રીતે બધાએ વિષયો (પદાર્થો) જેમને (ભગવાને) પોતે જ પ્રકાશેલા છે, તેઓથી ઢંકાએલો છે મહિમા જેમનો, તેવા (ભગવાન છે), તેથી તે પ્રકાશતા નથી. વસ્તુતઃ તો તે સર્વ સ્થલે છે.

(ભગવાન) અંદર અને બહાર (સર્વ સ્થલે) રહેલા છે, તેનું કારણ 'બ્રહ્મ' શબ્દથી કહેલું છે. 'बृहत्' (મોટા) હોવાથી અથવા '**बृंहण**' (પોષણ કરનાર) હોવાથી (તે ભગવાન) બ્રહ્મ છે. તેથી આપ સર્વ સ્થલે રહો છો છતાં (હૃદયની) અંદર જ પ્રકાશો છો, પણ બહાર પ્રકાશતા નથી. (૩૩)

ત્યારે[2] અવતારથી (અવતાર લેવાથી) ભગવાન બહાર કેમ પ્રકાશરૂપ (પ્રકાશતા) હોય છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ–

**यस्यावतारा ज्ञायन्ते शरीरेष्वशरीरिणः ॥**
**तैस्तैस्तुल्यातिशयैर्वीर्यैर्देहिष्वसंगतैः ॥३४॥**

**શરીર વિનાના જેમના અવતારો, દેહવાળામાં ન હોય તેવા અને જેની સમાન અથવા જેનાથી અધિક નથી તેવા તે તે વીર્યોથી શરીરોમાં જણાય છે.**

મત્સ્ય વિગેરેના શરીરોમાં (ભગવાનના અવતારો જણાય છે). ભાગ્યે જ અમુક મત્સ્યમાં અલૌકિક ભાવ દેખાય છે અને તે (અલૌકિક ભાવ) જીવનો ધર્મ નથી, તેથી શરીરવિનાના આપના તેઓમાં (મત્સ્ય વિગેરેનાં શરીરોમાં) અવતારો[3] છે એમ જણાય છે. ત્યાં (મત્સ્ય વિગેરે અવતારોનાં શરીરોમાં) માત્ર શરીરની આકૃતિ જ પ્રકાશે છે, પરંતુ તે શરીર નથી. જો તેમ ન હોય (એટલે એ મત્સ્યનું શરીર જ હોય) તો (મત્સ્ય ત્વરાથી મોટું થયું તેવી તેની) વૃદ્ધિ થઈ શકે નહિ, અને પછી (વૃદ્ધિ થયા પછી) (તેનું) સામર્થ્ય અધિક હોત. તેથી શરીરના આકારથી, જે પ્રકાશે છે તે ભગવાનનું જ રૂપ છે' એમ 'શરીર વિનાના' શબ્દથી (સૂચવેલું છે.)

જેની સમાન અથવા જેનાથી અધિક બીજે ક્યાંય (બીજા કોઈમાં) નથી તે '**अतुल्यातिशयम्**'. કાલના હીસાબે (કાલના વીર્યનો વિચાર કરતાં) બીજા કોઈનું (કાંઈ) વીર્ય નથી. જો (ભગવાન) કાલની મર્યાદાનું ઉલ્લંઘન કરે, તો તેમનું વીર્ય '**अतुल्यातिशय**' છે એમ જણાય. (ભગવાનનું) તે પરાક્રમ પણ એક પ્રકારનું નથી. એક ક્ષણમાં તે

---

૧. રાત્રે પણ ચંદ્ર વિગેરે હોય તો વાદળાં દેખાય, તેથી 'ગાઢ અંધકારમાં' એમ કહેલ છે. (**प्र**) અહિં 'સૂર્ય' શબ્દ 'સૂર્ય ચંદ્ર અથવા તારાઓ' માટે યોજેલ છે. વાદળાંઓને સૂર્ય ચંદ્ર અથવા તારાઓ પ્રકાશે છે, કારણ કે રાત્રે ગાઢ અંધકારમાં સૂર્ય ચંદ્ર અથવા તારાઓ ન દેખાતા હોય ત્યારે વાદળાં હોય તોપણ દેખાતાં નથી; અને તેજ વાદળાં સૂર્ય વિગેરેને ઢાંકી દે છે અને દેખાવા દેતાં નથી. તેજ પ્રમાણે ભગવાનથી પ્રકાશ પામેલા ગુણો ભગવાનને ઢાંકી દે છે.

૨. '**ત્યારે**' એટલે ભગવાન બહાર પ્રકાશતા ન હોય તો. (**प्र**)

૩. મત્સ્ય વિગેરે આકારવાળા છે, તેથી પુરુષોતમના તે અવતારો છે (એમ જણાય છે) એવો અર્થ છે. તેવા મત્સ્ય વિગેરેના આકારો છે એ પ્રત્યક્ષ છે, પરંતુ તેમનામાં ભગવાનનો આવેશ છે એ જ્ઞાન તો અનુમાનથી જ થાય છે એવો અર્થ છે. (**ले**)

(ભગવાન) વિશ્વરૂપ થાય છે, બીજી ક્ષણે વામન થાય છે, દર્શન દે છે, અને અદૃષ્ટ થાય છે; બહારથી અને અંદરથી હદવાળા થાય છે અને વ્યાપક (સર્વ સ્થલે રહેલા, હદ વિનાના) થાય છે. તેથી બધાય દેહવાળાઓમાં ન હોય તેવા, એટલે કોઈપણ સમયે (દેહવાળાઓને) જેનો સંબંધ ન હોય તેવાં(વીર્યો)થી જણાય છે કે આ ભગવાન જ છે, પરંતુ 'આ ભગવાન છે' એમ પ્રત્યક્ષ રીતે નિશ્ચય થઈ શકતો નથી એવો અર્થ છે. તેમાં પણ **જો અલૌકિક કોઈક વાર જ થતું હોય તો આ હરકોઈ રીતે થયું એવી કલ્પના પણ કરાય; પરંતુ વાણી અને મનથી ગોચર ન થાય (જેનો ખ્યાલ ન આવે) તેવા પ્રભાવો સદા જોવામાં આવતા હોય તો ('આ ભગવાન છે') એમ કેમ ન જણાય?** આ અર્થ ઉત્તરાર્ધથી કહેલ છે. એ પ્રમાણે અવતારોમાં 'આ ભગવાન છે' એવું જ્ઞાન અનુમાનથી થાય છે, પરંતુ પ્રત્યક્ષ થતું નથી[1] એમ કહેલ છે. (૩૪)

(ઉપર તો સામાન્ય વાત કરી પણ) અહિં તો ભગવાન (આપ શ્રીકૃષ્ણ) આ[2] માટે (અમને દર્શન દેવા માટે) પધારેલા (છો), એમ શબ્દથી[3]જ અથવા નારદની કૃપાથી જણાય છે, એમ નીચેના શ્લોકથી કહે છેઃ-

**स भवान् सर्वलोकस्य भवाय विभवाय च ॥**
**अवतीर्णोंऽशभागेन साम्प्रतं पतिराशिषाम् ॥ ३५ ॥**

**તે આપ સર્વ લોકના ઉદ્ભવ તથા ઐશ્વર્ય માટે હમણાં અંશ અને ભાગથી આશિષોના પતિ અવતરેલા છો. ૩૫.**

ઉપર જે (૧) સર્વ પ્રમાણોથી જણાતા (શ્લો.૩૦), (૨) લૌકિક પુરુષોને નહિ જણાતા (શ્લો.૩૨), (૩) અંતઃકરણમાં પ્રત્યક્ષ થતા (શ્લો.૩૩), અને અવતાર લેનાર (શ્લો.૩૪) કહ્યા, તે ચાર રૂપોવાળા આપ છો. તેથી જ (આપ) સર્વે લોકના ઉદ્ભવ તથા વિભવ એટલે ઐશ્વર્ય માટે અંશથી અને ભાગથી હમણાં અવતરેલા છો, કારણ કે આપ આશિષોના પતિ છો. (ઉપર) વિવેચન કર્યું તે પ્રકારે આપ સ્વરૂપથી ચાર રૂપવાળા છો, પણ અહિં[4] (આપનામાં) તેથી પણ વધારે ગુણો છે. સર્વે લોકોને ઉત્પન્ન કરવાના છે; અને પછી તેઓને પોતાની સમાન ઐશ્વર્ય વિગેરે આપવાનાં છે. ભગવાન (ભગવદીયોમાં) અંશથી પધારે ત્યારે સર્વે ભગવદીયો શુદ્ધ સત્ત્વના અંશથી જ આવિર્ભાવ પામે છે.[4] અથવા 'ભગવાનની સેવામાં ઉપયોગી થાય એવા દાસરૂપના અંશથી સર્વે લોકોનો પોતાના (ભગવાનના) દાસભાવથી આવિર્ભાવ થાઓ.' એવી ભગવાનની ઇચ્છાથી ભગવાને

૧. 'આ અવતાર છે' એવું વીર્યથી અનુમાન થાય છે, પરંતુ તે પ્રત્યક્ષ નથી. તેથી અવતારોથી 'ભગવાન (હૃદયની) અંદર જ પ્રકાશે છે' એ સિદ્ધાંતને વિરોધ આવતો નથી, એવો અર્થ છે. (प्र)

૨. **'આ માટે'** એટલે 'ભગવાનની સન્નિધિ અમને પ્રાપ્ત થાય તે માટે'. (प्र)

૩. **'શબ્દથી જ'** એટલે પાછળ ૨૨મા શ્લોકમાં કહેલાં નારદનાં વચનથી જ. (प्र)

૪...૪. **'અહિં'** એટલે 'આ (શ્રીકૃષ્ણના) સ્વરૂપમાં.' ગયા શ્લોકમાં 'જેમના અવતારો' એમ જે અવતાર લેનાર અવતારી કહેલ છે તે જ આપ છો. 'આમ હોય તો અંશ અને ભાગથી અવતાર લેવાનું કહેલ છે તે કેમ થાય?' એવી શંકાનો 'ભગવદીયોમાં ભગવાન અંશથી પધારે છે' વિગેરે કહી નિરાસ કરેલો છે. 'अंशभागेन'માં ત્રીજી વિભક્તિ છે, તે 'સાથે'ના અર્થમાં યોજાએલી છે (અંશભાગ જેમનામાં છે તેવા ભગવદીયો સાથે' એવો અર્થ થાય છે). (प्र)

(ભગવદીયોમાં) પોતાના એક દેશ(અમુક ભાગ)ના ભાવનો[1] પ્રકાશ કરેલો છે, કારણ કે સમુદાય(જથ્થા)માં (ભગવાનનું) જ્ઞાન, ભજન વિગેરે થઈ શકતાં નથી; કારણ કે પ્રલયના અગ્નિનું કોઈથી સેવન થઈ શકતું નથી. વળી ભાગો એટલે કલાઓ. (ભગવાન ભાગથી એટલે) કલાથી અવતરેલા છે. જો (સર્વનું) મૂલ થએલ (ભગવાન) કલાનારૂપથી આવિર્ભાવ પામે, તો જ (ત્યારે જ) સર્વે (લોકો) સર્વ કલાઓમાં કૌશલ્યવાળા થાય, તે માટે સર્વ કલાઓ પ્રકટ થાય છે; અને ત્યારે જ સર્વ કલાઓ પૂર્ણ થાય છે.

(નલકૂબર અને મણિગ્રીવે) પોતાનો પણ વૈષ્ણવના રૂપથી જન્મ થાય અને પોતાને ભક્તિની કલાઓ પૂર્ણ (પ્રાપ્ત) થાય તે માટે, આ[2] પોતાના ઉપયોગ માટે (પોતે પ્રાર્થના કરવાના છે તેમાં ઉપયોગી થાય તે માટે) કહેલું છે. આગળ (તેઓ) આ જ માગવાના હોવાથી આ જ આશિષો છે. (ભગવાન) **મનુષ્યના ભાવથી જૂદા જૂદા પ્રકારની ક્રીડાઓ કરે છે તે ભક્તોને ઉત્પન્ન કરી તેઓમાં ભક્તિનું સ્થાપન કરવા કરે છે** એવો અર્થ છે. (૩૫)

કાંઈકની પ્રાર્થના કરવા માટે નીચેના શ્લોકમાં તે બે (નલકૂબર અને મણિગ્રીવ) (ભગવાનને) નમન કરે છેઃ–

**नमः परमकल्याण नमस्ते विश्वमङ्गल ॥**

**वासुदेवाय शान्ताय यदूनां पतये नमः॥ ३६ ॥**

**હે પરમકલ્યાણ! નમસ્કાર (કરીએ છીએ). હે વિશ્વમંગલ! આપને નમસ્કાર છે. યદુઓના પતિ શાંત વાસુદેવને નમસ્કાર (કરીએ છીએ). ૩૬.**

आदिमध्यावसानेषु नमनं मन आदिभिः ॥का २२½॥

(શ્લોકના) આરંભમાં મધ્યમાં અને અંતે મન વિગેરેથી[3] નમન (કરે છે). કા. ૨૨½.

આરંભમાં કાયાથી નમન કરે છે. તેનું ફલ 'પરમકલ્યાણ' શબ્દથી (જણાવેલું છે). ભગવાન કલ્યાણોના ધામરૂપ છે. કલ્યાણો એટલે પુત્રનો જન્મ વિગેરે લોકમાં પ્રસિદ્ધ શુભ ફલો. પરમ (ઘણો જ) આનંદ (એ) 'પરમકલ્યાણ' છે. કાયાથી (ભગવાનને) નમસ્કાર કરવાથી, શરીરનો ઉપભોગ થાય તે માટે પરમકલ્યાણ (પરમકલ્યાણરૂપ ભગવાન) પ્રકટ થાય છે.

'આપને નમસ્કાર (છે)' એમ વાણીથી (નમસ્કાર કરે છે). તેનું ફલ 'વિશ્વમંગલ' શબ્દથી (જણાવેલું છે). (ભગવાને) વેદો વિગેરેનું નિર્માણ કરેલ હોવાથી, વિશ્વને તેઓ-(વેદો વિગેરે)થી પ્રાપ્ત થઈ શકે તેવા ફલરૂપ, (ભગવાન) મંગલ થાય છે.

અંતમાં મનથી નમન કરે છે. તે માટે (મનથી નમસ્કાર કરવા માટે) (ભગવાનનો) મનમાં આવિર્ભાવ થાય તે માટે 'વાસુદેવ' શબ્દ યોજેલ છે. 'શાન્ત' એટલે જ્ઞાનરૂપ. ભગવાનનો માત્ર આવિર્ભાવ જ થાય અને નારદની પેઠે તેમનું જ્ઞાન ન થાય તો (જોઈએ) તેવો પુરુષાર્થ થાય નહિ, તેથી શાંત એટલે લય* તથા વિક્ષેપ* વિનાનું રૂપ (જણાવેલ છે).

---

૧. 'અંશ' પદનો અર્થ ૧૦–૧–૨માં કહેલ છે તે જાણવો. (લે)

૨. 'આ' એટલે 'અંશ તથા ભાગથી અવતાર લેવો તે'. ભગવાન અંશ અને ભાગથી (ભગવદીયોના રૂપથી) અવતાર લે છે એમ જે ઉપર કહ્યું, તેનું પ્રયોજન અહિં જણાવે છે. (प्र) (પોતાને પણ ભક્તરૂપે જન્મ લેવો છે ને ભક્તિની કલાઓ પૂર્ણ પ્રાપ્ત કરવી છે, તે માટે એમ કહેલ છે એવો અર્થ છે.)

૩. કાયા, વાણી અને મનથી નમસ્કાર કરે છે. આ સુબોધિનીમાં જ ૨૫૯ છે. (का)

* 'લયવિનાનું'=ઢંકાયાવગરનું, અદૃષ્ટ નહિ થતું. 'વિક્ષેપવિનાનું'=આમતેમ હરતું ફરતું ન હોય તેવું; સ્થિર.

તેથી (વાસુદેવ શબ્દથી) આવિર્ભાવ અને (શાંત શબ્દથી) જ્ઞાન કહેલાં છે. 'યદુઓના પતિ' શબ્દથી ફલ કહે છે. જેમ યદુઓને ભગવાન ફલરૂપ થયા છે, તેમ ભગવાન સ્વામી (પોતે) ફલ થાય છે.[1] (૩૬)

એ પ્રમાણે નમસ્કાર કરીને નીચેના શ્લોકમાં જવા માટે પ્રાર્થના કરે છેઃ–

**अनुजानीहि नौ भूमंस्तवानुचरकिङ्करौ ॥**

**दर्शनं नौ भगवत ऋषेरासीदनुग्रहात् ॥ ३७ ॥**

**'હે ભૂમન્! આપના અનુચરના કિંકરો અમને (જવા માટે) પરવાનગી આપો. અમને બેને (આપ) ભગવાનનાં દર્શન ઋષિના અનુગ્રહથી થયાં. ૩૭.**

**नौ** એટલે અમને બેને પરવાનગી આપો. પોતે ત્યાં[2] રહેવા યોગ્ય નથી, એમ જણાવવા 'હે ભૂમન્'[3] એવું સંબોધન કરેલું છે. 'આપના અનુચરના કિંકરો' શબ્દથી એ જ કહેલ છે. આપના અનુચર નારદના (અમે) કિંકરો એટલે દાસો છીએ. તેથી અમારે બેને માટે આપના સેવકના સેવકપણું જ યોગ્ય છે, પરંતુ આપના સેવક હોવાનું યોગ્ય નથી; કારણ કે આપ 'ભૂમા' એટલે મોટા છો. નજીવો હોય તે મોટાની સેવા કરી શકતો નથી.

'જ્યારે (તમને) (મારાં) દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ છે તો પછી, સેવાની પણ યોગ્યતા પ્રાપ્ત થઈ જ. તેથી તમે (સેવા કરવા) કેમ યોગ્ય નથી?' એવી શંકા થાય, તેથી 'અમને બેને (આપ) ભગવાનનાં દર્શન ઋષિના અનુગ્રહથી થયાં' એમ કહે છે. મહારાજના સેવક કોઈવાર પોતાના નોકરને મહારાજના સ્થાને લઈ જાય છે, (પણ) એટલાથી તે મહારાજની સેવા કરવા યોગ્ય થતો નથી. તેથી દર્શન બીજી રીતે થઈ શકે તેમ નહિ હોવાથી, સેવા કરવાની યોગ્યતા છે એવું નથી; કારણ કે (આપ) ભગવાનનું દર્શન ઋષિના અનુગ્રહથી (થયું છે). ગુરુ અને દેવતા એક જ છે, એમ (દર્શાવવા) '**ऋषेर्भगवतः**' એમ ઋષિ અને ભગવાનને એક સાથે જણાવેલા છે. (૩૭)

એ પ્રમાણે જવાની પરવાનગી માગી, ત્યાં ગયા પછી ભક્તિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના નીચેના શ્લોકમાં કરે છેઃ–

**वाणी गुणानुकथने श्रवणौ कथायां हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ॥**

**स्मृत्यां शिरस्तव निवासजगत् प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ॥ ३८ ॥**

**(અમારી) વાણી (આપના) ગુણોનું કીર્તન કરવામાં, કાનો કથા(નું શ્રવણ કરવા)માં અને હાથો (સેવાના) કાર્યોમાં, અમારૂં મન આપના બે ચરણોના સ્મરણમાં, હે નિવાસજગત્! (અમારૂં) શિર આપને પ્રણામ કરવામાં અને દૃષ્ટિ આપના શરીરરૂપ સંતોના દર્શનમાં (સદા) રહો. ૩૮.**

પુરુષમાં છ અંગો મુખ્ય છેઃ–

---

૧. જ્યારે ભગવાન ભક્તિમાર્ગની રીત પ્રમાણે સ્વામી થાય છે ત્યારે તે ફલરૂપ થાય છે એવો અર્થ છે. તેનું દૃષ્ટાંત યદુઓનું આપેલ છે. ભગવાન યદુઓના સ્વામી થયા, એમ ૧૦–૨–૬ ઉપરથી સ્પષ્ટ જણાય છે. (**यो**)

૨. 'ત્યાં' એટલે '(ભગવાનની) સમીપ'. (**प्र**)

૩. 'જે ભૂમા છે તે સુખ છે' વિગેરે ભૂમવિદ્યામાં જે સ્વરૂપ સિદ્ધ છે તે અહિં જણાવેલું હોવાથી અહિં (શ્રીકૃષ્ણમાં) સર્વથી અધિકપણું સૂચવેલું છે, અને તેથી તેવા પરમકાષ્ઠાવાળા પરબ્રહ્મની અંતરંગ લીલાના સ્થાનમાં રહેવા અમારી યોગ્યતા નથી એવો અર્થ છે. (**यो**)

वाक् श्रोत्रे च करौ चित्तं शिरश्चक्षुस्तथैव च । षडेते भगवत्कार्ये यदि सक्ताः कृतार्थता॥२३½॥
कीर्तने श्रवणे चैव गुणानां रूपदास्यके । स्वरूपस्मरणे नत्यामवतीर्णस्य दर्शने ।।का. २४½॥

(૧) વાણી, (૨) કાનો (૩) અને હાથો, (૪) ચિત્ત (૫) શિર તેમજ (૬) નયન. જો આ છ ભગવાનનાં કાર્યં (૧) (ભગવાનના) ગુણોનું કીર્તન તથા (૨) શ્રવણ, (૩) સ્વરૂપનું દાસ્ય, (૪) સ્વરૂપનું સ્મરણ, (૫) નમન અને (૬) અવતરેલા[1] (ભગવાન)નાં દર્શનમાં આસક્ત થાય તો કૃતાર્થતા થાય છે. કા. ૨૪½.

(અમારી) વાણી (ભગવાનના) ગુણોનાં એટલે ઉત્તમપણું કરાવનાર ધર્મોનાં કીર્તનમાં હો, એટલે તે જ કાર્યમાં તે રોકાએલી રહો. **જેમ વરને આપેલી કન્યા બીજાની પાસે જતી નથી, તેમજ બીજો (કોઈ) તેની માગણી કરતો નથી, તેમજ પતિના ભયથી તે પણ કોઈપણ રીતે બીજાના સંબંધમાં આવતી નથી, તેવી અમારી વાણી થાઓ.** એવી જ રીતે (અમારા) કાનો કથા(નું શ્રવણ કરવા)માં (રોકાએલા રહો), અને હાથો પણ ભગવાનના સર્વ એટલે આઠે યામના કાર્યોમાં (રોકાએલા રહો), 'च' 'અને' શબ્દથી (એમ સૂચવ્યું છે કે અમારા) પગો પણ મંદિરે જવું વિગેરે(કાર્યો)માં (રોકાએલા રહો). પગો વિના હાથથી સેવા થઈ શકે નહિ, તેથી તે બંને (હાથ અને પગ) એક પ્રકારના છે. અમારૂં મન આપના બે ચરણોના સ્મરણમાં (રોકાએલું હો). 'સ્મરણમાં' બધાએ ભક્તોને એકત્ર કરી ('અમારૂં'[2] એમ બહુવચન) કહેલું છે. બીજા કોઈ રૂપના (ચરણમાં મન) ન રહે તે માટે 'पादयोः' 'બે ચરણમાં' એમ દ્વિવચન યોજેલું છે. (અમારૂં) શિર તો પ્રણામ કરવામાં (રોકાએલું રહો). ચાર પ્રકારની ભક્તિથી[3] ભગવાન સર્વ સ્થલે રહેલા છે અને સર્વની અંદર રહેલા છે એમ સ્ફુરશે. તેથી 'હે નિવાસજગત્' એવું સંબોધન કરે છે. 'નિવાસ (રહેઠાણ) થએલું છે જગત્ જેનું' (તે નિવાસજગત્). (અમારી) દૃષ્ટિ તો સંતોના દર્શનમાં (રોકાએલી) રહો. ઉદ્ધતાઈ થાય[4] તેથી ભગવાનનાં દર્શનની પ્રાર્થના કરી નથી.

'તેઓ(સંતો)ના દર્શનથી શું વળે ?' એવી શંકા થાય, તેથી 'આપના શરીરરૂપ' શબ્દ યોજેલ છે. તેઓ ભગવાનના શરીરરૂપ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ રહે છે, અથવા જેમ ગંગામાં જલ[5] રહે છે તેમ તેઓમાં ભગવાન રહે છે, તેથી તેઓ તેવા છે. (૩૮)

---

૧. 'અવતરેલા' એટલે 'ભક્તોમાં આવેશ કરી રહેલા' એવો અર્થ છે. 'આપના શરીરરૂપ સંતોના દર્શનમાં દૃષ્ટિ રહો' એમ શ્લોકમાં કહેલ હોવાથી, 'અવતરેલા' શબ્દથી સંતો પણ અવતાર તુલ્ય છે એવો બોધ કરેલો છે.(का) ૨. 'नः' એટલે 'અમારૂં' આ બહુવચન છે તેથી એને માટે યોજાય નહિ, તેથી તેનું તાત્પર્ય અહિં કહેલું છે. 'અમારૂં' એટલે '(અમો સહિત) બધા ભક્તોનું', કારણ કે સર્વ ભક્તોને ભગવાનનાં ચરણારવિંદનું સ્મરણ કરવું જરૂરી છે એ સર્વ જાણે છે જ. (प्र)

૩. 'ચાર પ્રકારની ભક્તિ' એટલે શ્રવણ, કીર્તન, સ્મરણ અને ચરણારવિંદનું સેવન. (આની પહેલાં એટલે આ શ્લોકના પૂર્વાર્ધમાં કહેલી ચાર પ્રકારની ભક્તિ.) (प्र)

૪. ભગવાનનાં દર્શનની પ્રાર્થના કરે તો ઉદ્ધતાઈ થાય, એ ધ્યાનમાં રાખીને (તેમ કરેલ નથી) એવો અર્થ છે. (प्र)

૫. 'જેમ ગંગામાં જલ રહે છે' એટલે 'જેમ પ્રવાહરૂપ ગંગામાં ભગવાનના ચરણના સંબંધવાળું (જેનાથી ચરણારવિંદનું પ્રક્ષાલન થએલ છે તેવું) જલ રહે છે.' (प्र)

એ પ્રમાણે જવાની (પરવાનગીની) તથા ભક્તિની તેઓએ પ્રાર્થના કરી, ત્યારે (તેઓને) સંપૂર્ણપણે ભક્તિ પ્રાપ્ત થાય તો (તેઓનો) તરત જ લય થાય, તેથી (ભગવાને) તેઓને કાંઈક મોહ ઉત્પન્ન કરીને કાંઈક આપ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ-

श्रीशुक उवाच । શ્રીશુક કહે છેઃ-

**इत्थं संकीर्तितस्ताभ्यां भगवान् गोकुलेश्वरः ॥**
**दाम्ना चोलूखले बद्धः प्रहसन्नाह गुह्यकौ ॥ ३९ ॥**

**એવી રીતે તે બેએ સારી રીતે સ્તુતિ કરેલા અને દામણાંથી ખાંડણીઆ સાથે બાંધેલા ભગવાન ગોકુલેશ્વરે હસતાં ગુહ્યકોને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૯.**

એવા પ્રકારથી સારી રીતે સ્તુતિ કરેલા એટલે સંતોષ થાય ત્યાંસુધી સ્તુતિ કરેલા (ગોકુલેશ્વરે) હસતાં ગુહ્યકોને (નીચે પ્રમાણે) કહ્યું. 'ભગવાન' શબ્દથી એમ જણાવે છે કે (તે શ્રીકૃષ્ણ) સર્વ કરવા અને (સર્વ) દાન આપવા શક્તિવાળા છે. 'ગોકુલેશ્વર' શબ્દથી એમ જણાવે છે કે તેઓની તરત મુક્તિ થાય તો ગોકુલમાં પોતે ક્રીડા કરે છે તેમાં બીજાનો[1] પ્રવેશ થાય. ગોકુલવાસીઓ જ હમણાં (તે સમયે) ત્યાં ક્રીડામાં રહે તે યોગ્ય છે, પરંતુ બીજાઓ ત્યાં આવે તે યોગ્ય નથી. તેથી ગોકુલની ક્રીડાની[2] સમાપ્તિ થાય ત્યાંસુધી (તેઓને) મોહ કરવો એ યોગ્ય જ છે. વળી (ભગવાન) દામણાંથી ખાંડણીઆ સાથે બાંધેલા હતા.[3] જે ગોકુલના (ગોકુલની ક્રીડાના) રસનો ભોગ કરવા ત્યાં (ભક્તોને) અધીન થઈને રહેલ, અથવા તેઓને અધિક રસ પ્રાપ્ત થાય તે માટે તેઓને અધીન થઈને રહેલ, (તે બીજાનો તેમાં પ્રવેશ કેમ થવા દે ?).

'ગોકુલમાં રહેલા બે દેવો(ગુહ્યકો)ની કાંઈપણ પૂજા થઈ નહિ' એવી શંકા પણ કરવી નહિ, કારણ કે (ત્યાં) ગોકુલેશ્વર દામણાંથી બંધાયા. વાસ્તવિક રીતે તો તે ઈશ્વર જ છે. લોકની દૃષ્ટિથી પણ નંદના આ (એક) જ પુત્ર હોવાથી (આ) ઈશ્વર જ છે. તે પણ જ્યારે

---

૧. **'બીજાનો'** એટલે ભગવાને જે લીલા કરવા ઇચ્છેલી છે તે સિવાયની બીજી લીલાનો. **(प्र)** ગોકુલવાસીઓ સિવાય બીજા આ ગુહ્યકોનો, એવો અર્થ યોગ્ય જણાય છે.

૨. **'ક્રીડાની સમાપ્તિ'** એટલે 'લોકમાં ક્રીડા દેખાડવાનાં કાર્યની સમાપ્તિ'. **(प्र)** 'ક્રીડાની સમાપ્તિ' એવો જ અર્થ લેવામાં અયોગ્યતા જણાતી નથી.

૩. 'આ ક્રીડા તો નિત્ય છે તેથી જ્યારે તેઓનો પ્રવેશ થશે ત્યારે આ દોષ તો રહેશે જ. તેથી તેઓને મોહ ઉત્પન્ન કરવો વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી તેમ કરવાના કારણરૂપ બીજા વિશેષણ(ખાંડણીઆ સાથે બાંધેલા)નો અર્થ કહે છે. ભગવાન ગોકુલવાસીઓને અધીન હોવાથી તેઓ જો ગુહ્યકોનો અંગીકાર કરે તો જ તેમને માટે કાંઈક થઈ શકે, એટલે ભગવાન પોતે તેમ કરી શકતા નથી. તેથી એ વિષયમાં માત્ર હાસ્ય જ કરે છે, એવો ભાવ છે. આથી એમ સૂચવેલું છે કે પુરુષોત્તમ સાથે સાયુજ્ય પણ ભક્તની કૃપાથી જ થાય છે.

અથવા આ ભાગના ગ્રંથનો જે સામાન્ય અર્થ થાય છે તે જ લેવો; કારણ કે ગોકુલ સ્વતઃ તામસ હોવા છતાં ૨-૭-૩૧માં જણાવ્યા પ્રમાણે ભગવાનની કૃપાથી જ તે ઉત્તમ છે. તેથી જ આ વિષયમાં 'અંગીકાર કરેલા ભક્તોએ કરેલા અપરાધોના સમૂહની ક્ષમા કરવાનો આ(ભગવાન)નો વિનોદ છે, અને (તેમણે કરેલ) અંગીકાર નિત્ય છે. ત્યારે આમની સમાન બીજો કોણ થાય (થઈ શકે ?)' એ શ્રીમત્પ્રભુચરણના વચનનું અનુસંધાન રાખવું. **(प्र)**

દામણાંથી બંધાયા ત્યારે ગોકુલમાં કોનું સન્માન થાય? હેવો અહિં વૃક્ષ શુયા એ પણ યોગ્ય જ[1] છે. એ પ્રમાણે ગોકુલવાસીઓના વૃત્તાંતનું સ્મરણ કરી (ભગવાને) હસતાં જે નીચે કહેવામાં આવશે તે (ગુહ્યકોને) કહ્યું. (૩૯)

તમે બેએ જેની પ્રાર્થના કરી, તે કાંઈ પણ (કરવાનું) બાકી રહેતું નથી, કારણ કે મારા અધિકારીએ (નારદે) જ તે તમને પ્રાપ્ત કરાવેલ છે. (૧) **મુક્તિ અને (૨) મારામાં (ભગવાનમાં) પ્રેમ, એ બે પુરુષાર્થ છે. કારણ કે નિરોધનાં આ બંને રૂપ છે,** પ્રપંચનું વિસ્મરણ (ભૂલી જવું તે) મુક્તિ છે. અને તે પહેલાં જ (તમને) પ્રાપ્ત થઈ છે એમ નીચેના શ્લોકમાં (ભગવાન ગુહ્યકોને) કહે છે:–

**શ્રીભગવાનુવાચ । શ્રીભગવાન કહે છે:—**

**ज्ञातं मम पुरैवैतदृषिणा करुणात्मना ।।**
**यच्छ्रीमदान्धयोर्वाग्भिर्विभ्रंशोनुग्रहः कृतः ।। ४० ।।**

**પહેલાં જ મેં આ જાણેલું છે કે લક્ષ્મીના મદથી અંધ થએલા (તમારા) બેનો કરુણાવાળા ઋષિએ વાણીથી પાતરૂપ અનુગ્રહ કરેલો છે. ૪૦.**

આ મેં પહેલાં જ જાણેલું હતું, કે લક્ષ્મીના મદથી અંધ થએલા (તમારા) બેનો કરુણાવાળા ઋષિએ પાત કર્યો. સેવકો કોઈવાર પોતાની ઇચ્છાથી પણ (કાર્ય) કરે છે, તેથી (આ કાર્ય ઋષિએ) તેવી રીતે કરેલું ન હતું એમ જણાવવા, (ભગવાન) પોતે જાણેલું હતું એમ કહે છે. ભગવાને એ માત્ર જાણેલું જ ન હતું પરંતુ ઇચ્છેલું પણ હતું, એમ ઋષિની પ્રશંસા (કરેલી છે). તેથી એવો અર્થ જણાવેલો છે કે 'મેં આટલું કરેલું છે' તેથી કાંઈ પણ પ્રાર્થના કરવાનું (તમારે) બાકી રહેતું નથી, એવો ભાવ છે.

શાપ અપકાર કરવાથી થાય છે. તે[2] શાપ દેનારમાં (શાપ સાથે) રહેલો હોય છે.[2] જે કરુણાવાળો હોય છે તે બીજાનું દુ:ખ જોઈને પણ દુ:ખી થાય છે,[2] એમ 'કરુણાવાળા'

---

૧. કારણ કે ગોકુલ ભગવાનની કૃપાથી સર્વથી અધિક છે. (**પ્ર**)

૨...૨. '**તે**' એટલે 'અપકાર.' 'અપકાર શાપ દેવાનું કારણ છે, છતાં અમારે કાંઈ માગવાનું રહેતું નથી એમ કેમ કહો છો?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'જે કરુણાવાળો હોય છે તે બીજાનું દુ:ખ જોઈને પણ દુ:ખી થાય છે. તેથી આ નારદે શાપ આપ્યો તે તમે એનો અપકાર કર્યો તેથી આપેલો નથી, પરંતુ કરુણાથી આપેલો છે. તેથી તમારે કાંઈ પ્રાર્થના કરવાનું બાકી રહેતું નથી, એવો અર્થ છે. 'જેથી દેવર્ષિને ક્રોધ થયો' એમ રાજાએ પાછળ પહેલા શ્લોકમાં જે પ્રશ્ન કરેલ તેનો ઉત્તર આથી અપાઈ જાય છે એમ જાણવું. (**પ્ર**)

દુ:ખરૂપ શાપ આપનારનો અપકાર શાપના સમાન અધિકરણવાળો હોય છે. (**લે**)

જો શાપથી અપકાર થાય તો તે શાપ ગણાય. અહિં તો (ઋષિએ) અપકાર નહિ, પણ ઉપકાર કરેલો છે તેથી તે શાપ નથી એવો ભાવ છે. તે (અપકાર) શાપ આપનારે કરેલો હોય છે. શાપ આપનારે કરેલ અપકાર શાપના સમાન અધિકરણવાળો હોય છે, એટલે જેને શાપ થાય છે તેને જ અપકાર થાય છે એવો અર્થ છે. અહિં તો શાપ જેઓને આપેલ છે તે યમલાર્જુનને તેથી અપકાર થએલ નથી, પરંતુ ભગવત્સંબંધરૂપ ઉપકાર થએલ છે. તેથી તે શાપ નથી પણ અનુગ્રહ જ છે એવો ભાવાર્થ છે. (**યો**) પ્રકાશ અને યોજના 'અપકાર' જૂદો જૂદો ગણે છે. પ્રકાશ પ્રમાણે ઋષિનો અપકાર ગુહ્યકોએ કર્યો તેથી તેમણે તેઓને શાપ આપ્યો. યોજના પ્રમાણે અપકાર શાપનું કાર્ય અથવા

શબ્દથી કહેલું છે. કરુણાવાળો આત્મા એટલે અંતઃકરણ છે જેનું (તે करुणात्मा કરુણાવાળો). જે વૃત્તાંત ભવિષ્યમાં થવાનો છે તે અવશ્ય થશે એવું જ્ઞાન (નારદને) હોવાથી, તેમને 'ઋષિ' કહેલા છે. 'લક્ષ્મીના મદથી અંધ થએલા' શબ્દથી તમે બે બહુ દુઃખી (થવાના હતા એમ) કહેલુ છે. અંધતમમાંથી ઉદ્ધાર અવશ્ય કરવો જોઈએ. 'વાણીથી' શબ્દથી (એમ કહેલું છે કે), તેણે (નારદે) (તમને) જણાવવા માત્ર વચન જ કહેલ, પરંતુ (તે) કાર્ય તો મેં જ (ભગવાને જ) કરેલું (હતું). તેથી જ વાણીથી જે (તમારો) જ્ઞાનરૂપ[1] પાત કર્યો તે અનુગ્રહ જ હતો. (૪૦)

'જો એમ (ભવિષ્યમાં) અવશ્ય થવાનું જ હોય તો નારદે એ કેમ કહ્યું ? (એ) કહેવા કરતાં મૌન રહેવું જ યોગ્ય હતું' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ—

**साधूनां समचित्तानां सुतरां मत्कृतात्मनाम् ॥**

**दर्शनान्नो भवेद्बन्धः पुंसोऽक्ष्णोः सवितुर्यथा ॥ ४१ ॥**

**જેમ સૂર્યના (દર્શનથી) આંખોનો બંધ રહેતો નથી, તેમ સમચિત્તવાળા સાધુઓ અને સંપૂર્ણ રીતે મારા માટે જેઓનો આત્મા છે તેવાઓના દર્શનથી પુરુષનો બંધ રહેતો નથી. ૪૧.**

જે સાધુઓ છે તેઓનાં દર્શન થતાં ફરી બંધ થતો નથી; કારણ કે જેમ લોઢાનો ગોળો અગ્નિથી વ્યાપેલો હોય છે તેમ તેઓ જ્ઞાનથી વ્યાપેલા (જ્ઞાનવાળા) હોય છે. જેમ એવા ગોળાનો સંબંધ થતાં અગ્નિથી (દઝાય તેના કરતાં) પણ વધારે દઝાય છે, તેમ બ્રહ્મજ્ઞાન કરતાં પણ સંતોનાં દર્શનથી બંધન (વધારે સારી રીતે) છૂટી જાય છે. સાધુઓ સદાચારવાળા છે, અને જ્ઞાનીઓ સમચિત્તવાળા છે. તેથી (સમચિત્તવાળા સાધુઓમાં જ્ઞાન અને કર્મ સારાં હોવાથી 'આ મુક્ત છે અને આ મુક્ત નથી' એવા ભેદનું જ્ઞાન તેઓના સમદર્શીપણાને બાધ કરતું નથી.[2] તેઓ પણ તેમ કરતા (મુક્તિ પ્રાપ્ત કરાવતા) નથી,[3] પરંતુ તેઓનું દર્શન જ મુક્તિ પ્રાપ્ત કરાવનારૂં છે. વળી 'સંપૂર્ણ રીતે મારા માટે જેઓનો આત્મા છે તેવાઓનાં' (દર્શનથી બંધન તૂટી જાય છે). મારામાં રાખેલો છે આત્મા જેઓએ તેવા, એટલે જેમણે આત્માનું સમર્પણ કરેલું છે તેવા (તેઓ છે). **અથવા મારા માટે છે આત્મા જેઓનો તેવા (તેઓ છે). તેઓમાં કર્મ જ્ઞાન અને ભક્તિ હોવાથી, (તેમનાં દર્શનથી) કોઈ રીતે બંધન રહેતું નથી. કર્મથી તમઃ મટે છે, જ્ઞાનથી રજઃ (મટે છે) અને ભક્તિથી સત્ત્વ**

---

પરિણામ છે. પ્રકાશ પ્રમાણે અપકાર શાપનું કારણ થાય છે. ભાષાંતર પ્રકાશના ભાવાર્થ પ્રમાણે કરેલ છે. લેખ પ્રકાશ પ્રમાણે અર્થ કરે છે. ૧. 'જ્ઞાનરૂપ'='જ્ઞાન જણાવનારો (આપનારો)'.(લે)

૨. "જે સમચિત્તવાળા છે તેઓને 'આ મુક્ત છે, આ મુક્ત નથી' એવા ભેદનું જ્ઞાન થાય ?" એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આવું જ્ઞાન સમદર્શીપણાને બાધ કરતું નથી (આડે આવતું નથી). પરંતુ તેથી વસ્તુનું યથાર્થ ગ્રહણ થતું હોવાથી તે સમદર્શીપણું પ્રાપ્ત કરાવનારૂં થાય છે. (પ્ર)

૩. 'ફલથી વિષમપણું પ્રાપ્ત થતું ન હોય તોપણ તેમના (જ્ઞાનના) સ્વરૂપમાંથી તો વિષમપણું જતું નથી જ, એવી શંકા થાય, તેથી આ કહે છે. તેઓ મુક્તિ પ્રાપ્ત કરાવતા નથી પણ તેઓની સંનિધિથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે, તેથી તેમના સ્વરૂપમાં પણ વિષમપણું નથી, એવો અર્થ છે. (પ્ર)

**(મટે છે). તેથી (બંધન) કોઈ પણ અંશથી ર[illegible]તું નથી.** તેથી જ[1] જેઓનાં કર્મ પૂર્ણ થયાં છે તેઓ વસ્તુ વિગેરેના ભાવને પ્રાપ્ત કરે છે, તેથી પણ (વધારે) બ્રહ્મ જાણનાર જ્ઞાનીઓ સનક વિગેરેના જેવા[2] થાય છે, અને તેથી પણ (અધિક) ભક્તો મારા ભાવને[3] પ્રાપ્ત કરે છે, એમ 'દર્શનથી બંધ રહેતો નથી' શબ્દોથી કહે છે. 'પુરુષનો' શબ્દથી મર્યાદા (જણાવેલી છે). જે (મોક્ષનો) અધિકારી હોય તેનો બંધ તો તેઓથી મટે છે, અને હું (ભગવાન) તો અધિકાર વિનાઓના બંધને પણ મટાડનાર છું એટલો ભેદ છે.

'છતાં વગર માગેલ (મોક્ષ) તેમણે કેમ આપ્યો?' એવી શંકા થાય, તેનો જેમ સૂર્યનાં (દર્શનથી) આંખોનો (બંધ રહેતો નથી)' એ દૃષ્ટાંતથી નિરાસ કરે છે. આંખોનો બંધ અંધકાર છે. સૂર્યનાં દર્શનથી તે જતો જ રહે છે, કારણકે પદાર્થની (સૂર્યની) શક્તિ પ્રાર્થનાની અપેક્ષા (દરકાર) રાખતી નથી. તેથી મોક્ષ તો (તેને) પહેલાં જ સિદ્ધ થએલો છે. (૪૧)

'ભક્તિ પણ (તમને) સિદ્ધ થઈ છે' એમ કહેતાં, તેઓએ જેમની પ્રાર્થના કરેલી તે નીચેના શ્લોકમાં કહે છેઃ-

**तद् गच्छतं महाभागौ नलकूबर सादनम् ॥**
**सञ्जातो मयि भावो वामीप्सितः परमोभवः ॥ ४२ ॥**

**તેથી હે નલકૂબર! મહાભાગ્યવાળા તમે બે ઘેર જાઓ. (તમારો) ઇચ્છેલો છેલ્લા ભવરૂપ મારામાં ભાવ (તમો બેને) થએલો છે. ૪૨.**

'મહાભાગ્યવાળા' શબ્દથી ભક્તિ(પ્રાપ્ત થવા)નું કારણ કહેલું છે. અનંત કરોડો જન્મોમાં જે પુણ્ય અને પાપ તમે એકઠાં કરેલ છે તેમાંનું બધુંય પાપ, એકસો દિવ્ય વર્ષો સુધી તમે મારી (મારા પધારવાની) રાહ જોવાનું ચિંતન કર્યા કર્યું તેથી નાશ પામ્યું છે, પણ પુણ્ય બાકી રહેલું છે એમ 'મહાભાગ્યવાળા' શબ્દથી કહેલું છે. બંનેનો એક ભાવ થએલો છે એમ જણાવવા 'હે નલકૂબર!' એમ એકનું જ સંબોધન કરેલું છે. ત્યાર પછી બધી રીતે (તેઓ બંને) સમાન (રહેવાના) હોવાથી, (તેઓ) એક બાકી (રહેલ છે).[4] આગળ '**वाम्**' 'તમો બેને' શબ્દ યોજેલ હોવાથી એકના ઉપર જ પ્રસાદ (કૃપા) કરેલો નથી. '**सादन**' એટલે ઘર. જ્યાંથી તમારો પાત થયો હતો (ત્યાં જાઓ). આથી ('સાદન' શબ્દનો પ્રયોગ કરવાથી) એમ સૂચવેલું છે, કે ત્યાં (હવે) તમારી આસક્તિ નહિ થાય (રહે). મારામાં તો મારા સંબંધી ભાવ, જે પ્રેમરૂપ છે તે (તમોને) થયો છે જ. તેથી જ (તે ભાવથી જ) શ્રવણ વિગેરે (જેની તમે શ્લો. ૩૮માં પ્રાર્થના કરી તે) એની મેળે જ (પ્રાપ્ત) થશે.

---

૧. '**તેથી જ**' એટલે 'દર્શનથી જ' (**प्र**) '**તેથી જ**' એટલે 'કર્મથી તમઃ મટતું હોવાથી જ' એવો અર્થ છે. વસુ વિગેરે સૃષ્ટિ કરનારા હોવાથી, તેઓનો ભાવ રાજસ છે. એવો ભાવ છે, (**ले**)

૨. જ્ઞાનથી રજોગુણનો નાશ થતો હોવાથી, તેઓ સાત્ત્વિક થાય છે એવો અર્થ છે. 'સત્ત્વમાંથી જ્ઞાન થાય છે' એ વાક્ય પ્રમાણે સનક વિગેરે (જ્ઞાનીઓ) સાત્ત્વિક છે. (**ले**)

૩. ભક્તિથી સત્ત્વનો પણ નાશ થતાં, નિર્ગુણભાવ પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. (**ले**)

૪. 'આ (બેને બદલે) એક જ રહે એમ કેમ બને?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. સ્થૂલ દેહ કરતાં સૂક્ષ્મ દેહ ઉત્તમ છે તે મનોરૂપ (મનરૂપ) છે અને બંનેનાં મન એકસરખાં છે. તેથી એક સ્વરૂપ બંને થએલ છે એવો અર્થ છે. (**प्र**)